Dr. Babasaheb Ambedkar
# Open University
(Established by Government of Gujarat)

NAAC ACCREDITED A++ GRADE 3.55/4

# આર્થિક પદ્ધતિ
# ECONOMIC SYSTEMS
# ECONMJ – 501



# સ્વાધ્યાયનું અજવાળું

ભારતના સંવિધાનના સર્જક ભારતરત્ન ડૉ. બાબાસાહેબ આંબેડકરની પાવન સ્મૃતિમાં ગરવી ગુજરાતમાં ગુજરાત સરકારશ્રીએ ઇ.સ. 1994માં યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન અને ડિસ્ટન્સ એજ્યુકેશન કાઉન્સિલની માન્યતા મેળવી અમદાવાદમાં ગુજરાતના એક માત્ર મુક્ત વિશ્વવિદ્યાલય ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીની સ્થાપના કરી છે.

ડૉ. બાબાસાહેબ આંબેડકરની 125મી જન્મજયંતીના અવસરે જ ગુજરાત સરકાર દ્વારા યુનિવર્સિટી માટે અદ્યતન સગવડ સાથે, શાંત જગ્યા મેળવી, જ્યોતિર્મય પરિસરનું નિર્માણ કરી આપ્યું. BAOUના સત્તામંડળે પણ યુનિવર્સિટીના આગવા ભવિષ્ય માટે ખૂબ સહયોગ આપ્યો, આપતા રહે છે.

શિક્ષણ એટલે માનવમાં થતું મૂડીરોકાણ. શિક્ષણ લોકસમાજની ગુણવત્તા સુધારવામાં અધિક ફાળો આપી શકે છે. અહીં મને સ્વામી વિવેકાનંદનું શિક્ષણ વિષયક દર્શન યાદ આવે છે :

'જેનાથી ચારિત્ર્યનું ઘડતર થાય, જેનાથી માનસિક ક્ષમતાનું નિર્માણ થાય, જેનાથી બૌદ્ધિક વિકાસ સાધી શકાય અને જેના થકી વ્યક્તિ પગભર બની શકે તેને શિક્ષણ કહેવાય.'

ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી શિક્ષણમાં આવા ઉમદા વિચારને વરેલી છે. તેથી વિદ્યાર્થીઓને ગુણવત્તાયુક્ત, વ્યવસાયલક્ષી, જીવનલક્ષી શિક્ષણની સગવડ ઘરે બેઠાં મળી રહે એવા પ્રયત્નો મક્કમ બની કરે છે. બહોળા સમાજના લોકોને ઉચ્ચશિક્ષણ પ્રાપ્ત થાય, છેવાડાના માણસોને ઉત્તમ કેળવણી એમનાં રોજિંદાં કામો કરતાં પ્રાપ્ત થતી રહે. વ્યાવસાયિક લોકોને આગળ ભણતરની ઉત્તમ તક સાંપડે અને જીવનમાં પોતાની ક્ષમતાઓ, કૌશલ્યોને પ્રગટ કરી સારી કારકિર્દી ઘડે, સ્વાવલંબી બની ઉત્તમ જીવન જીવતાં સમાજ અને રાષ્ટ્રનિર્માણમાં પોતાનું યોગદાન આપે એ માટે પ્રયાસરત છે.

'સ્વાધ્યાયઃ પરમં તપઃ' સૂત્રને ઓપન યુનિવર્સિટીએ કેન્દ્રમાં રાખીને અહીં પ્રવેશ કરતા છાત્રોને સ્વઅધ્યયન માટે સરળતાથી સમજાય એવો ગુણવત્તાલક્ષી શૈક્ષણિક અભ્યાસક્રમ ઉપલબ્ધ કરાવી આપે છે. દરેક વિષયની પાયાની સમજણ મળે તેની કાળજી રાખવામાં આવે છે. વિદ્યાર્થીઓને રસ પડે અને રુચિ કેળવાય તેવાં પાઠ્યપુસ્તકો નિષ્ણાત અધ્યાપકો દ્વારા તૈયાર કરવામાં આવે છે. દૂરવર્તી શિક્ષણ પ્રાપ્ત કરવા ખેવના રાખતા કોઈ પણ ઉંમરના છાત્રોને માટે અભ્યાસસામગ્રી તૈયાર કરવા માટે શિક્ષણવિદો સાથે પરામર્શન કરવામાં આવે છે. એ પછી જ માળખું રચી, અભ્યાસસામગ્રી તૈયાર કરી પુસ્તક સ્વરૂપે છાત્રોનાં કરકમળોમાં આપે છે. જેનો ઉપયોગ કરીને વિદ્યાર્થી સંતોષપ્રદ અનુભવ કરી શકે છે.

યુનિવર્સિટીના તજજ્ઞ અધ્યાપકો ખૂબ કાળજીથી આ અભ્યાસસામગ્રીનું લેખન કરે છે. વિષયનિષ્ણાત પ્રોફેસરો દ્વારા એમનું પરામર્શન થાય પછી જ પરિણામલક્ષી અભ્યાસસામગ્રી યુનિવર્સિટીના વિદ્યાર્થીઓને પહોંચે છે. ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી જ્ઞાનનું કેન્દ્રબિંદુ બની રહી છે. વિદ્યાર્થીઓને 'સ્વાધ્યાય ટેલિવિઝન', 'સ્વાધ્યાય રેડિયો' જેવા દૂરવર્તી ઉપાદાનો થકી પણ એમના ઘરમાં શિક્ષણ પહોંચાડવાનો પુરુષાર્થ થઈ રહ્યો છે. ઉમદા હેતુ, શ્રેષ્ઠ ધ્યેયને આંબવા પરિશ્રમરત યુનિવર્સિટીના જ્ઞાનની પરબ સમા અધ્યાપકો તેમજ કર્મઠ કર્મચારીગણને અભિનંદન અમારી યુનિવર્સિટીના વિદ્યાર્થીઓ સફળ થવા ખૂબ મહેનત કરી, જીવન સફળ કરવાની સાથે જીવન સાર્થક કરે એવી પરમેશ્વરને પ્રાથના કરું છું.

**પ્રો. (ડૉ.) અમીબહેન ઉપાધ્યાય**

**કુલપતિ**

**ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી,**

**જ્યોતિર્મય પરિસર, સરખેજ-ગાંધીનગર હાઈવે, છારોડી, અમદાવાદ**

**નિર્દેશન**

પ્રા. ડૉ. યોગેન્દ્ર પારેખ — નિયામક સ્કૂલ ઓફ હ્યુમેનિટીઝ એન્ડ સોશિયલ સાયન્સીસ.
ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ.

**સંપાદક**

ડૉ. કૃતિ છાયા — આસિસ્ટન્ટ પ્રોફેસર, અર્થશાસ્ત્ર, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ

**સહસંપાદક**

ડૉ. પ્રવીણ કુમાર પી. રાઠોડ — આસિસ્ટન્ટ પ્રોફેસર, અર્થશાસ્ત્ર, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ

ડૉ. પુનીત થાનકી — આસિસ્ટન્ટ પ્રોફેસર, અર્થશાસ્ત્ર, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ

**વિષય સમિતિ**

ડૉ. ગૌરાંગ રામી — પ્રોફેસર અને હેડ, અર્થશાસ્ત્ર વિભાગ, વીર નર્મદ સાઉથ ગુજરાત યુનિવર્સિટી, સુરત

ડૉ. જી.ડી. ત્રિપાઠી — પ્રિન્સિપાલ, સી.એન. આર્ટસ અને બી.ડી. કોમર્સ કોલેજ, કડી

ડૉ. મંજુલા લક્ષ્મણ — પ્રોફેસર, અર્થશાસ્ત્ર વિભાગ, ગુજરાત વિદ્યાપીઠ, અમદાવાદ

ડૉ. વિજય ઝરીવાલા — એસોસિએટ પ્રોફેસર, અર્થશાસ્ત્ર વિભાગ, એસ.પી. યુનિવર્સિટી, વલ્લભવિદ્યાનગર

ડૉ. હિમાની જોશી — આસિસ્ટન્ટ પ્રોફેસર, સ્કૂલ ઓફ લિબરલ સ્ટડીઢ, પંડિત દીનદયાલ એનર્જી યુનિવર્સિટી, ગાંધીનગર

ડૉ. રાણીતા નાગર — પ્રોફેસર, ગુજરાત નેશનલ લૉ યુનિવર્સિટી, ગાંધીનગર

ડૉ. હિમાંશુ પટેલ — આસિસ્ટન્ટ પ્રોફેસર, સ્કૂલ ઓફ કમ્પ્યૂટર સાયન્સ,
ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ

ડૉ. ઓમ તેરૈયા — એસોસિએટ પ્રોફેસર, આત્મીય યુનિવર્સિટી, રાજકોટ

ડૉ. મહેન્દ્ર મૈસુરિયા — એસોસિએટ પ્રોફેસર, સિટી સી.યુ. શાહ કોમર્સ કોલેજ, અમદાવાદ

**વિષય પરામર્શન**

ડૉ. હસમુખ દેસાઈ — પ્રોફેસર, અર્થશાસ્ત્ર (નિવૃત), ગુજરાત વિદ્યાપીઠ, અમદાવાદ

ડૉ. જી. ડી. ત્રિપાઠી — પ્રિન્સિપાલ, સી.એન. આર્ટ્સ એન્ડ બી.ડી. કોમર્સ કોલેજ, કડી.

ડૉ. કલ્પના સતીજા — પ્રોફસર, અર્થશાસ્ત્ર વિભાગ, ક્રાંતિગુરુ શ્યામજી કૃષ્ણવર્મા કચ્છ યુનિવર્સિટી, ભુજ

ડૉ. મંજુલા લક્ષ્મણ — પ્રોફેસર, અર્થશાસ્ત્ર, ગુજરાત વિદ્યાપીઠ, અમદાવાદ.

**લેખન**

ડૉ. કૃતિ છાયા — આસિસ્ટન્ટ પ્રોફેસર, અર્થશાસ્ત્ર, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ

ડૉ. પ્રવીણ કુમાર પી. રાઠોડ — આસિસ્ટન્ટ પ્રોફેસર, અર્થશાસ્ત્ર, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ

ડૉ. પુનીત થાનકી — આસિસ્ટન્ટ પ્રોફેસર, અર્થશાસ્ત્ર, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ

ડૉ. જ્યોતિ વિશ્વકર્મા — આસિસ્ટન્ટ પ્રોફેસર, અર્થસાસ્ત્ર, કવિશ્રી બોટાદકર આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ, બોટાદ

ડૉ. જગદીશ મહેશ્વરી — આસિસ્ટન્ટ પ્રોફેસર, અર્થશાસ્ત્ર, એમ બી કોલેજ ઓફ કોમર્સ અને જીએમએનએલ આર્ટ્સ કોલેજ, દહેગામ

**ભાષા પરામર્શન**

શ્રીમતી ભક્તિ પુલત્સ્ય વોરા, અમદાવાદ.

**પ્રકાશક**

કુલસચિવ, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ.

**પ્રકાશન વર્ષ**

આવૃત્તિ : 2026

**ISBN NO :978-93-5598-618-4**

BAOU
Education for All

# ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી

(ગુજરાત સરકાર દ્વારા સ્થાપિત)

## આર્થિક પદ્ધતિઓ

## *ECONMJ-501*

### વિભાગ-1


| | |
|---|---|
| **એકમ : 1**<br>**આર્થિક પદ્ધતિઓ: પરિચય** | **1-9** |
| **એકમ : 2**<br>**મૂડીવાદનો પરિચય** | **10-22** |
| **એકમ : 3**<br>**મૂડીવાદ આર્થિક વિચારકો અને તેમના સિદ્ધાંતો** | **23-47** |


### વિભાગ-2


| | |
|---|---|
| **એકમ : 4**<br>**સમાજવાદ** | **48-64** |
| **એકમ : 5**<br>**સમાજવાદી વિચારધારા** | **65-74** |
| **એકમ : 6**<br>**સામ્યવાદ** | **75-83** |
| **એકમ : 7**<br>**સામ્યવાદી સિદ્ધાંત** | **84-98** |
| **એકમ : 8**<br>**મિશ્ર અર્થતંત્ર** | **99-108** |
| **એકમ : 9**<br>**મિશ્ર અર્થતંત્રના પ્રણેતા વિચારકો અને તેમના વિચારો** | **109-125** |

## વિભાગ-3


| | |
|---|---|
| **એકમ : 10**<br>**સહકાર** | **126-139** |
| **એકમ : 11**<br>**સહકારના સિદ્ધાંતો** | **140-152** |
| **એકમ : 12**<br>**ગાંધીજીના આર્થિક વિચારો** | **153-167** |
| **એકમ : 13**<br>**ગાંધીજીના આર્થિક વિચારો અને રાજ્યની ભૂમિકા** | **168-180** |
| **એકમ : 14**<br>**આર્થિક પદ્ધતિઓ: એક તુલનાત્મક અભ્યાસ** | **181-188** |

# એકમ-1
# આર્થિક પદ્ધતિઓઃ પરિચય


**1.0 ઉદ્દેશ્યો**

**1.1 પ્રસ્તાવના**

**1.2 આર્થિક પદ્ધતિઓનો અર્થ**

**1.3 આર્થિક પદ્ધતિના લક્ષણો**

**1.4 આર્થિક પદ્ધતિના કાર્યો**

**1.5 આર્થિક પદ્ધતિના અભ્યાસનું મહત્વ**

**1.6 સારાંશ**

**1.7 તમારી પ્રગતિ ચકાસો**

- ❖ સંદર્ભ વાચન
- ❖ તમારી પ્રગતિ ચકાસોના જવાબો


## 1.0 ઉદ્દેશ્યો :

આ એકમનો અભ્યાસ કર્યા પછી તમે,

- ➢ આર્થિક પદ્ધતિનો અર્થ સમજાવી શકશો
- ➢ જુદી જુદી આર્થિક પદ્ધતિને ઓળખી શકશો
- ➢ આર્થિક પદ્ધતિના કાર્યોની ચર્ચા કરી શકશો
- ➢ આર્થિક પદ્ધતિના અભ્યાસનું મહત્વ સમજાવી શકશો.

## 1.1 પ્રસ્તાવના :

જુદા જુદા સમાજ દ્વારા તેમની ભૌગોલિક સ્થિતિ અને ઉપલબ્ધ સાધનોની મદદથી જરૂરિયાતો કેવી રીતે સંતોષવી તે ધ્યેય હોય છે. દરેક સમાજની રીત આમ જરૂરિયાતો સંતોષવા માટે જુદી જુદી હોય છે. મર્યાદિત સાધનોના સંદર્ભમાં અમર્યાદિત જરૂરિયાતો પૂરી કરવાની પદ્ધતિને આર્થિક પદ્ધતિ કહેવાય છે. આર્થિક પદ્ધતિઓ વિશેના આ પેપરમાં વિશ્વમાં પ્રવર્તમાન જુદી જુદી આર્થિક પદ્ધતિઓ તથા તેમના ગુણ-દોષનો અભ્યાસ કરવામાં આવશે. ઉપરાંત તેમની પરસ્પર તુલના પણ કરવામાં આવશે. આ એકમમાં આપણે આર્થિક પદ્ધતિઓનાં લક્ષણો, કાર્યો અને તેના અભ્યાસનું મહત્વ સમજીશું.

તુલનાત્મક આર્થિક પદ્ધતિઓ એ આર્થિક વિશ્લેષણની શાખા છે, તેમાં જુદાં જુદાં રાષ્ટ્રો ઉત્પાદન, ઉપભોગ અને માર્યાદિત સાધનોના સંદર્ભમાં જુદી જુદી જરૂરિયાતો માટે સાધન

ફાળવણી કેવી રીતે કરે છે તેનો તુલનાત્મક અભ્યાસ કરવામાં આવે છે. મૂડીવાદ, સમાજવાદ, મિશ્ર અર્થતંત્ર આ ત્રણ પદ્ધતિઓનો મુખ્યત્વે અભ્યાસ કરવામાં આવે છે. સાધનોની માલિકી, કિંમત નિર્ધારણ, સંપત્તિના અધિકારો અને સરકારના હસ્તક્ષેપ જેવાં પાસાંઓ ઉપર તુલનાત્મક અભ્યાસ કરવામાં આવે છે. 1990 ના દશકની આસપાસ સમાજવાદી દેશો મૂડીવાદ અપનાવવા લાગ્યા તે પછીથી આ જુદી જુદી આર્થિક પદ્ધતિઓની અર્થતંત્ર ઉપરની અસરોનો અભ્યાસ પણ થવા લાગ્યો.

## 1.2 આર્થિક પદ્ધતિનો અર્થ :

આર્થિક પદ્ધતિ એ આર્થિક બાબતો સાથે સંબંધિત છે, તેમાં બિનઆર્થિક બાબતોનો સમાવેશ થતો નથી. પદ્ધતિ એટલે રીત, વ્યવસ્થા. આર્થિક પદ્ધતિ એ એવી રીતોનો સમૂહ છે, કે જે અમર્યાદિત જરૂરિયાતો સંતોષવા માટે માર્યાદિત સાધનોના ઉપયોગની વ્યવસ્થા સૂચવે છે. આર્થિક પદ્ધતિને વધારે સમજવા માટે આપણે વિલિયમ એન. લુક્સ અને જે. વેલડન હૂટ અર્થશાસ્ત્રીઓએ આપેલી વ્યાખ્યા જોઈએ: ''આર્થિક પદ્ધતિ એ એવી સંસ્થા છે, કે જે સમાજે કે લોકોએ મર્યાદિત સાધનોના સંદર્ભમાં અમર્યાદિત જરૂરિયાતો સંતોષવા માટે અપનાવેલ રીતો અને વ્યવહારોનો સમૂહ છે.''

Paul A. Samuelson : ''આર્થિક પ્રણાલી એ એવી વ્યવસ્થા છે, જેમાં સમાજ પોતાનાં મર્યાદિત સંસાધનોનું આયોજન અને વિતરણ કરીને માનવીય ઈચ્છાઓ સંતોષે છે.''

Oskar Lange : ''આર્થિક પદ્ધતિ એ સંસ્થાઓ અને વ્યવસ્થાઓનો સમૂહ છે, તેના દ્વારા સંસાધનોનું વિતરણ અને આવકની વહેંચણી નક્કી કરવામાં આવે છે.''

આમ, આર્થિક પદ્ધતિને સ્વરૂપ આપવામાં માનવસમાજની મુખ્ય ભૂમિકા હોય છે, તેમાં નીચે મુજબનાં પરિબળો સહાયક થાય છેઃ

(1) ઈતિહાસ અને સંસ્કૃતિ

(2) ભૌગોલિક પરિબળો

(3) પ્રજાની વર્તમાન વિચારસરણી અને ધ્યેયો

(4) આર્થિક હેતુ અને લક્ષ્યાંકો

## 1.3 આર્થિક પદ્ધતિના લક્ષણો :

1.3.1 આર્થિક પદ્ધતિ માનવસર્જિત છેઃ આર્થિક પદ્ધતિ પ્રાકૃતિક પરિબળોથી ઉદભવેલી સ્થિતિ નથી. તે માનવસમાજ દ્વારા નિર્મિત છે. ઉત્પાદકો, ગ્રાહકો, વ્યાવસાયિકો, સરકાર, નાગરિકો, કામદારો વગેરે લોકો દ્વારા આર્થિક પદ્ધતિનું નિર્માણ થયેલું હોય છે. તે ફેરફારપાત્ર છે. બદલાતી પરિસ્થિતિ મુજબ માનવસમાજ પદ્ધતિમાં પણ પરિવર્તન લાવે છે.

1.3.2 પરિવર્તનશીલતાઃ પરિવર્તનશીલતા એ આર્થિક પદ્ધતિનું મહત્વનું લક્ષણ છે. સમાજના આયોજિત અને જાગૃત પ્રયાસોથી તેમાં પરિવર્તન આવે છે, તો કોઈવાર તેમાં જાતે જ પરિવર્તન આવે છે. આર્થિક સંસ્થાઓમાં પરિવર્તન આવવાથી પદ્ધતિમાં પણ પરિવર્તન આવે છે. દાખલા તરીકે રશિયાની રાજ્યવ્યવસ્થા સામ્યવાદમાં તબદીલ થઈ. મૂડીવાદ પણ તેનાં સ્વરૂપમાં ફેરફાર કરતો રહે છે. આમ, સમયનાં વહેણ સાથે પદ્ધતિમાં પણ ફેરફાર થાય છે. આ ફેરફાર કોઇપણ આર્થિક પદ્ધતિને વધારે અસરકારક અને સક્ષમ બનાવે છે.

1.3.3 સ્વૈચ્છિક સંગઠનઃ આર્થિક પદ્ધતિ એ સ્વૈચ્છિક સંગઠન છે. તે કોઈ વ્યક્તિના સમૂહ ઉપર લાંબા ગાળા સુધી ફરજિયાત લાદી શકાય નહી. વ્યક્તિ કે સમૂહ ઈચ્છે ત્યારે તેનાં આર્થિક ધ્યેયોને અનુકૂળ એવી આર્થિક પદ્ધતિ અપનાવતા સમૂહમાં જોડાઈ શકે છે. જેમ કે કોઈ વ્યક્તિ સ્વતંત્ર વ્યવસાય કરીને નફો કમાવા ઈચ્છે તો કોઈ વ્યક્તિ સરકારી કચેરીમાં પગાર મેળવનાર કર્મચારી તરીકે કામ કરવા ઈચ્છે.

1.3.4 સમયની પરિસ્થિતિનું પ્રતિબિંબઃ દરેક આર્થિક પદ્ધતિ તે રાષ્ટ્ર કે સમાજના સ્થિતિ અને સંજોગોનું પ્રતિબિંબ છે. પ્રજાની પરિપક્વતા, સાધનોની ઉપલબ્ધિ, પ્રજાના સાંસ્કૃતિક આદર્શો અને આર્થિક ધ્યેયો, વિકાસ પ્રત્યેનો અભિગમ વગેરે આર્થિક પદ્ધતિમાંથી જણાઈ આવે છે. આમ, કોઇપણ દેશની આર્થિક સ્થિતિનાં મૂલ્યાંકનમાં આર્થિક પદ્ધતિ મદદરૂપ થાય છે.

1.3.5 આર્થિક સંસ્થાઓનું અસ્તિત્વઃ આર્થિક પદ્ધતિએ સફળતાથી કાર્ય કરવા માટે કેટલીક સામાજિક અને આર્થિક સંસ્થાઓની મદદ લેવી પડે છે. પદ્ધતિ સંસ્થાનાં માધ્યમથી કાર્ય કરે છે. સંસ્થા એ "વર્તણૂંકના નિયમો" અને "પ્રસ્થાપિત રીતો" છે. જેમાં મિલકતની માલિકી, વેપારીની નફાવૃત્તિ, સરકાર, આયોજન, ઔદ્યોગિક સંબંધો વગેરે જુદી જુદી સંસ્થાઓ છે, તેની અસર આર્થિક પદ્ધતિનું સ્વરૂપ નક્કી કરવામાં થાય છે.

1.3.6 આર્થિક પદ્ધતિ એક સાધનઃ આર્થિક પદ્ધતિ એક સાધન છે, તેનો ઉપયોગ માનવ જરૂરિયાતો સંતોષવા માટે થાય છે.માનવ જરૂરિયાતો એ સાધ્ય છે. આ સાધ્ય જેટલા અંશે સફળતાપૂર્વક પાસ થાય તેટલા અંશે તે આર્થિક પદ્ધતિ સ્વીકૃત બને છે.

1.3.7 સમાન આર્થિક સમસ્યાઓનો ઉકેલઃ જુદા જુદા સમાજ દ્વારા તેમના ધ્યેયો અને સાધનોના સંદર્ભમાં જુદી જુદી આર્થિક પદ્ધતિ અપનાવવામાં આવેલી છે, જો કે આ બધી આર્થિક પદ્ધતિઓ એકસમાન આર્થિક સમસ્યાના ઉકેલ માટે કાર્યરત હોય છે, જેમ કે ઉપલબ્ધ સાધનોનો મહત્તમ અને કાર્યક્ષમ ઉપયોગ એ તમામ સમાજનું ધ્યેય

હોય છે, પણ તે ધ્યેય સુધી કેવી રીતે પહોંચવું તે મૂડીવાદ અને સમાજવાદમાં જુદી જુદી રીતે કે પદ્ધતિએ નક્કી કરવામાં આવે છે. પ્રજાની આ રીતો અલગ હોઈ શકે છે, પરંતુ સાધનોની અછત, તેમના વૈકલ્પિક ઉપયોગો વગેરે સર્વસામાન્ય લક્ષણો હોય છે.

## 1.4 આર્થિક પદ્ધતિના કાર્યો :

દરેક અર્થતંત્ર સામે આ મુજબની મૂળભૂત સમસ્યાઓ રહેલી હોય છેઃ

1) શું ઉત્પાદન કરવું?
2) કેટલું ઉત્પાદન કરવું?
3) કોના માટે ઉત્પાદન કરવું?
4) કઈ પદ્ધતિએ ઉત્પાદન કરવું?
5) ઉત્પાદનની વહેંચણી કેવી રીતે કરવી?

આ પ્રશ્નોના ઉકેલ માટે આર્થિક પદ્ધતિ કાર્ય કરતી હોય છે. આર્થિક પદ્ધતિનાં કાર્યો આ મુજબ છેઃ

(ક) જરૂરિયાતોનો અગત્યનોક્રમ નક્કી કરવોઃ દરેક રાષ્ટ્ર સમક્ષ અમર્યાદિત જરૂરિયાતો અને તેને સંતોષવાના મર્યાદિત સાધનોની સમસ્યા હોય છે. આ સ્થિતિમાં કઈ જરૂરિયાત પ્રથમ સંતોષવી અને કઈ જરૂરિયાત માટે સાધન ફાળવણીમાં પ્રાથમિકતા આપવી તે આર્થિક પદ્ધતિ નક્કી કરે છે.

(ખ) સાધનોની બુદ્ધિયુક્ત ફાળવણીઃ ઉત્પાદન સાધનોની ફાળવણી એવી રીતે થવી જોઈએ કે જેનાથી ઓછામાં ઓછાં સાધનોથી મહત્તમ જરૂરિયાત અને મહત્તમ લોકોની જરૂરિયાત સંતોષી શકાય. મર્યાદિત સાધનોનો ઈષ્ટ ઉપયોગ કરવો તે આર્થિક પદ્ધતિનું કાર્ય છે.

(ગ) ઉત્પાદનની વહેંચણીઃ રાષ્ટ્રમાં થતાં ઉત્પાદનની ફાળવણી રાષ્ટ્રનાં લોકો વચ્ચે એવી રીતે થવી જોઈએ કે જેથી સમાજના જુદા જુદા વર્ગો વચ્ચે સમાનતા સ્થાપિત થાય અને દરેકને ઉત્પાદનની પ્રક્રિયામાં તેઓએ આપેલા ફાળા પ્રમાણે યોગ્ય વળતર મળે. મૂડીને વ્યાજ, શ્રમિકને વેતન, જમીનને ભાડું, નિયોજકને નફો એ રીતે મળવા જોઈએ કે તેઓનું સાપેક્ષ મહત્વ પણ જળવાય. આમ, રાષ્ટ્રીય ઉત્પાદનની ફાળવણી ન્યાયી રીતે કરવી એ આર્થિક પદ્ધતિનું કાર્ય છે.

(ઘ) ઉત્પાદનનું સ્થળ અને ટેકનોલોજી નક્કી કરવાંઃ ઉત્પાદનનું સ્થળ કાચા માલની નજીક હોઈ શકે અથવા તૈયાર માલનાં બજારની નજીક હોઈ શકે. સસ્તો શ્રમ, પરિવહન સુવિધા વગેરેને ધ્યાને લેતાં લઘુત્તમ ખર્ચે ઉત્પાદન થાય તે જોવાનું હોય છે. તે ઉપરાંત રોજગારીની તકોમાં વધારો કે શ્રમની બચત એ વિકલ્પોને ધ્યાને રાખીને ઉત્પાદનની ટેકનોલોજી પણ નક્કી કરવાનું કાર્ય આર્થિક પદ્ધતિ કરે છે. જેમ કે મૂડીપ્રધાન ટેકનોલોજી

અપનાવવી કે શ્રમપ્રધાન. તેના આધારે સમાજવાદી કે મૂડીવાદી આર્થિક પદ્ધતિની ઓળખ થાય છે.

(ચ) પરિવર્તનશીલતાઃ આર્થિક પદ્ધતિએ સ્વયં પરિવર્તનશીલ રહેવું જરૂરી હોય છે. જો બદલાતી પરિસ્થિતિ મુજબ તે પોતાને પરિવર્તિત ન કરે તો તે પોતાના ધ્યેયો સિદ્ધ કરવામાં સફળ થતી નથી; કારણકે સમાજ અને અર્થતંત્ર ગતિશીલ અને પરિવર્તનશીલ છે તેથી જૂની રીતો અને નિયમો હમેશાં ઉપયોગી નીવડતા નથી. આંતરરાષ્ટ્રીય પરિબળો, કુદરતી પરિબળો વગેરે બદલાતી સ્થિતિમાં વિકાસ કરી શકાય તે માટે આર્થિક પદ્ધતિએ પરિવર્તનશીલ રહેવું જરૂરી છે.

## 1.5 આર્થિક પદ્ધતિના અભ્યાસનું મહત્વ :

અર્થશાસ્ત્રના અભ્યાસુઓ દ્વારા જુદી જુદી આર્થિક પદ્ધતિઓનો તુલનાત્મક અભ્યાસ કરવામાં આવે છે, તે ઉપરાંત તે આર્થિક પદ્ધતિઓનો વ્યક્તિગત અને સામાન્ય અભ્યાસ પણ કરવામાં આવે છે. આર્થિક પદ્ધતિઓ સામે પ્રશ્નો એકસરખા જ હોય છે, તેમ છતાં તેનો તુલનાત્મક અભ્યાસ કરવાનું જરૂરી એટલા માટે હોય છે કે દરેક રાષ્ટ્રે અપનાવેલી પદ્ધતિનાં પરિણામો જુદાં જુદાં હોય છે. જો મૂડીવાદને આદર્શ પદ્ધતિ માનવામાં આવતી હોય તો કોઈ રાષ્ટ્ર સમાજવાદ કે મિશ્ર અર્થતંત્ર શા માટે અપનાવે છે? વળી, કોઈ પદ્ધતિની મર્યાદાઓ છે તો કોઈ રાષ્ટ્ર શા માટે મર્યાદાઓ સાથે તે પદ્ધતિઓ ચાલુ રાખે છે? દાખલા તરીકે મૂડીવાદી પદ્ધતિની મર્યાદા છે કે તેમાં આવકની અસમાનતા વધે છે તેમ છતાં મૂડીવાદ તે રાષ્ટ્રમાં ટકી રહ્યો છે. અહી આપણે જુદી જુદી આર્થિક પદ્ધતિઓના તુલનાત્મક અભ્યાસનું મહત્વ જોઈએ;

- ➢ તુલનાત્મક અભ્યાસ કરવાથી અર્થતંત્રની મૂળભૂત અને સામાન્ય સમસ્યાઓ કઈ પદ્ધતિથી વધારે સારી રીતે ઉકેલી શકાય છે તે વિષે જાણી શકાય છે.
- ➢ આર્થિક પદ્ધતિનો અભ્યાસ કરવાથી જે તે દેશની નીતિઓ અને આયોજનો વિષે જાણી શકાય છે.
- ➢ કોઈપણ સમાજ તેની અમર્યાદિત જરૂરિયાતોને માર્યાદિત સાધનોથી સંતોષવા માટે કઈ રીતો અપનાવે છે તેનો અભ્યાસ કરી શકાય છે. તેનાથી તે સમાજ કયાં સાધનને સાપેક્ષ રીતે વધુ મહત્વ આપે છે તે પણ જાણી શકાય છે. ઉપરાંત આવકની અસમાનતા, બેરોજગારી, સમાજનું કલ્યાણ જેવા મુદ્દાઓ પ્રત્યે કેવો અભિગમ ધરાવે છે તે પણ જાણી શકાય છે.
- ➢ જે પ્રકારના સમાજ કે અર્થતંત્રમાં વ્યક્તિ વસવાટ કરતી હોય તે સમાજની આર્થિક પદ્ધતિ વિષે જાણવાથી વ્યક્તિ તેની અંગત જરૂરિયાતોના સંદર્ભમાં નિર્ણયો લઇ શકે છે અને ઓછામાં ઓછા સંઘર્ષથી પોતાનું જીવન ગુણવત્તાયુક્ત બનાવી શકે છે.

- જુદી જુદી આર્થિક પદ્ધતિના ખ્યાલ અને લક્ષણોના અભ્યાસથી નીતિ નિર્માતાઓ તેમનાં ધ્યેયો મુજબ સાધન ફાળવણી અને ઉપયોગ કરી શકે છે. જે પદ્ધતિ ઓછાં સાધનોથી વધુ જરૂરિયાતો પૂરી કરી શકે તે આર્થિક પદ્ધતિ અપનાવવામાં આવે છે, ઉપરાંત જે પદ્ધતિ જે રાજકીય પદ્ધતિ સાથે સુસંગત હોય તે પદ્ધતિ અપનાવવામાં આવે છે. જેમ કે ભારતમાં લોકશાહી રાજકીય પદ્ધતિ સાથે સમાનતા અને ન્યાયની ખાતરી આપતી તેમજ સ્વતંત્રતા જળવાય તેવી પદ્ધતિ એટલે કે મિશ્ર અર્થતંત્રની આર્થિક પદ્ધતિ અપનાવવામાં આવી.
- સંપત્તિના અધિકારો, રાજ્યની નિયંત્રણ વગેરે જેવી સંસ્થાઓ માનવીનાં વર્તન, વિકાસ, નવીનીકરણ અને સંશોધન વગેરે ઉપર કેવો પ્રભાવ પાડે છે તે જાણી શકાય છે.
- આધુનિક વૈશ્વિક પરિવર્તનો જેવાં કે ગિગ અર્થતંત્ર, સતત વિકાસ અને ડિજિટલ વ્યવહારોના સંદર્ભમાં વિસ્તૃત અભ્યાસ કરવો મહત્વનો બને છે.

## 1.6 સારાંશ :

- આર્થિક પદ્ધતિ એટલે મર્યાદિત અને વૈકલ્પિક ઉપયોગોવાળા સાધનોની મદદથી અમર્યાદિત જરૂરિયાતોને સંતોષવાની રીત.
- આર્થિક પદ્ધતિ નક્કી થવામાં અનેક પરિબળો અસર કરે છે. જેમ કે, ભૌગોલિક સ્થિતિ, સાંસ્કૃતિક મૂલ્યો, ઈતિહાસ અને રાજકીય સત્તા, આર્થિક ધ્યેયો વગેરે.
- આર્થિક પદ્ધતિ માનવ સર્જિત અને પરિવર્તનશીલ સંગઠન છે.
- અર્થશાસ્ત્રની મૂળભૂત સમસ્યાઓ જેવી કે શું ઉત્પાદન કરવું, કોના માટે ઉત્પાદન કરવું, કઈ પદ્ધતિએ ઉત્પાદન કરવું અને કઈ કિંમતે વેચવું વગેરે પ્રશ્નોના જવાબ આર્થિક પદ્ધતિ શોધે છે.
- અર્થશાસ્ત્રની મૂળભૂત સમસ્યાઓ દરેક અર્થતંત્રમાં સમાન હોય છે, પરંતુ તેના ઉકેલની રીત જુદી જુદી આર્થિક પદ્ધતિઓમાં જુદી જુદી હોય છે.
- અમર્યાદિત જરૂરિયાતો માટે સાધનોની ફાળવણી કરવી, ઉત્પાદનનાં સાધનો વચ્ચે ઉત્પાદનની વહેંચણી કરવી અને બદલાતી સ્થિતિમાં પરિવર્તિત થઈને આર્થિક અનુકૂલન સાધવું અને વિકાસ કરવો એ આર્થિક પદ્ધતિનાં કાર્યો છે.
- આર્થિક પદ્ધતિનો અભ્યાસ કરવાથી વ્યક્તિ તેની પાસેનાં સાધનો અને આવક અંગે નિર્ણયો લઇ શકે છે. આર્થિક પદ્ધતિના અભ્યાસથી આયોજકોને સાધન ફાળવણી, રોજગારી સર્જન, આર્થિક વિકાસ વગેરે માટે માર્ગદર્શન મળે છે.

## 1.7 તમારી પ્રગતિ ચકાસો :

**(ક) નીચે આપેલા પ્રશ્નોના જવાબ વિસ્તારથી લખો.**

(1) આર્થિક પદ્ધતિ એટલે શું? આર્થિક પદ્ધતિની વ્યાખ્યા અને લક્ષણો વર્ણવો

(2) આર્થિક પદ્ધતિ એટલે શું? આર્થિક પદ્ધતિનાં કાર્યોનો પરિચય આપો.

(3) આર્થિક પદ્ધતિ એટલે શું? આર્થિક પદ્ધતિનાં કાર્યો કયાં કયાં છે? આર્થિક પદ્ધતિના અભ્યાસનું મહત્વ ચર્ચો.

**(ખ) નીચે આપેલા વિષયો ઉપર ટૂંકનોંધ લખો.**

(1) આર્થિક પદ્ધતિનાં લક્ષણો

(2) આર્થિક પદ્ધતિનાં કાર્યો

(3) આર્થિક પદ્ધતિના અભ્યાસનું મહત્વ

**(ગ) નીચે આપેલા પ્રશ્નો માટે સાચો વિકલ્પ જણાવો.**

❖ **સાચો વિકલ્પ પસંદ કરીને ખાલી જગ્યા પૂરો.**

1. 'આર્થિક પદ્ધતિ' એટલે શું?

   (A) માત્ર ઉદ્યોગોનો સમૂહ

   (B) સમાજની આર્થિક પ્રવૃત્તિઓનું સંચાલન કરતું માળખું

   (C) માત્ર શેરબજારનું નિયંત્રણ

   (D) ખેતીવાડીનો વિકાસ

2. નીચેનામાંથી કયું આર્થિક પદ્ધતિનું મુખ્ય કાર્ય છે?

   (A) સાધનોની ફાળવણી કરવી

   (B) માત્ર મનોરંજન પૂરું પાડવું

   (C) રાજકીય પક્ષોની પસંદગી કરવી

   (D) માત્ર વિદેશ પ્રવાસનું આયોજન કરવું

3. આર્થિક પદ્ધતિઓનો અભ્યાસ શા માટે મહત્વનો છે?

   (A) સાધનોના કાર્યક્ષમ ઉપયોગને સમજવા માટે

   (B) દેશની આર્થિક સમસ્યાઓના ઉકેલ માટે

   (C) આર્થિક વિકાસની દિશા નક્કી કરવા માટે

   (D) ઉપરના તમામ

4. 'શું ઉત્પાદન કરવું?', 'કેવી રીતે ઉત્પાદન કરવું?' અને 'કોના માટે ઉત્પાદન કરવું?' - આ પ્રશ્નોને શું કહેવાય છે?

   (A) સામાજિક સમસ્યાઓ (B) પાયાની આર્થિક સમસ્યાઓ

   (C) રાજકીય મુદ્દાઓ (D) વ્યક્તિગત પ્રશ્નો

5. ઉત્પાદનના સાધનોની માલિકી નક્કી કરવી એ કયા કાર્યમાં આવે છે?

(A) વિતરણ (B) માલિકી (C) ઉપભોગ (D) વિનિમય

6. વિદ્યાર્થીઓ માટે આર્થિક પદ્ધતિનો અભ્યાસ કઈ ક્ષમતા વિકસાવે છે?

(A) આર્થિક સમજ (B) નિર્ણય ક્ષમતા

(C) બહુઆયામી અવલોકનની આદત (D) ઉપરના તમામ

7. ઓસ્કાર લેન્ગના મતે આર્થિક પદ્ધતિ શું નક્કી કરે છે?

(A) માત્ર ઉત્પાદન

(B) માત્ર ઉપભોગ

(C) સંસાધનોની ફાળવણી અને આવકની વહેંચણી

(D) માત્ર કરવ્યવસ્થા

8. આર્થિક પદ્ધતિ મુખ્યત્વે કયા મૂળભૂત પ્રશ્નનો ઉકેલ આપે છે?

(A) શું ઉત્પાદન કરવું? (B) કેવી રીતે ઉત્પાદન કરવું?

(C) કોના માટે ઉત્પાદન કરવું? (D) ઉપરના બધા જ

## ❖ સંદર્ભ વાચન


- Desai, S. S. M., & Bhalerao, N. (2016). Economic Systems (4th ed.). Himalaya Publishing House.
- GOtlieb, M. (1984). A Theory of Economic Systems. Academic Press.
- OpenStax Contributors. (2022). Principles of Microeconomics (3rd ed.).
- Shaikh, Salman, (2012), “Comparative Economic Systems: A Brief Review”, Munich Personal RePec Archive.
- Samuelson, P. A., & Nordhaus, W. D. (2010). Economics (19th ed.). McGraw-Hill Education.
- Samuelson, P. A. (1948). Economics: An Introductory Analysis. McGraw-Hill.
- Lange, O., & Taylor, F. M. (1938). On the Economic Theory of Socialism. University of MinnesOa Press.
- Marx, K., & Engels, F. (1848). The Communist Manifesto. Penguin Classics. (Original work published 1848)

- Smith, A. (1776). An Inquiry into the Nature and Causes of the Wealth of Nations.

  University of Chicago Press.
- Cole, G. D. H. (1956). A History of Socialist Thought. Routledge.
- Mishkin, F. S. (2015). Economics of Money, Banking, and Financial Markets (10th ed.). Pearson.
- Sen, A. (1999). Development as Freedom. Oxford University Press.


## ❖ તમારી પ્રગતિ ચકાસો ના જવાબો :

1. (B) સમાજની આર્થિક પ્રવૃત્તિઓનું સંચાલન કરતું માળખું
2. (A) સાધનોની ફાળવણી
3. (D) ઉપરના તમામ
4. (B) પાયાની આર્થિક સમસ્યાઓ
5. (B) માલિકી
6. (D) ઉપરના તમામ
7. (C) સંસાધનોની ફાળવણી અને આવકની વહેંચણી
8. (D) ઉપરના બધા જ

*****************

## એકમ-2
## મૂડીવાદનો પરિચય

**2.0 ઉદ્દેશ્યો**

**2.1 પ્રસ્તાવના**

**2.2 મૂડીવાદનો અર્થ અને વ્યાખ્યાઓ**

**2.3 મૂડીવાદના લક્ષણો**

**2.4 મૂડીવાદની સિદ્ધિઓ**

**2.5 મૂડીવાદની મર્યાદાઓ**

**2.6 સારાંશ**

**2.7 ચાવીરૂપ શબ્દો**

**2.8 તમારી પ્રગતિ ચકાસો**

- ❖ સંદર્ભ વાચન
- ❖ તમારી પ્રગતિ ચકાસોના જવાબો

### 2.0 ઉદ્દેશ્યો :

આ એકમનો અભ્યાસ કર્યા પછી તમે,

- ➢ મૂડીવાદનો અર્થ સમજાવી શકશો
- ➢ મૂડીવાદી આર્થિક પદ્ધતિને ઓળખી શકશો
- ➢ મૂડીવાદની સફળતા અને નિષ્ફળતા વિષે ચર્ચા કરી શકશો.

### 2.1 પ્રસ્તાવના :

માનવીના આર્થિક જીવન સમક્ષ દ્રષ્ટિ કરતા જણાય છે કે તે પોતાનું આર્થિક જીવન જીવવા માટે વિવિધ પ્રકારની આર્થિક પદ્ધતિઓનો ઉપયોગ કરે છે.દરેક આર્થિક પદ્ધતિનો મુખ્ય ઉદેશ્ય માનવીની અમર્યાદિત જરૂરિયાતોને તેની પાસે રહેલા મર્યાદિત સંસાધનો દ્વારા સંતોષવી.આમ મૂડીવાદ તે જુદી જુદી પદ્ધતિઓમાની એક પદ્ધતિ છે. મૂડીવાદની શરૂઆત કોઈ એક ચોક્કસ વર્ષમાં નથી થઇ, પરંતુ તે એક ક્રમિક પ્રક્રિયા હતી. જો કે ઇતિહાસકારોના મતે 17મી સદીમાં નેધરલેન્ડમાં મૂડીવાદના પ્રારંભિક સ્વરૂપો જોવા મળ્યા હતા. આથી 17 મી સદી સુધી મૂડીવાદના મૂળ નંખાયા હતા, પરંતુ આધુનિક મૂડીવાદની શરૂઆત ઈંગ્લેન્ડમાં થઈ હતી.18મી સદીના મધ્યમાં ''આદ્યોગિક ક્રાંતિ''ના કારણે ઈંગ્લેન્ડમાં મૂડીવાદનો વિકાસ થયો હતો.વર્તમાનમાં વિશ્વના મોટા ભાગના દેશોમાં મિશ્ર અર્થવ્યવસ્થા છે, પરંતુ અમેરિકા, યુનાઈટેડ કિંગડમ, કેનેડા, જર્મની, જાપાન, ઓસ્ટ્રેલિયા, દક્ષિણ કોરિયા, સિંગાપોર અને હોંગકોંગ વગેરે જેવા દેશોમાં મૂડીવાદનું અસ્તિત્વ જોવા મળે છે.

## 2.2 મૂડીવાદનો અર્થ અને વ્યાખ્યાઓ :

મૂડીવાદ એટલે એક એવી મુક્ત અર્થવ્યવસ્થા જ્યાં નિયંત્રણનું પ્રમાણ નહીંવત હોય છે. તે વ્યવસ્થામાં કાર્યરત બધા લોકો અને ક્ષેત્રો સ્વંતંત્રપણે પોતાની આર્થિક પ્રવૃત્તિ કરે છે. આમ મૂડીવાદી આર્થિક પદ્ધતિ ''મુક્ત પદ્ધતિ'' અથવા ''સ્વંતંત્ર પદ્ધતિ'' તરીકે પણ ઓળખાય છે. આમ, મૂડીવાદી પદ્ધતિમાં રહેલી ખાસિયાતોના આધારે જુદા જુદા અર્થશાસ્ત્રીઓએ સમયાંતરે પોતાના વિચારો તેમની વ્યખ્યાઓના સ્વરૂપે રજૂ કર્યા છે.

1. મોરીસ ડોબ : મૂડીવાદી આર્થિક પદ્ધતિ એક એવી પદ્ધતિ છે કે જેમાં મૂડીની માલિકી ખાનગી હોય છે અને તેને ''સાહસ પદ્ધતિ'' તરીકે પણ ઓળખવામાં આવે છે.
2. ડબ્લ્યુ.એન.લુકાસ : મૂડીવાદ એ આર્થિક વ્યવસ્થાનું એક એવું સ્વરૂપ છે જેમાં માનવ સર્જિત અને કુદરત સર્જિત મૂડી ખાનગી માલિકીની હોય છે અને ખાનગી નફાના હેતુથી તેનો ઉપયોગ થાય છે.
3. જહોન સ્ટ્રેચી : મૂડીવાદ એક એવી પદ્ધતિ છે, જેમાં ખેતરો,કારખાના અને ખાણની માલિકી ખાનગી વ્યક્તિઓની હોય છે. મૂડીવાદમાં પ્રેમ નહિ, પરંતુ નફો વિશ્વને ફરતું રાખે છે.
4. મેક્સ વેબર : બુદ્ધિપૂર્વક અને પદ્ધતિસર નફો મેળવવાની વૃતિ એટલે મૂડીવાદ.
5. જી.ડી.એચ.કોલ : મૂડીવાદ એ એક પ્રકારનું વિશિષ્ટ વળતર પ્રાપ્ત કરવાની ઉત્પાદનની રીત છે, જેમાં ઉત્પાદનના બધા સાધનો ખાનગી માલિકીના હોય છે.
6. મિલ્ટન ફ્રિડમેન : મૂડીવાદ એ આર્થિક સ્વતંત્રતાની વ્યવસ્થા છે. તે મુક્ત બજાર પર આધારિત છે. જ્યાં સરકારની દખલગીરી નહિવત હોય છે અને વ્યક્તિઓને પોતાની મિલકત અને શ્રમનો ઉપયોગ કરવાની સંપૂર્ણ સ્વતંત્રતા હોય છે.''
7. એડમ સ્મિથ : મૂડીવાદ એટલે ''એવી આર્થિક વ્યવસ્થા જ્યાં વ્યક્તિને પોતાની મિલકત રાખવાની અને નફા માટે મુક્ત રીતે વેપાર કરવાની સંપૂર્ણ સ્વતંત્રતા હોય અને બજારના પરિબળો (માગ અને પુરવઠો) જ અર્થતંત્રનું સંચાલન કરે.''
8. આંતરરાષ્ટ્રીય નાણા ભંડોળ : મૂડીવાદ એ એક એવી આર્થિક પ્રણાલી છે કે જેમાં ઉત્પાદનના સાધનો (જેમ કે ફેક્ટરીઓ, મશીનો, જમીન)ની માલિકી ખાનગી વ્યક્તિઓના હાથમાં હોય છે અને તેમનો મુખ્ય ઉદ્દેશ્ય નફો કમાવવાનો હોય છે.

## 2.3 મૂડીવાદના લક્ષણો :

જુદા જુદા અર્થશાસ્ત્રીઓના મંતવ્યોના આધારે કહી શકાય મૂડીવાદ એક સ્વતંત્ર પદ્ધતિ છે, પરંતુ તે પદ્ધતિ વિશે વિસ્તૃત સમજ તેના લક્ષણોના આધારે મેળવી શકાય જે નીચે મુજબ દર્શાવ્યા છે.

1. સંપતિ કે સાધનોની ખાનગી માલિકી

 મૂડીવાદનું સૌથી પાયાનું લક્ષણ છે કે સંપત્તિ કે સાધનોનીની માલિકી ખાનગી હોય છે. જમીન, ફેક્ટરી, મશીનરી અને મૂડી જેવા ઉત્પાદનના સાધનોની માલિકી સરકારની નહીં, પરંતુ ખાનગી વ્યક્તિઓ કે કંપનીઓની હોય છે. સંપતિ કે સાધનોની માલિકી ખાનગી હોવાના કારણે વ્યક્તિ પોતાની પાસે રહેલી સંપતિને દાનમાં આપી શકે છે,ગીરે મૂકી શકે છે, તેને લગતા કરાર કરી શકે છે, તેમાં વધારો ઘટાડો કરી શકે છે.આમ પોતાની પાસે રહેલી સંપતિનો માલિક ખુદ હોવાના કારણે સંપતિનો ઉપયોગ કઈ રીતે કરવો તે અંગેનો નિર્ણય લેવાની વ્યક્તિને સ્વંતંત્રતા હોય છે.

2. સરકારનો નહીવત હસ્તક્ષેપ

 મૂડીવાદી વ્યવસ્થા મુક્ત રીતે કામ કરે છે તેના પાછળનું મુખ્ય લક્ષણ સરકારનો નહીવત હસ્તક્ષેપ છે. શુદ્ધ મૂડીવાદમાં સરકારની ભૂમિકા ખૂબ જ મર્યાદિત હોય છે. સરકાર ઉદ્યોગ કે વેપારમાં કોઈ પણ દખલગીરી કરતી નથી. આ વ્યવસ્થામાં સરકારનું કામ માત્ર દેશનું રક્ષણ કરવા અને કાયદા-વ્યવસ્થાનું યોગ્ય રીતે પાલન કરાવવા પૂરતું સીમિત હોય છે. પરંતુ સરકાર આ વ્યવસ્થામાં વ્યક્તિગત હસ્તક્ષેપ કરવાને બદલે આર્થિક પ્રવૃતિઓમાં સ્વ વિકાસ કરવાની એક ઉત્તમ તક આપે છે.

3. વારસા પ્રથાનું અસ્તિત્વ

 વારસાપ્રથા એટલે કે વ્યક્તિ પાસે રહેલી મિલકત કે સંપતિને પોતાના કાયદેસર વારસદારોને અધિકાર સ્વરૂપે આપવાની પ્રથા. આ પ્રથાનું અસ્તિત્વ મૂડીવાદમાં જોવા મળે છે. આ પ્રથામાં વ્યક્તિ પોતાની મિલકત અથવા સંપત્તિનો સંચય કરી રાખે છે અને તે મિલકતને પોતાના વારસદારોને આપે છે, આવું થવાના કારણે જ મૂડીવાદનું અસ્તિત્વ ટકી રહે છે. જો વ્યક્તિ પોતાની સંપતિ પોતાના વારસદારોને ન આપે તો તે સંપતિ સરકારના હસ્તક જાય છે અને ત્યાં તે સંપતિની ખાનગી માલિકીનો અંત આવી જતા મૂડીવાદનો પણ સાથે અંત આવે છે.

4. નફાનો ઉદ્દેશ

 એડમ સ્મિથના 'સ્વહિત'ના સિદ્ધાંત મુજબ, આ પદ્ધતિમાં તમામ આર્થિક પ્રવૃત્તિઓનું કેન્દ્રબિંદુ 'નફો' છે. વ્યક્તિ કે કંપની દ્વારા કોઈ પણ વસ્તુ કે સેવાનું ઉત્પાદન નફો કમાવવાના ઉદેશ્યથી જ કરવામાં આવે છે . આમ નફો એ આ પદ્ધતિનું મુખ્ય પ્રેરક બળ છે. આ વ્યવસ્થામાં નફો એ કોઈ પણ ઉત્પાદકને પ્રોત્સાહન આપવાનું કાર્ય કરે છે. આ પ્રોત્સાહન દ્વારા જ ઉત્પાદકો પોતાની આર્થિક પ્રવૃતિને જીવંત રાખે છે. અહી ઉત્પાદકો પાસે રહેલી ખાનગી માલિકીની સંપતિ કે સાધનોનો ઉપયોગ વ્યક્તિ એ રીતે કરે છે કે તેને ઉત્પાદન પ્રક્રિયામાં ઓછામાં ઓછો ખર્ચ થાય અને વધુમાં વધુ નફો થાય.

5. કાર્યક્ષમ બજારતંત્ર

મૂડીવાદ એક એવી મુક્ત અર્થવ્યવસ્થા છે જેમાં કોઈ પણ આર્થિક પ્રવૃત્તિ સરકારના કોઈ પણ હસ્તક્ષેપ વિના થાય છે. આ પદ્ધતિમાં સરકારી આર્થિક આયોજન હોતું નથી, આથી ભાવો પર સરકાર દ્વારા કોઈ પણ નિયંત્રણો લાદવામાં આવતા નથી જેના કારણે સમગ્ર અર્થતંત્ર મુક્ત બજારતંત્ર દ્વારા ચાલે છે. બજારમાં પ્રવર્તતી માંગના આધારે જ વસ્તુઓ કે સેવાઓનું ઉત્પાદન થાય છે. સરકારના આર્થિક આયોજન કરતા બજારતંત્ર વધારે કાર્યક્ષમ રીતે કામ કરે છે.આમ આ પદ્ધતિમાં એડમ સ્મિથના 'અદ્રશ્ય હાથ' (Invisible Hand) ના સિદ્ધાંત મુજબ, વસ્તુઓના ભાવ સરકાર નક્કી કરતી નથી, પરંતુ બજારમાં 'માગ અને પુરવઠા'ની સ્થિતિના આધારે આપોઆપ નક્કી થાય છે.

6. વ્યક્તિગત સાહસોની સ્વતંત્રતા

મૂડીવાદી પદ્ધતિ સ્વતંત્ર કે મુક્ત અર્થવ્યવસ્થા તરીકે એટલે ઓળખવામાં આવે છે કારણ કે તે અર્થવ્યવસ્થામાં લોકોને જુદી જુદી પ્રવૃતિઓમાં સાહસોના દ્રષ્ટિકોણથી સ્વતંત્રતા મળે છે.જેને નીચે મુજબના મુદાઓના આધારે સમજી શકાય.

અ). આ પદ્ધતિમાં વ્યક્તિને એક આર્થિક સાહસ કરવાની છૂટ મળે છે જેમ કે અહીં સાધનો ખરીદવાની, સાધનોનું સંયોજન કરવાની, ગમે તે વસ્તુનું ગમે તેટલા પ્રમાણમાં ઉત્પાદન કરવાની સ્વતંત્રતા વ્યક્તિને મળે છે.

બ). આ મુક્ત અર્થવ્યવસ્થામાં વ્યક્તિ તેની રૂચી,લાયકાત,શક્તિ મુજબ કોઈ પણ વ્યવસાય અથવા નોકરીમાં જોડાઈ શકે છે.

ક). પોતાની આવકમાંથી કેટલી બચત કરવી અને તે બચતોનું રોકાણ કઈ જગ્યાએ કરવું તે અંગેની સ્વતંત્રતા પણ આ વ્યવસ્થામાં વ્યક્તિને મળે છે.

ડ). ગ્રાહકને પોતાની આવક મર્યાદામાં રહીને ગમે તે વસ્તુ કે સેવાનું પ્રમાણ ખરીદીને તેનો વપરાશ કરવાની સ્વતંત્રતા આ વ્યવસ્થામાં મળે છે.

7. મુક્ત હરીફાઈ

આ મુક્ત અર્થવ્યવસ્થામાં બજારમાં કોઈ એક જ વ્યક્તિ કે કંપનીનું વર્ચસ્વ હોતું નથી પરંતુ સમાન વસ્તુ વેચનારા અનેક ઉત્પાદકો હોય છે, જેના કારણે તેમની વચ્ચે મુક્ત હરીફાઈ થાય છે. આ હરીફાઈને કારણે ગ્રાહકોને ગુણવતાવાળી વસ્તુ વ્યાજબી કિમતે મળી રહે છે. એવું કહેવાય છે કે હરીફાઈ એ મૂડીવાદી અર્થવ્યસ્થાની આત્મા છે.આ વ્યવસ્થામાં દરેક ઉત્પાદક ખાનગી સાધનો એકત્રિત કરીને વધુમાં વધુ નફો પ્રાપ્ત કરવા પ્રયાસ કરે છે અને બીજા ઉત્પાદકોથી આગળ નીકળી જવાની ઈચ્છાના કારણે તેમની વચ્ચે હરીફાઈનું સર્જન થાય છે. આ મુક્ત હરીફાઈ ગ્રાહકો માટે વધુ અનુકુળ સાબિત થાય છે અને તેના કારણે બજાર સંશોધનને પણ પ્રોત્સાહન મળે છે.

8. ગ્રાહકનું સાર્વભૌમત્વ

આધુનિક અર્થશાસ્ત્રી લુડવિગ વોન મિઝેસના મત મુજબ, મૂડીવાદી વ્યવસ્થામાં ''ગ્રાહક રાજા છે''. આથી અહી ગ્રાહકની માંગના આધારે જ ઉત્પાદકો કોઈ પણ વસ્તુ કે સેવાનું ઉત્પાદન કરશે. ગ્રાહકોની પસંદગી જ બજારને મુખ્ય દિશા આપે છે. આ વ્યવસ્થામાં નિયોજકનું મુખ્ય ધ્યેય ગ્રાહકની માંગને સંતોષીને વધુ નફો મેળવવાનો છે. આથી ગ્રાહકની માંગને કેન્દ્ર સ્થાને રાખીને જ નિયોજક પોતાની પાસે રહેલા સાધનોનું કાર્યક્ષમ સંચાલન કરે છે. આમ મૂડીવાદમાં ગ્રાહક જ સર્વોપરી છે તેવું કહેવામાં કોઈ ક્ષતિ નથી.

## 2.4 મૂડીવાદની સિદ્ધિઓ :

મૂડીવાદ એ જડ પદ્ધતિ નથી પરંતુ તેનું સ્વરૂપ સમયના પ્રવાહ પ્રમાણે બદલાય છે.મૂડીવાદની અસરકારક કાર્યપદ્ધતિ સમગ્ર અર્થતંત્રમાં અનન્ય સિદ્ધિઓ પ્રાપ્ત કરાવે છે જે નીચે મુજબ છે.

1. ઉત્પાદન અંગેની સિદ્ધિ

મૂડીવાદી પદ્ધતિમાં કોઈ પણ વસ્તુઓનું ઉત્પાદન ગ્રાહક દ્વારા કરાતી બજાર માંગના આધારે જ થાય છે. આથી વસ્તુઓનું ઉત્પાદન ગ્રાહકોની જરૂરિયાત અનુસાર જ થાય છે જેના કારણે વધુ ઉત્પાદનની સમસ્યા સર્જાતી નથી. ઉત્પાદન એ ગ્રાહકની માંગ આધારિત હોવાના કારણે ઉત્પાદકોને ઉત્પાદનનું ચોક્કસ પ્રમાણ નક્કી કરવામાં સરળતા થાય છે. આમ આ પદ્ધતિમાં ગ્રાહકની પસંદગી અને ઉત્પાદકોની ઉત્પાદન ક્ષમતા બંને બાબતો જળવાઈ રહે છે.

2. ઉત્પાદનના સાધનોનો કાર્યક્ષમ સંચાલન અને ઉપયોગ

મૂડીવાદી આર્થિક પદ્ધતિમાં ગ્રાહકની માંગ આધારિત ઉત્પાદન થતું હોવાથી ઉત્પાદકને ઉત્પાદનના ચોક્સ્સ પ્રમાણ અંગેની સંપૂર્ણ માહિતી હોય છે આથી તેના આધારે ઉત્પાદક ઉત્પાદનના સાધનોનું કાર્યક્ષમ સંચાલન કરી શકે છે. આ પદ્ધતિમાં દરેક ઉત્પાદક વધુમાં માં વધુ નફો પ્રાપ્ત કરવા માટે ઓછામાં ઓછુ ઉત્પાદન ખર્ચ કરવાનો પ્રયાસ કરે છે. જેને ધ્યાનમાં લઈને પણ તે ઉત્પાદનના સાધનોનો કાર્યક્ષમ ઉપયોગ કરે છે. આમ અહીં સાધનોનો બગાડ થતો અટકે છે અને સાધનોનો શ્રેષ્ટ ઉપયોગ સુનિશ્ચિત થાય છે. આના પરથી કહી શકાય કે ઉત્પાદનના સાધનોનો કાર્યક્ષમ સંચાલન અને ઉપયોગ કરતા ઉત્પાદકો જ હરીફાઈમાં ટકી શકે છે.

3. લોકોના જીવન ધોરણમાં સુધારો

આર્થિક દ્રષ્ટિએ વિચારીએ તો લોકોનું જીવન ધોરણ લોકોની આવક અને ખર્ચ પર આધાર રાખે છે. લોકોની આવકની તુલનાએ જો ખર્ચ ઓછું થાય તો લોકોના જીવન ધોરણમાં સુધારો થાય છે. મૂડીવાદી પદ્ધતિમાં પણ આવું જ થાય છે, કારણ કે પૂર્ણ હરીફાઈ

હોવાના કારણે ચીજ વસ્તુઓ અને સેવાઓના ભાવો ઓછા હોય છે અને ઓછા ભાવે બધી જ વસ્તુઓ પ્રાપ્ત થવાના કારણે સમાજના ગરીબ અને મધ્યમ વર્ગના લોકો પણ સુખ-સગવડના સાધનો ભોગવી શકે છે.

આમ આ પદ્ધતિમાં અન્ય પદ્ધતિઓની તુલના પ્રજાના જીવન ધોરણમાં ઝડપથી સુધારો થાય છે જેના વર્તમાન ઉદાહરણ અમેરિકા, યુનાઇટેડ કિંગડમ, કેનેડા, જર્મની, જાપાન, ઓસ્ટ્રેલિયા, દક્ષિણ કોરિયા, સિંગાપોર અને હોંગકોંગ વગેરે જેવા દેશો છે.

4. ટેકનોલોજીકલ પ્રગતિ

મૂડીવાદી પદ્ધતિમાં પૂર્ણ અથવા ગળાકાપ હરીફાઈ હોવાના કારણે દરેક ઉત્પાદકને મહતમ નફો પ્રાપ્ત કરવા કે બજારમાં ટકી રેહવા માટે સતત પ્રયાસો કરવા પડે છે. બજારમાં ટકી રહેવા માટે તેને પ્રણાલીગત ઉત્પાદન પદ્ધતિ મદદરૂપ બનતી નથી તેને આધુનિક પદ્ધતિનો જ ઉપયોગ કરવો પડે છે અને આધુનિક પદ્ધતિ એ સંપૂર્ણ ટેકનોલોજી પર આધારિત છે. બજારમાં ટકી રહેવા માટે ઉત્પાદકને નવિન સંશોધન અને ટેકનોલોજી પર જ આધાર રાખવો જ પડે છે. આમ અહી ઉત્પાદક પોતાના નફાના સ્વાર્થ માટે અર્થતંત્રમાં નવીન ટેકનોલોજીનો ઉપયોગ કરીને ટેકનોલોજીકલ પ્રગતિને પ્રોત્સાહન આપે છે.

5. મૂડી સર્જન અને આર્થિક વિકાસ

મૂડીવાદમાં સંપતિ કે મિલકતની માલિકી ખાનગી હોવાના કારણે વ્યક્તિ તે સંપતિનો ઉપયોગ મહતમ આવક કે નફો પ્રાપ્ત કરવા કરે છે. ઉપરાંત તે આવક અથવા સંપતિ પર સરકારનો  કોઈ જ અધિકાર ન હોવાના કારણે વ્યક્તિ તે આવક અથવા નફાની બચત સ્વતંત્ર રીતે કરે છે. આમ બચત કરવા માટે એક પ્રેરણા મળવાના કારણે અહીં વ્યક્તિ વધુ માં વધુ બચત કરીને તેનું મૂડીરોકાણ ઉદ્યોગોમાં કરે છે. આમ અહીં બચતોનું મૂડીરોકાણમાં પરિવર્તન થવાના કારણે મૂડી સર્જન ઝડપી થાય છે જેના કારણે દેશમાં નવા કારખાના,મશીનરી અને આંતરમાળખું ઉભું થાય છે. મૂડીસર્જનની ઝડપ વધુ હોવાના કારણે તેની હકારાત્મક અસર દેશના આર્થિક વિકાસ પર પડે છે.

6. ગ્રાહકનું સાર્વભૌમત્વ અને પસંદગી

મૂડીવાદમાં ગ્રાહક બજારનો રાજા હોય છે આથી તે પદ્ધતિ ગ્રાહકને સર્વોપરી સ્થાન આપે છે. આ પદ્ધતિમાં ગ્રાહકની ઈચ્છા,રૂચી અને ફેશન મુજબ જ ઉત્પાદન કરવામાં આવે છે અર્થાત ગ્રાહકની માંગને જ અહી મહત્વ આપવામાં આવે છે. મૂડીવાદમાં ઉત્પાદકોની સંખ્યા અસંખ્ય હોવાથી ગ્રાહકની પસંદગી માટે વિશાળ તકો ઉપલબ્ધ હોય છે. આથી બજારમાં પણ વસ્તુઓમાં નવીન વિવિધતાઓ જોવા મળે છે. ઉત્પાદનના સાધનોની માલિકી ખાનગી હોવા છતાં તેનો ઉપયોગ ગ્રાહકની પસંદગી કે માંગના આધારે જ થતો હોવાથી એવું કહી શકાય કે આ પદ્ધતિમાં ગ્રાહકનું સાર્વભૌમત્વ હોય છે.

7. સ્વતંત્ર અને સ્વયં સંચાલિત વ્યવસ્થા

મૂડીવાદી અર્થવ્યવસ્થામાં વ્યક્તિ અને સમાજને વિશાળ પ્રમાણમાં આર્થિક સ્વતંત્રતા પ્રાપ્ત થાય છે. જનસમાજના હિતને નુકસાન પહોચાડ્યા વિના વ્યક્તિને પોતાનો વિકાસ કરવાની પૂર્ણ પ્રમાણમાં સ્વતંત્રતા માત્ર મૂડીવાદી આર્થિક પદ્ધતિમાં જ છે. કોઈ પણ સરકારના હસ્તક્ષેપ વિના વ્યક્તિ સ્વતંત્ર રીતે સઘળા આર્થિક નિર્ણયો ભાવતંત્રને આધારે લઇ શકે છે. આથી મૂડીવાદી આર્થિક પદ્ધતિમાં આર્થિક પ્રવૃતિનો વિકાસ વિશેષ પ્રમાણમાં જોવા મળે છે. ઉપરાંત આ વ્યવસ્થામાં ઉત્પાદન,વિનિમય,વહેચણી અને વપરાશના પ્રશ્નોનો ઉકેલ ભાવ પ્રક્રિયા દ્વારા આપોઆપ આવે છે. આથી અન્ય પદ્ધતિઓની જેમ અહી કોઈ અંકુશો દાખલ કરવા પડતા નથી. આમ આના આધારે કહી શકાય કે મૂડીવાદી પદ્ધતિ એક સ્વતંત્ર અને સ્વયં સંચાલિત વ્યવસ્થા છે.

## 2.5 મૂડીવાદની મર્યાદાઓ :

મૂડીવાદ એ એક એવો સિક્કો છે જેની બે બાજુઓ છે. જેમાં પ્રથમ બાજુ એ છે કે તેણે વિશ્વને આર્થિક વિકાસ અને સમૃદ્ધિ આપી છે અને બીજી બાજુ એ છે કે તે વ્યવસ્થામાં ઘણી બધી ગંભીર ખામીઓ કે મર્યાદાઓ પણ છે જે નીચે મુજબ દર્શાવવામાં આવી છે.

1. આર્થિક અસમાનતા

મૂડીવાદી આર્થિક પદ્ધતિમાં સાધનોનો માલિકી હક ખાનગી હોવાના કારણે તે સાધનોનો ઉપયોગ ઉત્પાદક માત્ર પોતાના આર્થિક હિત માટે જ કરે છે. આથી તે સાધનો દ્વારા પ્રાપ્ત નફો માત્ર ઉત્પાદકોના ખિસ્સામાં જ જાય છે અને ઉત્પાદનના જીવંત સાધન એવા શ્રમિક પાસે માત્ર જીવન નિર્વાહ પૂરતું વેતન જાય છે. જેના કારણે ધનિક વધુ ધનિક બને છે અને ગરીબ વધુ ગરીબ બને છે. આ પરિસ્થિતિ અર્થતંત્રમાં આર્થિક અસમાનતાનું સર્જન કરે છે.ઉપરાંત મૂડીવાદી પદ્ધતિમાં વારસા પ્રથાના કારણે વ્યક્તિને કોઈ પણ મહેનત વિના આવક અને સંપતિ પ્રાપ્ત થાય છે જે આવક અને સંપતિના કેન્દ્રીકરણને પ્રોત્સાહન આપે છે. ટૂંકમાં મૂડીવાદી વ્યવસ્થામાં મિલકત કે સંપતિ અંગેની સ્વતંત્રતા સમાજમાં આર્થિક અસમાનતામાં વધારો કરે છે.

2. વર્ગવિગ્રહ

મૂડીવાદમાં આર્થિક અસમાનતાના કારણે સમાજમાં મૂડીપતિઓ અને શ્રમિકો એવા બે વર્ગોનો ઉદભવ થાય છે. મૂડીપતિઓ પાસે સાધનોની ખાનગી માલિકી હોય છે અને તેઓ શ્રમિકોનું શોષણ કરે છે અને શ્રમિકો પાસે પોતાનો માત્ર શ્રમ હોય છે અને તેઓ મૂડીપતિઓના શોષણનો ભોગ બને છે. આ બંને વર્ગોના હિતો પરસ્પર વિપરીત હોવાના કારણે તેમની વચ્ચે સતત સંઘર્ષ થાય છે. જેના કારણે દેશની અંદર હડતાલ, તાળાબંધી, ઝઘડા વગેરે થવાથી દેશમાં અશાંતિના વાતાવરણનું સર્જન થાય છે. માર્કસવાદીઓ એવું માને છે કે આવા વર્ગ વિગ્રહો કે સમાજવિરોધી પરિબળો અર્થતંત્રનો નાશ કરે છે.

3. ઈજારાશાહી

મૂડીવાદનો પાયો મુક્ત હરીફાઈ છે, પરંતુ ઉત્પાદકોની ટૂંકા ગાળામાં નફો કમાવવાની પ્રવૃત્તિ લાંબા ગાળે આ હરીફાઈને ઈજારશાહીમાં ફેરવી નાખે છે. નફાને લક્ષ્યમાં લઈને ઉત્પાદકો હરીફાઈ નાબુદ કરવાના માર્ગો અપનાવીને ઈજારાની પરિસ્થતિનું સર્જન કરે છે. બજારમાં મોટા ઉત્પાદકો પોતાના આર્થિક વર્ચસ્વના આધારે નાના ઉત્પાદકોને બજારમાંથી બહાર કાઢવાના પ્રયાસો કરે છે. આમ ઈજારાના અસ્તિત્વની સાથે મૂડીવાદી અર્થવ્યવસ્થામાં હરીફાઈનો નાશ થાય છે અને ગ્રાહકોના શોષણની શરૂઆત થાય છે.

4. આર્થિક અસ્થિરતા

આર્થિક અસ્થિરતા મૂડીવાદી અર્થવ્યવસ્થાની મોટી અને એક ગંભીર મર્યાદા છે. આ વ્યવસ્થામાં કેન્દ્રીય આયોજનના અભાવે દેશ તેજી મંદીના ચક્રોમાં ફસાયા કરે છે અને બજારતંત્ર દ્વારા નક્કી થતા ભાવો હમેશા સંતુલિત હોતા નથી. મૂડીવાદમાં ઉત્પાદક વર્તમાનના નફાને ધ્યાનમાં લઈને ભવિષ્યમાં તેનાથી પણ વધુ નફો મેળવવાની લાલચે ઉત્પાદન વધાર્યા જ કરે છે અને તે ઉત્પાદનને ખરીદનારા ગ્રાહકો ન મળતા અતિઉત્પાદનની પરિસ્થતિ સર્જાય છે. ઉત્પાદકની ધારણા પ્રમાણે તેને નફો પ્રાપ્ત ન થતા દેશમાં મંદી આવે છે જેના કારણે દેશમાં આર્થિક અસ્થિરતાની સમસ્યા જોવા મળે છે.

5. બેરોજગારીની સમસ્યા

મૂડીવાદમાં ઉત્પાદકો માટે નફો એ મુખ્ય પ્રેરક બળ છે આથી નફાને કેન્દ્ર સ્થાને રાખીને જ ઉત્પાદકો કોઈ પણ આર્થિક પ્રવૃત્તિ કરે છે. નફો ટૂંકા સમયગાળામાં કઈ રીતે ઝડપથી કમાવવો તે માટેના પ્રયાસો ઉત્પાદકો સતત કરતા રહે છે. આથી ઉત્પાદકો પોતાની આર્થિક પ્રવૃતિઓમાં શ્રમિકો કરતા આધુનિક મશીનરી કે યંત્રોને વધારે મહત્વ આપતા હોય છે કારણ કે શ્રમિકોની તુલનાએ આધુનિક મશીનો તેમને ટૂંકા ગાળામાં ઝડપથી ઉત્પાદન કરીને નફો કમાવી આપે છે. ઉપરાંત ઉત્પાદકો એવું પણ વિચારે છે કે આ મશીનો 24 કલાક સુધી કોઈ પ્રકારના થાક વિના ઝડપી કામ કરે છે અને કોઈ પણ હડતાલ કે આંદોલન કરતા નથી. આમ ખર્ચ ઘટાડવા અને કાર્યક્ષમતા વધારવાની દૃષ્ટીએ ઉત્પાદકો શ્રમિકો કરતા મશીનો કે યંત્રોને મહત્વ આપે છે જેના કારણે અર્થતંત્રમાં બેરોજગારીની સમસ્યાનું સર્જન થાય છે.

6. સાધનોનો દુર્વ્યવ્ય

મૂડીવાદની સિદ્ધિ અનુસાર આ પદ્ધતિમાં ગ્રાહકોની માંગના આધારે ઉત્પાદન થતું હોવાથી સાધનોનો ઉપયોગ તે જ દિશામાં થાય છે અને તેનો બગાડ થતો નથી પરંતુ આવું દરેક પરિસ્થતિમાં શક્ય બનતું નથી. ઉત્પાદનના સાધનોની વહેચણી ગ્રાહકોની પ્રાથમિક જરૂરિયાતને લક્ષ્યમાં લીધા વિના માત્ર નફાને ધ્યાનમાં લઈને કરવામાં આવે છે. ઉત્પાદકો માત્ર ધનિક લોકો માટે મોજશોખની વસ્તુઓ અને સેવાઓનું ઉત્પાદન કરવાનું વધુ

પસંદ કરે છે કારણ કે તેમાં નફાનું પ્રમાણ વધુ હોય છે. આથી અહી ઉત્પાદનના સાધનોનો ઉપયોગ માત્ર મોજશોખની વસ્તુઓના ઉત્પાદન માટે જ કરવામાં આવે છે. આમ અહીં ઉત્પાદનના સાધનોનો ઉપયોગ સમાજના બધા વર્ગો માટે ન થતો હોવાથી સાધનોનો દુર્વ્યય થાય છે.

7. સમાજ કલ્યાણની અવગણના

સ્વતંત્ર મૂડીવાદી વ્યવસ્થામાં ગ્રાહક સ્વતંત્ર છે, જેના કારણે તે કોઈ પણ વસ્તુઓની માંગ ઉત્પાદક સમક્ષ રાખી શકે છે પછી તે માંગ સમાજ માટે યોગ્ય છે કે નહિ તે મહત્વનું નથી. ગ્રાહકો સમાજ માટે યોગ્ય ન હોય તેવી વસ્તુઓની પણ માંગ કરે છે, દા.ત નશીલા દ્રવ્યો કે ધુમ્રપાન અંગેની વસ્તુઓની માંગ. આ પ્રકારની વસ્તુઓની માંગ સમાજમાં વધતા સમાજના લોકો પર તેની વિપરીત અસર થતા સમાજ ખોટી દિશા તરફ ધકેલાય છે. ઉપરાંત ઉત્પાદકો સમાજ કલ્યાણને બદલે ગ્રાહકોની માંગને જ ધ્યાનમાં લેતા હોવાથી નફા માટે તે આવી વસ્તુઓનું ઉત્પાદન પણ ઝડપથી કરે છે. આમ આ સ્વતંત્ર અર્થવ્યવસ્થામાં સમાજકલ્યાણ કરતા નફો મહત્વનો છે.

8. નૈતિકવાદનું પતન અને ભૌતિકવાદનો ઉદય

મૂડીવાદી અર્થવ્યવસ્થામાં માત્ર મૂડીને વધુ મહત્વ આપવામાં આવે છે . વિકાસ અને સફળતાનું માપદંડ માત્ર સંપતિ કે મૂડી બની જાય છે આથી અહી ભૌતિકવાદનો ઉદય થાય છે. સમાજમાં પ્રેમ,દયા, સહકાર, ત્યાગ જેવી ભાવનાઓનું સ્થાન સ્વાર્થ અને લાલચ લઈ લે છે. સમાજમાં મૂડીપતિનું જ મહત્વનું સ્થાન હોય છે એવી માનસિકતાના કારણે લોકો ગેરમાર્ગે જઈને મૂડી પ્રાપ્ત કરવા પ્રેરાય છે. મૂડીવાદી વ્યવસ્થામાં લોકો દરેક વસ્તુમાં વેપારી દ્રષ્ટિકોણ રાખીને માત્રને માત્ર નફાને જ મહત્વ આપે છે. આમ અહીં સમાજના નૈતિક મૂલ્યોનું અધઃપતન થાય છે.

9. વિકાસ તરફ દુર્લક્ષ

મૂડીવાદમાં નફાને કેન્દ્ર સ્થાને રાખીને ઉત્પાદકો કામ કરતા હોવાથી તેમની વૃતિ નફાલક્ષી જ હોય છે. આથી દેશના વિકાસ માટે જરૂરી એવા કાયદા, વ્યવસ્થા, ન્યાય, રસ્તાઓ, પુલો, શિક્ષણ, આરોગ્ય,તાલીમ અને સંશોધન વગેરે પાછળ થતા ખર્ચની જવાબદારી લેવામાં ઉત્પાદકો પીછેહઠ કરે છે. આવા પ્રકારના ખર્ચનું પ્રમાણ ખૂબ મોટું હોય છે અને તે ખર્ચ કરવા પાછળ લાંબા ગાળે તેનું વળતર મળતું હોવાથી ઉત્પાદકો આવા પ્રકારના દેશ માટેના વિકાસલક્ષી ખર્ચ કરવા માટે ઉત્સાહ દાખવતા નથી. આમ દેશના વિકાસની તુલના એ નફો ઉત્પાદકો માટે વધુ મહત્વ ધરાવે છે.

10. પ્રાથમિક વસ્તુઓ અને સેવાઓનું વેપારીકરણ

પ્રાથમિક વસ્તુઓ અને સેવાઓમાં ખોરાક, પાણી, કપડા, રહેઠાણ, દવાઓ, ઉર્જા, શિક્ષણ, આરોગ્ય, વાહન વ્યવહાર, સંદેશાવ્યવહાર વગેરેનો સમાવેશ થાય છે. આ

બધી જ વસ્તુઓ અને સેવાઓ દેશના નાગરીકોના જીવન માટેની પાયાની જરૂરિયાતો છે અને આ જરૂરિયાતો વ્યાજબી કિમતે પૂરી થઇ શકે તેવા પ્રયાસો કોઈ પણ અર્થતંત્રમાં થવા આવશ્યક છે, પરંતુ મૂડીવાદી અર્થવ્યવસ્થામાં પાયાની વસ્તુઓ અને સેવાઓનું ઉત્પાદન માત્ર નફાને જ ધ્યાનમાં લઈને કરવામાં આવતું હોય છે. આથી મૂડીવાદમાં ઉત્પાદકો પ્રાથમિક વસ્તુઓ અને સેવાઓને સમાજની જરૂરિયાતના દ્રષ્ટિકોણથી જોવાના બદલે તેને વેપારી દ્રષ્ટિકોણથી જુએ છે.

## 2.6 સારાંશ :

અંતે મૂડીવાદ વિશે વિચારીએ તો મૂડીવાદ એ વિશ્વના આર્થિક ઇતિહાસમાં દેશો માટે સંપતિ સર્જન માટેનું અતિ શક્તિશાળી સાધન સાબિત થયું છે. ઇંગ્લેન્ડની ઓદ્યોગિક ક્રાંતિથી અસ્તિત્વમાં આવેલી આ વ્યવસ્થા એ ભૌતિક અને ટેકનોલોજીકલ વિકાસના આધારે માનવીના જીવનધોરણમાં સુધારો કર્યો છે. મૂડીવાદે ઉત્પાદકોને વ્યક્તિગત સ્વાતંત્ર્ય, ખાનગી માલિકી અને નફાનો ઉદેશ્ય આ ત્રણ પાયાના સિદ્ધાંતો આપીને નવીન સંશોધન અને કાર્યક્ષમતા વધારવા માટે પ્રોત્સાહિત કર્યા છે. આ વ્યવસ્થામાં માત્ર ઉત્પાદકોને જ નહિ, પરંતુ ગ્રાહકોને પણ મહત્વ આપવામાં આવ્યું છે, આથી અહી ગ્રાહક બજારનો રાજા ગણાય છે. સકારાત્મક બાજુની સાથે સાથે મૂડીવાદની નકારાત્મક બાજુ એ છે કે મૂડીવાદી વ્યવસ્થાએ સમગ્ર વિશ્વ સમક્ષ આર્થિક અસ્થિરતા અને અસમાનતા જેવી વિકટ સમસ્યાનું પણ સર્જન કર્યું છે. જેના કારણે ગરીબ અને ધનિક વચ્ચેનું અંતર ખૂબ જ ઝડપથી વધ્યું છે.આથી આના આધારે કહી શકાય કે " મૂડીવાદ એ સંપતિ અને ઉત્પાદન કરવાની શ્રેષ્ઠ વ્યવસ્થા છે, પરંતુ સંપતિ અને ઉત્પાદનના વિતરણ માટેની અન્યાયી વ્યવસ્થા છે." આમ વર્તમાન સમયમાં વિશ્વના કોઈ પણ દેશમાં શુદ્ધ મૂડીવાદ જોવા મળતો નથી. મૂડીવાદની મર્યાદાઓને ધ્યાનમાં લેતા વિશ્વના મોટાભાગના દેશોએ " મિશ્ર અર્થવ્યવસ્થા"નો સ્વીકાર કર્યો છે.

## 2.7 ચાવીરૂપ શબ્દો :

**મૂડીવાદ:** આ એક એવી આર્થિક પદ્ધતિ છે જેમાં ઉત્પાદનના સાધનોની માલિકી ખાનગી હોય છે અને ઉત્પાદન કરવા પાછળનો મુખ્ય ઉદેશ્ય નફો હોય છે.

**ભાવતંત્ર :** ભાવતંત્ર એટલે ચીજ વસ્તુઓ અને સેવાઓના ભાવ તેની માંગ અને પુરવઠાના આધારે નક્કી કરતી વ્યવસ્થા. મૂડીવાદમાં ભાવ નિર્ધારણ સરકાર દ્વારા નહિ, પરંતુ ભાવતંત્ર દ્વારા થાય છે.

**ગ્રાહકનું સાર્વભૌમત્વ :** મૂડીવાદમાં ગ્રાહક સર્વોપરી હોવાથી સાર્વભૌમત્વ ધરાવે છે કારણ કે તેની પસંદગી અને માંગના આધારે જ અર્થતંત્રમાં કોઈ પણ વસ્તુ કે સેવાનું ઉત્પાદન થાય છે.

**આર્થિક અસ્થિરતા :** દેશનું અર્થતંત્ર જયારે તેજી અને મંદીના ચક્રોમાં ફસાય છે ત્યારે આર્થિક અસ્થિરતાની સ્થિતિનું સર્જન થાય છે. મૂડીવાદી અર્થવ્યવસ્થાની આ સૌથી મોટી ખામી છે.

## 2.8 તમારી પ્રગતિ ચકાસો :

**(ક) નિબંધ પ્રકારના પ્રશ્નો**

1. મૂડીવાદનો અર્થ આપી તેના લક્ષણોની વિસ્તૃતમાં સમજૂતી આપો.

2. મૂડીવાદનો અર્થ આપી તેની સિદ્ધિઓ અને મર્યાદાઓ વિશે સમજાવો.

**(ખ) ટૂંકનોંધ**

1. મૂડીવાદ વિશે ટૂંકમાં સમજાવો.

2. મૂડીવાદના લક્ષણો ટૂંકમાં સમજાવો.

**(ગ) હેતુલક્ષી પ્રશ્નો વિકલ્પો સાથે (MCQ)**

1. મૂડીવાદી અર્થવ્યવસ્થાનો વિકાસ ક્યા દેશમાં થયો ?

(A) ભારત (B) નેધરલેન્ડ (C) ઇંગ્લેન્ડ (D) બ્રાઝીલ

2. મૂડીવાદી પદ્ધતિનું મુખ્ય પ્રેરક બળ શું છે?

(A) સમાજ કલ્યાણ (C) નફો

(B) સમાનતા (C) કાર્યક્ષમતા

3. મૂડીવાદમાં કોને ''બજારના રાજા'' તરીકે ઓળખવામાં આવે છે ?

(A) ઉત્પાદક (B) ગ્રાહક (C) સરકાર (D) શ્રમિક

4. મૂડીવાદની સ્વયં સંચાલિત વ્યવસ્થા માટે ''અદ્રશ્ય હાથના સિદ્ધાંત'' દ્વારા સમજૂતી કોણે આપી?

(A) પ્રો. લુકાસ (C) પ્રો. માર્શલ

(B) પ્રો. મોરીસ ડોબ (D) પ્રો.એડમ સ્મિથ

5. ''મૂડીવાદમાં પ્રેમ નહિ, પરંતુ નફો વિશ્વને ફરતું રાખે છે'' આ કથન કોનું છે.

(A) પ્રો. રોબીન્સ (C) પ્રો.જહોન સ્ટ્રેચી

(B) પ્રો. મોરીસ ડોબ (D) પ્રો.એડમ સ્મિથ

6. નીચેનામાંથી કયું લક્ષણ મૂડીવાદનું છે?

(A) આવકની સમાન વહેચણી (C) સરકાર દ્વારા ભાવ નિયમન

(B) ગ્રાહકનું સાર્વભૌમત્વ (D) સમાજ કલ્યાણ

7. મૂડીવાદમાં વર્ગ વિગ્રહ ક્યા બે વર્ગો વચ્ચે થાય છે?

(A) ઉત્પાદક અને સરકાર (C) જમીન માલિકો અને ઉત્પાદકો

(B) મૂડીપતિઓ અને શ્રમિકો (D) શ્રમિક અને સરકાર

8. મૂડીવાદની મર્યાદાઓને જોતા વર્તમાન વિશ્વના દેશોએ કઈ પદ્ધતિનો સ્વીકાર કર્યો છે?

(A) સમાજવાદ (B) સામંતવાદ (C) સામ્યવાદ (D) મિશ્ર અર્થતંત્ર

9. મૂડીવાદમાં લાંબા ગાળે "પૂર્ણ હરીફાઈ"નું રૂપાંતર શેમાં થાય છે?

(A) ઈજારામાં (C) મુક્ત હરીફાઈમાં

(B) અલ્પ હસ્તક ઈજારામાં (D) મિશ્ર અર્થતંત્રમાં

10. મૂડીવાદમાં પાયાની જરૂરિયાતવાળી વસ્તુઓ અને સેવાઓનું શું થાય છે?

(A) રાષ્ટ્રીયકરણ (C) વેપારીકરણ

(B) વિસ્તૃતીકરણ (D) ઉપરોક્ત બધા

### ❖ સંદર્ભ વાચન :

Friedman, M. (1962). Capitalism and freedom. University of Chicago Press, pp. 8–13.

Marx, K. (1990). Capital: A critique of political economy (B. Fowkes, Trans.; Vol. 1).

Penguin Classics. (Original work published 1867), pp. 247–257.

Schumpeter, J. A. (1942). Capitalism, socialism and democracy, Harper & Br Ohers, pp. 81–85

Smith, A. (2003). The wealth of nations. Bantam Classic. (Original work published 1776), pp. 23–24, 572.

**ગુજરાતી પુસ્તકો**

1. જોશી, આર. સી., અને પરમાર, પી. એમ. (2018). આધુનિક અર્થશાસ્ત્રના સિદ્ધાંતો. યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ.

### ❖ તમારી પ્રગતિ ચકાસો ના જવાબો :

1. (C) ઇંગ્લેન્ડ

2. (C) નફો

3. (B) ગ્રાહક
4. (D) પ્રો.એડમ સ્મિથ
5. (C) પ્રો.જહોન સ્ટ્રેચી
6. (B) ગ્રાહકનું સાર્વભૌમત્વ
7. (B) મૂડીપતિઓ અને શ્રમિકો
8. (D) મિશ્ર અર્થતંત્ર
9. (A) ઈજારામાં
10. (C) વેપારીકરણ

*****************

# એકમ-3
# મૂડીવાદ આર્થિક વિચારકો અને તેમના સિદ્ધાંતો


3.0 ઉદ્દેશો

3.1 પ્રસ્તાવના

3.2 એડમ સ્મિથ - શાસ્ત્રીય મૂડીવાદના પિતા

3.3 ડેવિડ રિકાર્ડો - વેપાર અને વિતરણના સિદ્ધાંતકાર વિકાસ

3.4 મિલ્ટન ફ્રીડમેન - મુક્ત બજારનો સમર્થક

3.5 અમર્ત્ય સેન - માનવીય વિકાસના વિચારક

3.6 ગેરી બેકર - માનવ મૂડી સિદ્ધાંત

3.7 એલિનર ઓસ્ટ્રોમ - સામૂહિક સંસાધનોની વિચારક

3.8 સારાંશ

3.9 ચાવીરૂપ શબ્દો

3.10 તમારી પ્રગતિ ચકાસો

❖ સંદર્ભ પુસ્તકો

❖ તમારી પ્રગતિ ચકાસોના જવાબ


## 3.0 ઉદ્દેશો :

વિદ્યાર્થી મિત્રો, આ એકમના અભ્યાસ કર્યા પછી તમે


- મૂડીવાદી આર્થિક વિચારકો અંગે ચર્ચા કરી શકશો.
- એડમ સ્મિથ અને તેમના મૂડીવાદી વિચારો સમજાવી શકશો
- ડેવિડ રિકાર્ડો અને તેમના મૂડીવાદી વિચારો સમજાવી શકશો
- મિલ્ટન ફ્રીડમેન અને તેમના મૂડીવાદી વિચારો સમજાવી શકશો
- અમર્ત્ય સેન માનવીય વિકાસના વિચારો સમજાવી શકશો
- ગેરી બેકર માનવ મૂડી સિદ્ધાંતો સમજાવી શકશો

## 3.1 પ્રસ્તાવના :

આર્થિક વિચારધારા સમાજની ઉત્પાદન, વિતરણ અને વપરાશ સંબંધિત પ્રવૃત્તિઓને સમજાવવાનો પ્રયાસ કરે છે. મૂડીવાદી અર્થવ્યવસ્થા મુખ્યત્વે ખાનગી માલિકી, મુક્ત બજાર અને નફા પ્રેરણા પર આધારિત છે. સમય સાથે આર્થિક વિચારધારા વિકસતી ગઈ છે જે શાસ્ત્રીય

મૂડીવાદથી આધુનિક માનવીય તથા સંસ્થાગત અભિગમ સુધી પહોંચેલી છે. મૂડીવાદી અર્થશાસ્ત્રમાં મુક્ત બજાર, વ્યક્તિગત સ્વાર્થ, સ્પર્ધા અને મર્યાદિત સરકારી હસ્તક્ષેપને મહત્વ આપવામાં આવે છે. આ સંદર્ભમાં એડમ સ્મિથથી લઈને અમર્ત્ય સેન અને એલિનર ઓસ્ટ્રોમ સુધીના વિચારકોનો ફાળો અત્યંત મહત્વપૂર્ણ રહ્યો છે. જેમ કે Adam Smith, David Ricardo, Milton Friedman ક્લાસિકલ અથવા નિયો-લિબરલ મૂડીવાદી તરીકે જાણીતા છે, જ્યારે અન્ય જેમ કે Amartya Sen, Gary Becker, Elinor Ostrom જે મુક્ત બજારના તત્ત્વોને સમર્થન આપે છે, પરંતુ તેઓ વધુ વ્યાપક અભિગમ અપનાવે છે. તેમના મુખ્ય સિદ્ધાંતોની વિસ્તૃત સમજૂતી આ એકમમાં આપણે અભ્યાસ કરીશું.

## 3.2 એડમ સ્મિથ શાસ્ત્રીય મૂડીવાદના પિતા :



એડમ સ્મિથ (1723–1790)ને આધુનિક અર્થશાસ્ત્રના પિતા તરીકે ઓળખવામાં આવે છે. તેમનું મુખ્ય પુસ્તક An Inquiry into the Nature and Causes of the Wealth of Nations (1776), જેને સામાન્ય રીતે The Wealth of Nations કહેવામાં આવે છે, મૂડીવાદી (Capitalist) અર્થવ્યવસ્થાના આધારસ્તંભ તરીકે ગણવામાં આવે છે. તેમણે મુક્ત બજાર, વ્યક્તિગત સ્વતંત્રતા અને મર્યાદિત સરકારી હસ્તક્ષેપને પ્રોત્સાહન આપ્યું. તેમણે મૂડીવાદી અર્થવ્યવસ્થાનો વૈજ્ઞાનિક અને તત્ત્વજ્ઞાની આધાર રજૂ કર્યો છે. સ્મિથના વિચારો મુક્ત બજાર, ખાનગી માલિકી અને નફા પ્રેરણા પર આધારિત છે. અહીં તેઓએ આપેલ મુખ્ય સિદ્ધાંતોને સમજીએ.

### 3.2.1. ખાનગી માલિકીનો સિદ્ધાંત

એડમ સ્મિથ તેમના પુસ્તક 'ધ વેલ્થ ઓફ નેશન્સ' (1776)માં ખાનગી માલિકી (private property)ને અર્થશાસ્ત્રીય વિકાસના મૂળભૂત તત્વ તરીકે વર્ણવ્યું છે. સ્મિથ મુજબ, ખાનગી માલિકી વ્યક્તિગત સ્વતંત્રતા અને આર્થિક સમૃદ્ધિનો આધાર છે, પરંતુ તેને કુદરતી અધિકાર (natural right) કરતાં વધુ સમાજિક અને અધિગ્રહીત અધિકાર(Social and inalienable rights) તરીકે જોવામાં આવે છે. તેઓ માને છે કે માલિકીનું રક્ષણ સમાજની ન્યાયપૂર્ણ વ્યવસ્થાનું મુખ્ય કાર્ય છે, જે વ્યક્તિઓને તેમના શ્રમ અને રોકાણને સુરક્ષિત રાખે છે.

મુખ્ય વિચારોઃ

- અધિગ્રહીત અધિકાર તરીકે માલિકીઃ સ્મિથ મુજબ, જીવન અને સ્વતંત્રતા જેવા અધિકારો કુદરતી (natural) છે, જ્યારે માલિકી સમાજની વ્યવસ્થા પર આધારિત છે. તે સરકારના રક્ષણ વિના અસ્તિત્વમાં નથી રહી શકતી અને તેનું રક્ષણ સરકારનું પ્રાથમિક કાર્ય છેઃ

“માલિકીનું રક્ષણ વિના કોઈ સરકાર નથી.”

- આર્થિક પ્રોત્સાહનઃ ખાનગી માલિકી વ્યક્તિઓને તેમના શ્રમના ફળને મેળવવા માટે પ્રોત્સાહિત કરે છે. જો માલિકી અસુરક્ષિત હોય, તો લોકો રોકાણ અને ઉત્પાદનથી દૂર રહે છે, જે આર્થિક વિકાસને અટકાવે છે. તે ‘અદૃશ્ય હાથ’ (invisi-ble hand)ના સિદ્ધાંત સાથે જોડાયેલું છે, જ્યાં વ્યક્તિગત હિતો સમાજના કલ્યાણને વધારે છે.
- ન્યાય અને સુરક્ષાઃ માલિકીનું ઉલ્લંઘન (જેમ કે ચોરી) વિરુદ્ધ કુદરતી રોષ (re-sentment) ઉભો થાય છે, જે સમાજને એકજૂથ કરે છે. સરકારે આ અધિકારોને કાયદાકીય રીતે સુરક્ષિત રાખવા જોઈએ, જેથી વેપાર અને ઉત્પાદન વધે.
- જમીન અને ભાડું (rent)…h árü: ealth of Nations (Boko I, Ch. VI)માં એડમ સ્મિથ જણાવે છે કે, “As soon as the land of any country has all become private property, the landlords, like all Oher men, love to reap where they never sowed, and demand a rent even for its natural produce.” જમીનની ખાનગી માલિકી વિકસાવ્યા પછી, માલિકો તેમાંથી ભાડું (rent) વસૂલે છે, જે આર્થિક વિકાસને પ્રોત્સાહન આપે છે કારણ કે તે ઉત્પાદકતા વધારે છે.

  માલિકીના સિદ્ધાંતનું મહત્વઃ સ્મિથના વિચારો શાસ્ત્રીય મૂડીવાદનો આધાર બન્યા, જ્યાં ખાનગી માલિકી વ્યક્તિગત પહેલ અને સ્પર્ધાને પ્રોત્સાહન આપે છે. તેમના મુજબ, ખાનગી માલિકી અધિકાર વિના આર્થિક વિભાજન (division of labor) અને વૃદ્ધિ શક્ય નથી. આજે પણ આ સિદ્ધાંત આધુનિક અર્થતંત્રોમાં ખાનગી માલિકી અધિકાર સંબધિત કાયદાઓને આકાર આપે છે. એડમ સ્મિથ અનુસાર ઉત્પાદનના સાધનો પર ખાનગી માલિકી હોવી જોઈએ. ખાનગી માલિકીથી વ્યક્તિમાં કાર્ય કરવાની પ્રેરણા, બચત અને રોકાણ તેમજ ઉત્પાદન વૃદ્ધિ કરે છે. ખાનગી માલિકી મૂડીવાદી વ્યવસ્થાનો આધારસ્તંભ છે.

3.2.2. સ્વાર્થ અને સામૂહિક કલ્યાણ

સ્મિથ માને છે કે માનવ પ્રકૃતિમાં સ્વાર્થ એક કુદરતી ઉત્તેજક છે. વ્યક્તિ પોતાના નફા, સુરક્ષા અને જરૂરિયાતોને પ્રાધાન્ય આપે છે, જેમ કે વેપારી પોતાના ઉત્પાદનને મહત્તમ મૂલ્ય આપવા માટે કાર્ય કરે છે. આને તેઓ "Rats Rushing to Leave a Sinking Ship" (ડૂબતા વહાણને છોડવા માટે ઉતાવળ કરતા ઉંદરો) સાથે તુલના કરે છે. વ્યક્તિગત કાર્યથી સમુદાયને લાભ થાય છે. સ્મિથ કહે છે કે વ્યક્તિ પોતાનો સ્વાર્થ સિદ્ધ કરવા પ્રયત્ન કરે છે, પરંતુ આ સ્વાર્થ જ અંતે સમાજના કલ્યાણમાં ફેરવાય છે. અર્થાત વ્યક્તિ નફા માટે કામ કરે છે, પરંતુ તેનાથી સમાજને વસ્તુઓ અને સેવાઓ મળે છે. તેમના અન્ય પુસ્તક The

Theory of Moral Sentiments (1759)માં તેમણે કહ્યું કે માનવમાં સહાનુભૂતિ (sympathy) હોય છે, જે સમાજને જોડે છે. મૂડીવાદમાં સ્વાર્થ હોવા છતાં, નૈતિકતા અને કાયદા (Ethics and laws) દ્વારા તેને નિયંત્રિત કરી શકાય.

સ્મિથ મુજબ, સ્વાર્થને દમન કરવા કરતાં તેને મુક્ત છોડવું વધુ સારું છે, કારણ કે તે વિભાજન ઓફ લેબર (શ્રમ વિભાજન), વિશેષીકરણ અને નવીનતાને પ્રોત્સાહન આપે છે. આનાથી રાષ્ટ્રીય આવક વધે છે અને ગરીબી ઘટે છે. જોકે, તેમણે સહાનુભૂતિ (sym-pathy) અને નૈતિક ભાવનાઓને પણ મહત્વ આપ્યું છે, જે સ્વાર્થને અનૈતિક બનાવતા અટકાવે છે.

3.2.3. અદૃશ્ય હાથ (Invisible Hand)

આ એડમ સ્મિથનો સૌથી પ્રસિદ્ધ સિદ્ધાંત છે. આ સિદ્ધાંત મુજબ...

- બજારમાં કોઈ કેન્દ્રીય નિયંત્રણ નથી
- છતાં કિંમત માંગ—પુરવઠાના નિયમ મુજબ કાર્ય કરે છે
- બજાર પોતે જ સમતુલામાં કરે છે

આ અદૃશ્ય શક્તિ વ્યક્તિગત સ્વાર્થને સામૂહિક હિતમાં રૂપાંતરિત કરે છે.

અદૃશ્ય હાથ (Invisible Hand): વ્યક્તિઓ પોતાના સ્વાર્થ માટે કાર્ય કરે છે, પરંતુ સ્પર્ધા અને મુક્ત બજાર દ્વારા આ આખા સમાજની સમૃદ્ધિ તરફ દોરી જાય છે. ઉદાહરણ તરીકે એક વેપારી પોતાનો નફો વધારવા માટે સારી ગુણવત્તાની વસ્તુઓ સસ્તી કિંમતે વેચે છે, જેનાથી ગ્રાહકોને લાભ થાય છે અને આર્થિક વિકાસ થાય છે. આ ''અદૃશ્ય હાથ'' સરકારી નિયંત્રણ વિના બજારને સંતુલિત કરે છે.

3.2.4. મુક્ત બજાર અને મુક્ત સ્પર્ધા

સ્મિથ મુક્ત બજારના સમર્થક હતા. તેમના મત અનુસાર સરકાર દ્વારા નિયંત્રણ ઓછું હોવું જોઈએ. જે મુક્ત સ્પર્ધા ભાવને ન્યાયસંગત રાખે છે. ઈજારો અને વેપારી ગઠબંધન નુકસાનકારક છે. જ્યારે સ્પર્ધા ઉત્પાદન ગુણવત્તા અને કાર્યક્ષમતા વધારે છે.

રાજ્યની મર્યાદિત ભૂમિકા હોવી જોઇએ. જેમાં રક્ષણ, ન્યાય અને જાહેર કામો રાજ્યના હોવા જોઇએ.સરકારે આર્થિક બાબતોમાં ઓછામાં ઓછો હસ્તક્ષેપ કરવો જોઈએ. મુક્ત વેપાર (free trade), સ્પર્ધા અને ખાનગી માલિકીને પ્રોત્સાહને વગેરે તેમણે તત્કાલીન વાણિજ્યવાદ (સરકારી નિયંત્રિત વેપાર અને સોના-ચાંદીનો સંગ્રહ)ની ટીકા કરી અને કહ્યું કે રાષ્ટ્રની સમૃદ્ધિ વસ્તુઓ અને સેવાઓના ઉત્પાદનમાં છે, નહીં કે સોનાના જથ્થામાં.

3.2.5. શ્રમ વિભાજન (Division of Labour)

એડમ સ્મિથએ ઉત્પાદન વધારવામાં શ્રમ વિભાજનના મહત્વ પર ભાર મૂક્યો. શ્રમ વિભાજનથી ....

- કાર્યક્ષમતા વધે છે
- સમય બચત થાય છે
- નવી તકનિકો વિકસે છે

3.2.6. આંતરરાષ્ટ્રીય વેપાર અંગે વિચાર

સ્મિથ મુક્ત આંતરરાષ્ટ્રીય વેપારના સમર્થક હતા.

- શુલ્ક અને પ્રતિબંધો હટાવવા જોઈએ
- વેપારથી દેશોની સમૃદ્ધિ વધે છે

આ વિચાર આગળ જઈને રિકાર્ડોના તુલનાત્મક ખર્ચ સિદ્ધાંતમાં વિકસ્યો.

3.2.7. મૂડી સંગ્રહ અને વિકાસ

સ્મિથ અનુસાર બચત અને રોકાણ દ્વારા મૂડી સંગ્રહ થાય છે, જે

- ઉત્પાદન વધારશે
- રોજગાર ઊભી કરશે
- આર્થિક વિકાસ લાવશે

એડમ સ્મિથનાં મૂડીવાદ અંગેના વિચારો મુક્ત બજાર, ખાનગી માલિકી, સ્વાર્થ અને અદૃશ્ય હાથ પર આધારિત છે. તેમણે સાબિત કર્યું કે ઓછા રાજ્ય હસ્તક્ષેપ સાથે બજાર સ્વયંસંચાલિત રીતે કાર્ય કરી શકે છે અને સમાજની સમૃદ્ધિ વધારી શકે છે. આજના વૈશ્વિક મૂડીવાદનો તત્ત્વજ્ઞાની આધાર એડમ સ્મિથના વિચારોમાં જ સમાયેલો છે.

એડમ સ્મિથના વિચારોએ આધુનિક મૂડીવાદને આકાર આપ્યો છે. તેઓ મુક્ત બજારના સમર્થક હતા, પરંતુ સંપૂર્ણ અનિયંત્રિત મૂડીવાદના નહીં. તેમણે સરકારની ભૂમિકા, રક્ષણ, ન્યાય અને જાહેર સુવિધાઓમાં જોઈ. તેમના વિચારો આજે પણ અર્થશાસ્ત્રમાં મહત્વના છે.

## 3.3 ડેવિડ રિકાર્ડો વેપાર અને વિતરણના સિદ્ધાંતકાર વિકાસ :




ડેવિડ રિકાર્ડોનો જન્મ 18 એપ્રિલ 1772માં લંડનમાં યહૂદી પરિવારમાં થયો હતો. તેઓ ઓછા શિક્ષિત હતા પરંતુ વ્યાપારમાં અસાધારણ કુશળતા દર્શાવી અને 26 વર્ષની ઉંમરે ધનાઢ્ય બન્યા. 1799માં આદમ સ્મિથના The Wealth of Nations વાંચીને અર્થશાસ્ત્ર તરફ આકર્ષિત થયા અને 1817માં તેમનો મુખ્ય ગ્રંથ On the Principles of Political Economy and Taxation પ્રકાશિત થયું. તેઓ બ્રિટિશ સંસદના સભ્ય પણ રહ્યા અને મુક્ત વેપારના પ્રબળ. સમર્થક હતા, જેમણે કોર્ન લોના વિરોધમાં લખ્યું. તેમના વિચારો ક્લાસિકલ અર્થશાસ્ત્રના સ્વરૂપણમાં મહત્વપૂર્ણ છે, જે મૂડીવાદી (Capitalist) વ્યવસ્થાને મજબૂત આધાર આપે છે, પરંતુ તેમાં વર્ગીય અસમાનતાના મુદ્દાઓ પણ ઉજાગર થાય છે, જે આધુનિક માર્ક્સવાદી વિશ્લેષણમાં આલોચના બને છે.

રિકાર્ડોના સમયમાં ઔદ્યોગિક ક્રાંતિ ચાલુ હતી, જેમાં જમીન, શ્રમ અને મૂડીના વિતરણના મુદ્દાઓ કેન્દ્રમાં આવ્યા. તેઓ માનતા હતા કે આર્થિક વિજ્ઞાનનો મુખ્ય ઉદ્દેશ્ય "રાષ્ટ્રીય આવકના વિતરણને નિયંત્રિત કરતા કાયદાઓ નક્કી કરવાનો છે," જે મૂડીવાદી વ્યવસ્થામાં જમીનધારકો, મૂડીધારકો અને કામદારો વચ્ચેની સંબંધોને વર્ણવે છે.

### 3.3.1. મૂડીવાદી વિચારધારામાં રિકાર્ડોનું સ્થાન

રિકાર્ડોને મૂડીવાદી વિચારક તરીકે ગણવામાં આવે છે કારણ કે તેમના સિદ્ધાંતો મુક્ત બજાર, વિશેષીકરણ અને લાભને પ્રોત્સાહન આપે છે. તેઓ Laissez Faive (સરકારી હસ્તક્ષેપ વિના) ની હિમાયત કરતા હતા, જે મૂડીવાદી વૃદ્ધિને અનુકૂળ છે. જોકે, તેમના વિચારોમાં જમીનધારક વર્ગને અન્યાયી લાભ આપતા તરીકે દર્શાવવામાં આવ્યા છે, જે મૂડીવાદી વ્યવસ્થાની આંતરિક વિરોધભાવોને ઉજાગર કરે છે. આજે, વિશ્વ વેપાર સંગઠન (WTO) જેવી સંસ્થાઓમાં તેમના તુલનાત્મક લાભનો સિદ્ધાંત લાગુ પડે છે, પરંતુ વિકાસશીલ દેશોમાં તેની આલોચના થાય છે કારણ કે તે અસમાન વેપારને પ્રોત્સાહન આપે છે.

### 3.3.2. મુખ્ય સિદ્ધાંતોનું વિગતવાર વિશ્લેષણ

રિકાર્ડોના સિદ્ધાંતોને સાત મુખ્ય વર્ગોમાં વહેંચી શકાય છે, જે તેમના પુસ્તક અને પત્રોમાંથી ઉદ્ભવે છે. આ સિદ્ધાંતો મૂડીવાદી અર્થતંત્રની વૃદ્ધિની મર્યાદાઓ અને તકો બંનેને સમજાવે છે.

| સિદ્ધાંત | વર્ણન | મૂડીવાદી સંદર્ભ |
|---|---|---|
| વેતન ભંડોળ સિદ્ધાંત (Wage Fund Theory) | ઉપલબ્ધ મૂડી નિશ્ચિત છે, તેથી વેતન વધારો નફાને ઘટાડે છે અને વેતનો જીવનધોરણના સ્તરે પરત આવે છે. | કામદાર વર્ગની મર્યાદિત શક્તિને દર્શાવે, જે મૂડીપતિઓને લાભ આપે. |
| ઘટતા વળતરનો કાયદો (Law of Diminishing Returns) | જમીન પર વધુ મૂડી અને શ્રમ ઉમેરવાથી ઉત્પાદનમાં ધીમે ધીમે વધારો થાય. | ઔદ્યોગિક વૃદ્ધિની મર્યાદા દર્શાવે, જે પૂંજીના વધુ રોકાણને પ્રોત્સાહન આપે. |
| મુક્ત વેપાર (Free Trade) | કર વિના વેપારથી વૈશ્વિક ઉત્પાદન વધે, જેમ કે કોર્ન લો વિરુદ્ધ. | મૂડીવાદી વૈશ્વિકીકરણનો આધાર, જે મૂડીના પ્રવાહને સરળ બનાવે. |
| તુલનાત્મક લાભ (Comparative Ad-vantage) | દેશો તુલનાત્મક કાર્યક્ષમતા અનુસાર વિશેષીકરણ કરે અને વેપાર કરે. | આંતરરાષ્ટ્રીય મૂડીવાદને મજબૂત કરે, જોકે અસમાનતા વધારે. |
| લેસેઝ-ફેર નીતિઓ (Laissez-Faire Policies) | સરકારી હસ્તક્ષેપ ઓછો રાખીને બજારને સ્વતંત્ર છોડો. | મૂડીવાદી સ્વતંત્રતાનો મૂળભૂત સિદ્ધાંત. |
| વેતનનો લોખંડી કાયદો (Iron Law of Wages) | વસ્તી વધારોને કારણે વેતનો જીવનનિર્વાહના સ્તરે સ્થિર રહે. | કામદાર વર્ગના શોષણને દર્શાવે, જેણે માર્ક્સને પ્રભાવિત કર્યા. |
| વર્ગો વચ્ચે વિતરણ (Distribution Among Classes) | આવક જમીનદારો (ભાડું), મૂડીપતિઓ (નફો) અને કામદારો (વેતન) વચ્ચે વહેંચાય, કામદારોનું શોષણ | મૂડીવાદી વર્ગ સંઘર્ષનો આધાર. |

3.3.3. આર્થિક વિકાસ પર રિકાર્ડોના વિચારો


રિકાર્ડો માનતા હતા કે આર્થિક વિકાસ અસ્થિર અને મર્યાદિત છે, કારણ કે જમીનની મર્યાદા ઉત્પાદનને અટકાવે છે. તેમના સિદ્ધાંતમાં વ્યાજ દરો નીચા રહે છે, મૂડીનું સ્તર વધે છે, પરંતુ ભાડું વધીને નફો ઘટાડે છે, જે વિકાસને ધીમો કરે છે. આ વિચારો આધુનિક આર્થિક વિકાસના મોડલો, જેમ કે સોલો મોડલને પ્રભાવિત કરે છે. વેપાર અને બજારોની ભૂમિકા પર ભાર મૂકીને, તેઓ વૈશ્વિક મૂડીવાદને પ્રોત્સાહન આપે છે, પરંતુ વસ્તી અને સંસાધનોની મર્યાદા વિશે ચેતવણી આપે છે.

3.3.4. આધુનિક સંદર્ભ અને આલોચનાઓ

આજે, રિકાર્ડોના સિદ્ધાંતો વેપાર યુદ્ધો અને વૈશ્વિકરણમાં લાગુ પડે છે, પરંતુ વિકાસશીલ દેશોમાં તુલનાત્મક લાભ અસમાનતા વધારે છે. કાર્લ માર્ક્સે તેમના મૂલ્ય સિદ્ધાંતને શોષણના વિશ્લેષણ માટે વાપર્યો, જે દર્શાવે છે કે રિકાર્ડોના વિચારો મૂડીવાદી અને વિરોધી બંને વિચારધારાઓને પ્રભાવિત કરે છે. તેમના વિચારોમાં જમીનની મર્યાદા આજના પર્યાવરણીય સંકટ સાથે જોડાય છે, જ્યાં ઘટતા વળતરનો કાયદો સ્થિર વૃદ્ધિની વિશ્લેષણમાં ઉપયોગી છે.

રિકાર્ડોના સિદ્ધાંતો મૂડીવાદી અર્થતંત્રને વૈજ્ઞાનિક આધાર આપે છે. જે વેપાર, વિતરણ અને વૃદ્ધિને આકાર આપે છે. તેમના વિચારો આજે પણ પ્રસ્તુત છે, પરંતુ તેમાં અસમાનતાના મુદ્દાઓને ધ્યાનમાં લેવાની જરૂર છે.

## 3.4 મિલ્ટન ફ્રીડમેન મુક્ત બજારનો સમર્થક :



મિલ્ટન ફ્રીડમેનનો જન્મ 31 જુલાઈ, 1912ના રોજ બ્રુકલિન, ન્યૂયોર્ક સિટીમાં યહૂદી પરિવારમાં થયો હતો. ગરીબીમાં મોટા થયા પછી, તેઓ ચિકાગો યુનિવર્સિટીમાં 1946થી 1977 સુધી સેવા આપી અને નોબેલ પુરસ્કાર (1976) જીત્યો. તેમની પુસ્તકો જેમ કે કેપિટલિઝમ એન્ડ ફ્રીડમ (Capitalism and Freedom) (1962) અને ફ્રી ટુ ચૂઝ (Free to Choose)(1980) મૂડીવાદી વિચારોને લોકપ્રિય બનાવ્યા. તેઓ મુક્ત વેપાર, ડ્રગ લિબરલાઈઝેશન (Drug liberalization) અને Volunteer Army (સ્વૈચ્છિક સેના)ના સમર્થક હતા.

Rutgers, The State University of New Jersey થી ગણિતમાં બીએ (1932) અને કોલંબિયા યુનિવર્સિટીથી અર્થશાસ્ત્રમાં પીએચડી (1946) મેળવ્યા. યુરોપમાં 1929ની મંદી દરમિયાન અર્થશાસ્ત્ર તરફ વળ્યા અને શિકાંગો સ્કૂલના નેતા બન્યા. 1938માં રોઝ ડિરેક્ટર (Rose Director Friedman) સાથે લગ્ન કર્યા, જેમની સાથે તેઓ ફ્રી ટુ ચૂઝ (Free to Choose) જેવા કાર્યોમાં સહયોગ કર્યો. તેઓ 1977માં શિકાંગોમાંથી નિવૃત્ત થયા અને Stanford Universityમાં કામ કર્યું. 16 નવેમ્બર, 2006માં તેમનું અવસાન થયું. રિપબ્લિકન અને અગ્નોસ્ટિક તરીકે ઓળખાતા તેઓ, સામ્યવાદના વિરોધી અને મોન્ટ પેલેરિન સોસાયટીના (Mont Pelerin Society - MPS) સભ્ય હતા. તેમના કાર્યો 1970ના દાયકાના નવા ઉદારવાદ (Neo-Liberalism) વળાંકને આકાર આપ્યો, જ્યાં કેઈન્સના વિચારોને પડકાર્યા.

### 3.4.1. મૂડીવાદી વિચારધારામાં ફ્રીડમેનનું સ્થાન

ફ્રીડમેનને મૂડીવાદી વિચારક તરીકે ગણવામાં આવે છે કારણ કે તેઓ મુક્ત બજાર મૂડીવાદના પ્રબળ હિમાયતકાર હતા, જેમાં આર્થિક સ્વતંત્રતા રાજકીય સ્વતંત્રતાનો આધાર છે. કેપીટલીઝમ એન્ડ ફ્રીડમ (Capitalism and Freedom) (1962)માં તેઓ કહે છે કે સરકારને માત્ર વિદેશી અને આંતરિક જોખમોથી રક્ષણ કરવું જોઈએ, નહીં કે વ્યક્તિગત નિર્ણયોમાં હસ્તક્ષેપ કરવો. તેઓ શિકાંગો સ્કૂલના નેતા તરીકે ગેરી બેકર અને રોબર્ટ લુકાસ જેવા વિદ્વાનોને પ્રભાવિત કર્યા. તેમના વિચારો નિયંત્રણમુક્તિ, વિશ્વવ્યાપીકરણ અને કોર્પોરેટ જવાબદારીની વિરુદ્ધતા પર કેન્દ્રિત છે, જ્યાં વેપારીઓને લાભ વધારવા પર

ધ્યાન કેન્દ્રિત કરવાનું કહે છે. આજે, તેમના વિચારો WTO અને IMF જેવી સંસ્થાઓમાં જોવા મળે છે, પરંતુ વિકાસશીલ દેશોમાં અસમાનતા વધારવા માટે જવાબદાર માનવામાં આવે છે.

3.4.2. મુખ્ય સિદ્ધાંતોનું વિગતવાર વિશ્લેષણ

ફ્રીડમેનના સિદ્ધાંતો મૂડીવાદી વ્યવસ્થાની વૃદ્ધિ, મોંઘવારી અને વિતરણ પર કેન્દ્રિત છે. તેઓ કેઇન્સની નીતિઓને પડકારીને નાણાંકીય નીતિને પ્રાથમિકતા આપે છે

| સિદ્ધાંત | વર્ણન | મૂડીવાદી સંદર્ભ |
|---|---|---|
| નાણાવાદ (Monetarism) | ધન પુરવઠાની સ્થિર વૃદ્ધિ (4-5%)થી મોંઘવારી નિયંત્રણ; "મોંઘવારી હંમેશા અને દરેક વખતે ધન ઘટના છે." | મુક્ત બજારને સ્થિરતા આપીને પૂંજી રોકાણને પ્રોત્સાહન. |
| કાયમી આવકની પરિકલ્પના (Permanent Income Hypothesis) | વપરાશ લાંબા ગાળાની સમગ્ર આવક પર આધારિત, વર્તમાન આવક નહીં. | વ્યક્તિગત નિર્ણયોને પ્રોત્સાહન, સરકારી હસ્તક્ષેપ ઘટાડે. |
| બેરોજગારીનો કુદરતી દર (Natural Rate of Unem-ployment) | બેરોજગારીને નીચા લાવવાના પ્રયાસથી મોંઘવારી વધે; ફિલિપ્સ કર્વ વર્ટિકલ. | બજારને સ્વાભાવિક સંતુલનમાં છોડીને વૃદ્ધિ હાંસલકરી શકાય. |
| નકારાત્મક આવક વેરો (Negative Income Tax) | ગરીબી દૂર કરવા માટે કલ્યાણને બદલે આવક પર કર વળતર. | વ્યક્તિગત જવાબદારી વધારીને મૂડીવાદી કાર્યક્ષમતા. |
| સ્કૂલ ખર્ચ પ્રમાણ (School Vouchers) | શિક્ષણમાં સ્પર્ધા માટે વાઉચર્સ; ફ્રીડમેન ફાઉન્ડેશનની સ્થાપના. | બજાર સિદ્ધાંતો શિક્ષણમાં લાગુ કરીને માનવ મૂડીનું સર્જન કરવું જે મૂડીવાદને ગતિ આપશે.. |
| કોર્પોરેટ સામાજિક જવાબદારીનો વિરોધ (Corporate Social Re-sponsibility PrOest) | વેપારીઓને લાભ વધારવા પર ધ્યાન; સોશિયલ અનૈતિક દૂર કરવી. | શેરધારકોને પ્રાથમિકતા આપી મૂડીવાદી નૈતિક બની શકે. |
| નશા વિરોધી ઉદારવાદ (Drug Liberalization) | ડ્રગ પ્રતિબંધનો વિરોધ; દારૂ પ્રતિબંધ જેવો જ. | વ્યક્તિગત સ્વતંત્રતા અને બજારને મુક્ત કરે. |

3.4.3. આર્થિક વિકાસ પર ફ્રીડમેનના વિચારો

ફ્રીડમેન કહે છે કે આર્થિક સ્વતંત્રતા વિના રાજકીય સ્વતંત્રતા અને લાંબા ગાળાનો વિકાસ શક્ય નથી. મુક્ત બજારમાં વ્યક્તિઓ પોતાના હિત માટે કામ કરે છે, જે સંસાધનોનું કાર્યક્ષમ વિનિયોગ કરે છે, નવીનતા લાવે છે અને ગરીબોને પણ

લાભ આપે છે. તેમનું ક્લાસિક વાક્ય: "I do not know any exception to the proposition that, if you compare like with like, the freer he system the b^a^ter off the ordinary poor people have been." તેઓ આર્થિક વિકાસ મુક્ત બજાર અને મોનેટરી સ્થિરતા પર આધારિત છે.

❖ સરકારની ભૂમિકા ખૂબ જ મર્યાદિત. સરકારે માત્ર કાયદાનું રક્ષણ, કરારોનું પાલન અને મિલકતના અધિકારોની સુરક્ષા કરવી જોઈએ. અર્થતંત્રને સીધું નિર્દેશિત કરવું (જેમ કે કેન્દ્રીય આયોજન, લાઇસન્સ રાજ, ઊંચા કર અથવા વેપાર અવરોધો) વિકાસને અટકાવે છે. હોંગકોંગનું ઉદાહરણ: "આ એક લેબોરેટરી પ્રયોગ છે જ્યાં સરકાર પોતાની યોગ્ય ભૂમિકા સુધી મર્યાદિત છે અને લોકોને પોતાના લક્ષ્યો પ્રાપ્ત કરવા મુક્ત છે." કુદરતી સંસાધન વગરના આ ટાપુને મુક્ત વેપાર (કોઈ ટેરિફ નહીં), ન્યૂનતમ નિયમન અને બજાર આધારિત કરવાની હિમાયત કરે છે.

❖ મોનેટરી નીતિ અને ફુગાવો ફ્રીડમેનના મતે ફુગાવો "હંમેશા અને દરેક જગ્યાએ નાણાકીય ઘટના" છે. વિકાસ માટે સ્થિર કિંમતો જરૂરી છે. તેઓ સૂચવે છે કે મુદ્રા પુરવઠો વાસ્તવિક GDP વૃદ્ધિના દરે સ્થિર રીતે વધારવો જોઈએ. 1972ના Horo-witz Lectures (Money and Economic Development)માં તેઓ કહે છે કે વિકાસશીલ દેશોમાં નાણાકીય સ્થિરતા વિના ટકાઉ વિકાસ શક્ય નથી. ઊંચો ફુગાવો અને અસ્થિર નીતિ વિકાસને નુકસાન પહોંચાડે છે.

❖ વિકાસશીલ દેશો માટે વિશેષ સલાહ

- મુક્ત વેપાર અને વિદેશી રોકાણને પ્રોત્સાહન.
- બાહ્ય ટેક્નોલોજીનો લાભ લેવો (જેમ કે જાપાન અને બ્રાઝિલ).
- વિનિમય દર: પ્રારંભમાં લવચીક દરના હિમાયતી, પછી વિકાસશીલ દેશો માટે "યુનિફાઇડ કરન્સી" (ફિક્સ્ડ રેટ ₹ સેન્ટ્રલ બેંક વગેરે, જેમ કે ડોલરાઇઝેશન).
- વિદેશી સહાય અને મોટા સરકારી કાર્યક્રમોની વિરુદ્ધ: તેઓ કહે છે કે આ બજારને વિકૃત કરે છે અને નિર્ભરતા વધારે છે.
- કેઇન્સીયન અને સોસિયાલિસ્ટ મોડલની વિરુદ્ધ ફ્રીડમેન કેઇન્સીયન "સરકારી ખર્ચથી વિકાસ"ની વિરુદ્ધ હતા. તેઓ માનતા હતા કે લાંબા ગાળે ફુગાવો-બેરોજગારીનો ટ્રેડ-ઑફ (Phillips Curve) અસ્તિત્વમાં નથી. 1970ના દાયકામાં સ્ટેગફ્લેશને તેમના વિચારોને પુષ્ટિ આપી

આમ ફ્રીડમેનનાં વિચારો આર્થિક વિકાસ, મુક્ત બજાર અને મોનેટરી સ્થિરતા

પર આધારિત છે. તેમના વિચારોમાં વ્યાજ દરો અને વિનિમય દરોને તરંગત (ફ્લોટિંગ) રાખવાની હિમાયત છે, જે આધુનિક વિકાસ મોડલો જેમ કે સોલો મોડલને પ્રભાવિત કરે છે. તેઓ વસ્તી અને સંસાધનોની મર્યાદા પર ભાર મૂકે છે, પરંતુ મૂડીના પ્રવાહને પ્રોત્સાહન આપે છે.

### 3.4.4. આધુનિક સંદર્ભ અને આલોચનાઓ

મિલ્ટન ફ્રીડમેનના મુક્ત બજાર, ન્યૂનતમ સરકારી હસ્તક્ષેપ, મોનેટરિઝમ અને 1970ના "શેરહોલ્ડર પ્રાઈમસી" વિચારોએ 1980-2000માં વૈશ્વિક વિકાસ નીતિઓ (Washington Consensus)ને આકાર આપ્યો. પરંતુ 21મી સદીમાં આ વિચારોની તીવ્ર આલોચના થઈ છે, ખાસ કરીને વિકાસશીલ દેશો, અસમાનતા, પર્યાવરણ અને આર્થિક સ્થિરતાના સંદર્ભમાં પરિવર્તન આવેલ છે.

હા-જૂન ચાંગ (Kicking Away the Ladder) કહે છે કે વિકસિત દેશોએ (UK, USA, જાપાન, દક્ષિણ કોરિયા) પોતે ઉચ્ચ ટેરિફ, સબસિડી અને ઔદ્યોગિક નીતિ વાપરી વિકાસ કર્યો, પરંતુ IMF-World Bank દ્વારા વિકાસશીલ દેશોને "સીડી" દૂર કરી મુક્ત બજાર લાદ્યું. પરિણામે લેટિન અમેરિકા (1980ની ડેટ ક્રાઈસિસ), આફ્રિકા (Structural Ad-justment) અને એશિયાના કેટલાક ભાગોમાં ઔદ્યોગિક પતન, બેરોજગારી અને ગરીબી વધી. ચાંગનું કથનઃ "સફળ વિકાસ ક્યારેય શુદ્ધ મુક્ત બજારથી નથી થયો"

જોસેફ સ્ટિગ્લિટ્ઝ (Nobel,2001) ફ્રીડમેનના "ફક્ત નફો" વિચારને અસમાનતાનું મૂળ ગણે છે. Pikettyના ડેટા અનુસાર વૈશ્વિક અસમાનતા વધી, મધ્યમ વર્ગ સંકુચિત થયો અને માંગ ઘટી. 2024માં સ્ટિગ્લિટ્ઝે લખ્યું: "નવઉદારવાદ" અમીરોની સ્વતંત્રતા વધારી, સમાજની સુખ-સ્વતંત્રતા ઘટાડી."

2008ની વૈશ્વિક કટોકટીમાં ફ્રીડમેનના ડિરેગ્યુલેશન અને "બજાર સ્વ-સુધારણા" વિચારો જવાબદાર ગણાયા (Glass-Steagall નાબૂદી, સબપ્રાઈમ). ફેડની મોનેટરી નીતિઓમાં તેમના પ્રભાવ જોવા મળ્યો, પરંતુ પોસ્ટ-કેન્ઝિયન્સ તેમને ધન પુરવઠાની અસમર્થતા માટે આલોચે છે.

ચિલીમાં પિનોચે શાસન (1973) દરમિયાન "Chicago Boys"ની શોક થેરપીએ GDP વધાર્યું, પરંતુ માનવ અધિકાર ઉલ્લંઘન અને અસમાનતા વધી. માર્ક્સવાદીઓ તેમને શોષણને પ્રોત્સાહન આપતા માને છે.

ઓસ્ટ્રિયન અર્થશાસ્ત્રીઓ (Mises, Hayek પરંપરા) તેમને સેન્ટ્રલ બેંકિંગ અને નિયંત્રિત ધન વૃદ્ધિ માટે "સોશિયલિસ્ટ" કહે છે – તેઓ માને છે કે ફ્રીડમેન મુક્ત બજારના સાચા હિમાયતી નથી.

મુક્ત બજાર પર્યાવરણીય એક્સટર્નાલિટી (ક્લાઈમેટ ચેન્જ, પ્રદૂષણ) અવગણે છે, જે વિકાસશીલ દેશો (ભારત, આફ્રિકા)ને સૌથી વધુ અસર કરે છે. જો કે ફ્રીડમેન પોતે પર્યાવરણીય કર (Pigouvian tax)ના હિમાયતી હતા, જે આજે ગ્લોબલ વોર્મિંગ સાથે જોડાય છે. Business Roundtable (2019)એ Stakeholder Capitalism અપનાવીને ફ્રીડમેન Doctrine ત્યજ્યું.

વર્તણૂકીય અર્થશાસ્ત્ર (Behavioral Economics) દર્શાવે છે કે ''રેશનલ એક્ટર'' મોડલ (Rational Actor Model) અપૂર્ણ છે. વિકાસશીલ દેશોમાં હેલ્થ-શિક્ષણમાં સરકારી હસ્તક્ષેપ જરૂરી છે. નવઉદારવાદ અસમાનતા વધારીને લોકશાહી અને સાર્વભૌમત્વને નુકસાન પહોંચાડે છે, તેવું IMF શરતો જણાવે છે.

આમ ફ્રીડમેનના વિચારો ''એક-સાઈઝ-ફિટ્સ-ઓલ'' છે. વિકાસ માટે ''સ્માર્ટ સરકારી હસ્તક્ષેપ ₹ બજાર'' જરૂરી છે. ફુગાવો નિયંત્રણ અને વ્યક્તિગત સ્વતંત્રતામાં તેમનું યોગદાન અમૂલ્ય છે, પરંતુ તેમને અપૂર્ણ અને સંદર્ભ-અવગણના તરીકે પણ જોવામાં આવે છે.

## 3.5 અમર્ત્ય સેન માનવીય વિકાસના વિચારક :

અમર્ત્ય કુમાર સેનનો જન્મ 3 નવેમ્બર 1933માં શાંતિનિકેતન, પશ્ચિમ બંગાળમાં થયો, જ્યાં તેમના પિતા અશોક મેટાલર્જિકલ રિસર્ચ લેબોરેટરીમાં કાર્યરત હતા અને માતા અમિતા સેન શિક્ષિકા હતી. બાળપણમાં 1943ની બંગાળ ઇતિહાસની સૌથી વિનાશક માનવસર્જિત અછતનો અનુભવ કર્યો,(જાપાને 1942માં બર્મા (મ્યાનમાર) કબજે કર્યું, જ્યાંથી બંગાળમાં ચોખાની મોટા ભાગની આયાત થતી હતી. તે બંધ થઈ ગઈ) જે તેમના વિચારોને આકાર આપ્યો.

તેઓ પ્રેસિડન્સી કોલેજ, કલકત્તા (1951) અને ટ્રિનિટી કોલેજ, કેમ્બ્રિજ (1953–1956)માં અભ્યાસ કર્યો, જ્યાં જ્વોન રોબિન્સન અને કેનેથ એરો જેવા વિદ્વાનો તેમને પ્રભાવિત કર્યા. 22 વર્ષની ઉંમરે જાધવપુર યુનિવર્સિટીમાં અર્થશાસ્ત્ર વિભાગના અધ્યક્ષ બન્યા. તેમણે દિલ્હી સ્કૂલ ઓફ ઇકોનોમિક્સ, લંડન સ્કૂલ ઓફ ઇકોનોમિક્સ, ઓક્સફોર્ડ અને હાર્વર્ડમાં કામ કરેલ. 1998માં કલ્યાણના અર્થશાસ્ત્ર (Welfare Economics) માટે નોબેલ પુરસ્કાર મળ્યો, જેમાં તેઓ પ્રથમ એશિયાઈ વિજેતા છે. તેઓ ત્રણ વખત વિવાહિત છે અને ચાર સંતાનોના પિતા છે. તેમના કાર્યોમાં રવિન્દ્રનાથ ટાગોર, એડમ સ્મિથ અને મેરી વુલ્સ્ટનક્રાફ્ટનો પ્રભાવ છે, તેઓ નાસ્તિક અને ભારતીય લોકશાહીના સમર્થક છે.

સેનના સમયમાં ઔદ્યોગિકીકરણ અને વસાહતી વારસોના સંદર્ભમાં, તેઓ આર્થિક વિજ્ઞાનને નૈતિકતા સાથે જોડે છે. તેમનો મુખ્ય ગ્રંથ Development as Freedom (1999) વિકાસને સ્વતંત્રતાના વિસ્તાર તરીકે જુએ છે, જે મૂડીવાદી વૃદ્ધિને માનવીય માપદંડો સાથે મેળવે છે.

3.5.1. મૂડીવાદી વિચારધારામાં સેનનું સ્થાન

સેનને મૂડીવાદી વિચારક તરીકે જોવામાં આવે છે કારણ કે તેઓ બજારોને વ્યક્તિગત સ્વતંત્રતાના સાધન તરીકે જુએ છે, જે આર્થિક સુવિધાઓ વધારે છે. 1959માં તેઓ સમાજવાદી આયોજનના સમર્થક હતા, પરંતુ 1990ના દાયકામાં તેઓ બજારને "વ્યક્તિગત સ્વતંત્રતાના મિત્ર" તરીકે વર્ણવે છે, જોકે નિયંત્રણ અને સરકારી હસ્તક્ષેપની જરૂરિયાત પર ભાર મૂકે છે. Development as Freedom માં તેઓ કહે છે કે વિકાસ માટે વ્યાપક બજારનો ઉપયોગ જરૂરી છે, પરંતુ તેને સામાજિક તકો (આરોગ્ય, શિક્ષણ) અને સુરક્ષા સાથે જોડવો જોઈએ. તેઓ સમાજવાદને "અશક્ય" માને છે અને એડમ સ્મિથના વિચારોને પુનર્જીવિત કરે છે, જે માર્કેટ અને રાજ્યના સંયોજનને દર્શાવે છે.

આજે, તેમના વિચારો સયુંકત રાષ્ટ્રીયના વિકાસ કાર્યક્રમો (United Nations Development Programme-UNDP)ના મનાવા વિકાસ આહેવાલ (Human Development Report-HDI)માં જોવા મળે છે, જે આવકને બદલે આયુષ્ય, શિક્ષણ અને જીવનસ્તરને માપે છે. વિકાસશીલ દેશોમાં તેમના વિચારો અસમાનતા ઘટાડવા માટે ઉપયોગી છે, પરંતુ કેટલાક વિશ્લેષકો તેને મૂડીવાદના વિરોધી તરીકે જુએ છે કારણ કે તે રાષ્ટ્રીય આવક કેન્દ્રિત વૃદ્ધિની ટીકા કરે છે.

3.5.2. મુખ્ય સિદ્ધાંતોનું વિગતવાર વિશ્લેષણ

સેનના સિદ્ધાંતો માનવ વિકાસને કેન્દ્રમાં રાખીને મૂડીવાદની મર્યાદાઓને સબોધે છે. તેઓ ઉપયોગિતાવાદ (Utilitarianism) અને સંસાધનવા (Resourcism)ની ટીકા કરે છે, જે આવક અથવા સંસાધનો પર આધારિત છે, સેન માનવ વિકાસ કેન્દ્રિત વિકાસના સમર્થનમાં ક્ષમતાઓ પર ધ્યાન કેન્દ્રિત કરે છે.

| **સિદ્ધાંત** | **વર્ણન** | **મૂડીવાદી/માનવ વિકાસ સંદર્ભ** |
|---|---|---|
| ક્ષમતા અભિગમ (Ca-pability Approach) | વ્યક્તિગત "હોવા અને કરવા" માટેની ક્ષમતાઓને માપદંડ બનાવે છે; સંસાધનોને બદલે તેની પરિવર્તન ક્ષમતા (જેમ કે અપંગતા) પર ધ્યાન. | મૂડીવાદી અસમાનતાની ટીકા; HDIનો આધાર, જે વિકાસને માનવીય બનાવે. |
| વિકાસ તરીકે સ્વતંત્રતા (Development as Free-dom) | વિકાસ પાંચ સ્વતંત્રતાઓ (રાજકીય, આર્થિક, સામાજિક, પારદર્શકતા, સુરક્ષા)માં વધારો છે; બજારો આર્થિક સ્વતંત્રતા વધારે. | બજારોને સમર્થન, પરંતુ સામાજિક હસ્તક્ષેપ સાથે; ભારત-ચીન તુલના. |

**આર્થિક પદ્ધતિઓ**

| સિદ્ધાંત | વર્ણન | મૂડીવાદી/માનવ વિકાસ સંદર્ભ |
|---|---|---|
| અધિકાર અભિગમ ; 1943 બંગાળ અછત સંદર્ભે (Entitlement Approach to Famines) | અછત વિતરણ અને કિંમત વધારાને કારણે થાય, નહીં કે ઉત્પાદનની અછતને કારણે લોકશાહીમાં ઓછી. | મૂડીવાદી વૃદ્ધિના વિતરણ મુદ્દાઓની ટીકા; 1943 બંગાળ અછતનું વિશ્લેષણ. |
| સામાજિક પસંદગી સિદ્ધાંત (Social Choice Theory) | પેરેટો કાર્યક્ષમતા અને વ્યક્તિગત અધિકારો વચ્ચે વિરોધ; "લિબરલ પેરાડોક્સ". | મૂડીવાદી અસમાનતાને સંબોધે; ન્યાય માટે જાહેર ચર્ચાનું મહત્ત્વ. |
| ન્યાયનો વિચાર (The Idea of Justice) | તુલનાત્મક ન્યાય (રોલ્સની ટીકા); ક્ષમતાઓ અને લોકશાહી પર આધારિત. | મૂડીવાદને નૈતિક બનાવે; લિંગ અસમાનતા (100 મિલિયન મહિલાઓ શ્રમ બજારમાંથી અદ્રશ્ય થઇ તેનું વિશ્લેષણ. |
| ગરીબી અને અસમાનતા (Poverty and inequality) | ગરીબીને ક્ષમતા અભાવ તરીકે જુએ; સ્ત્રી પુરુષ આરોગ્યમાં મોટા તફાવત. | મૂડીવાદી વિકાસના માનવીય ખર્ચને ઉજાગર; સરકારી હસ્તક્ષેપની હિમાયત. |

3.5.3. આર્થિક વિકાસ પર સેનના વિચારો


સેન માને છે કે આર્થિક વિકાસ અસ્થિર છે જો તે માનવીય ક્ષમતાઓને વધારતો ન હોય. તેઓ GDPને અપૂર્ણ માને છે, કારણ કે તે સામાજિક પરિવર્તન (જેમ કે સામાજિક ન્યાય સ્ત્રી સમાનતા)ને અવગણે છે. તેમના અભિગમ અનુસાર વ્યાજ દરો અને વેપારને માનવીય તકો સાથે જોડવું જરૂરી છે, જે આધુનિક વિકાસ મોડલો (જેમ કે HDI)ને પ્રભાવિત કરે છે. તેઓ વસ્તી અને સંસાધનોની મર્યાદા પર ભાર મૂકે છે, પરંતુ મૂડીના પ્રવાહને સ્વતંત્રતા વધારનારા તરીકે જુએ છે.

3.5.4. આધુનિક સંદર્ભ અને આલોચનાઓ

આજે, સેનના વિચારો 2008ના આર્થિક સંકટ પછીના વિકાસમાં લાગુ પડે છે, જ્યાં HDI અને SDGમાં તેમનો પ્રભાવ છે. તેઓ માર્ક્સવાદી ચિંતાઓ (માનવીય વિકાસ)ને મૂડીવાદ સાથે જોડે છે, પરંતુ આલોચકો તેમને અસ્પષ્ટ માને છે કારણ કે તેઓ બજારોને સ્વીકારે છે, પરંતુ અસમાનતા વધારવાના આરોપો કરે છે. ભારતમાં, તેમના વિચારો ગરીબી ઘટાડવા માટે ઉપયોગી છે, પરંતુ ચીન જેવા મોડલો સાથે તુલનામાં વિવાદાસ્પદ છે. પર્યાવરણીય મુદ્દાઓમાં તેમના વિચારો સ્થિર વૃદ્ધિ માટે ઉપયોગી છે.

સેનના વિચારો મૂડીવાદને માનવીય આધાર આપે છે, જે વેપાર, વિતરણ અને વૃદ્ધિને નૈતિક બનાવે છે. તેમના અભિગમ આજે પણ પ્રસ્તુત છે, પરંતુ અસમાનતા અને નીતિગત અમલીકરણને ધ્યાનમાં લેવાની જરૂર છે.

## 3.6 ગેરી બેકર માનવઃ મૂડી સિદ્ધાંત :



ગેરી સ્ટેન્લી બેકરનો જન્મ 2 ડિસેમ્બર, 1930માં પોટ્સવિલ, પેન્સિલ્વેનિયા, અમેરિકામાં યહૂદી પરિવારમાં થયો હતો. તેઓ પ્રિન્સટન યુનિવર્સિટીમાંથી અર્થશાસ્ત્રમાં બીએ (1951)ની અને શિકાગો યુનિવર્સિટીમાંથી PhD (1955) પદવી મેળવ્યા, જ્યાં તેમના સંશોધન The Economics of Discrimination આધારિત હતા. મિલ્ટન ફ્રીડમેન, થિયોડોર શુલ્ટ્ઝ, એચ. ગ્રેગ લેવિસ, આરોન ડિરેક્ટર અને એલ. જે. સેવેજ જેવા વિદ્વાનોના પ્રભાવમાં, બેકરે કોલંબિયા યુનિવર્સિટી (1957-1968)માં અને પછી શિકાગો યુનિવર્સિટીમાં (1968-2014) અર્થશાસ્ત્ર અને સમાજશાસ્ત્રમાં જોઇન્ટ પ્રોફેસર તરીકે કાર્યરત રહ્યા. તેઓ શિકાગો સ્કૂલના ત્રીજા પેઢીના નેતા હતા, જે મુક્ત બજાર અને તર્કસંગત વર્તન પર કેન્દ્રિત છે. રાજકીય રીતે રૂઢિચુસ્તરીય (કન્ઝર્વેટિવ), તેઓ મોન્ટ પેલેરિન સોસાયટીના સભ્ય અને પ્રમુખ રહ્યા. 1992માં નોબેલ મેમોરિયલ પુરસ્કાર મળ્યો. માઈક્રોઇકોનોમિક વિશ્લેષણને માનવ વર્તનમાં વિસ્તારવા માટે, જેમાં નોન-માર્કેટ વર્તનો જેમ કે ભેદભાવ, ગુનાહ અને કુટુંબનો સમાવેશ થાય છે. અન્ય સન્માનોમાં જહોન બેટ્સ ક્લાર્ક મેડલ (1967), નેશનલ મેડલ ઓફ સાયન્સ (2000) અને પ્રેઝિડેન્શિયલ મેડલ ઓફ ફ્રીડમ (2007) છે. તેઓ TGG ગ્રુપના સ્થાપક હતા, બિઝનેસ વીકમાં કૉલમ લખતા (1985-2004), રોબર્ટ ડોલને સલાહ આપતા (1996) અને રિચર્ડ પોઝ્નર સાથે The Becker-Posner Blog ચલાવતા (2004થી). તેમના કાર્યોમાં 200,000થી વધુ Google Scholar સાઈટેશન્સ છે. તેઓ ડોરિયા સ્લોટ સાથે વિવાહિત (1954-1970, બે દીકરીઓ) અને પછી ગુઇટી નશાત સાથે (1980), અને 3 મે, 2014માં કુસર્જરી જટિલતામાં નિધન પામ્યા.

બેકરના સમયમાં, 1950-60ના દાયકામાં પછી યુદ્ધ અમેરિકામાં આર્થિક વૃદ્ધિ અને માનવ સંસાધનોના મહત્ત્વ વધ્યું હતું. તેઓ અર્થશાસ્ત્રને સમાજશાસ્ત્ર સાથે જોડીને, વ્યક્તિઓને તર્કસંગત ઉપયોગિતા મહત્તમકારક (utility-maximizing) તરીકે જુએ છે, જે મૂડીવાદી વ્યવસ્થાને વૈજ્ઞાનિક આધાર આપે છે. તેમનું મુખ્ય ગ્રંથ Human Capital (1964, પુનઃપ્રકાશિત 1975, 1993) માનવ મૂડીને કેન્દ્રમાં રાખે છે, જે શ્રમ અર્થશાસ્ત્ર, આવક અંતર અને નીતિઓને આકાર આપે છે.

### 3.6.1. મૂડીવાદી વિચારધારામાં બેકરનું સ્થાન

બેકરને મૂડીવાદી વિચારક તરીકે ગણવામાં આવે છે કારણ કે તેઓ શિકાંગો સ્કૂલના ભાગરૂપે મુક્ત બજારો, ન્યૂનતમ સરકારી હસ્તક્ષેપ અને તર્કસંગત પસંદગીના હિમાયતકાર હતા. તેઓ માનતા હતા કે વ્યક્તિગત વર્તનો — જેમ કે ભેદભાવ, ગુનાહ, કુટુંબ અને વ્યસન —ને અર્થશાસ્ત્રીય મોડલો દ્વારા સમજી

શકાય, જે સ્વ-હિતને મહત્ત્વ આપે છે જ્યારે ઉપયોગિતા યોગ્ય રીતે વ્યાખ્યાયિત કરવામાં આવે. Human Capitalમાં તેઓ શ્રમને મૂડી તરીકે જુએ છે, જે મૂડીવાદી વૃદ્ધિને વ્યક્તિગત રોકાણ સાથે જોડે છે. તેઓ ભેદભાવને ખર્ચ વધારનારા તરીકે જુએ છે (દા.ત. ભેદભાવ કરતી કંપનીઓને વધુ વેતન આપવું પડે, જે ઉત્પાદકતા ઘટાડે), ગુનાહને ખર્ચ-લાભ વિશ્લેષણ તરીકે (લાભ જો પકડાવાનું જોખમ ઓછું હોય તો), અને રાજનીતિને "શિકાંગો પોલિટિકલ ઇકોનોમી" દ્વારા, જ્યાં મૃત વજન નુકસાન (deadweight losses) લૂંટને અટકાવે. તેઓ બજાર પ્રોત્સાહનોના સમર્થક હતા, જેમ કે અંગ વેચાણ (જર્નલ ઓફ ઇકોનોમિક પર્સ્પેક્ટિવ્ઝ, 2007), જ્યાં કિડની $15,000 અને લિવર $32,000ના મૂલ્યે અંદાજિત કર્યા.

આજે, તેમના વિચારો WTO, IMF અને શ્રમ નીતિઓમાં જોવા મળે છે, જ્યાં માનવ મૂડી વિકાસશીલ દેશોમાં રોકાણને પ્રોત્સાહન આપે છે. જોકે, વિકાસશીલ વિસ્તારોમાં તે અસમાનતા વધારી શકે, જેમ કે શિક્ષણમાં રોકાણ વિના ગરીબ વર્ગો પાછળ રહે.

### 3.6.2. મુખ્ય સિદ્ધાંતોનું વિગતવાર વિશ્લેષણ

બેકરના સિદ્ધાંતો માનવ વર્તનને અર્થશાસ્ત્રીય લેન્સથી જુએ છે, જે મૂડીવાદી વ્યવસ્થાની વૃદ્ધિ, વેપાર અને વિતરણ પર કેન્દ્રિત છે. માનવ મૂડી તેમનો મુખ્ય યોગદાન છે, જે 1950-60માં વિકસાવ્યો.

| **સિદ્ધાંત** | **વર્ણન** | **મૂડીવાદી સંદર્ભ** |
|---|---|---|
| માનવ મૂડી સિદ્ધાંત (Hu-man Capital Theory) | શિક્ષણ, તાલીમ, આરોગ્યને રોકાણ તરીકે જુએ; વેતન અંતરને કુશળતા તફાવતથી સમજાવે. | વ્યક્તિગત રોકાણથી આર્થિક વૃદ્ધિ; બજારમાં સ્પર્ધા વધારે. |
| આર્થિક ભેદભાવનું અર્થશાસ્ત્ર (Economics of Discrimination) | ભેદભાવ કંપનીઓને ખર્ચ વધારે; બજાર તેને ઘટાડે. | મુક્ત બજારો અસમાનતા ઘટાડે; લાભને પ્રાથમિકતા. |
| ગુનાહ અને શિક્ષા (Crime and Punishment) | ગુનાહને ખર્ચ-લાભ તરીકે; જોખમ વધારીને ઘટાડો. | બજાર જેવા પ્રોત્સાહનો (દંડને બદલે) વાપરીને સમાજને કાર્યક્ષમ બનાવે. |
| કુટુંબ અર્થશાસ્ત્ર (Family Economics) | વિવાહ, જન્મદર, સમય વહેંચણીને અર્થશાસ્ત્રીય મોડલો; "રોટન કિડ થિયોરમ". | કુટુંબને ઉત્પાદન એકમ તરીકે; વિભાજન ઓફ લેબર વધારે. |
| વ્યસનનું તર્કસંગત મોડલ (Rational Addiction) | વ્યસનને આગામી લાભો સાથે જોડે. | વ્યક્તિગત પસંદગીને માન્ય; બજાર નિયંત્રણને પડકારે. |

### **3.6.3. આર્થિક વિકાસ પર બેકરના વિચારો**

બેકર માનતા હતા કે આર્થિક વિકાસ માનવ મૂડીના રોકાણ પર આધારિત છે, જે

ઉત્પાદકતા વધારે અને વેતન અંતર સમજાવે. તેઓ GDP વૃદ્ધિને વ્યક્તિગત પ્રયાસ સાથે જોડે છે, જ્યાં શિક્ષણ જેવા રોકાણો લાંબા ગાળાના વળતર આપે. આ વિચારો આધુનિક મોડલો જેમ કે સોલો મોડલને પ્રભાવિત કરે છે, જ્યાં માનવ સંસાધનો પૂંજી કરતાં વધુ મહત્ત્વપૂર્ણ છે. તેઓ વસ્તી અને સંસાધનોની મર્યાદા પર ભાર મૂકે છે, પરંતુ પૂંજી પ્રવાહને તર્કસંગત વર્તન દ્વારા પ્રોત્સાહન આપે છે.

3.6.4. આધુનિક સંદર્ભ અને આલોચનાઓ

આજે (2025 સુધી), બેકરના વિચારો 2008ના સંકટ પછીના શ્રમ બજારોમાં લાગુ પડે છે, જ્યાં AI અને રિસ્કિલિંગમાં માનવ મૂડી કેન્દ્રમાં છે. તેઓ માર્ક્સવાદી ચિંતાઓને પડકારે છે, પરંતુ આલોચકો તેમને જાતિ/લિંગ અવરોધો અવગણતા માને છે – 2013માં તેઓએ કહ્યું કે મહિલાઓ/કાળા લોકો માટે અવરોધો ઓછા છે, જેનો જવાબ આપ્યો કે તેને દૂર કરવાથી ઉત્પાદકતા 9-15% વધી શકે. અંગ બજાર વિચાર વિકાસશીલ દેશોમાં શોષણના આરોપો લાવે છે. પર્યાવરણીય મુદ્દાઓમાં, તેમના મોડલો સ્થિર વૃદ્ધિ માટે ઉપયોગી છે.

બેકરના સિદ્ધાંતો મૂડીવાદને વ્યક્તિગત વર્તન સાથે જોડીને વૈજ્ઞાનિક બનાવે છે, જે વેપાર, વિતરણ અને વૃદ્ધિને આકાર આપે છે. તેમના વિચારો આજે પણ પ્રસ્તુત છે, પરંતુ સામાજિક અસમાનતા અને નીતિગત અમલીકરણને ધ્યાનમાં લેવાની જરૂર છે.

## 3.7 એલિનર ઓસ્ટ્રોમ સામૂહિક સંસાધનોની વિચારક :

એલિનર એ. ઓસ્ટ્રોમ (જન્મઃ એલિનર એવન, 7 ઓગસ્ટ 1933 – 12 જૂન 2012) એક અમેરિકન રાજકીય વિજ્ઞાની અને અર્થશાસ્ત્રી હતી, જેમનું કામ નવા સંસ્થાકીય અર્થશાસ્ત્ર (New Institutional Economics) અને રાજકીય અર્થશાસ્ત્રના પુનરુત્થાન સાથે જોડાયેલું છે. તેઓ UCLAમાંથી B.A. (1958) અને Ph.D. (1965) મેળવ્યા, જ્યાં તેમણે રાજકીય વિજ્ઞાનમાં અભ્યાસ કર્યો. 1960માં વિન્સેન્ટ ઓસ્ટ્રોમ સાથે લગ્ન કર્યા, જેમની સાથે તેઓએ ઇન્ડિયાના યુનિવર્સિટી બ્લૂમિંગ્ટનમાં વર્કશોપ ઇન પોલિટિકલ થિયરી એન્ડ પોલિસી એનાલિસિસ (WPA)ની સ્થાપના કરી (1973), જે આજે પણ સંસ્થાકીય વિશ્લેષણ માટે જાણીતું છે. તેઓ 1970થી 2007 સુધી ત્યાં પ્રોફેસર રહી અને આઝર્સ પ્રોગ્રામ ઑન ઇન્સ્ટિટ્યુશનલ ઇનોવેશનની નેતૃત્વ કર્યું. 2009માં, ઓલિવર ઇ. વિલિયમ્સન સાથે વહેંચાયેલા, તેઓ અર્થશાસ્ત્રમાં પ્રથમ મહિલા નોબેલ વિજેતા બની, જેમાં સામૂહિક સંસાધનોના આર્થિક શાસન માટે પુરસ્કાર મળ્યો. તેમનું કામ 1980-90ના દાયકામાં પર્યાવરણીય સંકટો (જેમ કે વનનાશ અને માછલીની અછત)ના સંદર્ભમાં વિકસ્યું, જ્યાં તેઓએ ગેટ હાર્ડિનના "ત્રાસદી ઑફ ધ કોમન્સ" (1968)ને પડકાર્યું, જેમાં સામૂહિક સંસાધનોનું અતિઉપયોગ અનિવાર્ય માનવામાં આવ્યું હતું. તેઓએ

40થી વધુ દેશોમાં ક્ષેત્ર અભ્યાસ કરી, જેમ કે નેપાળ, કેન્યા અને ઇન્ડોનેશિયામાં, અને ઇન્ટરનેશનલ એસોસિએશન ઑફ ધ સ્ટડી ઑફ ધ કોમન્સની સ્થાપના કરી (1992). તેમના વિચારો રાજકીય અર્થશાસ્ત્રને પુનઃજીવિત કર્યા અને બ્લૂમિંગ્ટન સ્કૂલના નેતા તરીકે ઓળખાયા.

3.7.1. મૂડીવાદી વિચારધારામાં ઓસ્ટ્રોમનું સ્થાન

ઓસ્ટ્રોમને મૂડીવાદી વિચારક તરીકે જોવામાં આવે છે કારણ કે તેમનું કામ નવા સંસ્થાકીય અર્થશાસ્ત્રમાં સ્થાન ધરાવે છે, જે બજારો અને સંસ્થાઓ વચ્ચેના સંબંધોને ઉજાગર કરે છે. તેઓ ખાનગીકરણ (Privatization)ને CPR (Common Pool Resource) માટે અપૂર્ણ માને છે, કારણ કે તે સ્થાનિક જ્ઞાનને અવગણે છે, અને કેન્દ્રીય રાજ્ય અયોગ્ય તેમજ રાજકીય પક્ષના શાસનની હિમાયત કરે છે – જેમાં બહુવિધ સ્વાયત્ત સંસ્થાઓ સ્પર્ધા કરે, જે બજાર જેવું છે. સામુહિક સંસાધનોનું સંચાલન (Governing the Commons)માં તેઓ કહે છે કે સ્વ-સંગઠિત સમુદાયો ટ્રસ્ટ અને સહયોગ દ્વારા સ્થિરતા હાંસલ કરી શકે, જે મુક્ત બજારની અસમાનતા વગર વૃદ્ધિને સંભવ બનાવે. તેઓ રોબસ્ટ પોલિટિકલ ઇકોનોમીના પરંપરામાં આવે છે, જે બજારોને મજબૂત બનાવે છે, પરંતુ સામૂહિક કાર્યવાહીને મહત્ત્વ આપે. આજે, તેમના વિચારો IMF, WTO અને પર્યાવરણીય નીતિઓમાં જોવા મળે છે, જ્યાં CPR જેમ કે ડિજિટલ ડેટા અને જળસ્રોતો માટે સ્થાનિક શાસનને પ્રોત્સાહન આપે છે. જોકે, કેટલાક વિશ્લેષકો તેને મૂડીવાદ-વિરોધી માને છે કારણ કે તે એક્લોઝર (ખાનગી મિલકતીકરણ)ની ટીકા કરે છે.

3.7.2. મુખ્ય સિદ્ધાંતોનું વિગતવાર વિશ્લેષણ

ઓસ્ટ્રોમના સિદ્ધાંતો સામૂહિક સંસાધનો (CPR)ના શાસન પર કેન્દ્રિત છે, જેમાં ગેમ થિયરી, ટ્રાન્ઝેક્શન કોસ્ટ અને પબ્લિક ગુડ્સના મોડલોનો ઉપયોગ થાય છે. તેઓ સંસ્થાઓને વર્તન અને પરિણામોને આકાર આપતી તરીકે જુએ છે.

| સિદ્ધાંત | વર્ણન | મૂડીવાદી સંદર્ભ |
|---|---|---|
| સામુહિક સંસાધનોનું સંચાલન (Governing the Commons) | CPR જેમ કે જળસ્રોતો, જંગલોને સ્થાનિક નિયમો દ્વારા સ્વ-નિયંત્રિત કરી શકાય; હાર્ડિનની ત્રાસદીને નકારે. | ખાનગીકરણને અપૂર્ણ માનીને સ્થાનિક બજાર-જેવા સમાધાનોને પ્રોત્સાહન. |
| એલિનોર ઓસ્ટ્રોમ (Eli-nor Ostrom, 2009ના આઠ સિદ્ધાંતો (Eight De-sign Principles) | (1) સ્પષ્ટ સીમાઓ, (2) સ્થાનિક શરતો અનુરૂપ નિયમો, (3) સામૂહિક નિર્ણય, (4) નિરીક્ષણ, (5) ક્રમિક દંડ, (6) વિવાદ નિરાકરણ, (7) સ્વાયત્તતા, (8) નેસ્ટેડ વ્યવસ્થા. | સ્પર્ધાત્મક સંસ્થાઓ દ્વારા મુક્ત બજાર જેવી કાર્યક્ષમતા. |

| સિદ્ધાંત | વર્ણન | મૂડીવાદી સંદર્ભ |
|---|---|---|
| રાજકીય શાસન (Poly-centric Governance) | બહુ-સ્તરીય, સ્થાનિક નિર્ણયો; કેન્દ્રીય એકતા વિરુદ્ધ. | બજાર જેવી વિવિધતા અને સ્પર્ધા વધારે, અસમાનતા ઘટાડે. |
| સંસ્થાકીય વિશ્લેષણ અને વિકાસ (Institutional Analysis and Develop-ment -IAD Framework) | સંસ્થાઓ કેવી રીતે વર્તનને આકાર આપે તેનું વિશ્લેષણ. | મુક્ત બજારોમાં સંસ્થાકીય વિવિધતાનું મહત્ત્વ. |
| સોશિયલ-ઈકોલોજિકલ સિસ્ટમ્સ (SES Frame-work) | માનવ-પર્યાવરણીય વ્યવસ્થાઓનું વિશ્લેષણ; વિશ્વસનીયતા અને પુનઃપ્રાપ્તિ પર ભાર. | પર્યાવરણીય બજારોમાં સ્થિર વૃદ્ધિ માટે. |

3.7.3. આર્થિક વિકાસ પર ઓસ્ટ્રોમના વિચારો

ઓસ્ટ્રોમ માનતી હતી કે આર્થિક વિકાસ અસ્થિર છે જો CPRને ખાનગી અથવા રાજ્યીય નિયંત્રણમાં મૂકવામાં આવે, કારણ કે તે સ્થાનિક જ્ઞાનને અવગણે છે. તેઓ GDPને અપૂર્ણ માને છે અને સ્થિરતા પર ભાર મૂકે છે, જ્યાં સ્વ-સંગઠન વૃદ્ધિને માનવીય બનાવે. તેમના વિચારોમાં વ્યાજ દરો અને વેપારને સ્થાનિક સંસ્થાઓ સાથે જોડવું જરૂરી છે, જે આધુનિક મોડલો જેમ કે SESને પ્રભાવિત કરે છે. તેઓ વસ્તી અને સંસાધનોની મર્યાદા પર ચેતવણી આપે છે, પરંતુ પૂંજી પ્રવાહને સ્વાયત્ત વ્યવસ્થાઓ દ્વારા પ્રોત્સાહન આપે છે.

3.7.4. આધુનિક સંદર્ભ અને આલોચનાઓ

આજે (2025 સુધી), ઓસ્ટ્રોમના વિચારો 2008ના સંકટ પછીના પર્યાવરણીય અને ડિજિટલ કોમન્સમાં લાગુ પડે છે, જ્યાં AI અને ક્લાઈમેટ ચેન્જ માટે પોલિસેન્ટ્રિક અભિગમોની જરૂર છે. તેઓ માર્ક્સવાદી ચિંતાઓને પડકારે છે, પરંતુ આલોચકો તેમને અસ્પષ્ટ માને છે કારણ કે તેઓ મુક્ત-સવારી સમસ્યાને ઉકેલે છે પરંતુ મૂડીવાદને મુખ્ય કારણ તરીકે ઓળખતી નથી. ભારતમાં, તેમના વિચારો જળ અને જમીન વ્યવસ્થાપન માટે ઉપયોગી છે, પરંતુ ચીન જેવા કેન્દ્રીય મોડલો સાથે તુલનામાં વિવાદાસ્પદ છે. પર્યાવરણીય મુદ્દાઓમાં, તેમના સિદ્ધાંતો સ્થિર વૃદ્ધિ માટે આધાર આપે છે.

ઓસ્ટ્રોમના વિચારો મૂડીવાદને સ્થાનિક સ્વાયત્તતા સાથે જોડીને વૈજ્ઞાનિક બનાવે છે, જે વેપાર, વિતરણ અને વૃદ્ધિને સ્થિર બનાવે છે. તેમના વિચારો આજે પણ પ્રસ્તુત છે, પરંતુ અસમાનતા અને નીતિગત અમલીકરણને ધ્યાનમાં લેવાની જરૂર છે.

## 3.8 સારાંશ :

આ એકમમાં મૂડીવાદી અર્થવ્યવસ્થાના વિકાસમાં મહત્વપૂર્ણ યોગદાન આપનાર મુખ્ય વિચારકોના વિચારો અને સિદ્ધાંતોનું વિશ્લેષણ કરવામાં આવ્યું છે. મૂડીવાદ ખાનગી માલિકી, મુક્ત બજાર, નફા પ્રેરણા અને મર્યાદિત સરકારી હસ્તક્ષેપ પર આધારિત છે. સમય સાથે આ વિચારધારામાં શાસ્ત્રીયથી આધુનિક માનવીય અને સંસ્થાગત અભિગમો ઉમેરાયા છે.

એડમ સ્મિથે મુક્ત બજાર, ખાનગી માલિકી, શ્રમ વિભાજન અને 'અદશ્ય હાથ'ના સિદ્ધાંત દ્વારા શાસ્ત્રીય મૂડીવાદનો પાયો નાંખ્યો. તેમના મતે વ્યક્તિગત સ્વાર્થ અંતે સામૂહિક કલ્યાણમાં ફેરવાય છે અને રાજયની ભૂમિકા મર્યાદિત હોવી જોઈએ.

ડેવિડ રિકાર્ડોએ તુલનાત્મક લાભ, આવક વિતરણ, ઘટતી વળતરનો કાયદો અને વેતન સિદ્ધાંતો દ્વારા આંતરરાષ્ટ્રીય વેપાર અને વર્ગીય સંબંધોનું વિશ્લેષણ કર્યું. તેમના વિચારો મૂડીવાદી વ્યવસ્થાની શક્તિ સાથે તેની આંતરિક અસમાનતાઓ પણ દર્શાવે છે.

મિલ્ટન ફ્રીડમેન આધુનિક મુક્ત બજારના પ્રબળ સમર્થક હતા. તેમણે નાણાવાદ, પર્માનન્ટ ઇક્મ હાઈપોથિસિસ અને ન્યૂનતમ સરકારી હસ્તક્ષેપ પર ભાર મૂક્યો. તેમના વિચારો નિયોલિબરલ નીતિઓ અને વૈશ્વિકીકરણને પ્રેરણા આપે છે.

અમર્ત્ય સેને મૂડીવાદને માનવીય દષ્ટિકોણ આપ્યો. તેમના 'ક્ષમતા અભિગમ' અને 'વિકાસ તરીકે સ્વતંત્રતા'ના વિચારો વિકાસને માત્ર આવક નહીં, પરંતુ આરોગ્ય, શિક્ષણ અને સ્વતંત્રતાના વિસ્તરણ સાથે જોડે છે.

ગેરી બેકરે માનવ મૂડી સિદ્ધાંત દ્વારા શિક્ષણ, તાલીમ અને આરોગ્યને આર્થિક રોકાણ તરીકે સમજાવ્યા. તેમણે માનવ વર્તનને અર્થશાસ્ત્રીય વિશ્લેષણ હેઠળ લાવી મૂડીવાદને વૈજ્ઞાનિક આધાર આપ્યો.

એલિનર ઓસ્ટ્રોએ સામૂહિક સંસાધનોના સંચાલન માટે સંસ્થાગત અને સ્થાનિક સ્વ-શાસનના મોડલ રજૂ કર્યા. તેમણે 'કોમન્સની ત્રાસદી'ને પડકાર આપી પોલિસેન્ટ્રિક શાસન અને સહયોગના મહત્વને રેખાંકિત કર્યું.

આ રીતે, આ એકમ મૂડીવાદી અર્થવ્યવસ્થાના શાસ્ત્રીય, આધુનિક અને માનવીય પાસાઓને સમજૂતીપૂર્વક રજૂ કરે છે અને બતાવે છે કે મૂડીવાદ સતત વિકસતી વિચારધારા છે, જેમાં બજાર, રાજ્ય અને સમાજ વચ્ચે સંતુલન જરૂરી છે.

## 3.9 ચાવીરૂપ શબ્દો :

શાસ્ત્રીય મૂડીવાદઃ બીજા અર્થમાં શાસ્ત્રીય અર્થશાસ્ત્ર એ 18મી અને 19મી સદીના અર્થશાસ્ત્રીઓના વિચારો પર આધારિત એક મહત્વપૂર્ણ આર્થિક સિદ્ધાંત છે, જેને ઉદાર અર્થશાસ્ત્ર તરીકે પણ ઓળખવામાં આવે છે. આ સિદ્ધાંત મુખ્યત્વે મૂડીવાદ (મૂડીવાદ) ના મૂળભૂત સિદ્ધાંતોને આધાર આપે છે, જેમાં સ્વ-નિયમનકારી (Self-regulating) અર્થતંત્રને સૌથી

અસરકારક અને સમૃદ્ધ માનવામાં આવે છે. અહીં લોકો પોતાની જરૂરિયાતોને પૂરી કરવા માટે એકબીજા સાથે વેપાર કરે છે અને સરકારી હસ્તક્ષેપ વિના સંસાધનોનું અસરકારક વિતરણ થાય છે.

સમાજીય અધિકારો (Social Rights):: આ અધિકારો સમાજની વ્યવસ્થા, સામાજિક કરાર (social contract) અને સામૂહિક કલ્યાણ પર આધારિત છે. તે કુદરતી અધિકારો જેવા જન્મજાત નથી, પરંતુ સમાજ દ્વારા આપવામાં આવે છે જેથી વ્યક્તિ અને સમુદાયનું સંતુલન જળવાઈ રહે. આધુનિક સંદર્ભમાં, તેમાં શિક્ષણ, આરોગ્ય, નોકરી અને સામાજિક સુરક્ષા જેવા અધિકારો સામેલ છે, જે રાજ્ય દ્વારા પૂરા પાડવામાં આવે છે.

અધિગ્રહીત અધિકારો (Acquired Rights): આ અધિકારો જન્મજાત નથી, પરંતુ વ્યક્તિના શ્રમ, વેપાર, કરાર અથવા કાયદા દ્વારા ‘અધિગ્રહિત’ (acquired) થાય છે. તે કુદરતી અધિકારો પર આધારિત હોય છે, પરંતુ સમાજ અને કાયદા દ્વારા મજબૂત બને છે. તેમને રદ કરી શકાય છે અથવા બદલી શકાય છે.

લેસેઝ-ફેર (Laissez-Faire): “છોડી દો કરવા” ની નીતિ, જેમાં સરકાર આર્થિક પ્રવૃત્તિમાં ઓછો હસ્તક્ષેપ કરે.

નાણાવાદ (Mon[a]arism): મિલ્ટન ફ્રીડમેનનો સિદ્ધાંત જેમાં ધન પુરવઠાને નિયંત્રિત કરીને મોંઘવારી નિયંત્રિત કરવાની વાત કરવામાં આવે છે.

પર્માનન્ટ ઇન્કમ હાઇપોથિસિસ (Permanent Income HypOhesis): લોકો વપરાશ વર્તમાન આવક નહીં, પરંતુ લાંબા ગાળાની આવકના આધારે નક્કી કરે છે એવો વિચાર.

માનવ મૂડી (Human Capital): શિક્ષણ, તાલીમ, કુશળતા અને આરોગ્યમાં કરાયેલ રોકાણને માનવ મૂડી કહે છે.

નવ ઉદારવાદ (Neo-liberalism): મુક્ત બજાર, ખાનગીકરણ અને નિયંત્રણમુક્તિ પર આધારિત આધુનિક મૂડીવાદી અભિગમ.

## 3.10 તમારી પ્રગતિ ચકાસો :

### (ક) નિબંધ પ્રકાર પ્રશ્નો

1. એડમ સ્મિથના મૂડીવાદી વિચારો સમજાવો.
2. ડેવિડ રિકાર્ડોના વેપાર અને વિતરણ સંબંધિત સિદ્ધાંતોનું સમીક્ષાત્મક વિશ્લેષણ કરો.
3. મિલ્ટન ફ્રીડમેનના મુક્ત બજાર અને નાણાવાદ અંગેના વિચારો સમજાવી તેમની આલોચના કરો.
4. અમર્ત્ય સેનના ‘વિકાસ તરીકે સ્વતંત્રતા’ અને ‘ક્ષમતા અભિગમ’ને વિગતે સમજાવો.
5. એલિનર ઓસ્ટ્રોમના સામૂહિક સંસાધનોના શાસન અંગેના વિચારો સમજાવો.

**(ખ) ટૂંકનોંધ**

1. અદૃશ્ય હાથ (Invisible Hand)
2. શ્રમ વિભાજન (Division of Labour)
3. તુલનાત્મક લાભનો સિદ્ધાંત
4. નાણાવાદ
5. માનવ મૂડી સિદ્ધાંત
6. ક્ષમતા અભિગમ
7. વિકાસ તરીકે સ્વતંત્રતા
8. સામૂહિક સંસાધનોનું શાસન

**(ગ) હેતુલક્ષી પ્રશ્નો**

1. આધુનિક અર્થશાસ્ત્રના પિતા તરીકે કોને ઓળખવામાં આવે છે?

(A) ડેવિડ રિકાર્ડો (B) એડમ સ્મિથ

(C) મિલ્ટન ફ્રીડમેન (D) અમર્ત્ય સેન

2. 'ધ વેલ્થ ઓફ નેશન્સ' પુસ્તકના લેખક કોણ છે?

(A) કાર્લ માર્ક્સ (B) ડેવિડ રિકાર્ડો (C) એડમ સ્મિથ (D) ગેરી બેકર

3. 'અદૃશ્ય હાથ'નો સિદ્ધાંત કોને આપ્યો?

(A) રિકાર્ડો (B) ફ્રીડમેન (C) એડમ સ્મિથ (D) ઓસ્ટ્રોમ

4. શ્રમ વિભાજનનો વિચાર મુખ્યત્વે કોના નામ સાથે જોડાયેલો છે?

(A) અમર્ત્ય સેન (B) ગેરી બેકર

(C) એડમ સ્મિથ (D) એલિનર ઓસ્ટ્રોમ

5. તુલનાત્મક લાભનો સિદ્ધાંત કોને આપ્યો?

(A) મિલ્ટન ફ્રીડમેન (B) અમર્ત્ય સેન

(C) ડેવિડ રિકાર્ડો (D) ગેરી બેકર

6. નાણાવાદનો મુખ્ય સમર્થક કોણ છે?

(A) કેન્સ (B) એડમ સ્મિથ

(C) મિલ્ટન ફ્રીડમેન (D) ઓસ્ટ્રોમ

7. "મોંઘવારી હંમેશા અને બધે ધનીય ઘટના છે" – આ કથન કોણે કર્યું?

(A) રિકાર્ડો (B) ફ્રીડમેન (C) સેન (D) બેકર

8. માનવ મૂડી સિદ્ધાંત કોના નામ સાથે જોડાયેલો છે?

(A) એડમ સ્મિથ (B) ગેરી બેકર

(C) અમર્ત્ય સેન (D) એલિનર ઓસ્ટ્રોમ

9. 'Development as Freedom' પુસ્તકના લેખક કોણ છે?

(A) મિલ્ટન ફ્રીડમેન (B) અમર્ત્ય સેન

(C) ગેરી બેકર (D) રિકાર્ડો

10. ક્ષમતા અભિગમ (Capability Approach) કોને વિકસાવ્યો?

(A) ઓસ્ટ્રોમ (B) રિકાર્ડો (C) અમર્ત્ય સેન (D) ફ્રીડમેન

11. સામૂહિક સંસાધનોના સંચાલન માટે નોબેલ પુરસ્કાર કોને મળ્યો?

(A) ગેરી બેકર (B) અમર્ત્ય સેન

(C) એલિનર ઓસ્ટ્રોમ (D) મિલ્ટન ફ્રીડમેન

12. 'કોમન્સની ત્રાસદી'નો ખંડન કોના વિચારોમાં જોવા મળે છે?

(A) એડમ સ્મિથ (B) રિકાર્ડો

(C) એલિનર ઓસ્ટ્રોમ (D) ફ્રીડમેન

13. લેસેઝ-ફેર નીતિનો અર્થ શું થાય છે?

(A) રાજ્ય દ્વારા નિયંત્રણ (B) સહકારી વ્યવસ્થા

(C) સરકારનો ઓછો હસ્તક્ષેપ (D) રાષ્ટ્રીયકરણ

14. માનવ વિકાસ સૂચકાંક (HDI) નો આધાર કોના વિચારો પર છે?

(A) ગેરી બેકર (B) મિલ્ટન ફ્રીડમેન

(C) અમર્ત્ય સેન (D) એડમ સ્મિથ

15. પોલિસેન્ટ્રિક શાસનનો વિચાર કોના નામ સાથે જોડાયેલો છે?

(A) અમર્ત્ય સેન (B) એલિનર ઓસ્ટ્રોમ

(C) ડેવિડ રિકાર્ડો (D) ગેરી બેકર

## ❖ સંદર્ભ પુસ્તકો :

Andersson, K. (2006). Understanding decentralized forest governance: An application of the institutional analysis and development framework. Sustainabil-ity: Science, Practice, & Policy, 2(1), 25–35. https://doi.org/10.1080/15487733.2006.11907975

Becker, G. S. (1976). The economic approach to human behavior. University of Chicago Press.

Becker, G. S. (1993). Human capital: A theoretical and empirical analysis, with special reference to education (3rd ed.). University of Chicago Press.

Friedman, M. (1962). Capitalism and freedom. University of Chicago Press.

Friedman, M., & Friedman, R. (1980). Free to choose: A personal statement. Harcourt Brace Jovanovich.

Mc Ginnis, M. D. (2020). Updated guide to IAD and the language of the Ostrom workshop: A simplified overview of a complex framework for the analysis of institutions and their development (Rev. ed.). https://mcginnis.pages.iu.edu/iad_guide.pdf

Ostrom, E. (1990). Governing the commons: The evolution of institutions for collective action. Cambridge University Press.

Ostrom, E. (2009). Understanding institutional diversity. Princeton University Press.

Polski, M. M., & Ostrom, E. (1999). An institutional framework for policy analysis and design (Workshop working paper W98-27). Indiana University, Workshop in Political Theory and Policy Analysis.

Ricardo, D. (2001). On the principles of political economy and taxation. Batoche Bokos. (Original work published 1817)

Sen, A. (1987). On ethics and economics. Blackwell Publishing.

Sen, A. (1999). Development as freedom. Oxford University Press.

Smith, A. (2003). An inquiry into the nature and causes of the wealth of na-tions. Bantam Classics. (Original work published 1776)

દેસાઈ, આર. કે. (2015). 'આધુનિક આર્થિક વિચારધારાઓ'.યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ, ગુજરાત રાજ્ય.

ત્રિવેદી, એન. એમ. (2012). 'અર્થશાસ્ત્રના સિદ્ધાંતો અને વિચારકો', પારસ પબ્લિકેશન, રાજકોટ.

## ❖ તમારી પ્રગતિ ચકાસો ના જવાબો :

1. (B) એડમ સ્મિથ
2. (C) એડમ સ્મિથ
3. (C) એડમ સ્મિથ
4. (C) એડમ સ્મિથ
5. (C) ડેવિડ રિકાર્ડો
6. (C) મિલ્ટન ફ્રીડમેન
7. (B) ફ્રીડમેન
8. (B) ગેરી બેકર
9. (B) અમર્ત્ય સેન
10. (C) અમર્ત્ય સેન
11. (C) એલિનર ઓસ્ટ્રોમ
12. (C) એલિનર ઓસ્ટ્રોમ
13. (C) સરકારનો ઓછો હસ્તક્ષેપ
14. (C) અમર્ત્ય સેન
15. (B) એલિનર ઓસ્ટ્રોમ

*****************

# એકમ-4
# સમાજવાદ


**4.0** ઉદેશો

**4.1** **પ્રસ્તાવના**

**4.2** **સમાજવાદનો અર્થ અને વ્યાખ્યાઓ**

**4.3** **સમાજવાદના લક્ષણો**

**4.4** **સમાજવાદની સિદ્ધિઓ**

**4.5** **સમાજવાદની મર્યાદાઓ**

**4.6** **સારાંશ**

**4.7** **ચાવીરૂપ શબ્દો**

**4.8** **તમારી પ્રગતિ ચકાસો**

❖ સંદર્ભ પુસ્તકો

❖ તમારી પ્રગતિ ચકાસોના જવાબ


## 4.0 ઉદેશો :

આ એકમનો અભ્યાસ કર્યા પછી તમે,

- ➢ સમાજવાદનો અર્થ, તેના ઉદભવ અને ઐતિહાસિક પશ્ચાદભૂને સચોટ રીતે સમજાવી શકશો.
- ➢ સમાજવાદી આર્થિક પદ્ધતિના લક્ષણો તારવી શકશો.
- ➢ સમાજવાદની સફળતા અને નિષ્ફળતા વિશે ચર્ચા કરી શકશો.

## 4.1 પ્રસ્તાવના :

માનવીની અમર્યાદિત જરૂરિયાતોને મર્યાદિત સંસાધનો દ્વારા સંતોષવા માટે જુદા જુદા સમયે જુદી જુદી આર્થિક પદ્ધતિઓનો સ્વીકાર કરવામાં આવ્યો છે. દરેક આર્થિક પદ્ધતિમાં સમયાંતરે ખામીઓના ઉદ્દભવના કારણે દરેક પરિસ્થિતિ પ્રમાણે અલગ અલગ આર્થિક પદ્ધતિનો સ્વીકાર માનવી દ્વારા કરવામાં આવ્યો છે. સમાજવાદનો ઉદ્દભવ પણ મૂડીવાદની ખામીઓના કારણે થયો છે. એક વિચારધારા તરીકે સમાજવાદનો ઉદભવ 19મી સદીની શરૂઆતમાં મુખ્યત્વે યુરોપમાં અને ખાસ કરીને ફ્રાંસ અને ઈંગ્લેન્ડમાં થયો હતો. ઈંગ્લેન્ડની ઔદ્યોગિક ક્રાંતિ દરમિયાન શ્રમિકોની દયનીય સ્થિતિ, ગરીબી અને અસમાનતા જેવી સમસ્યાઓના વિરોધમાં સમાજવાદી વિચારધારાનો જન્મ થયો. મૂડીવાદમાં મૂડીપતિઓ દ્વારા શ્રમિક વર્ગનું શોષણ કરવામાં આવતું હતું જેના વિરોધમાં ચિંતકોએ સમાજવાદનો વિચાર સમગ્ર વિશ્વ સમક્ષ રાખ્યો.

1800 થી 1830ના સમયગાળા દરમિયાન ઈંગ્લેન્ડના રોબર્ટ ઓવેન અને ફ્રાન્સના ચાર્લ્સ ફુરિયર નામક ચિંતકોએ સૌપ્રથમ સમાજવાદનો વિચાર આપ્યો. તેઓ "કાલ્પનિક સમાજવાદીઓ" તરીકે ઓળખાય છે, કારણ કે તેમણે ક્રાંતિને બદલે સહકાર અને આદર્શ સમાજની રચનાના ખ્યાલ પર વધુ ભાર મૂક્યો હતો. સમાજવાદનો મજબૂત અને આધુનિક પાયો નાંખવાનો શ્રેય કાર્લ માર્ક્સ અને ફ્રેડરિક એંગલ્સને જાય છે. 1848માં "કોમ્યુનિસ્ટ મેનિફેસ્ટો" નામક દસ્તાવેજમાં તેમણે સમાજવાદના ખ્યાલની રજૂઆત કરી. આમ તે વિચારકોથી પ્રોત્સાહિત થઈને શરૂઆતમાં વિશ્વના ઘણા દેશોએ સમાજવાદના ખ્યાલનો સ્વીકાર કર્યો, પરંતુ વર્તમાન સમયમા વિશ્વના કોઈ પણ દેશમાં શુદ્ધ સમાજવાદ જોવા મળતો નથી, પરંતુ મોટાભાગના દેશોમો માત્ર સમાજવાદી વિચારધારાના લક્ષણો જ જોવા મળે છે.

## 4.2 સમાજવાદનો અર્થ અને વ્યાખ્યાઓ :

સમાજવાદી અર્થવ્યવસ્થાનો પરિચય મેળવવા માટે સમાજવાદનો અર્થ સમજવો આવશ્યક છે. સમાજવાદની સમજૂતી માટે વિચારકોની અસંખ્ય વ્યાખ્યાઓ જોવા મળે છે. જે નીચે મુજબ છે.

1. **કાર્લ માર્ક્સઃ** સમાજવાદ એ મૂડીવાદ અને સામ્યવાદ વચ્ચેનો સંક્રમણકાળ છે. જેમાં શ્રમકોની સરમુખત્યારશાહી હોય છે અને ઉત્પાદનનાં સાધનોનું રાષ્ટ્રીયકરણ કરવામાં આવે છે.

2. **એચ.ડી. ડિકન્સનઃ** સમાજવાદ એ એવી આર્થિક વ્યવસ્થા છે,જેમાં ઉત્પાદનનના સાધનોની માલિકી સમાજની હોય છે અને તેનું સંચાલન સમાજના પ્રતિનિધિ અને સંગઠનો દ્વારા કરાય છે અને તેનો ફાળો આખા સમાજ માટે સમાન હોય છે.

3. **શ્રી અને શ્રીમતી વેબઃ** સમાજવાદનું એકમાત્ર આવશ્યક લક્ષણ એ છે કે ઉત્પાદનના સાધનોની માલિકી વ્યક્તિગત ન હોવી જોઈએ તેમજ સમગ્ર વહીવટ ખાનગી રીતે નફો મેળવવા માટે ન થતો હોવો જોઈએ.

4. **પ્રો. લુક્સઃ** વ્યક્તિના આર્થિક પ્રોત્સાહનોનો અને વ્યવસાય તથા ઉપભોક્તાની પસંદગીની સ્વતંત્રતાનો મૂળભૂત રીતે નાશ કર્યા વિના વધેલી રાષ્ટ્રીય આવકને વધારે સમાન રીતે વહેચણી કરવાના આશયથી, મોટા પાયા પરના ઉત્પાદનમાં વપરાતા કુદરત-નિર્મિત અને માનવ-નિર્મિત બધા જ ઉત્પાદકીય સાધનોની માલિકી અને વ્યવસ્થા,વ્યક્તિઓ પાસે રહેવા દેવાને બદલે સમગ્ર સમાજના કબ્જા નીચે મૂકવાના ધ્યેયવાળી પદ્ધતિ સમાજવાદ કહેવાય છે.

5. **જી. ડી. એચ. કોલઃ** સમાજવાદ એટલે એક એવા વર્ગવિહીન સમાજની રચના, જેમાં જમીન અને મૂડીની માલિકી ખાનગી નહિ પરંતુ જાહેર હોય છે અને ઉત્પાદનનો હેતુ નફાને બદલે સમાજ કલ્યાણનો હોય છે.

6. **બર્નાર્ડ શોઃ** સમાજવાદ એટલે આવકની સમાનતા.

7. **પ્રો. જે.એ. શુમ્પીટરઃ** સમાજવાદ એટલે એવી સંસ્થાકીય વ્યવસ્થા કે જેમાં ઉત્પાદનના સાધનોનો અને ઉત્પાદન પર મધ્યવર્તી સંસ્થાનો અંકુશ હોય છે.

8. **જયપ્રકાશ નારાયણઃ** સમાજવાદ એટલે એવી વ્યવસ્થા જ્યાં 'માનવી દ્વારા માનવીનું શોષણ' સંપૂર્ણપણે નાબૂદ થઈ જાય.

## 4.3 સમાજવાદના લક્ષણો :

સમાજવાદી અર્થવ્યવસ્થાનો ખ્યાલ મૂડીવાદ કરતા વિપરીત અને કલ્યાણલક્ષી છે. આથી તે ખ્યાલને ઊંડાણપૂર્વક સમજવામાં તેના લક્ષણો ખૂબ જ મદદરૂપ સાબિત થાય છે જે નીચે પ્રમાણે છે.

1. ઉત્પાદનના સાધનોની માલિકી

   સમાજવાદમાં ઉત્પાદનના સાધનોની માલિકી સરકારની હોય છે. ખાનગી સંસ્થા કે સાહસોને સાધનોની માલિકી અંગે કોઈ પણ તક આપવામાં આવતી નથી. ખેતરો, કારખાના, ઉદ્યોગો, મકાનો, મશીનરી, રેલ્વે, બસ વગેરેની માલિકી રાજ્યની હોય છે. આમ સરકાર માટે જેનું વ્યૂહાત્મક મહત્વ વધારે હોય છે તેની માલિકી સરકાર હસ્તક હોય છે. સરકાર પ્રજાના હિતનું રક્ષણ કરે છે તેથી સરકારની માલિકીને જાહેર માલિકી પણ કહે છે. જાહેર માલિકી સ્થાપવાનો હેતુ જાહેર સુખાકારી વધારવાનો છે તેથી તેમાં નફાનો ઉદ્દેશ્ય ગૌણ હોય છે.

2. નિયંત્રિત આર્થિક આયોજન

   સમાજવાદી અર્થવ્યવસ્થા એ સંપૂર્ણ આયોજિત અર્થવ્યવસ્થા છે. આ વ્યવસ્થામાં શું અને કેટલું ઉત્પાદન કરવું?, કેવી રીતે કરવું?, ક્યારે કરવું?, ક્યાં કરવું?, કોની માટે કરવું અને તેની વહેચણી કેવી રીતે કરવી? વગેરે જેવા તમામ આર્થિક નિર્ણયો કેન્દ્રીય સત્તા દ્વારા લેવામાં આવે છે. આ સત્તા એટલે આયોજન પંચ. આમ અહી સંપૂર્ણ આયોજન સરકારના આદેશ અને નિયંત્રણ હેઠળ થાય છે.આથી જ આ પ્રકારના અર્થતંત્રને ''આદેશ અર્થતંત્ર'' તરીકે પણ ઓળખવામાં આવે છે. ઉપરાંત આ અર્થતંત્રને સામૂહિક અર્થતંત્ર પણ કહે છે,કારણ કે તેમાં વ્યક્તિને સ્થાને સમાજના હિતોને ધ્યાનમાં લેવામાં આવે છે.

3. મર્યાદિત આર્થિક સ્વાતંત્ર્ય

   મૂડીવાદ નિરંકુશ અને સ્વતંત્ર વ્યવસ્થા છે કારણ કે તેમાં ગ્રાહક સર્વોપરી હોય છે. જયારે સમાજવાદમાં કઈ વસ્તુ કેટલા પ્રમાણમાં ઉત્પાદિત કરવી તે સરકાર દ્વારા નક્કી થાય છે. રાજ્ય આ નિર્ણય લેતી વખતે વ્યક્તિગત પસંદગીઓ નહિ, પણ સામાજિક

ઉદ્દેશ્યો ધ્યાનમાં રાખે છે. વિશ્વમાં આજે પણ જે દેશોએ સમાજવાદના સ્વરૂપોનો સ્વીકાર કર્યો છે તે દેશોમાં વપરાશી વસ્તુઓનું ઉત્પાદન સરકાર દ્વારા નક્કી થાય છે, ગ્રાહકો દ્વારા નહિ. ઉપરાંત તે દેશોમાં રોજગાર, ઉદ્યોગ, વ્યવસાય, રોકાણ વગેરેનું પ્રમાણ પણ સરકાર દ્વારા જ નક્કી કરવામાં આવતું હોય છે. આમ આ પદ્ધતિમાં વ્યક્તિ માટેના વપરાશ, રોજગાર, વ્યવસાય અને રોકાણ અંગેના આર્થિક સ્વાતંત્ર્ય માર્યાદિત પ્રમાણમાં જોવા મળે છે.

4. નફાના ઉદ્દેશ્યની ગેરહાજરી

મૂડીવાદી વ્યસ્થામાં નફો એ પ્રેરક બળ છે, પરંતુ સમાજવાદી અર્થતંત્રમાં સાધનોની માલિકી સરકારની હોય છે અને તનો ઉપયોગ સમગ્ર સમાજના કલ્યાણ માટે કરવામાં આવે છે ન કે વ્યક્તિગત નફા માટે. આ વ્યવસ્થામાં ખાનગી નફાના સ્થાને સમાજની જરૂરિયાતોને વિશેષ ધ્યાનમાં લેવામાં આવે છે. સમાજવાદમાં સામૂહિક હિતનું રક્ષણ કરવામાં આવે છે તેથી નફાનું સ્થાન ગૌણ હોય છે. નફાના સ્થાને જાહેર સુખાકારીને કાર્યક્ષમતાનો માપદંડ સ્વીકારવામાં આવે છે.

5. આવકની સમાન વહેચણી

સમાજવાદમાં ઉત્પાદનના સાધનોમાં શ્રમનું સ્થાન મહત્વનું હોય છે. તેથી તેમાં શ્રમ દ્વારા પ્રાપ્ત થયેલી આવકની સમાન વહેચણી પર વધુ ધ્યાન આપવામાં આવે છે. સમાજવાદમાં ફક્ત કમાયેલી આવકનું જ મહત્વ હોય છે.વ્યાજ, ભાડું કે નફો વગેરેને બિનકમાયેલી આવક ગણવામાં આવતી હોવાથી તેનું મહત્વ હોતું નથી. સામાન્ય રીતે સમાજવાદમાં સંપૂર્ણ આવકની સમાનતા શક્ય નથી પરંતુ મૂડીવાદમાં જે આવકની અસમાનતા જોવા મળે છે તેવી અસમાનતા સમાજવાદમાં જોવા મળતી નથી. તેની પાછળ ખાનગી સંપતિ અને નફાની ગેરહાજરી, વેતન તફાવતની ગેરહાજરી અને શિક્ષણ,તાલીમ અને કળા સર્જનમાં બધાને સમાન તકો વગેરે જેવા કારણો જવાબદાર છે.

6. વર્ગવિહીન સમાજ

મૂડીવાદમાં ખાનગી સંપતિના હક્ક અને વારસાપ્રથા જેવા લક્ષણોના કારણે સમાજમાં મૂડીપતિ અને શ્રમિક આ બને વર્ગો વચ્ચે વિગ્રહ જોવા મળતો હતો પરંતુ સમાજવાદ એક એવા સમાજની કલ્પના કરે છે જ્યાં કોઈ શોષક વર્ગ તરીકે માલિક વર્ગ અને શોષિત વર્ગ તરીકે કોઈ શ્રમિક વર્ગ ન હોય. આ પદ્ધતિમાં બધા જ નાગરિકોને સમાન ગણવામાં આવે છે અને દરેકને પોતાની ક્ષમતા મુજબ કામ અને વેતન મળે છે. આથી આ પદ્ધતિમાં આવા કોઈ પણ વર્ગો અસ્તિત્વમાં આવતા નથી અને અહી વર્ગવિહીન સમાજરચનાનો ઉદભવ થાય છે.

7. હરીફાઈનો અભાવ

મૂડીવાદી અર્થવ્યવસ્થા મુક્ત હરીફાઈ એ તેનું મહત્વનું લક્ષણ છે, પરંતુ સમાજવાદી અર્થવ્યવસ્થામાં મુક્ત હરીફાઈ હોતી નથી. ઉત્પાદનનના સાધન અને સમગ્ર એકમો સરકારની માલિકીના હોય છે તેથી અહી બધા જ એકમો એકબીજાના હરીફ તરીકે નહિ, પરંતુ પુરક તરીકે વર્તે છે. બધા જ એકમોનો હેતુ નફો કમાવવાનો નહિ, પરંતુ સરકાર દ્વારા નિર્ધારિત કરેલા ઉત્પાદન લક્ષ્યાંકો સિદ્ધ કરવાનો હોય છે.અર્થતંત્રમાં હરીફાઈને બદલે સહકારનું વાતાવરણ જોવા મળે છે. આમ આ પરથી કહી શકાય કે સમાજવાદમાં હરીફાઈનો અભાવ જોવા મળે છે.

8. બજાર તંત્રની ગેરહાજરી

મૂડીવાદમાં સમગ્ર આર્થિક પ્રવૃતિનું સંચાલન બજારતંત્ર દ્વારા થાય છે. કોઈ પણ વસ્તુનું ઉત્પાદન ક્યારે અને કેટલું કરવું તેનો નિર્ણય તે વસ્તુની બજાર માંગ તથા બજાર પુરવઠાના આધારે લેવામાં આવે છે. સમાજવાદમાં આ નિર્ણય કેન્દ્રીય સત્તા એટલે કે આયોજન પંચ દ્વારા લેવામાં આવે છે. માંગ અને પુરવઠા પ્રમાણે વસ્તુની કીમત નક્કી કરવાની મૂડીવાદી પ્રક્રિયાને સમાજવાદમાં કોઈ સ્થાન નથી. આ પદ્ધતિમાં કિંમત નિર્ધારણની જવાબદારી આયોજનપંચની હોય છે.

9. પ્રોત્સાહનો અને હુકમો

સમાજવાદમાં મૂડીવાદની જેમ નફાનું તત્વ હોતું નથી. પરંતુ લોકો દ્વારા કરવામાં આવતી આર્થિક પ્રવૃતિના પ્રેરકબળ તરીકે પ્રોત્સાહનો અને હુકમનો ઉપયોગ કરવામાં આવે છે. શ્રમિકોને એક સમૂહ ભાવના સાથે કારખાનામાં કામ કરવાનું હોવાથી તેમને વધુ કામ કરવા અથવા કાર્યક્ષમતા માટે પ્રોત્સાહનરૂપે બોનસ આપવામાં આવે છે. બીજી બાજુ ઘણી વાર ઉત્પાદનના લક્ષ્યાંકો વિરુદ્ધ કામ કરનારા ઉત્પાદકો પર શિક્ષા સ્વરૂપે વિવિધ પ્રકારના દંડ પણ લગાડવામાં આવે છે. આમ અહી ઉત્તમ કાર્યક્ષમતા માટે પ્રોત્સાહન અને નિમ્ન કાર્યક્ષમતા માટે હુકમના આધારે દંડ લગાડવામાં આવે છે.

10. બેકારી અને ફુગાવા જેવી આર્થિક સમસ્યાની ગેરહાજરી

સમાજવાદમાં ઉત્પાદનના સાધનનોની માલિકી સરકાર હસ્તક હોય છે. અને ઉત્પાદનના દરેક સાધનને રોજગારી આપવી તે સરકારની નૈતિક જવાબદારી અને ફરજ છે. તેથી અહી બેકારી જેવી કોઈ સમસ્યા સર્જાતી નથી. ઉપરાંત કોઈ પણ વસ્તુની માંગ અને પુરવઠો સરકાર દ્વારા નિયંત્રિત થતા હોવાથી તેની કિમતો અસ્થિર થવાની શક્યતા ઓછી હોય છે. આમ અહીં ફુગાવા જેવી સમસ્યા પણ સર્જાતી નથી. સમાજવાદમાં

પ્રાથમિક વસ્તુઓના ભાવ સ્થિર અને નીચા રાખવામાં આવે છે અને મોજશોખની વસ્તુઓ અને સેવાઓના ભાવ ઊંચા રાખવામાં આવે છે. આમ આર્થિક સમાનતા જાળવી રાખવાના પ્રયાસો સરકાર દ્વારા કરવામાં આવે છે.

## 4.4 સમાજવાદની સિદ્ધિઓ :

સમાજવાદી વિચારધારાનો મુખ્ય ઉદ્દેશ્ય સમાજમાં સમાનતા અને શોષણના પ્રમાણને ઘટાડવાનું છે. આ જ ઉદ્દેશ્યનો સ્વીકાર કરીને વિશ્વના દેશોએ આ ખ્યાલ દ્વારા હકારાત્મક સિદ્ધિઓ હાંસલ કરી છે. જેની સમજૂતી નીચે મુજબ છે.

1. આર્થિક અસમાનતામાં ઘટાડો

   મૂડીવાદી વ્યવસ્થામાં સંપતિ માત્ર અમુક લોકોના હાથમાં કેન્દ્રિત હોવાના કારણે અને વારસા પ્રથાના અસ્તિત્વના કારણે ગરીબ અને ધનિક લોકોની વચ્ચે મોટી ખાઈ સર્જાતી હતી, પરંતુ સમાજવાદમાં સંપતિ અંગેનું સંપૂર્ણ સંચાલન સરકારના હાથમાં હોવાથી આર્થિક અસમાનતાની તે ખાઈ સર્જાતી નથી. સમાજવાદમાં પ્રગતિશીલ કરવેરાના આધારે સરકાર ધનિકો પાસે વધુ અને ગરીબો પાસે ઓછા કે નહીવત કરવેરા નાંખીને આર્થિક સમાનતા લાવે છે. વર્તમાનમાં નોર્વે, સ્વીડન, ડેન્માર્ક, અને ફિનલેન્ડ જેવા દેશોએ પ્રગતિશીલ કરવેરા દ્વારા પોતાના દેશમાં સંપતિની પુનઃ વહેચણી કરી છે. આ દેશોમાં એક સામાન્ય સફાઈ કામદાર અને કંપનીના મેનેજરના જીવનધોરણમાં કોઈ મોટો તફાવત નથી.

2. શોષણમુક્ત સમાજની રચના

   મૂડીવાદી વ્યવસ્થામાં ખાનગી માલિકીના અસ્તિત્વના કારણે મૂડીપતિઓ ઉત્પાદનનના જીવંત સાધન એવા શ્રમિકનો ઉપયોગ પોતાની મરજી પ્રમાણે કરે છે. મૂડીપતિઓ શ્રમિકો પાસે વધુ કલાક કામ કામ કરાવીને ઓછું વેતન આપે છે અને તેમના દ્વારા કમાયેલો નફો પોતાના ખિસ્સામાં રાખે છે. આમ અહી શ્રમિકો શોષણનો શિકાર બને છે. પરંતુ સમાજવાદી પદ્ધતિમાં સાધનોની માલિકી સરકારની હોવાથી સરકાર શ્રમિકોનું શોષણ કરવાને બદલે તેમના કલ્યાણ અંગે વધુ વિચારે છે. સમાજવાદ શોષણ વિરોધી વ્યવસ્થા છે આથી અહીં માણસ દ્વારા માણસનું શોષણ શક્ય નથી. વર્તમાનમાં સમાજવાદના સ્વરૂપને સ્વીકાર કરનારા દેશોમાં 8 કલાકની નોકરી, રવિવારની રજા, પગાર સાથે રજા, માતૃત્વ રજા,પિતૃત્વ રજા વગેરે જેવા શ્રમિકોના કલ્યાણ અંગેના નિયમો બન્યા છે.

3. સમાજ કલ્યાણને પ્રાથમિકતા

   સમાજવાદમાં વ્યક્તિગત હિત કરતા સામૂહિક હિત વધુ મહત્વનું છે. દેશમાં વ્યક્તિગત

નફાને બદલે સામાજિક લાભને પ્રાથમિકતા આપવામાં આવે છે. આ પદ્ધતિમાં જે વસ્તુઓ અને સેવાઓ  સમાજ કલ્યાણ માટે અગત્યની છે તેને જ પ્રાધાન્ય આપીને સરકાર તેનું ઉત્પાદન કરે છે. ઉદાહરણ તરીકે દેશમાં મોજશોખની વસ્તુઓની તુલનાએ જાહેર ધોરણે ઔદ્યોગિક એકમો, વાહન વ્યવહાર, સંદેશા વ્યવહાર, પુસ્તકાલય, હોસ્પિટલ, શાળા, કોલેજ અને યુનિવર્સીટી વગેરેનું ઉત્પાદન કરવા માટે સરકાર ધ્યાન કેન્દ્રિત કરે છે. સમાજવાદી અભિગમનો સ્વીકાર કરનાર દેશોમાં સૌથી શ્રેષ્ઠ ઉદાહરણ ક્યુબા અને ફિનલેન્ડનું છે. ક્યુબા આર્થિક રીતે નબળું હોવા છતાં, તે દેશની નિશુલ્ક આરોગ્ય સેવાને કારણે ત્યાંના લોકોનું સરેરાશ આયુષ્ય દર અમેરિકા જેટલું જ છે. બીજી બાજુ ફિનલેન્ડમાં શિક્ષણ સંપૂર્ણ મફત છે, જેના કારણે તે દેશમાં વિશ્વની શ્રેષ્ઠ શિક્ષણ વ્યવસ્થાનો વિકાસ થયો છે.

4. સંસાધનનો કાર્યક્ષમ સંચાલન

મૂડીવાદી વ્યવસ્થામાં માત્ર નફાને લક્ષ્યમાં લઈને કામ કરવામાં આવતું હોવાથી ત્યાં સંસાધનોના કાર્યક્ષમ ઉપયોગના બદલે તનો વધુ બગાડ થાય છે. પરંતુ સમાજવાદી વ્યવસ્થામાં સમાજ હિતને જ લક્ષ્યમાં લઈને કામ કરવામાં આવે છે અને અર્થતંત્રમાં ઉત્પાદનનના દરેક સાધનને લાંબા સમયની રોજગારી મળી રહે તેવા પ્રયાસો સરકાર દ્વારા કરવામાં આવે છે.આમ આ પદ્ધતિમાં સરકાર સંસાધનોનો ઉપયોગ રાષ્ટ્ર વિકાસ માટે જ કરે છે. વિશ્વમાં સમાજવાદનો સ્વીકાર કરનાર અગ્રસર રાષ્ટ્રોમાંનું રશિયા એક છે. રશિયાનો ઈતિહાસ તપાસતા જોવા મળશે કે માત્ર  ખેતીક્ષેત્ર પર જ આધારિત રશિયાએ પોતાના દેશના સંસાધનોનો એવો કાર્યક્ષમ ઉપયોગ કર્યો કે જેના કારણે વર્તમાનમાં વિશ્વમાં તે અમેરિકા પછીની બીજી મહાસત્તા બની ગયું છે.

5. આર્થિક સ્થિરતા

મુક્ત વ્યવસ્થા તરીકે ઓળખાતી મૂડીવાદી વ્યવસ્થા તેજી અને મંદીના ચક્રોમાં ફસાયેલી રહે છે જેના કારણે તેની સીધી અસર દેશના ઉત્પાદન, રોજગારી, આવક, બચત અને મૂડીરોકાણ પણ પડતા દેશની આર્થિક સ્થિરતા ખોરવાય છે. પરંતુ નિયંત્રિત વ્યવસ્થા તરીકે ઓળખાતી સમાજવાદી વ્યવસ્થા આર્થિક અસ્થિરતાથી મુક્ત વ્યવસ્થા છે. કારણે કે સમાજવાદમાં કેન્દ્રિય આર્થિક આયોજનના પરિણામે સમગ્ર આર્થિક બાબતો સરકારના નિયંત્રણમાં જ હોય છે. સમાજવાદમાં  દેશ તેજી અને મંદીના વમળોમાં ન ફસાય તેવી તકેદારી રાખવામાં આવતી હોવાથી દેશમાં આર્થિક સ્થિરતા જળવાઈ રહે છે. 2008માં અમેરિકામાંથી આવેલી મહામંદીથી જયારે સમગ્ર વિશ્વ અસરગ્રસ્ત હતું ત્યારે સમાજવાદી અભિગમનો સ્વીકાર કરનાર ચીને આર્થિક રીતે સ્થિર બનીને પોતાના આર્થિક વિકાસનો 9 ટકા જેટલો દર જાળવી રાખ્યો હતો.

6. બેરોજગારીમાં ઘટાડો

મૂડીવાદમાં મૂડીપતીઓના નફાના પ્રમાણમાં ઘટાડો થતા શ્રમિકોને તેઓ કામ પરથી ખસેડી દે છે જેના કારણે તેમને બેરોજગારીનો સામનો કરવો પડે છે, પરંતુ દેશના લોકો બેરોજગારી જેવી સમસ્યાથી ન પીડાય અને બધાને સન્માનજનક કામ મળી રહે તે સમાજવાદી પદ્ધતિની મુખ્ય જવાબદારી છે. આ પદ્ધતિમાં સરકાર દ્વારા દરેક સક્ષમ વ્યક્તિને કામ પૂરું પાડવાનો પ્રયાસ કરવામાં આવે છે જેથી બેરોજગારીનો દર નીચો રહે છે અને લોકોને આર્થિક સુરક્ષા પણ મળે છે. મિશ્ર અર્થતંત્રનો સ્વીકાર કર્યો હોવા છતીય ભારતે સમાજવાદી વિચારધારામાંથી પ્રેરણા લઈને દેશમાં બેરોજગારીની સમસ્યાના નિવારણ માટે 'મનરેગા' જેવી યોજના અમલમાં લાવી છે. આ યોજના ગ્રામીણ વિસ્તારના ગરીબોને રોજગારીની ખાતરી આપે છે.

7. ઈજારાશાહીનો અંત

મૂડીવાદી પદ્ધતિમાં નફો કેન્દ્ર સ્થાને હોવાના કારણે બજારમાં ઉત્પાદકો ખોટી જાહેરાતો કરીને અથવા ગ્રાહકોને ખોટી લાલચ આપીને ઈજારાનું સર્જન કરે છે, જેમાં તેઓ ગ્રાહકોનું શોષણ કરીને અથવા હલકી ગુણવતાવાળી વસ્તુઓનું વેચાણ કરીને અઢળક નફો કમાવે છે, પરંતુ સમાજવાદમાં નફાને બદલે સરકાર કલ્યાણને ધ્યાનમાં લેતી હોવાથી સામૂહિક હિતને ધ્યાનમાં લઈને જ વસ્તુઓ અને સેવાઓનું ઉત્પાદન કરે છે અને તેની કિમતો પણ જાતે જ નક્કી કરે છે. આથી બજારમાં કોઈ પણ પ્રકારના ઈજારાશાહી પરિબળો જોવા મળતા નથી. આઝાદી પછી ભારતે વાહન વ્યવહાર, વીમા અને ઉત્પાદન વગેરે જેવા ક્ષેત્રમાં પહેલ કરીને ખાનગી ઈજારાને નાબુદ કર્યા છે અને રેલવે, એલ.આઈ.સી., અને ઓ.એન.જી.સી. જેવી સંસ્થાઓ તેના ઉત્તમ ઉદાહરણ છે.

8. સમતોલ પ્રાદેશિક વિકાસ

મૂડીવાદમાં ઉત્પાદકો નફાને ધ્યાનમાં રાખીને જ કામ કરતા હોવાથી તેઓ મોટા ભાગે એવા વિસ્તારોમાં પોતાના એકમોની સ્થાપના કરે છે જ્યાં તેમની વસ્તુઓ અને સેવાઓનું વિપુલ પ્રમાણમાં વેચાણ થાય અને તેમનો નફાનું પ્રમાણ વધે. આમ તેઓ મોટા ભાગે શહેરોમાં જ પોતાના ઔદ્યોગિક એકમોની સ્થાપના કરે છે જેના કારણે ગ્રામીણ વિસ્તારો તે લાભોથી વંચિત રહે છે. સમાજવાદી વ્યવસ્થા આ બાબતમાં મૂડીવાદી વ્યવસ્થા કરતા તદન જુદી વિચારધારા ધરાવે છે. આ વ્યવસ્થામાં સરકાર પહેલા પછાત વિસ્તારોમાં ઉત્પાદન એકમોની સ્થાપના કરવાને પ્રાધાન્ય આપે છે જેના કારણે શહેરી અને ગ્રામીણ વિસ્તારોનો સંતુલિત વિકાસ જળવાઈ રહે. સમાજવાદી અભિગમ ધરાવતા ચીનના પૂર્વ ભાગમાં સાંઘાઈ જેવા વિકસિત શહેરો છે પરંતુ અને પશ્ચિમ ભાગમાં પછાત પહાડી

વિસ્તારો છે. તે પહાડી વિસ્તારોમાં કોઈ ખાનગી કંપનીઓ પોતાના એકમો સ્થાપિત કરવા તૈયાર નહોતી ત્યારે ચીને ત્યાં બુલેટ ટ્રેન અને રસ્તાઓનો વિકાસ કરીને તે વિસ્તારોનો આર્થિક વિકાસ કર્યો છે.

9. વર્ગ વિગ્રહનો અંત

મૂડીવાદી વ્યવસ્થામાં મૂડીપતિ અને શ્રમિક આ બે વર્ગો વચ્ચે સતત સંઘર્ષ થાય છે, પરંતુ સમાજવાદમાં ખાનગી સંપતિનું અસ્તિત્વ ન હોવાના કારણે કોઈ માલિક કે નોકર હોતો નથી. સમાજવાદી વ્યવસ્થાનો ઉદ્દેશ્ય વર્ગવિહીન સમાજ રચના છે. આ વ્યવસ્થામાં સંપતિની માલિકી સરકારની હોવાથી 'માલિક' અને 'શ્રમિક' વચ્ચે થતા ઝઘડાઓ કે હડતાલોનું પ્રમાણ ખૂબ ઓછું રહે છે. સમાજમાં શાંતિ અને સહકારનું વાતાવરણ જળવાઈ રહે છે. જાપાન અને જર્મની બંને મૂડીવાદી દેશો છે પરંતુ બંને દેશોએ સમાજવાદી મૂલ્યોનો સ્વીકાર કર્યો છે. આ દેશોમાં કંપનીના માલિક અને સામાન્ય કામદારના જીવનધોરણમાં કોઈ મોટો તફાવત નથી. ઉપરાંત જાપાનમાં માલિકો અને શ્રમિકો વચ્ચે કૌટુંબિક સંબંધો જેવો વ્યવહાર જોવા મળે છે, જેના કારણે ત્યાં હડતાલો અને સંઘર્ષોનું પ્રમાણ ખુબ જ ઓછું જોવા મળે છે અને સામુહિક સહકારની ભાવના વધુ જોવા મળે છે.

10. સહકારી પ્રવ્રુતિઓનો વિકાસ

સમાજવાદ સામુહિક વિકાસને પ્રોત્સાહન આપતી એક આર્થિક પદ્ધતિ છે. આ વ્યવસ્થામાં મૂડીપતિ અને શ્રમિક જેવા વર્ગોને વિભાજીત કરવાને બદલે સહકારની ભાવના વિકસાવવાનો પ્રયાસ કરવામાં આવે છે. સમાજવાદી વ્યવસ્થાની સૌથી સફળ અને વ્યવહારિક સિદ્ધિઓમાં સહકારી પ્રવૃત્તિઓનો વિકાસ મુખ્ય છે. સામાન્ય રીતે સમાજવાદના ખ્યાલને માત્ર સરકારી નિયંત્રણ સાથે જોડવામાં આવે છે, પરંતુ સહકારી ક્ષેત્ર એ સમાજવાદનું એવું સ્વરૂપ છે જ્યાં માત્ર સરકાર જ નહીં પણ સામાન્ય લોકો પણ માલિક બને છે. મિશ્ર અર્થતંત્રનો સ્વીકાર કરનાર ભારત દેશમાં "અમુલ ડેરી" સહકારી પ્રવૃત્તિનું શ્રેષ્ઠ ઉદાહરણ છે. આમ વર્તમાનમાં દેશોએ ભલે કોઈ પણ આર્થિક પદ્ધતિનો સ્વીકાર કર્યો હોય પણ તેના મૂળમાં સમાજવાદના લક્ષણો જોવા મળે છે.

## 4.5 સમાજવાદની મર્યાદાઓ :

1. નિમ્ન કાર્યક્ષમતા અને પ્રોત્સાહનનો અભાવ

સમાજવાદમાં સમાનતા એ તેનું મુખ્ય લક્ષણ છે. આથી દરેક આર્થિક પ્રવૃતિમાં કામ કરતા કામદારોનું વેતન સમાન હોય છે અને નોકરીની સુરક્ષા પણ હોય છે. આ ખાસિયત મહેનતુ અને આળસુ વ્યક્તિના કિસ્સામાં મર્યાદા બની જાય છે, કારણ કે બંનેને સમાન

કામ સોપવામાં આવે છે, જેમાં એક વ્યક્તિ મહેનતથી કામ કરે છે અને બીજો આળસના કારણે દેખાવા પૂરતું જ કામ કરે છે. પરંતુ અહી બંનેને વેતન સરખું જ મળે છે. મહેનતુ વ્યક્તિને સરકાર તરફથી કોઈ પણ પ્રકારનું અલગથી પોત્સાહન ન મળતું હોવાથી તેની કામ કરવાની ધગસ મરી જાય છે. આમ તેની સીધી અસર કોઈ પણ એકમની કાર્યક્ષમતા પર પડે છે.

2. અમલદારશાહીનું વર્ચસ્વ

અર્થતંત્રના વિકાસને સ્પર્શતા તમામ સઘળા નિર્ણયો લેવાની જવાબદારી દેશની સરકારના પ્રતિનિધિઓ કે અમલદારોને સોપવામાં આવે છે. આથી અહીં દેશમાં અમલદારોનું વર્ચસ્વ સૌથી વધુ હોય છે. તેમના વર્ચસ્વના કારણે જો દેશમાં ઝડપી કામ થતું હોય કે દેશનો ઝડપી વિકાસ થતો હોય તો તેમના વર્ચસ્વનો સ્વીકાર કરવામાં કોઈ સમસ્યા નથી, પરંતુ દેશમાં વાસ્તવિકતા કંઇક જુદી જ જોવા મળે છે. અમલદારોના નિર્ણયોમાં લાગતો સમય દેશના વિકાસને પાછળની તરફ ધકેલે છે. 1991 પહેલા ભારતમાં સમાજવાદી વિચારધારાના સ્વીકારના કારણે ઉદ્યોગો ઘણા બધા જડ નીતિ નિયમોમાં ફસાયેલા હતા. આથી તે સમયના અમલદારોના નિર્ણયોએ ભારતના વિકાસની ગતિ ધીમી કરી નાંખી હતી.

3. ગ્રાહકોની પસંદગી ગૌણ

મૂડીવાદી વ્યવસ્થામાં ગ્રાહકને સંપૂર્ણ સ્વતંત્રતા મળવાના કારણે "ગ્રાહકને બજારનો રાજા" તરીકે ઓળખવામાં આવે છે. ગ્રાહક દ્વારા કરાયેલી માંગના આધારે જ વસ્તુઓ અને સેવાઓનું ઉત્પાદન થવાના કારણે તેની જ પસંદગીને પ્રાથમિકતા આવે છે, પરંતુ સમાજવાદમાં ગ્રાહક રાજા નહિ પરંતુ લાચાર છે કારણ કે તેમાં ગ્રાહકની માંગના આધારે નહિ પરંતુ સરકાર દ્વારા નક્કી કરાયેલ ધોરણોના આધારે ઉત્પાદન કરવામાં આવે છે. આથી અહીં વસ્તુઓ અને સેવાઓનો વપરાશ ગ્રાહક પસંદગીના આધારે નહિ, પરંતુ ફરજિયાતપણાના આધારે કરે છે. ઉત્તર કોરિયા જેવા કટ્ટર સમાજવાદી દેશમાં મોબાઈલ ફોન, કાર,ઈન્ટરનેટ અને હેરસ્ટાઈલ જેવી સામાન્ય બાબતોમાં પણ લોકોને કોઈ પસંદગી મળતી નથી. આથી સમાજવાદી વ્યવસ્થામાં ગ્રાહકની પસંદગી પ્રાથમિક નહિ પરંતુ ગૌણ હોય છે.

4. ટેકનોલોજી અને સંશોધનનો મર્યાદિત વિકાસ

અર્થતંત્રમાં નવીનતા હંમેશા જોખમ અને હરીફાઈમાંથી જન્મ લે છે. સમાજવાદી વ્યવસ્થામાં જોખમ અને હરીફાઈ જેવા પરિબળોની ગેરહાજરી હોવાના કારણે નવીનતા

ઓછી જોવા મળે છે. મૂડીવાદી વ્યવસ્થામાં ઉત્પાદકો નફામાં કઈ રીતે વધારો થાય તેના પર વધુ ધ્યાન કેન્દ્રિત કરે છે. આ નફામાં વધારો ટેકનોલોજી અને સંશોધન દ્વારા જ થઇ શકે છે આથી ઉત્પાદકો તેને વધુ મહત્વ આપે છે. સમાજવાદી વ્યવસ્થામાં નફા કરતા સમાજ કલ્યાણ વધુ અગત્યનું હોવાથી સરકાર ટેકનોલોજી અને સંશોધનના વિકાસ તરફ ઓછું ધ્યાન આપે છે. વિશ્વમાં આઈફોન, ગુગલ કે ફેસબુક જેવી વસ્તુઓ અને સેવાઓ અમેરિકા જેવા મૂડીવાદી દેશોમાંથી ઉદભવેલી છે. રશિયા કે અન્ય સમાજવાદી દેશો ગ્રાહક-લક્ષી વસ્તુઓ અને સેવાઓમાં પાછળ છે કારણ કે ત્યાં હરીફાઈ અને જોખમનું અસિતત્વ નથી.

5. સત્તાનું કેન્દ્રીકરણ

બ્રિટીશ લેખક અને ઈતિહાસકાર લોર્ડ એક્ટનના અનુસાર ''સત્તા માણસને ભ્રષ્ટ કરે છે, અને નિરંકુશ સત્તા સંપૂર્ણપણે ભ્રષ્ટ કરે છે.'' તેમનું આ કથન સમાજવાદી વ્યવસ્થાને લાગુ પડે છે કારણ કે સમાજવાદી અર્થવ્યવસ્થામાં સમગ્ર સત્તા સરકારના હાથમાં હોય છે અને દેશના તમામ નિર્ણયો લેવાનો અધિકાર સરકાર પાસે હોય છે. આમ આ વ્યવસ્થામાં સંપૂર્ણ સત્તા સરકારના હાથમાં હોવાથી ભ્રષ્ટાચાર જેવી સમસ્યાઓનું પણ સર્જન થાય છે. વેનેઝુએલા દેશ તેનું વર્તમાન ઉદાહરણ છે. તે દેશ પાસે વિશ્વના સૌથી મોટા તેલના ભંડાર હોવા છતાં, ત્યાં સમગ્ર વહીવટ સમાજવાદી સરકારના હાથમાં હોવાના પરિણામે, તે દેશમાં ભ્રષ્ટાચાર એટલી હદે વધ્યું છે કે તેની સીધી અસર તેના અર્થતંત્ર પર પડી છે અને આજે ત્યાંના લોકો કચરામાંથી ખાવાનું શોધીને ખાવા માટે મજબૂર બન્યા છે. આમ વધુ પડતું સત્તાનું કેન્દ્રીકરણ દેશ માટે હાનિકારક પણ સાબિત થાય છે.

6. સાધનોની મનસ્વી ફાળવણી

મૂડીવાદમાં સાધનોની ફાળવણી વસ્તુઓ અને સેવાની માંગ પુરવઠાના આધારે બજારતંત્ર દ્વારા થાય છે. આમ આ સિદ્ધાંતના આધારે ફાળવણી થવાના કારણે સાધનોના બગાડની શક્યતા ઘટે છે. સમાજવાદમાં સાધનોની ફાળવણી બજાર માંગ કે પુરવઠાના આધારે થવાને બદલે આયોજન પંચ દ્વારા થાય છે. આ ફાળવણી તાર્કિક રીતે થતી નથી પરંતુ આયોજનપંચની પસંદગીના આધારે કરવામાં આવે છે. આમ આવું થવાના કારણે સાધનોની ફાળવણી સાચી દિશામાં ન થતા તેનો બગાડ થાય છે. મિશ્ર અર્થતંત્રનો સ્વીકાર કરનાર ભારત દેશમાં આવું અમુક ક્ષેત્રોમાં જોવા મળે છે. જેમ કે ભારતમાં બી.એસ.એન.એલ જેવી સંચાર નિગમની કંપની ખોટમાં ચાલી રહી છે, તે કંપનીને બંધ કરવાને બદલે સરકાર લોકોના કરવેરામાંથી પ્રાપ્ત આવકો તેની પાછળ ખર્ચીને તે એકમને ચલાવી રહી છે. આમ અહી સાધનોની ફાળવણી સાચી દિશામાં ન જતા તેના ભારનું વહન દેશના લોકોને કરવું પડે છે.

7. પ્રતિભાશાળી અને કુશળ લોકોનું પલાયન

સમાજવાદની ગંભીર મર્યાદા દેશમાંથી પ્રતિભાશાળી અને કુશળ લોકોનું પલાયન છે. સમાજવાદી વ્યવસ્થામાં 'સમાનતા' સ્થાપવાના ઉદેશ્યના કારણે ઘણીવાર વધુ કૌશલ્ય ધરાવતા લોકો અને સામાન્ય કૌશલ્ય ધરાવતા લોકોના વળતરમાં વધુ તફાવત જોવા મળતું નથી. જયારે વધુ કૌશલ્ય ધરાવતા લોકોને અનુભય થાય કે તેમની મહેનત અને આવડતનું તેમને યોગ્ય વળતર મળતું નથી અને સામેથી સરકાર " સંપતિની પુનઃ વહેચણી" કરવાના નામે તેમના પર વધુ કરવેરા નાંખીને તેમની આવકનો મોટો હિસ્સો લઇ લે છે, ત્યારે વિશેષ પ્રોત્સાહનના અભાવે લોકો દેશમાંથી પલાયન કરવાનો નિર્ણય લે છે. ભારતનું ઉદાહરણ લઈએ તો ભારત સરકાર IIT અને IIM જેવી સંસ્થાઓમાં વ્યાજબી દરે શિક્ષણ આપીને દેશમાં સારા એન્જિનિયરો અને ડોક્ટરો તૈયાર કરે છે, પરંતુ આવા પ્રતિભાશાળી લોકોને યોગ તક કે વળતર આપતી ન હોવાથી તે લોકો પોતાની સેવાઓ વધુ વળતર આપતા દેશોને આપવાનું પસંદ કરે છે.

8. ગૌણ વ્યક્તિ સ્વાતંત્ર્ય

સ્વતંત્રતાની દ્રષ્ટીએ સમાજવાદનો ખ્યાલ મૂડીવાદ કરતા થોડો સંકુચિત છે.સમાજવાદમાં સમાજનું સ્થાન મુખ્ય અને વ્યક્તિનું સ્થાન ગૌણ હોય છે. તેથી અર્થતંત્રની સમગ્ર પ્રવૃતિઓ સમાજને કેન્દ્રમાં રાખીને કરવામાં આવે છે. અર્થતંત્રમાં ઉત્પાદન,રોકાણ,આવક,ખર્ચ અને બચત વગેરે જેવી આર્થિક બાબતોનો નિર્ણય સરકાર દ્વારા લેવામાં આવે છે, આ બાબતોમાં નિર્ણય લેવા માટે વ્યક્તિને કોઈ પણ પ્રકારની સ્વતંત્રતા આપવામાં આવતી નથી. સમાજવાદી વિચારધારામાં સામૂહિક હિતના નામે વ્યક્તિના મૂળભૂત હિતો ગૌણ બની જાય છે. કોઈ પણ વ્યક્તિ પોતાની ઈચ્છા અને આવડત પ્રમાણે મુક્તપણે વેપાર-ધંધો કરી શકતો નથી અથવા અમુક મર્યાદા કરતા વધુ સંપત્તિનું સર્જન કરી શકતો નથી. આમ આ વ્યવસ્થામાં સંપૂર્ણ આર્થિક સત્તા સરકારના હાથમાં હોવાથી તે સત્તા નાગરિકોના અવાજને દબાવવાનું માધ્યમ બની જાય છે.

9. ધીમો આર્થિક વિકાસ

સમાજવાદી વ્યવસ્થામાં સમાજ કલ્યાણ અને સમાનતાના વધુ પડતા મહત્વના કારણે બજારમાં હરીફાઈ અને જોખમ લેવાની સાહસિકતા નાશ પામે છે. કોઈ પણ દેશના ઝડપી વિકાસ માટે હાઈફાઇ અને જોખમ લેવાની સાહસિકતા જરૂરી છે જે સમાજવાદી દેશોમાં જોવા મળતી નથી. આ બાબતને વિસ્તારથી ભારતના ઉદાહરણ દ્વારા સમજી શકાય. આઝાદી બાદ 1950 થી 1990 દરમિયાન ભારતની આર્થિક વ્યવસ્થા સમાજવાદી વિચારધારાવાળી હતી. સામાજિક અભિગમના પરિણામે આ ચાર દાયકાઓ દરમિયાન

ભારતનો કાચી આંતરિક પેદાશનો વાર્ષિક દર સરેરાશ 3.5% ની આસપાસ જ રહ્યો હતો. તે વાર્ષિક દરને અર્થશાસ્ત્રીઓ કટાક્ષમાં 'હિન્દુ રેટ ઓફ ગ્રોથ' તરીકે ઓળખાવતા હતા. પરંતુ 1991માં તે સમયના વડા પ્રધાન નરસિંહ રાવ અને નાણામંત્રી મનમોહનસિંહ દ્વારા કરવામાં આવેલ આર્થિક સુધારાઓના પરિણામે ભારતનો કાચી આંતરિક પેદાશનો વાર્ષિક દર સરેરાશ 7 થી 8% જેટલો રહ્યો હતો. આમ આ તફાવત દ્વારા સ્પષ્ટ થાય છે કે સમાજવાદી જડતા દેશના આર્થિક વિકાસની ગતિને ધીમી કરે છે.

10. અયોગ્ય કિંમત નિર્ધારણ

વસ્તુઓ અને સેવાઓનું કૃત્રિમ કે યોગ્ય રીતે કિંમત નિર્ધારણ એ સમાજવાદી આર્થિક પદ્ધતિની ગંભીર મર્યાદા છે. કોઈ પણ અર્થતંત્રમાં કોઈ પણ વસ્તુઓ અને સેવાઓની કિંમતનું નિર્ધારિણ બજાર માંગ અને પુરવઠાના આધારે થવું જોઈએ અર્થાત નૈતિક રીતે થવું જોઈએ. પરંતુ સમાજવાદી આર્થિક પદ્ધતિમાં આ નૈતિકતા જળવાતી નથી. આ વ્યવસ્થામાં કિંમત નિર્ધારણ સરકાર દ્વારા પોતાની લોકપ્રિયતા વધારવા માટે પણ કરવામાં આવતી હોય છે. ઉદાહરણ તરીકે લોકપ્રિયતા માટે સરકાર ગરીબોને ઓછી કિંમતે વસ્તુઓ કે સેવાઓ મળે તે માટે બળજબરીપૂર્વક ઓછી કિંમત નક્કી કરે છે પછી ભલે તે કિંમત ઉત્પાદકો માટે યોગ્ય હોય કે નહિ તે જોવામાં આવતું નથી. આમ તેની વિપરીત અસર ઉત્પાદકો પડે છે અને અંતે તેઓ એકમો બંધ કરી દે છે.

આવું ભૂતકાળમાં વેનેઝુએલા દેશમાં થયેલું છે , જ્યાં સરકારે ગરીબોને ઓછી કિંમતે બ્રેડ આપવા માટે બળજબરીપૂર્વક તેની ઓછી કિંમત નક્કી કરી હતી. પરિણામે, બેકરીના માલિકોને કાચા માલનો ખર્ચ કિંમત કરતા વધુ પડતો હોવાથી તેમણે બેકરીઓ બંધ કરી દીધી, જેના પરિણામે દેશમાં અનાજની અછત સર્જાઈ હતી.

## 4.6 સારાંશ :

મૂડીવાદી આર્થિક પદ્ધતિની ખામીઓના કારણે 19મી સદીમાં સમાજવાદનો ઉદભવ થયો. સમાજવાદનો મુખ્ય હેતુ દેશમાં સાધનો પર માલિકી સ્થાપીને આર્થિક અને સામાજિક સમાનતા લાવવાનો છે. આ વિચારધારાના સકારાત્મક પાસાં તપાસતાં જાણવા મળે છે કે તે વ્યવસ્થાના સ્વરૂપો સ્વીકાર કરનારા દેશો જેમકે રશિયા, ચીન, સ્વીડન, નોર્વે, ક્યુબા અને ફિનલેન્ડ વગેરેએ તેમના અર્થતંત્રમાં આર્થિક અને સામાજિક રીતે સમાનતા લાવીને એક સારું જીવન ધોરણ લોકોને આપ્યું છે અને પોતાનો વિકાસ કર્યો છે. આ વિચારધારાના નકારાત્મક પાસાં તપાસતાં જાણવા મળે છે કે, વધુ પડતા નિયંત્રણો અને અંકુશોના કારણે ભારત અને વેનેઝુએલા જેવા દેશોમાં વ્યક્તિ સ્વાતંત્ર્ય અને વિકાસ દર રૂંધાયો છે. આમ વર્તમાન સમયમાં વિશ્વના કોઈ પણ દેશમાં 'શુદ્ધ સમાજવાદ' કે 'શુદ્ધ મૂડીવાદ' જોવા મળતો નથી આથી હવે વિશ્વના દેશો 'મિશ્ર અર્થતંત્ર' તરફ વળ્યા છે, જેમાં બજારની કાર્યક્ષમતા અને સમાજવાદની લોકકલ્યાણની ભાવના આ બંનેના સમન્વય દ્વારા વિકાસ શક્ય બન્યો છે.

## 4.7 ચાવીરૂપ શબ્દો :

1. સામાજિક માલિકીઃ ઉત્પાદનનાં સાધનોની માલિકી પર રાજ્ય કે સમાજનો અધિકાર.
2. આર્થિક સમાનતાઃ સમાજમાં ગરીબ અને ધનિક વર્ગ વચ્ચે સમાનતા લાવવા માટે કરવામાં આવતી આવક વિતરણની ન્યાયી પ્રવૃત્તિ.
3. કેન્દ્રીય આયોજનઃ કેન્દ્રીય આયોજન એટલે મધ્યસ્થ સત્તા દ્વારા સમાજના હિતને ધ્યાનમાં લઈને અર્થતંત્રની બધી જ આર્થિક બાબતોનું કરવામાં આવતું આયોજન.
4. સહકારી પ્રવૃત્તિઃ સહકારી પ્રવૃત્તિ સામુહિક હિતને ધ્યાનમાં લઈને કરવામાં આવતી પ્રવૃત્તિ છે.
5. મિશ્ર અર્થતંત્રઃ સમાજવાદ અને મૂડીવાદના સમન્વયથી બનેલું આધુનિક આર્થિક પદ્ધતિનું સ્વરૂપ.

## 4.8 તમારી પ્રગતિ ચકાસો :

### (ક) નિબંધ પ્રકારના પ્રશ્નો

1. સમાજવાદનો અર્થ આપી તેના લક્ષણોની વિસ્તૃતમાં સમજૂતી આપો.
2. સમાજવાદનો અર્થ આપી તેની સિદ્ધિઓ અને મર્યાદાઓ વિશે સમજાવો.

### (ખ) ટૂંકનોંધ

1. સમાજવાદ વિશે ટૂંકમાં સમજાવો.
2. સમાજવાદના લક્ષણો ટૂંકમાં સમજાવો.
3. સમાજવાદની મર્યાદાઓ ટૂંકમાં સમજાવો.

### (ગ) હેતુલક્ષી પ્રશ્નો વિકલ્પો સાથે (MCQ)

1. સમાજવાદનો મુખ્ય ઉદ્દેશ્ય શું છે?

   (A) મહત્તમ નફાની પ્રાપ્તિ (B) ખાનગી સંપત્તિનો વિકાસ

   (C) સમાજ કલ્યાણ અને સમાનતા (D) બજારમાં હરીફાઈ વધારવી

2. સમાજવાદમાં ઉત્પાદનનાં સાધનોની માલિકી કોની હોય છે?

   (A) ખાનગી માલિકની (B) સરકારની

   (C) વિદેશી કંપનીની (D) શેરહોલ્ડરોની

3. કઈ ઐતિહાસિક ઘટનાના પ્રત્યાઘાત રૂપે સમાજવાદનો જન્મ થયો હતો?

(A) ફ્રેન્ચ ક્રાંતિ

(B) ઔદ્યોગિક ક્રાંતિ અને મૂડીવાદી શોષણ

(C) પ્રથમ વિશ્વયુદ્ધ

(D) શીત યુદ્ધ

4. સમાજવાદમાં અર્થતંત્રને લગતા નિર્ણયો કોણ લે છે?

(A) બજારતંત્ર (B) ઉદ્યોગપતિઓ

(C) કેન્દ્રીય આયોજન પંચ (D) નાગરિકો

5. નીચેનામાંથી કયું લક્ષણ સમાજવાદી વ્યવથાનું નથી?

(A) આવકની સમાન વહેંચણી (B) વર્ગવિહીન સમાજ

(C) ગળાકાપ હરીફાઈ (D) સામાજિક કલ્યાણ

6. ભારતની 'અમૂલ' ડેરી કઈ પ્રવૃતિનું ઉદાહરણ છે?

(A) વ્યક્તિગત પ્રવૃત્તિ (B) સહકારી પ્રવૃત્તિ

(C) સંરક્ષણ પ્રવુતિ (D) શૈક્ષણિક પ્રવૃત્તિ

7. 2008ની વૈશ્વિક મંદીમાં કયા દેશનું અર્થતંત્ર સમાજવાદી નિયંત્રણને કારણે ટકી રહ્યું હતું?

(A) અમેરિકા (B) ઇંગ્લેન્ડ (C) ચીન (D) જાપાન

8. સમાજવાદમાં વ્યક્તિગત સ્વતંત્રતા પર કેવી અસર થાય છે?

(A) હકારાત્મક (B) નકારાત્મક

(C) બંને (D) કોઈ જ અસર થતી નથી

9. ભારતના ધીમા આર્થિક વિકાસ દર (1950-1990) માટે કયો શબ્દ પ્રયોજાય છે?

(A) હિન્દુ રેટ ઓફ પોપ્યુલેશન (B) વિકાસશીલ દર

(C) હિન્દુ રેટ ઓફ ગ્રોથ (D) મંદ વિકાસ દર

10. સમાજવાદમાં હરીફાઈના અભાવે શું નુકસાન થાય છે?

(A) વસ્તુની ગુણવત્તા સુધરે છે (B) નવીનતા અને કાર્યક્ષમતા ઘટે છે

(C) ભાવ ઘટે છે (D) ગ્રાહકોને ફાયદો થાય છે

## ❖ સંદર્ભ વાચન

Heywood, A. (2017). *Political ideologies: An introduction* (6th ed., pp. 95–110). Palgrave Macmillan.

Kurien, V. (2005). *I too had a dream* (pp. 45–58). Roli Bokos.

J.R. Shah (1978). Mixed Economy (pp-4-8). University Granth Nirman Board.

Marx, K., & Engels, F. (2002). *The communist manifesto* (pp. 22–34). Penguin Classics. (Original work published 1848).

Samuelson, P. A., & Nordhaus, W. D. (2010). *Economics* (19th ed., pp. 35–42). McGraw-Hill Education.

Sen, A. (1999). *Development as freedom* (pp. 120–128). Oxford University Press.

Singh, R. (2020). *Indian economy* (12th ed., pp. 1.5–1.12). McGraw Hill Education.

## ❖ તમારી પ્રગતિ ચકાસો ના જવાબો :

1. (C) સમાજ કલ્યાણ અને સમાનતા
2. (B) સરકારની
3. (B) ઔદ્યોગિક ક્રાંતિ અને મૂડીવાદી શોષણ
4. (C) કેન્દ્રીય આયોજન પંચ
5. (C) ગળાકાપ હરીફાઈ
6. (B) સહકારી પ્રવૃત્તિ
7. (C) ચીન
8. (B) નકારાત્મક
9. (C) હિન્દુ રેટ ઓફ ગ્રોથ
10. (B) નવીનતા અને કાર્યક્ષમતા ઘટે છે

*****************

# એકમ-5
# સમાજવાદી વિચારધારા

**5.0 ઉદ્દેશ્યો**

**5.1 પ્રસ્તાવના**

**5.2 કાર્લ માર્કસના વિચારો**

**5.3 પોલ સ્વીઝીના વિચારો**

**5.4 સારાંશ**

**5.5 ચાવીરૂપ શબ્દો**

**5.6 તમારી પ્રગતિ ચકાસો**

❖ સંદર્ભ સ્રોત

❖ તમારી પ્રગતિ ચકાસોના જવાબ

## 5.0 ઉદ્દેશ્યો :

મિત્રો, આ એકમના અભ્યાસ કર્યા પછી તમે,

➢ કાલ માર્કસના સમાજવાદી વિચારો પર ચર્ચા કરી શકશો.

➢ પોલ સ્વીઝીના સમાજવાદી વિચારો પર ચર્ચા કરી શકશો.

## 5.1 પ્રસ્તાવના :

કાર્લ માર્ક્સ અને પોલ સ્વીઝી સમાજવાદી તથા માર્ક્સવાદી વિચારધારાના ઇતિહાસમાં અત્યંત મહત્વપૂર્ણ વિચારકો છે. કાર્લ માર્ક્સે 19મી સદીના મૂડીવાદનું વૈજ્ઞાનિક વિશ્લેષણ કરીને સમાજવાદને મજબૂત સૈદ્ધાંતિક આધાર આપ્યો, જયારે પોલ સ્વીઝીએ 20મી સદીના બદલાતા મૂડીવાદી સ્વરૂપને સમજાવીને માર્ક્સવાદને આધુનિક યુગ માટે મહત્વ બનાવ્યો. બંને વિચારકોનું મુખ્ય લક્ષ્ય મૂડીવાદી વ્યવસ્થાની આંતરિક ખામીઓને ઉજાગર કરવું અને શ્રમિક વર્ગના શોષણ સામે વૈચારિક પ્રતિભાવ આપવાનો રહ્યો છે.

માર્ક્સ અને સ્વીઝી બંને માટે મૂડીવાદ માત્ર આર્થિક વ્યવસ્થા નહીં પરંતુ એક શોષણકારી સામાજિક વ્યવસ્થા છે. માર્ક્સે જે ક્રાંતિકારી સમાજવાદની કલ્પના રજૂ કરી હતી, તેને સ્વીઝીએ 20મી સદીના વૈશ્વિક મૂડીવાદ અને વિકાસશીલ દેશોની અવિકાસતા સાથે જોડીને સમજાવી. બંને વિચારકો સમાજવાદને મૂડીવાદની વૈકલ્પિક અને વધુ ન્યાયી વ્યવસ્થા તરીકે જુએ છે, જ્યાં ઉત્પાદન નફા માટે નહીં પરંતુ માનવ જરૂરિયાતો માટે થાય છે.

## 5.2 કાર્લ માર્કસના વિચારો :

5.2.1 પરિચય :

કાર્લ માર્ક્સ આધુનિક સમાજવાદી, રાજકીય વિચારધારા અને અર્થશાસ્ત્રના અત્યંત પ્રભાવશાળી વિચારક હતા. તેમનો જન્મ 5 મે, 1818ના રોજ જર્મનીના ટ્રિયર શહેરમાં થયો હતો. માર્ક્સે સમાજના આર્થિક આધારને માનવ ઇતિહાસની ગતિશીલ શક્તિ તરીકે સમજાવ્યો અને આર્થિક સંબંધો કેવી રીતે રાજકીય, સામાજિક તથા સાંસ્કૃતિક રચનાને આકાર આપે છે તે સ્પષ્ટ કર્યું. તેમણે મૂડીવાદી વ્યવસ્થાનું વૈજ્ઞાનિક વિશ્લેષણ કરી શ્રમ શોષણ, અતિરેક મૂલ્ય અને વર્ગસંઘર્ષના સિદ્ધાંતો રજૂ કર્યા, જે સમાજમાં અસમાનતાના મૂળ કારણોને ઉજાગર કરે છે. કાર્લ માર્ક્સનું મુખ્ય યોગદાન "ઇતિહાસવાદી ભૌતિકવાદ" અને "વર્ગસંઘર્ષ"ના સિદ્ધાંતો છે. માર્ક્સ અનુસાર, માનવ ઇતિહાસ વર્ગો વચ્ચેના સંઘર્ષથી આગળ વધે છે અને અંતે વર્ગવિહીન સમાજની સ્થાપનાની દિશામાં ગતિ કરે છે.

માર્ક્સની વિચારધારાએ વિશ્વભરના શ્રમ આંદોલનો, સમાજવાદી રાજકીય પક્ષો અને ક્રાંતિઓને પ્રેરણા આપી. રશિયન ક્રાંતિ, ચીની ક્રાંતિ અને અનેક વિકાસશીલ દેશોના આંદોલનોમાં માર્ક્સવાદી વિચારધારાનો સ્પષ્ટ પ્રભાવ જોવા મળે છે.

5.2.2 પુસ્તકોઃ

1. The Communist Manifesto, 1848

   આ પુસ્તક કાર્લ માર્ક્સ અને ફ્રેડરિક એંગેલ્સ દ્વારા લખાયેલ છે. તેમાં વર્ગસંઘર્ષ, મૂડીવાદની ટીકા અને સામ્યવાદી સમાજની કલ્પનાને સરળ અને સ્પષ્ટ રીતે રજૂ કરવામાં આવી છે. આ ગ્રંથને સામ્યવાદી વિચારધારાનો આધારસ્તંભ માનવામાં આવે છે.

2. Das Kapital, 1867

   આ માર્ક્સનું સૌથી મહત્વપૂર્ણ અને વૈજ્ઞાનિક આર્થિક ગ્રંથ છે. તેમાં મૂડીવાદી ઉત્પાદન પદ્ધતિ, અતિરેક મૂલ્ય, શ્રમ શોષણ અને મૂડી સંચયની પ્રક્રિયાનું ઊંડું વિશ્લેષણ કરવામાં આવ્યું છે.

3. A Contribution to the Critique of Political Economy (1859)

   આ ગ્રંથમાં માર્ક્સેએ રાજકીય અર્થશાસ્ત્રની મૂળભૂત સમીક્ષા કરી છે અને ઇતિહાસવાદી ભૌતિકવાદના સિદ્ધાંતને સ્પષ્ટ કર્યો છે.

4. The German Ideology, 1846

   આ પુસ્તકમાં માર્ક્સ અને એંગેલ્સે આદર્શવાદી વિચારધારાની ટીકા કરી અને ભૌતિકવાદી ઇતિહાસની સંકલ્પનાને વિકસાવી છે. તેમાં સમાજના આર્થિક આધારની ભૂમિકા સમજાવવામાં આવી છે.

5. Wage Labour and Capital, 1847

આ પુસ્તકમાં શ્રમ, વેતન અને મૂડી વચ્ચેના સંબંધો સરળ ભાષામાં સમજાવવામાં આવ્યા છે અને મૂડીવાદ હેઠળ શ્રમિકની સ્થિતિનું વિશ્લેષણ કરવામાં આવ્યું છે.

5.2.3 સમાજવાદનો અર્થઃ

કાર્લ માર્ક્સ અનુસાર સમાજવાદ એ મૂડીવાદી શોષણપ્રધાન વ્યવસ્થાનો અંત લાવી ઉત્પાદનના સાધનો પર સામૂહિક માલિકી સ્થાપિત કરવાની પ્રક્રિયા છે. તેમાં શ્રમિક વર્ગને સત્તા પ્રાપ્ત થાય છે અને રાજય ઉત્પાદન તથા વિતરણને સમાજના હિતમાં નિયંત્રિત કરે છે. સમાજવાદ મૂડીવાદ અને સામ્યવાદ વચ્ચેનું પરિવર્તનશીલ તબકકો છે, જેમાં વર્ગભેદ ધીમે ધીમે નાબૂદ થાય છે અને માનવ જરૂરિયાતોની પૂર્તિને નફા કરતાં વધુ મહત્વ આપવામાં આવે છે, જેથી અંતે વર્ગવિહીન અને શોષણરહિત સમાજની સ્થાપના શક્ય બને છે.

5.2.4 ઐતિહાસિક ભૌતિકવાદઃ

ઐતિહાસિક ભૌતિકવાદ કાર્લ માર્ક્સનો મૂળભૂત સિદ્ધાંત છે, તેના મુજબ માનવ ઇતિહાસને સમજવાનો આધાર વિચારધારા કે ધર્મ નહીં પરંતુ સમાજની ભૌતિક પરિસ્થિતિઓ અને આર્થિક રચના છે. માર્ક્સના મત પ્રમાણે કોઈપણ સમાજનું આર્થિક આધાર તેની રાજકીય વ્યવસ્થા, કાયદા, ધર્મ, સંસ્કૃતિ અને વિચારોને આકાર આપે છે. એટલે કે માનવીનું સામાજિક અસ્તિત્વ તેના વિચારને નિર્ધારિત કરે છે, વિચારો માનવીના અસ્તિત્વને નહીં. આ દ્રષ્ટિકોણ દ્વારા માર્ક્સે ઇતિહાસના અધ્યયનમાં વૈજ્ઞાનિક અભિગમ રજૂ કર્યો.

ઐતિહાસિક ભૌતિકવાદ મુજબ ઉત્પાદનના સાધનો અને ઉત્પાદન સંબંધોમાં ફેરફાર થતાં સમાજની રચનામાં પણ પરિવર્તન આવે છે. જયારે જૂના ઉત્પાદન સંબંધો નવી ઉત્પાદન શક્તિઓને અવરોધે છે ત્યારે સમાજમાં સંઘર્ષ ઊભો થાય છે, જે અંતે સામાજિક ક્રાંતિ તરફ દોરી જાય છે. આ પ્રક્રિયા દ્વારા દાસપ્રથા, સામંતશાહી અને મૂડીવાદ જેવા તબક્કાઓ એક પછી એક વિકસ્યા છે. દરેક તબક્કામાં શાસક વર્ગ અને શોષિત વર્ગ વચ્ચે વર્ગસંઘર્ષ ઇતિહાસની ગતિશીલ શક્તિ બને છે.

કાર્લ માર્ક્સના મત અનુસાર ઐતિહાસિક ભૌતિકવાદ સમાજવાદ અને સામ્યવાદની વૈચારિક પાયાની ભૂમિકા ભજવે છે. આ સિદ્ધાંત દર્શાવે છે કે સામાજિક પરિવર્તન અચાનક કે માત્ર વિચારોથી નહીં પરંતુ આર્થિક પરિસ્થિતિઓના આંતરિક વિસંગતિઓથી સર્જાય છે. તેથી, ઐતિહાસિક ભૌતિકવાદ માનવ સમાજના વિકાસને સમજવા માટે એક વૈજ્ઞાનિક અને તર્કસંગત માળખું પ્રદાન કરે છે, જે આજે પણ સમાજવિજ્ઞાન અને અર્થશાસ્ત્રમાં અત્યંત મહત્વપૂર્ણ માનવામાં આવે છે.

### 5.2.5 વર્ગ સંઘર્ષનો સિદ્ધાંતઃ

વર્ગ સંઘર્ષનો સિદ્ધાંત કાર્લ માર્ક્સના સમગ્ર વિચારનું કેન્દ્રબિંદુ છે. માર્ક્સ મુજબ માનવ સમાજનો ઇતિહાસ કોઈ મહાન વ્યક્તિઓના કાર્યો કે વિચારધારાના વિકાસથી નહીં પરંતુ વિવિધ સામાજિક વર્ગો વચ્ચે ચાલતા સતત સંઘર્ષથી આગળ વધે છે. દરેક ઐતિહાસિક યુગમાં સમાજ બે મુખ્ય વર્ગોમાં વિભાજિત થયો છે. એક શાસક વર્ગ, જે ઉત્પાદનના સાધનો પર માલિકી ધરાવે છે અને બીજો શોષિત વર્ગ, જે પોતાની શ્રમશક્તિ વેચીને જીવનનિર્વાહ કરે છે. આ બંને વર્ગોના હિતો પરસ્પર વિરોધી હોવાથી સમાજમાં સંઘર્ષ અનિવાર્ય બને છે.

માર્ક્સ અનુસાર સમાજની આર્થિક રચના વર્ગોની રચનાનો આધાર છે. દાસપ્રથા, સામંતશાહી અને મૂડીવાદ જેવી દરેક ઉત્પાદન પદ્ધતિમાં અલગ—અલગ સ્વરૂપે વર્ગ સંઘર્ષ જોવા મળે છે. દાસપ્રથામાં માલિક અને દાસ, સામંતશાહીમાં જમિંદાર અને ખેડૂત તથા મૂડીવાદમાં મૂડીપતિ અને શ્રમિક વર્ગ વચ્ચે સંઘર્ષ રહ્યો છે. ઉત્પાદનના સાધનો પર નિયંત્રણ ધરાવતો વર્ગ પોતાની સત્તા જાળવવા રાજકીય, કાનૂની અને સાંસ્કૃતિક સાધનોનો ઉપયોગ કરે છે.

મૂડીવાદી વ્યવસ્થામાં વર્ગ સંઘર્ષ વધુ સ્પષ્ટ અને તીવ્ર બને છે. મૂડીપતિ વર્ગ નફો વધારવા માટે શ્રમિક વર્ગના શ્રમનું શોષણ કરે છે અને વધારાના મૂલ્ય પર કબજો જમાવે છે. પરિણામે શ્રમિક વર્ગ ગરીબી અને અસુરક્ષાનો ભોગ બને છે. આ પરિસ્થિતિમાં શ્રમિકોમાં વર્ગજાગૃતિ વિકસે છે, જેમાં તેઓ પોતાના શોષણના મૂળ કારણોને સમજવા લાગે છે અને સંગઠિત થવાની દિશામાં આગળ વધે છે.

કાર્લ માર્ક્સના મત મુજબ આ વર્ગ સંઘર્ષ અંતે સામાજિક ક્રાંતિ તરફ દોરી જાય છે. શ્રમિક વર્ગ સત્તા હસ્તગત કરીને મૂડીવાદી વ્યવસ્થાનો અંત લાવે છે અને સમાજવાદી વ્યવસ્થા સ્થાપિત કરે છે. આ પ્રક્રિયામાં વર્ગભેદ ધીમે ધીમે નાબૂદ થાય છે અને અંતે વર્ગવિહીન, શોષણરહિત સામ્યવાદી સમાજનું નિર્માણ થાય છે. આ રીતે વર્ગ સંઘર્ષનો સિદ્ધાંત માત્ર ભૂતકાળના ઇતિહાસને સમજાવતો નથી, પરંતુ સમાજના ભવિષ્યના વિકાસની દિશા પણ સ્પષ્ટ કરે છે.

### 5.2.6 અતિરેક મૂલ્યનો સિદ્ધાંતઃ

અતિરેક મૂલ્યનો સિદ્ધાંત કાર્લ માર્ક્સના રાજકીય અર્થશાસ્ત્રનો કેન્દ્રસ્થાનિય વિચાર છે. માર્ક્સ મુજબ મૂડીવાદી વ્યવસ્થામાં શ્રમિક પોતાની શ્રમશક્તિ વેતનના બદલે મૂડીપતિને વેચે છે. શ્રમિકને મળતું વેતન તેની જીવન જરુરિયાતો પૂરી કરવા જેટલું જ હોય છે, પરંતુ શ્રમિક કામ દરમિયાન જે કુલ મૂલ્ય ઉત્પન્ન કરે છે તે વેતન કરતાં ઘણું વધારે હોય છે. આ વધારાનું મૂલ્ય, જે શ્રમિકને મળતું નથી અને મૂડીપતિ પોતાના નફા રૂપે હસ્તગત કરે છે, તેને જ ''અતિરેક મૂલ્ય'' કહેવામાં આવે છે.

માર્ક્સે સ્પષ્ટ કર્યું કે અતિરેક મૂલ્ય શ્રમિકના શોષણનું મૂળ કારણ છે. મૂડીપતિ કામના કલાકો વધારીને અથવા શ્રમની ઉત્પાદનક્ષમતા વધારીને અતિરેક મૂલ્યમાં વધારો કરે છે. કામના સમયને બે ભાગમાં વહેંચી શકાય છે. 1) આવશ્યક શ્રમ સમય, જેમાં શ્રમિક પોતાનું વેતન સમાન મૂલ્ય ઉત્પન્ન કરે છે. 2) અતિરેક શ્રમ સમય, જેમાં તે મૂડીપતિ માટે વધારાનું મૂલ્ય ઉત્પન્ન કરે છે. આ રીતે શ્રમિક પોતાનું મૂલ્ય મેળવ્યા બાદ પણ કામ કરવા મજબૂર બને છે.

અતિરેક મૂલ્યના સિદ્ધાંત દ્વારા માર્ક્સે મૂડીવાદી નફાના રહસ્યને ઉજાગર કર્યું. તેમણે દર્શાવ્યું કે નફો બજારમાં ખરીદ–વેચાણની ચાલાકીથી નહીં, પરંતુ ઉત્પાદન પ્રક્રિયામાં શ્રમિકના અદશ્ય શોષણમાંથી જન્મે છે. તેથી, મૂડીવાદી નફો ન્યાયસંગત નહીં પરંતુ શોષણપ્રધાન હોય છે. આ દ્રષ્ટિકોણે પ્રશિષ્ટ અર્થશાસ્ત્રના નફા વિષયક સિદ્ધાંતોની ટીકા કરે છે.

કાર્લ માર્ક્સના મત મુજબ અતિરેક મૂલ્યનો સિદ્ધાંત સમાજવાદી વિચારધારાનો વૈજ્ઞાનિક આધાર પૂરો પાડે છે. આ સિદ્ધાંત સાબિત કરે છે કે જ્યાં સુધી ઉત્પાદનના સાધનો પર ખાનગી માલિકી રહેશે ત્યાં સુધી શ્રમનું શોષણ અનિવાર્ય રહેશે. તેથી, શોષણરહિત સમાજ માટે ઉત્પાદનના સાધનો પર સામૂહિક માલિકી અને સમાજવાદી વ્યવસ્થાની સ્થાપના આવશ્યક છે.

5.2.7 કાર્લ માર્ક્સના સિદ્ધાંતોની ટીકાઓઃ

કાર્લ માર્ક્સે સમાજના આર્થિક બંધારણને ઇતિહાસની મુખ્ય શક્તિ તરીકે રજૂ કરીને ઐતિહાસિક ભૌતિકવાદનો સિદ્ધાંત આપ્યો, પરંતુ આ અભિગમને ઘણા વિચારકો એકતરફી ગણાવે છે. ઇતિહાસનું ઘડતર માત્ર ઉત્પાદન સંબંધો દ્વારા નથી થતું, પરંતુ ધર્મ, સંસ્કૃતિ, પરંપરા, રાજકીય સંસ્થાઓ અને માનવ વિચારશક્તિનો પણ મહત્વપૂર્ણ ફાળો હોય છે. મેક્સ વેબર જેવા સમાજશાસ્ત્રીઓએ દર્શાવ્યું છે કે વિચારધારા અને નૈતિક મૂલ્યો પણ આર્થિક વિકાસને પ્રેરણા આપી શકે છે. તેથી માર્ક્સનો ભૌતિકવાદી ઇતિહાસ દ્રષ્ટિકોણ અધૂરો અને અતિસરળીકૃત માનવામાં આવે છે.

માર્ક્સના વર્ગસંઘર્ષના સિદ્ધાંતની પણ ગંભીર ટીકા કરવામાં આવી છે. તેમણે સમગ્ર સમાજને મુખ્યત્વે મૂડીપતિ અને શ્રમિક એમ બે વર્ગોમાં વિભાજિત કર્યો, જ્યારે આધુનિક સમાજમાં મધ્યવર્ગનો નોંધપાત્ર વિકાસ થયો છે. દરેક સમાજમાં હંમેશા વર્ગસંઘર્ષ જ હોય એવું નથી, પરંતુ સહકાર, સમન્વય અને લોકશાહી સંસ્થાઓ દ્વારા પણ સામાજિક પરિવર્તન શક્ય બને છે. મજૂરો પોતાના હકો કાયદેસર અને શાંતિપૂર્ણ માર્ગે મેળવી શકે છે, તેથી વર્ગસંઘર્ષને ઇતિહાસનો એકમાત્ર આધાર ગણાવવો વાસ્તવિકતાથી દૂર લાગે છે.

શ્રમમૂલ્ય અને કિંમતના સિદ્ધાંતો પણ આધુનિક અર્થશાસ્ત્ર સાથે સંપૂર્ણ રીતે સુસંગત નથી. મૂલ્યનું નિર્માણ માત્ર શ્રમ પર આધારિત ન રહીને માંગ-પુરવઠા, મૂડી, ટેકનોલોજી, સંગઠન અને જોખમ જેવા અનેક પરિબળોથી થાય છે. મૂડીપતિને મળતો નફો હંમેશા મજૂરના શોષણનું પરિણામ જ હોય એવું માનવું એકતરફી છે, કારણ કે મૂડીપતિ ઉત્પાદન માટે મૂડી રોકે છે અને જોખમ પણ ઉઠાવે છે. આધુનિક સમયમાં શ્રમિક કાયદા, ટ્રેડ યુનિયન અને કલ્યાણકારી રાજયના વિકાસથી શોષણમાં ઘટાડો થયો છે.

માર્ક્સની મૂડીવાદના અનિવાર્ય પતન, સર્વહારા ક્રાંતિ અને રાજયના અંત જેવી આગાહીઓ સંપૂર્ણ રીતે સાકાર થઈ નથી. મૂડીવાદી વ્યવસ્થાએ પોતાને સુધારી કલ્યાણકારી સ્વરૂપ ધારણ કર્યું છે, જયારે સામ્યવાદી દેશોમાં રાજય નાશ પામવાને બદલે વધુ સશક્ત બન્યું છે. આથી કહી શકાય કે કાર્લ માર્ક્સના વિચારો શોષણ અને અસમાનતાની સમજ માટે અત્યંત મહત્વપૂર્ણ છે, પરંતુ તેમના સિદ્ધાંતો સંપૂર્ણ, સર્વગ્રાહી અને સર્વકાલીન સત્ય તરીકે સ્વીકારવા યોગ્ય નથી.

## 5.3 પોલ સ્વીઝીના વિચારો :

### 5.3.1 પરિચય

પોલ માર્લો સ્વીઝી (Paul M. Sweezy, 1910–2004) આધુનિક નિયો-માર્ક્સવાદી સમાજવાદના સૌથી પ્રતિષ્ઠિત વિચારકોમાંના એક હતા. તેમણે હાર્વર્ડ યુનિવર્સિટીમાં શિક્ષણ પ્રાપ્ત કર્યું અને કાર્લ માર્ક્સના વૈજ્ઞાનિક સમાજવાદથી પ્રેરણા લઈને મૂડીવાદી અર્થવ્યવસ્થાનું ઊંડાણપૂર્વક વિશ્લેષણ કર્યું. સ્વીઝીનું મુખ્ય યોગદાન એ છે કે તેમણે પ્રશિષ્ટ માર્ક્સવાદને 20મી સદીના બદલાતા આર્થિક સંદર્ભ ખાસ કરીને મોટા ઉદ્યોગો અને ઇજારો સાથે જોડીને નવી રીતે રજૂ કર્યું. તેમની પ્રસિદ્ધ કૃતિ The Theory of Capitalist Development દ્વારા માર્ક્સવાદી અર્થશાસ્ત્રને વ્યવસ્થિત અને આધુનિક સ્વરૂપ મળ્યું.

પોલ સ્વીઝી ખાસ કરીને "ઇજારવાદી મૂડીવાદ"ના સિદ્ધાંત માટે જાણીતા છે. સ્વીઝી સમાજવાદને વ્યવહારુ વિકલ્પ માને છે અને લોકશાહી, સમાનતા તથા માનવકલ્યાણ પર આધારિત સમાજની કલ્પના કરે છે. આ કારણે પોલ સ્વીઝી આધુનિક સમાજવાદી વિચારધારાના મહત્વપૂર્ણ અને પ્રભાવશાળી વિચારક તરીકે માન્યતા પામ્યા છે.

### 5.3.2 માર્ક્સવાદનું આધુનિકીકરણ:

કાર્લ માર્ક્સના મૂળ વિચારોને બદલાતી સામાજિક આર્થિક પરિસ્થિતિઓ સાથે સુસંગત બનાવવા માટે થયેલી વિચારપ્રક્રિયા છે. માર્ક્સે પોતાના સમયમાં સ્પર્ધાત્મક

મૂડીવાદ, કારખાનાદાર ઉદ્યોગો અને સ્પષ્ટ વર્ગવિભાજનને આધારે મૂડીવાદનું વિશ્લેષણ કર્યું હતું. પરંતુ 20મી સદીમાં મૂડીવાદનું સ્વરૂપ બદલાઈ ગયું. મોટા ઉદ્યોગો, ઈજારો અને રાજયની વધતી ભૂમિકા જોવા મળી. આ બદલાતી પરિસ્થિતિઓને સમજવા માટે માર્ક્સવાદને સ્થિર સિદ્ધાંત તરીકે નહીં પરંતુ ગતિશીલ અને વિકાસશીલ વિચારધારા તરીકે આધુનિક બનાવવાની જરૂર પડી.

આધુનિક માર્ક્સવાદી વિચારકો જેમ કે પોલ સ્વીઝી, પૉલ બેરાન અને અન્ય નિયો માર્ક્સવાદીઓએ દર્શાવ્યું કે આધુનિક મૂડીવાદમાં મુક્ત સ્પર્ધાની જગ્યાએ ઈજારો અને અલ્પહસ્તક ઈજારોનું પ્રભુત્વ છે. તેમણે ''ઈજારવાદી મૂડીવાદ'' અને ''આર્થિક વધારાની બચત'' જેવા નવા ખ્યાલો રજૂ કરીને મૂડીવાદની નવી સમસ્યાઓ અતિ ઉત્પાદન, મંદી, બેરોજગારી અને અસમાનતા જેવા ખ્યાલો સમજાવ્યા. આ રીતે, માર્ક્સના મૂળ સિદ્ધાંતોને ત્યજી ન નાખતા, તેમને નવા સંદર્ભમાં પુનર્વ્યાખ્યાયિત કરવામાં આવ્યા.

માર્ક્સવાદના આધુનિકીકરણનો મુખ્ય હેતુ સમાજવાદને વધુ વ્યવહારુ અને લોકશાહી બનાવવાનો છે. તેમાં માત્ર આર્થિક શોષણ નહીં પરંતુ વૈશ્વિક અસમાનતા, રાજયની ભૂમિકા અને માનવ કલ્યાણ જેવા મુદ્દાઓને પણ કેન્દ્રમાં રાખવામાં આવે છે. પરિણામે, આધુનિક માર્ક્સવાદ એક જીવંત વિચારધારા તરીકે ઊભી થાય છે, જે બદલાતી દુનિયામાં પણ સામાજિક ન્યાય, સમાનતા અને માનવમુક્તિના આદર્શોને આગળ વધારવાનું કાર્ય કરે છે.

### 5.3.3 ઈજારાવાદી મૂડીવાદનો સિદ્ધાંતઃ

આ આધુનિક નિયો-માર્ક્સવાદી વિચારધારાનો એક મહત્વનો ભાગ છે, જેને પૉલ બેરાન અને પોલ સ્વીઝીએ વિકસાવ્યો. આ સિદ્ધાંત મુજબ આધુનિક મૂડીવાદ હવે મુક્ત સ્પર્ધા પર આધારિત નથી, પરંતુ મોટા ઉદ્યોગો, ટ્રસ્ટો અને બહુરાષ્ટ્રીય કંપનીઓના નિયંત્રણ હેઠળ આવી ગયો છે. બજારમાં થોડા મોટા ઉત્પાદકો ભાવ, ઉત્પાદન અને રોકાણના નિર્ણયો પોતાના હિત અનુસાર નક્કી કરે છે, જેના કારણે સ્પર્ધા ઘટે છે. આ પરિસ્થિતિ મૂડીવાદના મૂળ સ્વરૂપમાં એક મહત્વનો પરિવર્તન દર્શાવે છે. ઈજારવાદી મૂડીવાદમાં ઉત્પાદન ક્ષમતા ખૂબ ઊંચી હોય છે, પરંતુ સામાન્ય જનતાની આવક અને ખરીદ શક્તિ મર્યાદિત રહે છે. પરિણામે અતિ ઉત્પાદન, વેચાણની મુશ્કેલી અને આર્થિક મંદી સર્જાય છે.

### 5.3.4 આર્થિક વધારાની બચતનો સિદ્ધાંતઃ

પૉલ બેરાન અને પોલ સ્વીઝીના નિયો-માર્ક્સવાદી વિચારમાં અત્યંત મહત્વનો ખ્યાલ છે. આ સિદ્ધાંત મુજબ આધુનિક મૂડીવાદી અર્થવ્યવસ્થામાં સમાજ દ્વારા

ઉત્પન્ન થતું કુલ ઉત્પાદન તેની મૂળભૂત સામાજિક જરૂરિયાતો કરતાં ઘણી વધુ હોય છે. આ વધારાનું ઉત્પાદન અથવા આવક "આર્થિક વધારાની બચત" તરીકે ઓળખાય છે. મૂડીવાદી પ્રણાલીમાં આ વધારાની બચતનો નિયંત્રણ અને લાભ થોડા મોટા ઉદ્યોગો અને મૂડીપતિઓ પાસે કેન્દ્રિત રહે છે, જે તેને પોતાના નફા કેન્દ્રિત હિતો માટે વાપરે છે.

સ્વીઝી મુજબ મૂડીવાદ આ આર્થિક વધારાની બચતને ઉત્પાદક અને સમાજ હિતકારી પ્રવૃત્તિઓમાં વાપરવામાં નિષ્ફળ જાય છે. તેના બદલે, આ વધારાની બચત જાહેરાત, વૈભવી ઉપભોગ, નાણાકીય સટ્ટાબાજી અને અનઉત્પાદક પ્રવૃત્તિઓમાં વેડફાઈ જાય છે. પરિણામે સમાજમાં અતિ ઉત્પાદન, માંગની અછત, બેરોજગારી અને આર્થિક મંદી જેવી સમસ્યાઓ ઊભી થાય છે. આ પરિસ્થિતિ દર્શાવે છે કે મૂડીવાદ પોતાની આંતરિક વિસંગતતાઓને ઉકેલવામાં અસમર્થ છે.

આ સિદ્ધાંત સમાજવાદી વ્યવસ્થાની આવશ્યકતાને સ્પષ્ટ કરે છે. બેરાન અને સ્વીઝીના મતે સમાજવાદમાં આર્થિક વધારાની બચત પર સામૂહિક નિયંત્રણ હોય છે અને તેનો ઉપયોગ શિક્ષણ, આરોગ્ય, સામાજિક સુરક્ષા અને વિકાસ માટે થાય છે. આ રીતે, આર્થિક વધારાની બચતનો સિદ્ધાંત મૂડીવાદની મર્યાદાઓને ઉજાગર કરીને સમાજવાદને વધુ સમાન, ન્યાયપૂર્ણ અને માનવકેન્દ્રિત વિકલ્પ તરીકે સ્થાપિત કરે છે.

5.3.5 પોલ સ્વીઝીના સિદ્ધાંતોની ટીકાઓ:

પોલ સ્વીઝી એ પ્રશિષ્ટ માર્ક્સવાદના કેટલાક મૂળભૂત તત્ત્વોને પાછળ ધકેલી આધુનિક મૂડીવાદની રચનાત્મક સમસ્યાઓ પર વધારે ભાર મૂક્યો છે. ખાસ કરીને, તેમના ઇજારવાદી મૂડીવાદના સિદ્ધાંતમાં વર્ગસંઘર્ષ, શ્રમમૂલ્ય સિદ્ધાંત અને ઉત્પાદન સંબંધોની ભૂમિકા કેન્દ્રમાં રહેતી નથી. પ્રશિષ્ટ માર્ક્સવાદીઓના મત મુજબ, સ્વીઝીનું વિશ્લેષણ ઉત્પાદન પ્રક્રિયાની આંતરિક શોષણ પદ્ધતિ કરતાં બજાર રચના, માંગની અછત અને વધારાની બચત જેવા પરિબળો પર વધુ આધાર રાખે છે, જેના કારણે માર્ક્સવાદનું વૈજ્ઞાનિક અને ક્રાંતિકારી સ્વરૂપ નબળું પડે છે.

નિયો ક્લાસિકલ અને કેઇન્સિયન અર્થશાસ્ત્રીઓ એવું માને છે કે સ્વીઝીએ આધુનિક મૂડીવાદની અનુકૂલન ક્ષમતાને ઓછી આંકી છે. તેમની દ્રષ્ટિએ ટેક્નોલોજીકલ પ્રગતિ, નવીનતા, વૈશ્વિકીકરણ અને રાજયની આર્થિક હસ્તક્ષેપ નીતિઓ મૂડીવાદને લાંબા સમય સુધી ટકાવી રાખવામાં સહાયક બની છે. સ્વીઝી દ્વારા દર્શાવાયેલા અતિઉત્પાદન અને માંગની સમસ્યાઓ કલ્યાણકારી રાજ્ય, માંગ વ્યવસ્થાપન અને નાણાકીય નીતિઓ નિયંત્રિત કરી શકાય છે એવી દલીલ પણ કરવામાં આવે છે.

સ્વીઝીના સમાજવાદી વિકલ્પ અંગે પણ ટીકા થાય છે. કેટલાક વિદ્વાનો માને છે કે સ્વીઝી સમાજવાદને મૂડીવાદનો અનિવાર્ય વિકલ્પ તરીકે રજૂ કરે છે, પરંતુ તેની અમલપ્રક્રિયા, રાજકીય પરિવર્તન અને લોકશાહી સંસ્થાઓની ભૂમિકા અંગે સ્પષ્ટ અને વ્યવહારુ મોડેલ રજૂ કરતા નથી.

## 5.4 સારાંશ :

કાર્લ માર્ક્સ અને પોલ સ્વીઝી સમાજવાદી વિચારધારાના એવા વિચારકો છે જેમણે મૂડીવાદી વ્યવસ્થાનું ઊંડું, વૈજ્ઞાનિક અને સમાલોચનાત્મક વિશ્લેષણ કર્યું છે. કાર્લ માર્ક્સના વિચાર અનુસાર સમાજનો વિકાસ આર્થિક આધાર પર નિર્ભર છે અને સમગ્ર ઇતિહાસ વર્ગ સંઘર્ષોથી રચાયેલો છે. મૂડીવાદી વ્યવસ્થામાં ઉત્પાદનના સાધનો પર ખાનગી માલિકી હોવાને કારણે મૂડીપતિ વર્ગ શ્રમિક વર્ગનું શોષણ કરે છે. અતિરેક મૂલ્યના સિદ્ધાંત દ્વારા માર્ક્સે સાબિત કર્યું કે મૂડીવાદી નફો શ્રમિકના પરિશ્રમમાંથી ઊભો થાય છે, પરંતુ તેનો લાભ શ્રમિકને મળતો નથી. આથી અસમાનતા, ગરીબી અને સામાજિક અસ્થિરતા વધે છે અને અંતે સમાજવાદી પરિવર્તનની આવશ્યકતા ઊભી થાય છે.

પોલ સ્વીઝીએ માર્ક્સના આ મૂળ વિચારોને આધારે આધુનિક મૂડીવાદી વિશ્લેષણ કર્યું. તેઓ માનતા હતા કે આજનો મૂડીવાદ સ્પર્ધાત્મક નહીં, પરંતુ ઇજારવાદી મૂડીવાદ બની ગયો છે, જેમાં ઉત્પાદન અને બજાર થોડા લોકોના હાથમાં કેન્દ્રિત છે. પરિણામે અર્થતંત્રમાં સ્થિરતા, મંદી અને બેરોજગારી જેવી સમસ્યાઓ ઊભી થાય છે.

કાર્લ માર્ક્સ અને પોલ સ્વીઝીના વિચારો પરસ્પર પૂરક અને માર્ક્સવાદી પરંપરાનું પ્રતિનિધિત્વ કરે છે. માર્ક્સે સમાજવાદનો વૈજ્ઞાનિક પાયો ઘડ્યો, જ્યારે સ્વીઝીએ તેને આધુનિક વૈશ્વિક અર્થતંત્રના સંદર્ભમાં વધુ સ્પષ્ટ અને પ્રાસંગિક બનાવ્યો. આજના યુગમાં વધતી આર્થિક અસમાનતા, ઇજારાશાહી અને વૈશ્વિક શોષણને સમજવા માટે બંનેના વિચારો અત્યંત મહત્વપૂર્ણ છે.

## 5.5 ચાવીરૂપ શબ્દો :

દાસપ્રથાઃ દાસપ્રથા એ એવી સામાજિક-આર્થિક પ્રથા છે જેમાં માનવીને સ્વતંત્ર વ્યક્તિ તરીકે નહીં પરંતુ માલિકીની વસ્તુ તરીકે ગણવામાં આવે છે. દાસને વ્યક્તિગત સ્વતંત્રતા, અધિકાર અને માનવ ગૌરવથી વંચિત રાખીને માલિકના નિયંત્રણ હેઠળ બળજબરીથી કામ કરાવવામાં આવે છે. આ પ્રથા શોષણ, અસમાનતા અને માનવ અધિકારોના ગંભીર ઉલ્લંઘનનું પ્રતીક છે.

## 5.6 તમારી પ્રગતિ ચકાસો :

**(ક) સવિસ્તાર જવાબ આપો.**

1. કાર્લ માર્કસના સમાજવાદી વિચારો વિશે વિગતવાર ચર્ચા કરો.
2. પોલ સ્વીઝીના સમાજવાદી વિચારો વિશે વિગતવાર ચર્ચા કરો.

**(ખ) ટૂંકનોંધ લખો.**

1. કાર્લ માર્કસ

2. પોલ સ્વીઝી

**(ગ) હેતુલક્ષી પ્રશ્નો.**

1. કાર્લ માર્ક્સને કયા પ્રકારના સમાજવાદના સ્થાપક માનવામાં આવે છે?

   (A) કલ્પનાત્મક સમાજવાદ (B) નૈતિક સમાજવાદ

   (C) વૈજ્ઞાનિક સમાજવાદ (D) રાજ્ય સમાજવાદ

2. "સમાજનો સમગ્ર ઇતિહાસ વર્ગ સંઘર્ષનો ઇતિહાસ છે" – આ વિચાર કોનો છે?

   (A) એડમ સ્મિથ (B) કાર્લ માર્ક્સ (C) પોલ સ્વીઝી (D) કેઈન્સ

3. પૉલ સ્વીઝી કયા પ્રકારના અર્થશાસ્ત્રી તરીકે ઓળખાય છે?

   (A) કેઈન્સીયન (B) નિયો-ક્લાસિકલ

   (C) માર્ક્સવાદી (D) સંસ્થાગત

4. પૉલ સ્વીઝી મુજબ સામ્રાજ્યવાદનું મુખ્ય કારણ શું છે?

   (A) ઈજારો મૂડીવાદની આંતરિક સમસ્યાઓ

   (B) ધર્મ પ્રચાર

   (C) સાંસ્કૃતિક પ્રસાર

   (D) માનવતાવાદ

5. માર્ક્સ મુજબ ખાનગી માલિકીનો વિરોધ શા માટે કરવામાં આવે છે?

   (A) ઉત્પાદન ઘટાડે છે

   (B) તે શોષણ અને અસમાનતાનું મૂળ છે

   (C) તે રાજ્ય વિરુદ્ધ છે

   (D) તે અકાર્યક્ષમ છે

6. માર્ક્સ અને સ્વીઝી બંને કઈ વ્યવસ્થાને શોષણકારી માને છે?

   (A) સમાજવાદ (B) સામ્યવાદ (C) મૂડીવાદ (D) લોકશાહી

7. માર્ક્સ અને સ્વીઝીના વિચારોનો મુખ્ય ઉદ્દેશ શું છે?

   (A) નફા વધારો (B) રાજ્ય વિસ્તરણ

   (C) સામાજિક ન્યાય અને સમાનતા (D) બજાર સ્પર્ધા

## ❖ સંદર્ભ સ્રોતે :

શાહ, એચ. કે. (2021). સમાજશાસ્ત્ર : મૂળભૂત વિચારધારા. અમદાવાદઃ યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ.

પંડ્યા, આર. બી. (2020). સમાજશાસ્ત્રનો પરિચય. અમદાવાદઃ ગુજરાત રાજ્ય પાઠ્યપુસ્તક મંડળ.

શ્રીનિવાસ, એમ. એન. (2018). આધુનિક ભારતનો સમાજ. અમદાવાદઃ યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ.

દુબે, એસ. સી.(2019). ભારતીય સમાજ. અમદાવાદઃ યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ.

પટેલ, એન. ડી. (2020). કાર્લ માર્ક્સ : સમાજશાસ્ત્રીય વિચાર. અમદાવાદઃ પાર્થ પ્રકાશન.

ત્રિવેદી, બી. એમ. (2019). મેક્સ વેબર અને સામાજિક વિચારધારા. અમદાવાદઃ યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ.

મહેતા, એસ. પી. (2022). ભારતમાં સામાજિક સમસ્યાઓ. અમદાવાદઃ ન્યૂ ગુજરાત પબ્લિકેશન.

## ❖ તમારી પ્રગતિ ચકાસો ના જવાબો :

1. (C) વૈજ્ઞાનિક સમાજવાદ
2. (B) કાર્લ માર્ક્સ
3. (C) માર્ક્સવાદી
4. (A) ઈજારો મૂડીવાદની આંતરિક સમસ્યાઓ
5. (B) તે શોષણ અને અસમાનતાનું મૂળ છે
6. (C) મૂડીવાદ
7. (C) સામાજિક ન્યાય અને સમાનતા

*****************

# એકમ-6
# સામ્યવાદ

**6.0 ઉદ્દેશ્યો**

**6.1 પ્રસ્તાવના**

**6.2 સામ્યવાદનો અર્થ**

**6.3 સામ્યવાદના લક્ષણો**

**6.4 સમાજવાદ અને સામ્યવાદ વચ્ચેનો તફાવત**

**6.5 સારાંશ**

**6.6 ચાવીરૂપ શબ્દો**

**6.7 તમારી પ્રગતિ ચકાસો**

- ❖ સંદર્ભ સ્રોત
- ❖ તમારી પ્રગતિ ચકાસોના જવાબ

## 6.0 ઉદ્દેશ્યો :

આ એકમનો અભ્યાસ કર્યા પછી તમે,

- ➢ સામ્યવાદનો અર્થ અને લક્ષણો વિશે ચર્ચા કરી શકશો.
- ➢ સમાજવાદ અને સામ્યવાદ વચ્ચેનો તફાવત સમજાવી શકશો.

## 6.1 પ્રસ્તાવના :

ઔદ્યોગિક ક્રાંતિ પછી વિશ્વમાં ઉત્પાદન ક્ષમતા તો ઝડપી વધી, પરંતુ તેની સાથે સમાજમાં આર્થિક અને સામાજિક અસમાનતા પણ ગંભીર રીતે વધી. મૂડી, જમીન અને ઉદ્યોગો જેવા ઉત્પાદનના સાધનો થોડા મૂડીપતિઓના હાથમાં કેન્દ્રિત થતાં સમાજ બે સ્પષ્ટ વર્ગોમાં વહેંચાઈ ગયો, એક તરફ માલિક વર્ગ અને બીજી તરફ શ્રમિક વર્ગ. આ સ્થિતિમાં શ્રમિક વર્ગને ઓછું વેતન, લાંબા કામના કલાકો અને અસુરક્ષિત જીવન પરિસ્થિતિઓનો સામનો કરવો પડ્યો. પરિણામે માનવ દ્વારા માનવના શોષણની સમસ્યા વધુ ગંભીર બની અને સામાજિક ન્યાયનો પ્રશ્ન ઊભો થયો.

અસમાન અને શોષણભરી વ્યવસ્થાના વિરોધમાં સામ્યવાદ એક વૈચારિક પ્રતિભાવ તરીકે ઊભર્યો. સામ્યવાદ માત્ર એક આર્થિક પ્રણાલી નહીં પરંતુ સંપૂર્ણ સામાજિક, આર્થિક અને રાજકીય વિચારધારા છે, જેનું મુખ્ય લક્ષ્ય શોષણમુક્ત અને સમાનતાપૂર્ણ સમાજ રચવાનું છે. કાર્લ માર્ક્સ અને ફ્રિડરિક એંગેલ્સે સામ્યવાદને વૈજ્ઞાનિક આધાર આપીને સમજાવ્યું કે સમાજનો ઇતિહાસ વર્ગસંઘર્ષનો ઇતિહાસ છે અને આ વર્ગસંઘર્ષનો અંત માત્ર ખાનગી મિલકતના

નાશ દ્વારા જ શક્ય છે. સામ્યવાદ ખાનગી મિલકત અને નફાકેન્દ્રિત ઉત્પાદન પદ્ધતિનો વિરોધ કરે છે અને ઉત્પાદનના સાધનો પર સામૂહિક માલિકીની વકાલત કરે છે. આ વિચારધારા મુજબ ઉત્પાદનનો હેતુ વ્યક્તિગત નફો નહીં, પરંતુ સમગ્ર સમાજની જરૂરિયાતો પૂરી કરવાનો હોવો જોઈએ. જયારે ઉત્પાદન અને વિતરણ પર સમાજ અથવા રાજયનું નિયંત્રણ હોય છે, ત્યારે સંપત્તિનું સમાન વિતરણ શક્ય બને છે અને આર્થિક અસમાનતા ઘટાડવામાં મદદ મળે છે.

આ રીતે સામ્યવાદ માનવ ગૌરવ, સામાજિક ન્યાય અને સમાનતા પર આધારિત સમાજની કલ્પના રજૂ કરે છે. તેનો અંતિમ ઉદ્દેશ વર્ગવિહીન સમાજની સ્થાપના કરવાનો છે, જયાં દરેક વ્યક્તિ પોતાની ક્ષમતા મુજબ કાર્ય કરે અને પોતાની જરૂરિયાત મુજબ જીવનની સુવિધાઓ પ્રાપ્ત કરે. તેથી સામ્યવાદને શોષણ સામેનો સંઘર્ષ અને સમાનતાપૂર્ણ સમાજ માટેની વૈચારિક ચળવળ તરીકે જોવામાં આવે છે.

## 6.2 સામ્યવાદનો અર્થ :

➢ અર્થ:

'સામ્યવાદ' એ એક એવી સામાજિક-આર્થિક અને રાજકીય વિચારધારા છે, જેમાં ઉત્પાદનના તમામ સાધનો (જમીન, ઉદ્યોગ, મૂડી, મશીનો વગેરે) પર વ્યક્તિગત નહીં પરંતુ સમાજ અથવા રાજયની સામૂહિક માલિકી હોય છે. સામ્યવાદનો મુખ્ય ઉદ્દેશ વર્ગવિહીન સમાજ રચવાનો છે, જયાં કોઈપણ પ્રકારનું શોષણ, અસમાનતા કે ખાનગી સંપત્તિ આધારિત ભેદભાવ ન હોય.

આ પ્રણાલીમાં ઉત્પાદનનો મુખ્ય હેતુ નફો નહીં પરંતુ સમાજની જરૂરિયાતો પૂર્ણ કરવાનો હોય છે. દરેક વ્યક્તિ પોતાની ક્ષમતા મુજબ કામ કરે છે અને પોતાની જરૂરિયાત મુજબ લાભ મેળવે છે. તેથી સામ્યવાદ સમાનતા, સામૂહિક હિત અને સામાજિક ન્યાય પર આધારિત વિચારધારા તરીકે ઓળખાય છે.

➢ વ્યાખ્યાઓ:

"સામ્યવાદ એ એવી સામાજિક વ્યવસ્થા છે જેમાં ખાનગી મિલ્કતનો અંત આવે છે અને ઉત્પાદનના સાધનો પર સમાજની સામૂહિક માલિકી સ્થાપિત થાય છે."

- કાર્લ માર્ક્સ

"સામ્યવાદ એ એવું આર્થિક અને સામાજિક તંત્ર છે જેમાં વર્ગભેદનો સંપૂર્ણ નાશ થાય છે અને ઉત્પાદન તથા વિતરણ પર સમાજનો સામૂહિક નિયંત્રણ રહે છે."

- એંગેલ્સ

"સામ્યવાદ એ સમાજની સૌથી ઉચ્ચ અવસ્થા છે, જયાં રાજય પણ ધીમે ધીમે લુપ્ત થાય છે અને સમાનતાપૂર્ણ સમાજ રચાય છે."

- લેનીન

"Communism is a system in which all property is publicly owned and each person works and is paid according to their abilities and needs."

''સામ્યવાદ એવી પ્રણાલી છે જેમાં તમામ સંપત્તિ જાહેર માલિકીની હોય છે અને દરેક વ્યક્તિ પોતાની ક્ષમતા અનુસાર કામ કરે છે તથા પોતાની જરૂરિયાત મુજબ વેતન (અથવા લાભ) પ્રાપ્ત કરે છે.''

- ઓક્સફોર્ડ ડિક્શનરી

## 6.3 સામ્યવાદના લક્ષણો :

6.3.1. ખાનગી મિલકતનો સંપૂર્ણ અંત

સામ્યવાદનું સૌથી મૂળભૂત અને કેન્દ્રસ્થાન પરનું લક્ષણ ખાનગી મિલ્કતનો સંપૂર્ણ અંત છે. કાર્લ માર્ક્સના મત મુજબ સમાજમાં અસમાનતા અને શોષણનું મુખ્ય કારણ ખાનગી મિલકત છે. જયારે ઉત્પાદનના સાધનો થોડા લોકોના હાથમાં હોય છે, ત્યારે તેઓ પોતાની આર્થિક શક્તિના આધારે શ્રમિક વર્ગનું શોષણ કરે છે.

સામ્યવાદમાં જમીન, ઉદ્યોગો, કારખાનાઓ, ખાણો, બેંકો, પરિવહન સાધનો વગેરે જેવી તમામ ઉત્પાદન સંપત્તિ પર વ્યક્તિગત માલિકી ન રહે, પરંતુ તે સમગ્ર સમાજ અથવા રાજયની માલિકી બને છે. આથી સંપત્તિનો સંગ્રહ થોડા લોકો સુધી સીમિત ન રહી સમાજમાં સમાન રીતે વહેંચાય છે.

ખાનગી મિલકતનો અંત લાવવાનો હેતુ વ્યક્તિગત જીવનની સુવિધાઓ છીનવી લેવાનો નથી, પરંતુ ઉત્પાદન સાધનો પરથી શોષણ દૂર કરવાનો છે. આ રીતે સામ્યવાદ આર્થિક સમાનતાનું મજબૂત આધારસ્તંભ ઊભું કરે છે.

6.3.2. ઉત્પાદન સાધનો પર સામૂહિક માલિકી

સામ્યવાદી વ્યવસ્થામાં ઉત્પાદનના તમામ સાધનો પર સમાજ અથવા રાજયની સામૂહિક માલિકી હોય છે. એટલે કે ઉત્પાદન પ્રક્રિયા વ્યક્તિગત નફા માટે નહીં પરંતુ સામાજિક જરૂરિયાતોને ધ્યાનમાં રાખીને ચલાવવામાં આવે છે.

જયારે ઉત્પાદન સાધનો પર સામૂહિક માલિકી હોય છે, ત્યારે ઉત્પાદનનો હેતુ બજારમાં વધારે ભાવ મેળવી નફો કમાવાનો નથી, પરંતુ સમાજના દરેક સભ્યને આવશ્યક વસ્તુઓ પૂરતી અને સસ્તી ઉપલબ્ધ કરાવવાનો હોય છે. આ લક્ષણથી ઉત્પાદન અને સંસાધનોનો દૂરુપયોગ અટકે છે અને આયોજનબદ્ધ રીતે રાષ્ટ્રીય સંસાધનોનો ઉપયોગ થાય છે. સામૂહિક માલિકીથી આર્થિક શક્તિ થોડા લોકોમાં કેન્દ્રિત ન રહી સમગ્ર સમાજમાં ફેલાય છે.

6.3.3. વર્ગવિહીન સમાજની રચના

સામ્યવાદનું અંતિમ લક્ષ્ય વર્ગવિહીન સમાજની રચના કરવાનું છે. માર્ક્સવાદ અનુસાર વર્ગભેદનું મૂળ કારણ ખાનગી મિલકત છે. જયાં સુધી ખાનગી મિલ્કત

રહેશે, ત્યાં સુધી માલિક અને શ્રમિક વર્ગ વચ્ચે સંઘર્ષ રહેશે. સામ્યવાદમાં જયારે ખાનગી મિલ્કતનો અંત આવે છે, ત્યારે માલિક વર્ગ અને શ્રમિક વર્ગ વચ્ચેનો ભેદ આપોઆપ નાશ પામે છે. પરિણામે સમાજમાં કોઈ ઊંચો કે નીચો વર્ગ રહેતો નથી. વર્ગવિહીન સમાજમાં દરેક વ્યક્તિ સમાન અધિકાર, સમાન ફરજ અને સમાન માનવ ગૌરવ સાથે જીવન જીવે છે. આ વિચારધારા સામાજિક સમરસતા અને શાંતિ સ્થાપિત કરવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે.

6.3.4. શોષણમુક્ત વ્યવસ્થાઃ

સામ્યવાદ માનવ દ્વારા માનવના શોષણના સંપૂર્ણ અંતની કલ્પના કરે છે. મૂડીવાદી વ્યવસ્થામાં શ્રમિક પોતાનું શ્રમ વેચે છે અને ઉત્પાદનનો મોટાભાગનો લાભ મૂડીપતિ મેળવે છે, જેને માર્ક્સે "અતિરિક્ત મૂલ્યનું શોષણ" કહ્યું છે. સામ્યવાદી વ્યવસ્થામાં ઉત્પાદનના સાધનો પર શ્રમિક વર્ગની સામૂહિક માલિકી હોવાથી કોઈ એક વર્ગ બીજા વર્ગનું શોષણ કરી શકતો નથી. દરેક વ્યક્તિને તેના શ્રમનો યોગ્ય લાભ મળે છે. આ શોષણમુક્ત વ્યવસ્થા સામાજિક ન્યાય અને માનવ ગૌરવને મજબૂત બનાવે છે અને આર્થિક શાંતિ સ્થાપિત કરે છે.

6.3.5. નફાની પ્રેરણાનો અભાવઃ

સામ્યવાદમાં નફાને ઉત્પાદનનો મુખ્ય હેતુ માનવામાં આવતો નથી. નફાની જગ્યાએ સામાજિક કલ્યાણ અને માનવીય જરૂરિયાતોને પ્રાથમિકતા આપવામાં આવે છે. જયારે નફાની પ્રેરણા દૂર થાય છે, ત્યારે અતિશય સ્પર્ધા, ભાવવધારો અને ગુણવત્તામાં સમાધાન જેવી સમસ્યાઓ ઘટે છે. ઉત્પાદન સીધું સમાજના હિત માટે થાય છે. આ લક્ષણ સામ્યવાદને માનવકેન્દ્રિત અર્થવ્યવસ્થા બનાવે છે.

6.3.6. શ્રમિક વર્ગનું સશક્તિકરણ

સામ્યવાદમાં શ્રમિક વર્ગને સમાજના કેન્દ્રસ્થાને રાખવામાં આવે છે. શ્રમિક માત્ર ઉત્પાદનનો સાધન નહીં પરંતુ સમાજનો સાચો માલિક માનવામાં આવે છે. શ્રમિકોને નિર્ણય પ્રક્રિયામાં ભાગીદાર બનાવવામાં આવે છે, જેથી તેઓ પોતાના ભવિષ્ય વિશે જાતે નિર્ણય લઈ શકે. આથી તેમની આર્થિક, સામાજિક અને રાજકીય સ્થિતિ મજબૂત બને છે. શ્રમિક વર્ગનું સશક્તિકરણ સામ્યવાદની આત્મા ગણાય છે.

## 6.4 સમાજવાદ અને સામ્યવાદ વચ્ચેનો તફાવત :

સમાજવાદ અને સામ્યવાદ બંને આર્થિક-સામાજિક વિચારધારાઓ છે, જેનો મુખ્ય ઉદ્દેશ સમાજમાં સમાનતા, ન્યાય અને શોષણમુક્ત વ્યવસ્થા સ્થાપિત કરવાનો છે. તેમ છતાં, બંને પદ્ધતિઓના અંતિમ લક્ષ્યોમાં મહત્વપૂર્ણ તફાવત જોવા મળે છે. જે આ મુજબ છે.

➢ ઉદભવઃ

સમાજવાદઃ

સમાજવાદની કલ્પના 18મી સદીના અંત અને 19મી સદીની શરૂઆતમાં ઉદભવી. ઉદ્યોગક્રાંતિ પછી યુરોપમાં શ્રમિકોનું શોષણ, ગરીબી, મજૂરીની અસમાનતા અને ફેક્ટરીના માલિકો તથા શ્રમિકો વચ્ચે વધતા આંતરવિરોધને કારણે સમાજવાદનો ઉદભવ અવશ્યક બન્યું. પ્રારંભિક સમાજવાદીઓ જેમ કે રોબર્ટ ઓવેન, સેન્ટ સિમોન, ફુરિયેર વગેરે "યુટોપિયન સમાજવાદ" ના આધાર પુરા પાડ્યા. પછી કાર્લ માર્ક્સ અને એંગેલ્સ એ સમાજવાદને વૈજ્ઞાનિક આધાર આપ્યો.

સામ્યવાદઃ

સામ્યવાદ સમાજવાદથી વધુ ઉન્નત સ્વરૂપ છે. કાર્લ માર્ક્સના "દાસ કેપિટલ" અને "કોમ્યુનિસ્ટ મેનિફેસ્ટો" પુસ્તકમાં સામ્યવાદનું સંપૂર્ણ તત્વજ્ઞાન રજૂ થયું. માર્ક્સ અનુસાર સમાજવાદ એ અંતિમ તબક્કો નથી, પરંતુ તમામ ક્રાંતિઓના અંતે વર્ગવિહીન, રાજ્યવિહિન અને સંપૂર્ણ સમાનતાવાળી વ્યવસ્થા સામ્યવાદ સ્થાપિત થવી જોઈએ.

➢ મૂડીવાદ;

સમાજવાદ મૂડીવાદની ખામીઓને સ્વીકારે છે પરંતુ તેને સંપૂર્ણપણે નાબૂદ કરવાને બદલે તેમાં સુધારા કરવાની વાત કરે છે. તેના વિરુદ્ધમાં, સામ્યવાદ મૂડીવાદને મૂળભૂત રીતે શોષણકારી માનતા હોવાથી તેને સંપૂર્ણપણે નષ્ટ કરી નવી સામાજિક-આર્થિક વ્યવસ્થા સ્થાપિત કરવાની તરફેણ કરે છે.

➢ માલિકીની દ્રષ્ટિઃ

માલિકીના સ્વરૂપની દ્રષ્ટિએ બંને વચ્ચે મોટો તફાવત છે. સમાજવાદમાં ઉત્પાદન સાધનો પર જાહેર તથા ખાનગી બંને પ્રકારની માલિકી માન્ય હોય છે. રાજ્ય મુખ્ય ઉદ્યોગો, કુદરતી સંસાધનો અને આધારભૂત સેવાઓ પર નિયંત્રણ રાખે છે, જ્યારે ખાનગી ક્ષેત્રને મર્યાદિત સ્વતંત્રતા આપવામાં આવે છે. બીજી તરફ, સામ્યવાદમાં તમામ ઉત્પાદન સાધનો પર રાજ્ય અથવા સમાજની સામૂહિક માલિકી હોય છે અને ખાનગી માલિકીનો સંપૂર્ણ ઇનકાર કરવામાં આવે છે.

➢ રાજ્યની ભૂમિકાઃ

રાજ્યની ભૂમિકા બાબતે પણ બંને વિચારધારાઓ અલગ છે. સમાજવાદમાં રાજ્ય સક્રિય અને સ્થાયી ભૂમિકા ભજવે છે. રાજ્ય કલ્યાણકારી યોજનાઓ, પુનર્વિતરણની નીતિઓ અને સામાજિક સુરક્ષા દ્વારા સમાનતા લાવવાનો પ્રયાસ કરે છે. જ્યારે

સામ્યવાદમાં રાજયને એક તાત્કાલિક વ્યવસ્થા તરીકે જોવામાં આવે છે. સામ્યવાદી વિચારધારા મુજબ વર્ગવિહીન સમાજ સ્થાપિત થયા બાદ રાજય ધીમે-ધીમે ''અસ્તિત્વહીન'' બની જાય છે.

➢ આર્થિક આયોજન અને બજાર વ્યવસ્થાઃ

આર્થિક આયોજન અને બજાર વ્યવસ્થાના સંદર્ભમાં પણ તફાવત જોવા મળે છે. સમાજવાદમાં આયોજન અને બજાર બંનેનું સહઅસ્તિત્વ જોવા મળે છે. ભાવ નિયમન મર્યાદિત સ્વરૂપે કાર્ય કરે છે. સામ્યવાદમાં સંપૂર્ણ કેન્દ્રીય આયોજન પર ભાર મૂકવામાં આવે છે, જેમાં ઉત્પાદન, વિતરણ અને ભાવો સરકાર દ્વારા નક્કી કરવામાં આવે છે અને બજાર વ્યવસ્થાને સ્થાન આપવામાં આવતું નથી.

➢ વર્ગસંઘર્ષઃ

વર્ગસંઘર્ષ અંગે સમાજવાદ મધ્યમ દૃષ્ટિકોણ અપનાવે છે. તે વર્ગસંઘર્ષને સંપૂર્ણ રીતે નકારી કાઢતું નથી, પરંતુ સામાજિક સહકાર, લોકશાહી અને સુધારાઓ દ્વારા તણાવ ઘટાડવા પર ભાર મૂકે છે. સામ્યવાદમાં વર્ગસંઘર્ષને ઐતિહાસિક અનિવાર્યતા માને છે અને શ્રમિક વર્ગની ક્રાંતિને સામાજિક પરિવર્તનનું મુખ્ય સાધન ગણાવે છે.

➢ રાજકીય વ્યવસ્થાઃ

રાજકીય વ્યવસ્થાના સંદર્ભમાં સમાજવાદ લોકશાહી પ્રણાલીને સ્વીકારે છે. બહુદલ પદ્ધતિ, સ્વતંત્ર ચૂંટણી અને નાગરિક અધિકારો સમાજવાદી વ્યવસ્થાના મુખ્ય તત્વો છે. સામ્યવાદમાં સામાન્ય રીતે એકદલ પ્રણાલી જોવા મળે છે, જયાં શ્રમિક વર્ગનું પ્રતિનિધિત્વ કરનાર પાર્ટી રાજયસત્તા સંભાળે છે.

➢ વ્યક્તિગત સ્વતંત્રતાઃ

વ્યક્તિગત સ્વતંત્રતા બાબતે સમાજવાદ વ્યક્તિગત અધિકારો અને સ્વતંત્રતાને મહત્વ આપે છે, ભલે તે સામાજિક હિત માટે મર્યાદિત હોય. સામ્યવાદમાં વ્યક્તિગત સ્વતંત્રતા કરતાં સામૂહિક હિતને વધુ પ્રાધાન્ય આપવામાં આવે છે, જેના કારણે વ્યક્તિગત પસંદગીઓ પર નિયંત્રણ આવી શકે છે.

➢ પરિવર્તનની પદ્ધતિઃ

પરિવર્તનની પદ્ધતિ અંગે સમાજવાદ શાંતિપૂર્ણ, ક્રમશઃ અને સંવિધાનિક પરિવર્તન પર વિશ્વાસ રાખે છે. સામ્યવાદ ક્રાંતિકારી પરિવર્તન પર ભાર મૂકે છે અને તાત્કાલિક અને મૂળભૂત પરિવર્તન જરૂરી માને છે.

## 6.5 સારાંશ :

સામ્યવાદ એક એવી વ્યાપક સામાજિક-આર્થિક વિચારધારા છે જેનો મુખ્ય ઉદ્દેશ શોષણમુક્ત, સમાનતાપૂર્ણ અને વર્ગવિહીન સમાજની રચના કરવાનો છે. આ વિચારધારામાં ખાનગી મિલ્કતનો અંત લાવી ઉત્પાદનના સાધનો પર સમાજ અથવા રાજયની સામૂહિક માલિકી સ્થાપિત કરવાની વાત કરવામાં આવે છે. સામ્યવાદ નફાકેન્દ્રિત ઉત્પાદનને બદલે માનવ જરૂરિયાતોને પ્રાથમિકતા આપે છે અને સામાજિક ન્યાય તથા માનવ ગૌરવને કેન્દ્રસ્થાને રાખે છે.

સામ્યવાદ માનવ ઈતિહાસમાં સમાનતા, ન્યાય અને સહકાર પર આધારિત સમાજ રચવાનો મહત્ત્વાકાંક્ષી પ્રયાસ છે. તે વ્યક્તિગત હિત કરતાં સામૂહિક કલ્યાણને મહત્વ આપે છે અને શોષણમુક્ત જીવન માટે વૈચારિક આધાર પૂરો પાડે છે. તેથી સામ્યવાદને સામાજિક ન્યાય અને માનવ મુક્તિની દિશામાં એક મહત્વપૂર્ણ વિચારધારા તરીકે જોવામાં આવે છે.

## 6.6 ચાવીરૂપ શબ્દો :

1. **વર્ગવિહીન સમાજ :** વર્ગવિહીન સમાજ એવો સમાજ છે જેમાં લોકો વચ્ચે આવક, સંપત્તિ અને સામાજિક દરજ્જાના આધાર પર કોઈ વર્ગભેદ રહેતો નથી. આ સમાજમાં તમામ સભ્યોને સમાન અધિકાર, અવસર અને સાધનો પર સમાન હક પ્રાપ્ત હોય છે અને શોષણનો અભાવ રહે છે.

2. **યુટોપિયન સમાજવાદ :** યુટોપિયન સમાજવાદ સમાજવાદની એવી વિચારધારા છે જેમાં આદર્શ, સમાનતા આધારિત અને શોષણમુક્ત સમાજની કલ્પના કરવામાં આવે છે. આ વિચારધારા ખાનગી મિલકતના મર્યાદા, સહકાર અને નૈતિક સુધારાઓ દ્વારા શાંતિપૂર્ણ રીતે સમાજ પરિવર્તન પર ભાર મૂકે છે.

## 6.7 તમારી પ્રગતિ ચકાસો :

### (ક) સવિસ્તાર જવાબ આપો.

1. સામ્યવાદ એટલે શું? સમાજવાદ અને સામ્યવાદ વચ્ચેનો તફાવતની વિગતવાર ચર્ચા કરો.

2. સામ્યવાદ એટલે શું? સામ્યવાદના લક્ષણો વિગતવાર ચર્ચા કરો.

### (ખ) ટૂંકનોંધ લખો.

1. સામ્યવાદના લક્ષણો

2. સમાજવાદ અને સામ્યવાદ વચ્ચેનો તફાવત

**(ગ) હેતુલક્ષી પ્રશ્નો.**

1. ખાનગી માલિકી અંગે સમાજવાદનો અભિગમ કયો છે?

   (A) સંપૂર્ણ રીતે નકાર (B) સંપૂર્ણ સ્વીકૃતિ

   (C) મર્યાદિત અને નિયંત્રિત સ્વીકૃતિ (D) માત્ર ખેતીમાં સ્વીકૃતિ

2. સામ્યવાદમાં ઉત્પાદનના સાધનો પર માલિકી કોની હોય છે?

   (A) ખાનગી વ્યક્તિની (B) રાજ્ય અથવા સમાજની

   (C) સંયુક્ત સાહસની (D) વિદેશી મૂડીની

3. સમાજવાદ કઈ પ્રકારની રાજકીય વ્યવસ્થાને સમર્થન આપે છે?

   (A) એકદલ પ્રણાલી (B) તાનાશાહી

   (C) લોકશાહી (D) સૈન્ય શાસન

4. સમાજવાદમાં આર્થિક પરિવર્તનની પદ્ધતિ કઈ છે?

   (A) ક્રાંતિ (B) હિંસાત્મક બદલાવ

   (C) શાંતિપૂર્ણ અને ક્રમશઃ સુધારાઓ (D) વિદેશી દખલ

5. સમાજવાદમાં બજાર વ્યવસ્થા અંગે કયો અભિગમ અપનાવવામાં આવે છે?

   (A) સંપૂર્ણ નકાર

   (B) મર્યાદિત સ્વીકાર સાથે રાજ્ય નિયંત્રણ

   (C) સંપૂર્ણ સ્વતંત્રતા

   (D) માત્ર વિદેશી વેપાર માટે

6. "વર્ગવિહીન સમાજ" કઈ વિચારધારાનું અંતિમ લક્ષ્ય છે?

   (A) સમાજવાદ (B) મૂડીવાદ (C) સામ્યવાદ (D) મિશ્ર અર્થતંત્ર

---

❖ **સંદર્ભ સ્રોત :**

---

Desai, A. R. (1976). Social background of Indian nationalism. Bombay, India: Popular Prakashan.

Joshi, P. C. (1979). Foundations of Indian socialism. New Delhi, India: Allied Publishers.

Narayan, J. P. (1959). Why socialism. Bombay, India: Popular Prakashan.

Namboodiripad, E. M. S. (1986). History of Indian freedom struggle. New Delhi, India: National Boko Centre.

Singh, R. (2008). Marxism, socialism and Indian politics. New Delhi, India: Sage Publications.

## ❖ તમારી પ્રગતિ ચકાસો ના જવાબો :

1. (C) મર્યાદિત અને નિયંત્રિત સ્વીકૃતિ
2. (B) રાજ્ય અથવા સમાજની
3. (C) લોકશાહી
4. (C) શાંતિપૂર્ણ અને ક્રમશઃ સુધારાઓ
5. (B) મર્યાદિત સ્વીકાર સાથે રાજ્ય નિયંત્રણ
6. (C) સામ્યવાદ

*****************

# એકમ-7
# સામ્યવાદી સિદ્ધાંત


**7.0 ઉદ્દેશ્યો**

**7.1 પ્રસ્તાવના**

**7.2 વ્લાદિમીર લેનિનના સામ્યવાદી સિદ્ધાંતો**

**7.3 સ્ટીફન રેસ્નીકના સામ્યવાદી સિદ્ધાંતો**

**7.4 વ્લાદિમીર લેનિન અને સ્ટીફન રેસ્નિકના વિચારોનું અવલોકન**

**7.5 સારાંશ**

**7.6 ચાવીરૂપ શબ્દો**

**7.7 તમારી પ્રગતિ ચકાસોના**

❖ સંદર્ભ પુસ્તકો

❖ તમારી પ્રગતિ ચકાસોના જવાબ


## 7.0 ઉદ્દેશ્યો :

આ એકમના અભ્યાસ કર્યા પછી વિદ્યાર્થી મિત્રો, તમે.......

- સામ્યવાદી વિચારધારાનો મૂળ અર્થ, મુખ્ય લક્ષણો, વિકાસ અને કાર્લ માર્ક્સના વિચારો સાથેનો સંબંધ સમજાવી શકશો અને તેની વર્તમાન પ્રસંગિકતાનું વિશ્લેષણ કરી શકશે.
- વ્લાદિમીર લેનિનના સામ્યવાદી સિદ્ધાંતોનું વિગતવાર વર્ણન કરી શકશો અને તેમને માર્ક્સવાદ સાથે જોડીને સમજાવી શકશો.
- કેપીટલિઝમનું ઉચ્ચતમ તબક્કોના સિદ્ધાંતને લેનિનના વિચારોના આધારે સમજાવી શકશો.
- સ્ટીફન રેસ્નિકના સામ્યવાદી વિચારોનું વિગતવાર વર્ણન કરી શકશો.

## 7.1 પ્રસ્તાવના :

સામ્યવાદ (Communism) એ એક વામપંથી રાજકીય, આર્થિક અને સામાજિક વિચારધારા છે, જેનો મુખ્ય ઉદ્દેશ સમાજમાંથી વર્ગભેદ, શોષણ અને અસમાનતાનો અંત કરીને એક વર્ગહીન, રાજ્યહીન અને સમાનતાવાદી સમાજની સ્થાપના કરવાનો છે. તેનો વિકાસ મુખ્યત્વે કાર્લ માર્ક્સ અને ફ્રીડરિક એંગલ્સના વિચારો પર આધારિત છે, જેમણે 1848માં કમ્યુનિસ્ટ મેનિફેસ્ટોમાં તેને વૈજ્ઞાનિક આધાર આપ્યો. સામ્યવાદ કેપિટલિઝમ જેમાં ખાનગી માલિકી અને નફા-લાભ પર આધારિત વ્યવસ્થાની કડક ટીકા કરે છે, કારણ કે તે કાર્મિક વર્ગ પ્રોલેતેરિયાટના શોષણને જન્મ આપે છે. સામ્યવાદ અનુસાર, આ શોષણને અંત કરવા માટે

કાર્મિક સંઘર્ષ જરૂરી છે, જે પછી સમાજવાદી તબક્કા (રાજ્ય-નિયંત્રિત અર્થતંત્ર) દ્વારા સામ્યવાદી તબક્કા જે સંપૂર્ણ સમાનતા તરફ આગળ વધે. આજે સામ્યવાદી વિચારધારા ઘણા દેશોમાં 'મિશ્રિત' સ્વરૂપે જીવંત છે, જેમ કે ચીન અને વિયેતનામમાં બજાર તત્વો સાથે. પરંતુ શુદ્ધ સામ્યવાદી મોડલ કોઈપણ દેશમાં સંપૂર્ણપણે અમલમાં નથી, કારણ કે વ્યવહારમાં રાજ્યની કેન્દ્રીયતા વધી જાય છે. આજે તે નવા આંદોલનો જેમ કે પર્યાવરણવાદ અને નારીવાદને પ્રભાવિત કરે છે. આ એકમમાં આપણે બે સામ્યવાદી મોડલ (1) વ્લાદિમીર લેનિન અને (2) સ્ટીફન રેસ્નીકનનાં વિચારોને સમજીએ.

## 7.2 વ્લાદિમીર લેનિનના સામ્યવાદી સિદ્ધાંતો :



વ્લાદિમીર ઈલિચ લેનિન (Vladimir Ilyich Lenin, 1870–1924) રશિયન સંઘર્ષકારી, રાજકારણી અને માર્ક્સવાદી વિચારક હતા, જેમણે કાર્લ માર્ક્સ અને ફ્રીડરિક એંગલ્સના માર્ક્સવાદને રશિયન સંદર્ભમાં અનુકૂળ બનાવીને માર્ક્સવાદ-લેનિનવાદ (Marxism-Leninism)ની સિદ્ધાંતો સામ્યવાદને વ્યવહારિક અને વિપ્લવી આકાર આપે છે, જે 1917ના રશિયન સંઘર્ષ (October Revolution) દ્વારા અમલમાં આવ્યા અને 20મી સદીમાં વિશ્વવ્યાપી કમ્યુનિસ્ટ આંદોલનોને પ્રેરણા આપી. લેનિનના વિચારો મુખ્યત્વે રાજ્ય અને સંઘર્ષ (The State and Revolution, 1917), ઇમ્પીરિયલિઝમ: કેપિટલિઝમનું ઉચ્ચતમ તબક્કો (Imperialism, the Highest Stage of Capitalism, 1916) અને એ નોટ એનધર પાર્ટી (What Is to Be Done?, 1902) જેવા ગ્રંથો પર આધારિત છે.

લેનિનના સિદ્ધાંતો માર્ક્સવાદના આધારે છે, પરંતુ તેમણે તેને રશિયા જેવા પછાત, ખેતી આધારિત અને અગ્રગામી (pre-industrial) સમાજ માટે અનુકૂળ બનાવ્યા. તેમના મુખ્ય ઉદ્દેશ કાર્મિક વર્ગ (પ્રોલેતેરિયાટ) દ્વારા કેપિટલિઝમને ઉથલાવીને સમાજવાદી સમાજની સ્થાપના કરવાનો હતો, જે અંતે સામ્યવાદ તરફ દોરી જાય. તેમના મુખ્ય સામ્યવાદી સિદ્ધાંતોમાં વંશીય પાર્ટીની વિભાવના, ઇમ્પીરિયલિઝમ અને રાજ્ય અને સંઘર્ષ જેવા છે. જેને અહીં વિગતે સમજીએ.

### 7.2.1. વંશીય પાર્ટીની વિભાવના (Vanguard Party Concept)

વંશીય પાર્ટી (Vanguard Party) એ વ્લાદિમીર લેનિનના માર્ક્સવાદી વિચારોનો એક મુખ્ય અને વિવાદાસ્પદ સિદ્ધાંત છે, જે સામ્યવાદી સંઘર્ષને વ્યવહારિક અને કાર્યક્ષમ બનાવવા માટે વિકસાવવામાં આવ્યો હતો. આ વિભાવના મુખ્યત્વે લેનિનના 1902ના પુસ્તક એ નોટ એનધર પાર્ટી (What Is to Be Done?) માં વર્ણવામાં આવી છે. તેમાં લેનિન માને છે કે કાર્મિક વર્ગ પ્રોલેતેરિયાટમાં સ્વયંસ્ફૂર્ત (spontaneous) વર્ગીય ચેતના હોય છે, પરંતુ તેને વિપ્લવી બનાવવા અને

કેપિટલિઝમને ઉથલાવવા માટે એક અગ્રણી, કડક અને કેન્દ્રીય પાર્ટીની જરૂર છે. આ પાર્ટી મજૂર વર્ગની 'અગ્રવાટ' (vanguard) તરીકે કાર્ય કરે છે, જે તેમને શિક્ષિત કરે, સંગઠિત કરે અને સંઘર્ષ તરફ દોરી જાય.

1. વિભાવનાનો આધાર અને મુખ્ય વિચારો

લેનિન માનતા હતા કે મજૂર વર્ગની દૈનિક કામગીરી અને શોષણથી તેમને વર્ગીય ચેતના (class consciousness) મળે છે, પરંતુ તે માત્ર 'સ્વયંસ્ફૂર્ત' હોય છે એટલે કે તે હડતાળો અને સ્થાનિક વિરોધો સુધી મર્યાદિત રહે છે. આ ચેતના કેપિટલિઝમને ઉથલાવવા માટે પૂરતી નથી, કારણ કે માલિક વર્ગના વૈચારિક પ્રભાવ જેમ કે ધર્મ, રાષ્ટ્રવાદ તેને દુર્બળ બનાવે છે. માર્ક્સ અને એંગલ્સના વિચારો અનુસાર, સંઘર્ષ મજૂર વર્ગ દ્વારા જ થવો જોઈએ, પરંતુ લેનિન તેને વ્યવહારિક બનાવવા માટે 'વંશીય' તત્વ ઉમેરે છે.

વંશીય પાર્ટીએ માર્ક્સવાદી વિચારકો, વ્યાવસાયિક સંઘર્ષકારીઓ અને વિદ્વાનોનું અનુશાસિત ગ્રુપ છે. જે  મજુર વર્ગને માર્ક્સવાદી સિદ્ધાંતો જેમ કે વર્ગ સંઘર્ષ, અધિક મૂલ્ય અંગે પ્રોલેતેરિયાટને શિક્ષિત કરે છે તોને સંગઠન કરે છે જેથી તો હડતાળો, પ્રચાર અને ગુપ્ત કાર્યવાહીઓ દ્વારા એકતા બનાવે.ત્યારબાદ નેતૃત્વ આપેને સંઘર્ષની રણનીતિ નક્કી કરે અને મજૂર વર્ગને 'પ્રોલેતેરિયાટનું શાસન' સ્થાપિત કરવામાં મદદ કરે. આવી પાર્ટી કડક શિસ્તબદ્ધ અને કેન્દ્રીય હોવી જોઈએ, જેમાં નીચલા સ્તરો ઉપરના સ્તરોને આધીન હોય. આ 'ડેમોક્રેટિક કેન્દ્રીયવાદ' (Democratic Centralism) તરીકે ઓળખાય છે જે સભ્યો સાથે ચર્ચા પછી નિર્ણયોને અનુસરવા બંધનકર્તા હોય છે.

2. મહત્વ અને સંઘર્ષની ભૂમિકા

રશિયના સંદર્ભમાં વાત કરીએ તો 20મી સદીના શરૂઆતમાં રશિયા પછાત અને ઝાર શાસિત હતું, જ્યાં કાર્મિક વર્ગ નાનો હતો અને ગ્રામીણ ખેડૂતો વધુ હતા. લેનિન માનતા હતા કે સંઘર્ષ માટે પાર્ટી જરૂરી છે, કારણ કે સ્વયંસ્ફૂર્ત આંદોલનો 1905નો સંઘર્ષ  અપૂર્ણ રહે છે. આ વિભાવનાએ બોલ્શેવિક પાર્ટીને મજબૂત બનાવી, જેણે 1917ના ઓક્ટોબર સંઘર્ષમાં મુખ્ય ભૂમિકા ભજવી જેમાં પાર્ટીએ મજૂર વર્ગ અને સૈનિકોને નેતૃત્વ આપીને ઝાર અને અસ્થાયી સરકારને ઉથલાવ્યા. આ સંઘર્ષનો વૈશ્વિક પ્રભાવ પડયા.  જેમાં ખાસ કરીને માઓ ઝેડોંગ (ચીન), ફિદેલ કાસ્ટ્રો (ક્યુબા) અને હો ચી મિન્હ વિયેતનામ જેવા નેતાઓ દ્વારા અપનાવવામાં આવી. તે કમ્યુનિસ્ટ ઇન્ટરનેશનલ કોમિન્ટર્ન દ્વારા વિશ્વભરમાં ફેલાઈ, જેમાં પાર્ટીને સંઘર્ષનો 'અગ્રભાગ' બનાવવામાં આવ્યો. સામ્યવાદી વિકાસમાં પણ ફાળો મહત્વનો છે, વંશીય પાર્ટી સંઘર્ષ પછી પણ રહે, જેથી તે 'પ્રોલેરિયાટનું શાસન' દ્વારા સમાજને સામ્યવાદ તરફ લઈ જાય

જેમ કે રાષ્ટ્રીયકરણ અને શિક્ષણ દ્વારા સમાજમાં જાગૃતા અને વિકાસ કરવાની કાર્યવાહી કરે છે.

3. વ્યવહારિક અમલ અને ઉદાહરણો

રશિયા (સોવિયેત યુનિયન): બોલ્શેવિક પાર્ટી બાદમાં કમ્યુનિસ્ટ પાર્ટી ઓફ ધ સોવિયેત યુનિયનએ વંશીય પાર્ટીનું ઉદાહરણ છે. તેણે 1917 પછી ગૃહયુદ્ધમાં જીત મેળવી અને 1920-30ના દાયકામાં ઔદ્યોગિકીકરણ કર્યું.

ચીનઃ ચીની કમ્યુનિસ્ટ પાર્ટી (CCP) માઓના નેતૃત્વમાં વંશીય તરીકે કાર્ય કરી, જેણે 1949ના સંઘર્ષમાં ગ્રામીણ મજૂર વર્ગને નેતૃત્વ આપ્યું. આજે પણ CCP ચીનનું એકમાત્ર શાસક પાર્ટી છે.

અન્યઃ ક્યુબામાં કમ્યુનિસ્ટ પાર્ટી અને વિયેતનામ કમ્યુનિસ્ટ પાર્ટી આ મોડલ અનુસરે છે.

4. ટીકાઓ અને વિરોધાભાસો

ઘણા ટીકાકારો જેમ કે રોઝા લ્યુક્સેમ્બુર્ગ કહે છે કે આ વિભાવના પાર્ટીને 'એલિટ' બનાવે છે, જે મજૂર વર્ગની સ્વતંત્રતા છીનવે અને એકલા શાસન (one-party rule) તરફ દોરી જાય. ઉદાહરણઃ સ્ટાલિનના સમયમાં પાર્ટીનું દમનકારી બનવું.

લોકશાહીનો અભાવ જોવા મળે છે વંશીય પાર્ટીમાં કેન્દ્રીયતા વધુ હોવાથી, વિરોધી મતોને દબાવવામાં આવે છે, જે સામ્યવાદીનો આદર્શ સમાનતાની વિરુદ્ધ છે.

આજે આ વિભાવનાને 'પોપ્યુલિઝમ' અથવા 'ઓથોરિટેરિયન વામપંથ' સાથે જોડવામાં આવે છે, જેમ કે ચીન અને ઉત્તર કોરિયામાં જોવા મળે છે. તેને વૈકલ્પિક તરીકે 'ગ્રાસરૂટ ડેમોક્રસી' અથવા ટ્રોટ્સ્કીના 'સ્થાયી સંઘર્ષ' સાથે તુલના કરવામાં આવે છે.

આ વિભાવના સામ્યવાદને 'વૈજ્ઞાનિક' અને વ્યવહારિક બનાવે છે, પરંતુ તેના વ્યવહારમાં વિરોધાભાસો જોવા મળે છે

7.2.2. ઇમ્પીરિયલિઝમઃ કેપિટલિઝમનું ઉચ્ચતમ તબક્કો (Imperialism as the Highest Stage of Capitalism) :

ઇમ્પીરિયલિઝમઃ કેપિટલિઝમનું ઉચ્ચતમ તબક્કો (Imperialism, the Highest Stage of Capitalism) એ વ્લાદિમીર લેનિનનું 1916માં લખાયેલું પ્રખ્યાત પુસ્તક છે, જે પ્રથમ વિશ્વયુદ્ધ દરમિયાન લખાયું હતું. આ પુસ્તકમાં લેનિન કાર્લ માર્ક્સના કેપિટલિઝમના વિશ્લેષણને આગળ વધારીને તેને તેના 'અંતિમ તબક્કા' તરીકે વર્ણવે છે, જેને મોનોપોલી કેપિટલિઝમ અથવા ફાઇનાન્સ કેપિટલ તરીકે ઓળખવામાં આવે છે. લેનિનના અનુસાર, આ તબક્કો કેપિટલિઝમને વધુ આક્રમક, વૈશ્વિક અને વિનાશક બનાવે છે, જે ઇમ્પીરિયલિઝમ (સામ્રાજ્યવાદ)

દ્વારા વ્યક્ત થાય છે. તેમનો મુખ્ય ઉદ્દેશ કેપિટલિઝમના આંતરિક વિરોધાભાસોને ઉજાગર કરીને સંઘર્ષની અનિવાર્યતા સાબિત કરવાનો છે.

આ પુસ્તક લેનિનના માર્ક્સવાદ-લેનિનવાદનું મુખ્ય ભાગ છે અને 20મી સદીના વામપંથી આંદોલનો જેમ કે રશિયન, ચીની અને વિયેતનામી સંઘર્ષોને પ્રભાવિત કરે છે.

7.2.2.1. કેપિટલિઝમના વિકાસના તબક્કા : લેનિન કેપિટલિઝમને પાંચ મુખ્ય તબક્કામાં વહેંચે છે.

7.2.2.1.1.મોનોપોલી (Monopoly): સ્પર્ધા (competition)નું સ્થાન મોનોપોલીઓ (monopolies) લે છે. મોટી કંપનીઓ જેમ કે ટ્રસ્ટ, કાર્ટલ બજારને નિયંત્રિત કરે છે, જે નફાને વધારે છે પણ ઉત્પાદનને અસ્થિર બનાવે છે.

7.2.2.1.2. ફાઇનાન્સ કેપિટલ (Finance Capital): ઔદ્યોગિક કેપિટલ (ઉત્પાદન) અને બેંકિંગ કેપિટલ (નાણા)નું મોટી બેંકો જેમ કે જે.પી. મોર્ગાન અને ઔદ્યોગિક જાયન્ટ્સ જેમ કે સ્ટાન્ડર્ડ ઓઇલ એકબીજા સાથે જોડાઈને 'ફાઇનાન્સ કેપિટલ' બનાવે છે, જે અર્થતંત્રને નિયંત્રિત કરે છે.

7.2.2.1.3. કેપિટલનો નિકાસ (Export of Capital): કેપિટલિસ્ટો માદા એકમોમાં નફો ઘટતો જોઈને કેપિટલ (રોકાણ)ને પછાત દેશોમાં નિકાસ કરે છે. આ ઉપનિવેશવાદને વધારે છે, જ્યાં ગરીબ દેશોને કાચા માલના સ્રોત અને બજાર તરીકે વાપરવામાં આવે છે.

7.2.2.1.4. આંતરરાષ્ટ્રીય મોનોપોલીઓ (International Monopolist Associations) : વિશ્વભરમાં મોનોપોલીઓ વૈશ્વિક નિયંત્રણ કરે છે, જેમ કે આંતરરાષ્ટ્રીય કાર્ટલ જુદા- જુદા સંગઠનો બનવવા

7.2.2.1.5. વિશ્વનું વિભાજન (Territorial Division of the World): મોટા કેપિટલિસ્ટ દેશો જેમ કે બ્રિટન, જર્મની, ફ્રાન્સ વિશ્વને ઉપનિવેશોમાં વહેંચી લે છે. આ વિભાજન પૂર્ણ થયા પછી, આગળનું વિસ્તરણ યુદ્ધો દ્વારા જ થઈ શકે.

આ તબક્કો કેપિટલિઝમને 'ઉચ્ચતમ' (highest) બનાવે છે, પણ તેના વિરોધાભાસો જેમ કે અતિ-ઉત્પાદન અને સંકટો તેને વિનાશ તરફ દોરે છે.

7.2.2.2. ઇમ્પીરિયલિઝમના લક્ષણો અને પરિણામો

7.2.2.2.1. પેરાસીટિઝમ અને ક્ષય (Parasitism and Decay) : કેપિટલિઝમમાં 'પેરાસાઇટિક' તત્વો વધે છે એટલે કે નોન-પ્રોડક્ટિવ વર્ગો બ્રોકર્સ, વકીલો વધે છે, જ્યારે ઉત્પાદક મજૂર વર્ગ ઘટે છે. આનાથી અર્થતંત્ર 'ક્ષય' (decay) તરફ જાય છે, જેમાં નવીનતા ઘટે અને યુદ્ધો વધે.

7.2.2.2.2. યુદ્ધોની અનિવાર્યતાઃ ઇમ્પીરિયલિઝમ વિશ્વને વહેંચીને 'માર્કેટ્સ' માટે યુદ્ધોને જન્મ આપે છે. લેનિન કહે છે કે પ્રથમ વિશ્વયુદ્ધ એનું જ ઉદાહરણ છે, જે કેપિટલિસ્ટો વચ્ચેના વિરોધથી થયું. આ યુદ્ધો સંઘર્ષનું કારણ બને છે, કારણ કે તે મજૂર વર્ગને જાગૃત કરે છે.

7.2.2.2.3. ઓપ્રેસ્ડ નેશન્સની ભૂમિકાઃ ગરીબ દેશો જેમ કે ભારત, આફ્રિકાને શોષણના શિકાર તરીકે જોવામાં આવે છે, પણ તેમના મુક્તિ આંદોલનો વૈશ્વિક સંઘર્ષને મદદ કરે છે.

7.2.2.3. સામ્યવાદી સંઘર્ષ તરફનો માર્ગ

લેનિન કહે છે કે ઇમ્પીરિયલિઝમ કેપિટલિઝમનું 'મોરિબંડ' (moribund) તબક્કો છે, જે સંઘર્ષને અનિવાર્ય બનાવે છે. સંઘર્ષ 'ઇમ્પીરિયલિઝમના નબળા કડી' (weakest links) જેમ કે રશિયા જેવા પછાત પણ અસ્થિર દેશોમાંથી શરૂ થઈ શકે. આ વિચારથી 1917ના રશિયન સંઘર્ષને નેતૃત્વ મળ્યું.

આજે આ સિદ્ધાંતને ગ્લોબલ કેપિટલિઝમ, મલ્ટીનેશનલ કંપનીઓ જેમ કે એપલ, ગૂગલ અને નિયો-ઇમ્પીરિયલિઝમ  જેમ કે અમેરિકાના યુદ્ધોના વિશ્લેષણમાં વાપરવામાં આવે છે. તે વૈશ્વિક અસમાનતા અને જળવાયુ સંકટને સમજાવવામાં મદદ કરે છે.

આ વિચારે એ વામપંથીઓને વૈશ્વિક દૃષ્ટિ આપી અને ઉપનિવેશવાદ વિરુદ્ધના આંદોલનોને પ્રેરણા આપી. તેમ છતાં, ટીકાકારો જેમ કે રોઝા લ્યુક્સેમ્બુર્ગ કહે છે કે તે કેપિટલિઝમને અતિશય નિશ્ચિત અંત તરફ દોરતું બતાવે છે, જ્યારે વાસ્તવમાં તે અનુકૂળ રહ્યું છે.

7.2.3. રાજ્ય અને સંઘર્ષ (The State and Revolution)

લેનિન માર્ક્સના વિચારોને આગળ વધારીને કહે છે કે રાજ્ય એ શોષક વર્ગનું સાધન છે, જે મજૂર વર્ગને દબાવે છે. સંઘર્ષ દ્વારા આ રાજ્યને તોડી પાડવું પડે, અને તેના સ્થળે પ્રોલેતેરિયાટનું શાસન (Dictatorship of the Proletariat) સ્થાપિત કરવું પડે. આ તબક્કો અસ્થાયી છે, જેમાં મજુર વર્ગ દ્વારા રાજ્યને નિયંત્રિત કરીને કેપિટલિઝમના અવશેષોને નાબૂદ કરવામાં આવે. અંતે રાજ્ય 'મરી જાય' અને વર્ગહીન સમાજ બને.

આ સિદ્ધાંત 1917ના સંઘર્ષ પછી સોવિયેત રાજ્યનું આધારભૂત બન્યો, જ્યાં સોવિયેટ્સ (કાર્મિક પરિષદો) દ્વારા લોકશાહી અમલ કરવામાં આવી. જો કે વ્યવહારમાં આ 'શાસન' કેન્દ્રીય અને અધિકારી બન્યું.

7.2.4. સમાજવાદ તરફનું પરિવર્તન અને નવા આર્થિક નીતિ (Transition to Socialism and New Economic Policy -NEP) : લેનિન માનતા હતા કે પછાત દેશોમાં સીધો સામ્યવાદ નહીં, પણ સમાજવાદી તબક્કા દ્વારા પરિવર્તન જરૂરી છે. 1921માં તેમણે નવી આર્થિક નીતિ (NEP) રજૂ કરી, જેમાં મર્યાદિત બજાર અર્થતંત્ર અને ખાનગી વેપારને મંજૂરી આપીને અર્થતંત્રને પુનઃસ્થાપિત કરવામાં આવી. આ 'એક પગથિયું પાછું, બે પગથિયાં આગળ'ની નીતિ હતી, જે સમાજવાદ તરફના પડકારોને ધ્યાનમાં લે છે.

આ NEPએ રશિયાના આર્થિક સંકટને ઘટાડ્યું અને ચીન જેવા દેશોમાં મિશ્ર અર્થતંત્રનું મોડલ બન્યું. જો કે આને કેટલાક કમ્યુનિસ્ટો 'જમીનદારી તરફ પડકાર' તરીકે જુએ છે.

લેનિનના સિદ્ધાંતોએ સોવિયેત યુનિયન, ચીન, ક્યુબા અને વિયેતનામ જેવા દેશોમાં સામ્યવાદી રાજ્યોની સ્થાપના કરી, પરંતુ તેમાંથી કેટલાક જેમ કે સોવિયેત 1991માં વિભાજિત વિરોધાભાસો અધિકારીકરણ, આર્થિક અસફળતાને કારણે નિષ્ફળ થયા. આજે તેમના વિચારો નવા વામપંથી આંદોલનો જેમ કે લેટિન અમેરિકામાં, વૈશ્વિક અસમાનતા અને જળવાયુ પરિવર્તન વિરુદ્ધની લડતમાં પ્રસંગિક છે. તેમ છતાં, ટીકાકારો તેમને 'આધુનિક શોષણ'ના જવાબદાર તરીકે જુએ છે.

## 7.3 સ્ટીફન રેસ્નીકના સામ્યવાદી સિદ્ધાંતો :



સ્ટીફન રેસ્નિક (Stephen Resnick) એક અમેરિકન માર્ક્સવાદી અર્થશાસ્ત્રી હતા (1938-2013), જેઓ રિચાર્ડ ડી. વોલ્ફ (Richard D. Wolff) સાથે મળીને માર્ક્સવાદી સિદ્ધાંતોના વિકાસ માટે જાણીતા છે. તેમના સામ્યવાદી (કોમ્યુનિસ્ટ) સિદ્ધાંતો મુખ્યત્વે માર્ક્સના વર્ગ (class) વિશ્લેષણ પર આધારિત છે, પરંતુ તેમાં તેઓ અલગ અભિગમ અપનાવે છે જેને 'ઓવરડિટર્મિનેશન' (overdeterrmination) કહેવામાં આવે છે. આ સિદ્ધાંતો તેમના પુસ્તકોમાં વિસ્તારથી વર્ણવેલા છે, જેમ કે Knowledge and Class (1987), Class Theory and History: Capitalism and Communism in the USSR (2002) અને Contending Economic Theories (2012).

7.3.1. મુખ્ય સિદ્ધાંતોની વિગતવાર સમજૂતી:

1. વર્ગ પ્રક્રિયા (Class Process) અને અધિશ્રમ (Surplus Labor) :

➢ રેસ્નિક અને વોલ્ફ માર્ક્સના વર્ગને મુખ્યત્વે અધિશ્રમના ઉત્પાદન, વિનિયોગ (appropriation) અને વિતરણ પર આધારિત વ્યાખ્યાયિત કરે છે.

- ➢ કેપિટલિસ્ટ વર્ગ પ્રક્રિયા: ઉત્પાદકો (કામદારો) અધિશ્રમ ઉત્પાદન કરે છે, પરંતુ તેનું વિનિયોગ કેપિટલિસ્ટ કરે છે. આમાં શોષણ (exploitation) હોય છે, કારણ કે ઉત્પાદક અને વિનિયોગકર્તા અલગ વ્યક્તિઓ હોય છે.
- ➢ કોમ્યુનિસ્ટ વર્ગ પ્રક્રિયા: અહીં ઉત્પાદકો જ સામૂહિક રીતે અધિશ્રમનું વિનિયોગ કરે છે. આમાં કોઈ શોષણ નથી હોતું, કારણ કે ઉત્પાદક અને વિનિયોગકર્તા એક જ હોય છે (સામૂહિક ઉત્પાદકો).
- ➢ આ વ્યાખ્યા પરંપરાગત માર્ક્સવાદથી અલગ છે, જે વર્ગને માલિકી (property ownership) અથવા સત્તા (power) પર આધારિત માને છે. રેસ્નિક માટે વર્ગ મુખ્યત્વે અધિશ્રમની પ્રક્રિયા છે.

2. ઓવરડિટર્મિનેશન (Overdetermination):

- ➢ આ તેમના સિદ્ધાંતનું કેન્દ્ર છે, જે લુઈ અલ્થુસર (Louis Althusser) પાસેથી પ્રેરિત છે પરંતુ વધુ વિકસિત.
- ➢ કોઈ પણ ઘટના અથવા પ્રક્રિયા (જેમ કે વર્ગ માળખું) એક જ કારણથી નક્કી થતી નથી (જેમ કે આર્થિક આધાર અથવા ઉત્પાદન શક્તિઓ). તેનું અસ્તિત્વ તમામ અન્ય પ્રક્રિયાઓ (આર્થિક, રાજકીય, સાંસ્કૃતિક, કુદરતી વગેરે) દ્વારા 'ઓવરડિટર્માઈન્ડ' (અતિનિર્ધારિત) હોય છે.
- ➢ આનાથી તેઓ પરંપરાગત માર્ક્સવાદના આર્થિક નિર્ધારણવાદ (economic d<sup>a</sup>erminism)ની ટીકા કરે છે અને એક નોન-ડિટર્મિનિસ્ટિક (અનિર્ધારિતવાદી) અભિગમ અપનાવે છે.
- ➢ સામ્યવાદના સંદર્ભમાં: કોમ્યુનિસ્ટ વર્ગ માળખું અનેક પ્રકારનું હોઈ શકે છે, કારણ કે તે અન્ય તમામ પ્રક્રિયાઓથી પ્રભાવિત થાય છે.

3. સોવિયેત યુનિયન અને સામ્યવાદ:

- ➢ તેમની પુસ્તક *Class Theory and History*માં તેઓ દલીલ કરે છે કે સોવિયેત યુનિયનમાં ક્યારેય સાચો સામ્યવાદ અસ્તિત્વમાં નહોતો.
- ➢ ઉદ્યોગોમાં 'સ્ટેટ કેપિટલિઝમ' (રાજ્ય કેપિટલિઝમ) હતું: અધિશ્રમનું વિનિયોગ રાજ્ય અધિકારીઓ કરતા હતા, કામદારો નહીં. આમાં શોષણ હતું.
- ➢ કેટલાક ક્ષેત્રોમાં (જેમ કે કેટલાક કૃષિ સમૂહો) કોમ્યુનિસ્ટ વર્ગ પ્રક્રિયા હોઈ શકે, પરંતુ એકંદરે નહીં.
- ➢ સામ્યવાદ માટે જરૂરી છે કે ઉત્પાદકો જ અધિશ્રમનું સામૂહિક વિનિયોગ કરે, રાજ્ય અથવા ખાનગી માલિકી નહીં.

4. સામ્યવાદની વિવિધતા અને ભવિષ્ય:

- ➢ સામ્યવાદ એક જ પ્રકારનો નથી; તે અનેક સ્વરૂપોમાં હોઈ શકે છે, કારણ કે ઓવરડિટર્મિનેશનને કારણે તે અન્ય પ્રક્રિયાઓથી પ્રભાવિત થાય છે.

- તેઓ શોષણના અંત (exploitation-free society) પર ભાર મૂકે છે, જે કોમ્યુનિસ્ટ વર્ગ પ્રક્રિયા દ્વારા શક્ય છે.
- આ સિદ્ધાંતોમાં તેઓ ઘરગથ્થુ, લિંગ, આવક વિતરણ વગેરેને પણ વર્ગ વિશ્લેષણ સાથે જોડે છે.

  રેસ્નિકના સિદ્ધાંતો પરંપરાગત માર્ક્સવાદથી અલગ છે કારણ કે તેઓ નિર્ધારણવાદને નકારે છે અને વર્ગને વધુ કેન્દ્રીય બનાવે છે. આનાથી તેઓ સામ્યવાદને વધુ લવચીક અને વિવિધ સ્વરૂપોમાં જુએ છે. વધુ વાંચવા માટે તેમની પુસ્તકો અથવા Rethinking Marxism જર્નલ જુઓ.

## 7.4 વ્લાદિમીર લેનિન અને સ્ટેફન રેસ્નિકના વિચારોનું અવલોકન :

વ્લાદિમીર ઈલિચ લેનિન (1870-1924) રશિયન ક્રાંતિના નેતા અને બોલ્શેવિક માર્ક્સવાદના વિકાસકર્તા હતા. તેમના વિચારો પરંપરાગત માર્ક્સ-એંગેલ્સના માર્ક્સવાદ પર આધારિત છે, જેમાં આર્થિક નિર્ધારણવાદ (economic determinism) મુખ્ય છે. સ્ટીફન રેસ્નિક (1938-2013) અમેરિકન માર્ક્સવાદી અર્થશાસ્ત્રી હતા, જેઓ રિચાર્ડ વોલ્ફ સાથે પોસ્ટ-અલ્થુસરીયન માર્ક્સવાદ વિકસાવ્યો. તેમના વિચારોમાં ઓવરડિટર્મિનેશન (overdetermination) કેન્દ્રીય છે, બન્નેનાં વિચારોનું આવલોકન નીચે મુજબ કરી શકાય.

1. નિર્ધારણવાદ (Determinism):

- લેનિનઃ પરંપરાગત માર્ક્સવાદી અભિગમ અપનાવે છે, જેમાં ઉત્પાદન શક્તિઓ અને ઉત્પાદન સંબંધો (economic base) અંતિમ રીતે સામાજિક માળખું (superstructure: રાજ્ય, વિચારધારા વગેરે) નક્કી કરે છે. ક્રાંતિ આર્થિક વિકાસના તબક્કાઓ પર આધારિત છે (The Development of Capitalism in Russia, Imperialism, the Highest Stage of Capitalism).
- રેસ્નિકઃ આર્થિક નિર્ધારણવાદની કડક ટીકા કરે છે. ઓવરડિટર્મિનેશનના સિદ્ધાંત મુજબ, કોઈ પણ પ્રક્રિયા (જેમ કે વર્ગ અથવા ક્રાંતિ) એક જ કારણથી નહીં, પરંતુ તમામ પ્રક્રિયાઓ (આર્થિક, રાજકીય, સાંસ્કૃતિક)થી અતિનિર્ધારિત હોય છે. આ અલ્થુસરીયન વિચાર છે.

2. વર્ગ વિશ્લેષણ (Class Analysis):

- લેનિનઃ વર્ગને માલિકી અને સત્તા પર આધારિત જુએ છે. પાર્ટી (વેન્ગાર્ડ પાર્ટી) દ્વારા ક્રાંતિ અને ડિક્ટેટરશિપ ઓફ પ્રોલેટેરિયેટ જરૂરી છે (State and Revolution).
- રેસ્નિકઃ વર્ગને મુખ્યત્વે અધિશ્રમની પ્રક્રિયા (surplus labor appropriation) તરીકે વ્યાખ્યાયિત કરે છે. કેપિટલિઝમમાં શોષણ હોય છે, સામ્યવાદમાં ઉત્પાદકો જ અધિશ્રમનું સામૂહિક વિનિયોગ કરે છે.

3. ક્રાંતિ અને સામ્યવાદઃ

- લેનિનઃ રશિયામાં ક્રાંતિને વ્યવહારિક બનાવી, જેમાં રાજ્ય સત્તા જપ્ત કરવી જરૂરી. સોવિયેત યુનિયનને સામ્યવાદ તરફના તબક્કા તરીકે જોયું.
- રેસ્નિકઃ સોવિયેત યુનિયનમાં 'સ્ટેટ કેપિટલિઝમ' હતું, સાચો સામ્યવાદ નહીં (Class Theory and History). સામ્યવાદ વિવિધ સ્વરૂપોમાં હોઈ શકે, કારણ કે ઓવરડિટર્મિનેશનને લીધે.

ટૂંકમાં, લેનિનના વિચારો વ્યવહારિક ક્રાંતિ અને આર્થિક આધાર પર કેન્દ્રિત છે, જ્યારે રેસ્નિકના વિચારો વધુ સૈદ્ધાંતિક અને અનિર્ધારિતવાદી છે, જે પરંપરાગત માર્ક્સવાદની ટીકા કરે છે. બંને માર્ક્સવાદી છે, પરંતુ રેસ્નિકનો અભિગમ 20મી સદીના પછીના વિચારકો અલ્થુસરથી પ્રભાવિત છે.

## 7.5 સારાંશ :

વ્લાદિમીર લેનિન અને સ્ટીફન રેસ્નિકના મુજબ. સામ્યવાદનો મુખ્ય ઉદ્દેશ વર્ગભેદ, શોષણ અને અસમાનતાનો અંત લાવી સમાનતાવાદી સમાજની સ્થાપના કરવાનો છે, જેનો વૈજ્ઞાનિક આધાર કાર્લ માર્ક્સ અને એંગલ્સના વિચારોમાં મળે છે.

વ્લાદિમીર લેનિને માર્ક્સવાદને રશિયા જેવા પછાત સમાજમાં વ્યવહારિક બનાવ્યો. તેમના મુખ્ય સિદ્ધાંતોમાં વંશીય પાર્ટીની વિભાવના, ઇમ્પીરિયલિઝમ, કેપિટલિઝમનું ઉચ્ચતમ તબક્કો, રાજ્ય અને સંઘર્ષ, તેમજ નવો આર્થિક નીતિ (NEP) નો સમાવેશ થાય છે. લેનિન અનુસાર મજુર વર્ગમાં સ્વયંસ્ફૂર્ત ચેતના પૂરતી નથી, તેથી ક્રાંતિ માટે શિસ્તબદ્ધ અને કેન્દ્રીય વંશીય પાર્ટી જરૂરી છે. તેઓ ઇમ્પીરિયલિઝમને કેપિટલિઝમનું અંતિમ અને મરણાસન્ન તબક્કું માને છે, જે યુદ્ધો અને વૈશ્વિક શોષણને જન્મ આપે છે. રાજ્યને શોષણનું સાધન ગણાવી, તેઓ પ્રોલેતેરિયાટના શાસન દ્વારા રાજ્યના અંત અને વર્ગહીન સમાજની કલ્પના કરે છે.

સ્ટીફન રેસ્નિકનો અભિગમ આધુનિક અને સૈદ્ધાંતિક છે. તેઓ વર્ગને અધિશ્રમના ઉત્પાદન અને વિનિયોગની પ્રક્રિયા તરીકે વ્યાખ્યાયિત કરે છે અને પરંપરાગત આર્થિક નિર્ધારણવાદની ટીકા કરે છે. તેમનો ઓવરડિટર્મિનેશનનો સિદ્ધાંત દર્શાવે છે કે સામાજિક ઘટનાઓ અનેક આર્થિક, રાજકીય અને સાંસ્કૃતિક પરિબળોથી અતિનિર્ધારિત થાય છે. રેસ્નિક અનુસાર સાચા સામ્યવાદમાં ઉત્પાદકો પોતે અધિશ્રમનું સામૂહિક વિનિયોગ કરે; સોવિયેત યુનિયન જેવા મોડલમાં તેઓ 'સ્ટેટ કેપિટલિઝમ' જોવે છે, સાચો સામ્યવાદ નહીં.

આમ, લેનિનના વિચારો ક્રાંતિ, રાજ્ય સત્તા અને વ્યવહારિક અમલ પર કેન્દ્રિત છે, જ્યારે રેસ્નિકના વિચારો શોષણમુક્ત સમાજ માટે વર્ગ પ્રક્રિયાના ઊંડા સૈદ્ધાંતિક વિશ્લેષણ પર આધારિત છે. બંને વિચારકો સામ્યવાદી છે, પરંતુ તેમના અભિગમો અલગ છે. લેનિન વ્યવહારિક ક્રાંતિના નેતા છે અને રેસ્નિક આધુનિક, અનિર્ધારિતવાદી માર્ક્સવાદના પ્રતિનિધિ છે.

## 7.6 ચાવીરૂપ શબ્દો :

પ્રોલેતેરિયાટઃ એ માર્ક્સવાદી અને સામ્યવાદી વિચારધારામાં એક મહત્વપૂર્ણ વર્ગ છે, જેને કાર્મિક વર્ગ (Working Class) તરીકે ઓળખવામાં આવે છે. આ શબ્દ લેટિન શબ્દ 'proletarius' પરથી આવ્યો છે, પ્રોલેતેરિયાટ એ કેપિટલિઝમમાં વસ્તીનો મોટો ભાગ છે, જેમને ઉત્પાદનના સાધનો જેમ પાસે ફેક્ટરીઓ, જમીન, મશીનોની માલિકી નથી. તેઓ પોતાની મજૂરી (લેબર) વેચીને માલિકો માટે કામ કરે છે અને તેના બદલામાં મજૂરી વેતન (Wages) મેળવે છે. માર્ક્સના 'અધિક મૂલ્ય (Surplus Value)' સિદ્ધાંત અનુસાર, મજૂર વર્ગના શ્રમથી ઉત્પન્ન થતું વધારાનું મૂલ્ય (નફો) માલિકોને જાય છે, જે પ્રોલેતેરિયાટના શોષણનું મુખ્ય કારણ છે. આ વર્ગ ઔદ્યોગિક ક્રાંતિ દરમિયાન વધ્યો.

બેંકિંગ કેપિટલ (નાણા)નું મળનઃ વ્લાદિમીર લેનિનના સિદ્ધાંતમાં ફાઇનાન્સ કેપિટલ (Finance Capital) તરીકે ઓળખાય છે. જે કેપિટલિઝમના અંતિમ તબક્કાનું વિશ્લેષણ કરે છે. સરળ શબ્દોમાં, આ 'મળન' એટલે બેંકો (નાણાકીય કેપિટલ) અને ઔદ્યોગિક કંપનીઓ (ઉત્પાદન કેપિટલ) વચ્ચેનું ગાઢ જોડાણ, જે અર્થતંત્રને મોટા મોનોપોલીઓ (monopolies) તરફ દોરી જાય છે અને સામ્રાજ્યવાદ (imperialism)ને જન્મ આપે છે.

'મોરિબંડ' (moribund) તબક્કોઃ લેનિન માનતા હતા કે ઇમ્પીરિયલિઝમ પૂંજીવાદનો અંતિમ, મરણાસન્ન તબક્કો છે જ્યાં પૂંજીવાદ પોતાની મર્યાદાઓ સુધી પહોંચી ગયું છે અને તેનો અંત અનિવાર્ય છે. આ વિચારે માર્ક્સવાદીઓને ક્રાંતિ માટે પ્રેરણા આપી અને વિશ્વના ઘણા દેશોમાં સામ્રાજ્યવિરોધી લડતોને આધાર આપ્યો.

ઉપનિવેશવાદઃ ઉપનિવેશવાદ (Colonialism) એ એક રાજકીય, આર્થિક અને સાંસ્કૃતિક પ્રક્રિયા છે જેમાં એક શક્તિશાળી દેશ અથવા રાષ્ટ્ર બીજા દેશ અથવા વિસ્તાર પર પોતાનું નિયંત્રણ સ્થાપિત કરે છે. આમાં સામાન્ય રીતે વસાહતો (colonies) સ્થાપવી, ત્યાંના લોકોને આધીન બનાવવા અને તેમના સંસાધનોનું શોષણ કરવું સામેલ હોય છે.

ઓવરડિટર્મિનેશન(overdetermination): ઓવરડિટર્મિનેશન એટલે કોઈ ઘટના અથવા વસ્તુ એક જ કારણથી નહીં, પરંતુ અનેક કારણોના સંયોજનથી નિર્ધારિત થાય છે, અને આ કારણો એકબીજાને પ્રભાવિત કરે છે. આનાથી જટિલ સામાજિક વાસ્તવિકતાને વધુ સારી રીતે સમજી શકાય છે.

## 7.7 તમારી પ્રગતિ ચકાસો :

### (ક) નિબંધ પ્રકારના પ્રશ્નો

1. સામ્યવાદી વિચારધારાનો અર્થ અને લક્ષણો સમજાવો.
2. વ્લાદિમીર લેનિનના સામ્યવાદી સિદ્ધાંતોની સવિસ્તાર ચર્ચા કરો.
3. વંશીય પાર્ટીની વિભાવના શું છે?

4. ઈમ્પીરિયલિઝમ કેપિટલિઝમનું ઉચ્ચતમ તબક્કો છે આ નિવેદનને લેનિનના વિચારોના આધારે સમજાવો.

5. સ્ટીફન રેસ્નિકના સામ્યવાદી વિચારોની સવિસ્તાર સમજૂતી આપો.

6. સ્ટીફન રેસ્નિક મુજબ સામ્યવાદની કલ્પના સમજાવો.

7. વ્લાદિમીર લેનિન અને સ્ટીફન રેસ્નિકના સામ્યવાદી વિચારોનું તુલનાત્મક અવલોકન કરો.

**(ખ) ટૂંકનોંધ**

1. સામ્યવાદી વિચારધારા

2. વ્લાદિમીર લેનિન : પરિચય અને યોગદાન.

3. વંશીય પાર્ટીની વિભાવના.

4. ઈમ્પીરિયલિઝમ : કેપિટલિઝમનું ઉચ્ચતમ તબક્કો

5. રાજ્ય અને સંઘર્ષનો સિદ્ધાંત

6. નવી આર્થિક નીતિ (NEP)

7. સ્ટીફન રેસ્નિકનો વર્ગ વિશ્લેષણ

8. ઓવરડિટર્મિનેશનનો સિદ્ધાંત

**(ગ) હેતુલક્ષી પ્રશ્નો**

1. સામ્યવાદી વિચારધારાનો મુખ્ય ઉદ્દેશ શું છે?

   (A) નફા વધારવો

   (B) ખાનગી માલિકી મજબૂત કરવી

   (C) વર્ગહીન અને શોષણમુક્ત સમાજ સ્થાપિત કરવો

   (D) રાજ્ય સત્તા વધારવી

2. સામ્યવાદને વૈજ્ઞાનિક આધાર કોણે આપ્યો?

   (A) એડમ સ્મિથ (B) કાર્લ માર્ક્સ અને એંગલ્સ

   (C) મિલ્ટન ફ્રીડમેન (D) મેક્સ વેબર

3. વ્લાદિમીર લેનિન કયા દેશના ક્રાંતિ નેતા હતા?

   (A) જર્મની (B) ચીન (C) રશિયા (D) ક્યુબા

4. ''વંશીય પાર્ટી''ની કલ્પના કોની છે?

(A) કાર્લ માર્ક્સ (B) સ્ટીફન રેસ્નિક

(C) વ્લાદિમીર લેનિન (D) લુઈ અલ્થુસર

5. વંશીય પાર્ટીનો મુખ્ય હેતુ શું છે?

(A) ચૂંટણી જીતવી

(B) મજૂર વર્ગને સંગઠિત અને નેતૃત્વ આપવું

(C) ખાનગી ઉદ્યોગ વધારવો

(D) રાજ્ય સત્તા નબળી બનાવવી

6. "What Is to Be Done?" પુસ્તક કોણે લખ્યું?

(A) કાર્લ માર્ક્સ (B) લેનિન (C) રેસ્નિક (D) એંગલ્સ

7. "Imperialism: The Highest Stage of Capitalism" પુસ્તકનો લેખક કોણ છે?

(A) રિકાર્ડો (B) માર્ક્સ (C) લેનિન (D) વોલ્ફ

8. લેનિન મુજબ ઇમ્પીરિયલિઝમમાં કયો કેપિટલ મુખ્ય બને છે?

(A) કૃષિ કેપિટલ (B) માનવ કેપિટલ

(C) ફાઇનાન્સ કેપિટલ (D) સામાજિક કેપિટલ

9. પ્રોલેતેરિયાટ શબ્દનો અર્થ શું થાય છે?

(A) માલિક વર્ગ (B) ખેડૂત વર્ગ (C) કાર્મિક/મજૂર વર્ગ (D) મધ્ય વર્ગ

10. લેનિન મુજબ રાજ્ય શું છે?

(A) તટસ્થ સંસ્થા (B) લોકકલ્યાણનું સાધન

(C) શોષક વર્ગનું સાધન (D) ધાર્મિક સંસ્થા

11. નવી આર્થિક નીતિ (NEP) ક્યારે અમલમાં આવી?

(A) 1917 (B) 1919 (C) 1921 (D) 1929

12. સ્ટીફન રેસ્નિક કયા પ્રકારના અર્થશાસ્ત્રી હતા?

(A) નીઓ-ક્લાસિકલ (B) કેઈન્સીયન

(C) માર્ક્સવાદી (D) સંસ્થાવાદી

13. રેસ્નિક મુજબ વર્ગની વ્યાખ્યા કિસ પર આધારિત છે?

(A) આવક (B) માલિકી

(C) સત્તા (D) અધિશ્રમની પ્રક્રિયા

14. "ઓવરડિટર્મિનેશન"નો અર્થ શું થાય છે?

(A) એક જ કારણથી ઘટના થવી

(B) માત્ર આર્થિક કારણોથી ઘટના થવી

(C) અનેક પરિબળોથી ઘટના નિર્ધારિત થવી

(D) કુદરતી પ્રક્રિયા

15. સ્ટીફન રેસ્નિક મુજબ સોવિયેત યુનિયન કયો પ્રકારનો હતો?

(A) સાચો સામ્યવાદ (B) રાજ્ય કેપિટલિઝમ

(C) લોકશાહી સમાજવાદ (D) મિશ્ર અર્થતંત્ર

## ❖ સંદર્ભ પુસ્તકો


Lenin, V. I. (1917/2009). The state and revolution. Penguin Bokos.

Lenin, V. I. (1916/2010). Imperialism: The highest stage of capitalism. Resistance Bokos.

Marx, K., & Engels, F. (1848/2008). The communist manifesto. Oxford University Press.

Marx, K. (1867/2011). Capital: A critique of political economy (Vol. 1). Penguin Classics.

Resnick, S. A., & Wolff, R. D. (1987). Knowledge and class: A Marxian critique of political economy. University of Chicago Press.

Resnick, S. A., & Wolff, R. D. (2002). Class theory and history: Capitalism and communism in the USSR. Routledge.

Wolff, R. D. (2012). Contending economic theories: Neoclassical, Keynesian, and Marxian. MIT Press.

Althusser, L. (1969/2005). For Marx. Verso.

દેસાઈ, આર. કે.(2015). આધુનિક આર્થિક વિચારધારાઓ.યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ, ગુજરાત રાજ્ય.

ત્રિવેદી, એન. એમ.(2012). અર્થશાસ્ત્રના સિદ્ધાંતો અને વિચારકો.પારસ પબ્લિકેશન, રાજકોટ.

## ❖ તમારી પ્રગતિ ચકાસો ના જવાબો :

1. (C) વર્ગહીન અને શોષણમુક્ત સમાજ સ્થાપિત કરવો
2. (B) કાર્લ માર્ક્સ અને એંગલ્સ
3. (C) રશિયા
4. (C) વ્લાદિમીર લેનિન
5. (B) મજૂર વર્ગને સંગઠિત અને નેતૃત્વ આપવું
6. (B) લેનિન
7. (C) લેનિન
8. (C) ફાઈનાન્સ કેપિટલ
9. (C) કાર્મિક/મજુર વર્ગ
10. (C) શોષક વર્ગનું સાધન
11. (C) 1921
12. (C) માર્ક્સવાદી
13. (D) અધિશ્રમની પ્રક્રિયા
14. (C) અનેક પરિબળોથી ઘટના નિર્ધારિત થવી
15. (B) રાજ્ય કેપિટલિઝમ

***************

# એકમ-8
# મિશ્ર અર્થતંત્ર


8.0 ઉદ્દેશો

8.1 પ્રસ્તાવના

8.2 મિશ્ર અર્થતંત્રનો અર્થ અને વ્યાખ્યાઓ

8.3 મિશ્ર અર્થતંત્રના લક્ષણો

8.4 મિશ્ર અર્થતંત્રનું મહત્વ

8.5 મિશ્ર અર્થતંત્રની મર્યાદાઓ

8.6 સારાંશ

8.7 ચાવીરૂપ શબ્દો

8.8 તમારી પ્રગતિ ચકાસો

❖ સંદર્ભ સ્ત્રોત

❖ તમારી પ્રગતિ ચકાસોના જવાબ


## 8.0 ઉદ્દેશ્યો :

➢ મિશ્ર અર્થતંત્ર વિશેનો પ્રારંભિક પરિચય મેળવી શકશો.

➢ મિશ્ર અર્થતંત્રના લક્ષણોની જાણકારી મેળવશો.

➢ મિશ્ર અર્થતંત્રના મહત્વ વિશે જાણકારી મેળવશો.

➢ મિશ્ર અર્થતંત્રની મર્યાદાઓ વિશે જાણકારી મેળવશો.

## 8.1 પ્રસ્તાવના :

મૂડીવાદ અને સમાજવાદ એકબીજાથી સંપૂર્ણ વિરોધી વિચારધારાઓ છે. મૂડીવાદ અને સમાજવાદ એ બંને આર્થિક પદ્ધતિઓના દુષણો દૂર કરીને તેમના બંનેના લાભો પ્રાપ્ત કરવાના હેતુથી મિશ્ર અર્થતંત્રની પદ્ધતિનો જન્મ થયો છે.આમાં પૂર્ણ સ્વતંત્રતા અને પૂર્ણ નિયંત્રણ હોતું નથી.પ્રો. જે.એમ.કેઈન્સ પૂર્ણ મૂડીવાદ અને પૂર્ણ સમાજવાદના વિરોધી હતા. તેઓએ મૂડીવાદને ચાલુ રાખીને તેની મર્યાદાઓ દૂર થાય તેવી મિશ્ર અર્થતંત્રની પદ્ધતિની હિમાયત કરી હતી. મિશ્ર અર્થતંત્ર ખાનગી સાહસની પદ્ધતિ અને જાહેર સાહસની પદ્ધતિનાં તત્વોનું મિશ્રણ છે.જેમાં ખાનગી અને જાહેરક્ષેત્રને એવી રીતે કામગીરી સોંપવામાં આવે છે કે જેથી સમાજના બધાજ વર્ગોના આર્થિક હિતોમાં વૃદ્ધિ કરી શકાય.

## 8.2 મિશ્ર અર્થતંત્રનો અર્થ અને વ્યાખ્યાઓ :

મિશ્ર અર્થતંત્ર એટલે એવી આર્થિક પદ્ધતિ જેમાં મહત્વના ઉદ્યોગો સરકારની માલિકી અને સંચાલન હેઠળ જાહેર ક્ષેત્રમાં અને બાકીના ઉદ્યોગો ખાનગી માલિકી અને સંચાલન હેઠળ ખાનગી ક્ષેત્રમાં ચલાવવામાં આવે છે. જાહેર ક્ષેત્ર અને ખાનગી ક્ષેત્ર પરસ્પર સમન્વયથી કાર્ય કરે તે જોવામાં આવે છે અને જરૂર હોય ત્યાં બજાર પદ્ધતિ અને આયોજન તેમજ સરકારી આદેશો અને અંકુશોનો ઉપયોગ લેવામાં આવે છે.

1. પ્રો. હેન્સનના મત મુજબ મિશ્ર અર્થતંત્રમાં ખાનગી અને જાહેર સાહસોનું સહઅસ્તિત્વ હોવાના કારણે દ્વિલક્ષી અર્થતંત્ર તરીકે ઓળખાવે છે.
2. પ્રો. લર્નર , મિશ્ર અર્થતંત્ર પૂર્ણ રીતે મુક્ત ન હોવાથી તેને 'અંકુશિત અર્થતંત્ર' તરીકે ઓળખાવે છે.
3. એસ.એમ.ઈસરાની : " મિશ્ર અર્થતંત્ર એવી આર્થિક પદ્ધતિ છે જેમાં ખાનગી ક્ષેત્ર અને જાહેર ક્ષેત્રને એવી કામગીરી સોંપવામાં આવે છે જેથી સમગ્ર સમાજનું આર્થિક હિત વધારી શકાય છે."
4. જી.એન.હામના મત પ્રમાણે આજે મૂડીવાદી અને સમાજવાદી અર્થતંત્રો પોતાનું વિશિષ્ટ સ્વરૂપ ગુમાવીને મિશ્ર અર્થતંત્રમાં ભળી ગયા છે. આજે લગભગ બધા જ પ્રકારની પદ્ધતિઓ એક યા બીજી રીતે મિશ્ર પ્રકારની જોવા મળે છે.

ટૂંકમાં ખાનગી અને જાહેર ક્ષેત્રના સુમેળથી ઉત્પાદન પ્રવૃત્તિ કરીને આવક અને સંપત્તિની અસમાનતા ઓછી થાય, શોષણ દૂર થાય અને આર્થિક વિકાસ ઝડપી થાય તેવા હેતુથી અમલમાં મૂકવામાં આવતી પદ્ધતિ એટલે મિશ્ર અર્થતંત્ર. એકબીજાની વિરોધી એવી મૂડીવાદી અને સમાજવાદી પદ્ધતિ વચ્ચેની પદ્ધતિને મિશ્ર અર્થતંત્ર તરીકે ઓળખવામાં આવે છે. ભારત, પાકિસ્તાન, યુ.કે., યુરોપના મુક્ત દેશો વગેરે મિશ્ર અર્થતંત્રવાળા દેશો છે.

## 8.3 મિશ્ર અર્થતંત્રના લક્ષણો :

મિશ્ર અર્થતંત્રનાં લક્ષણો નીચે પ્રમાણે છેઃ

(1) ખાનગી અને જાહેર ક્ષેત્રનું સહઅસ્તિત્વ :

મિશ્ર અર્થતંત્રમાં અમુક ઉદ્યોગો ખાસ કરીને ખેતી વપરાશી માલના ઉદ્યોગો વગેરે ખાનગી અથવા વ્યક્તિગત માલિકી પાસે રહેવા દેવામાં આવે છે જયારે અર્થતંત્રમાં આવક અને રોજગારીની દ્રષ્ટિએ ચાવીરૂપ ઉદ્યોગો જેવા કે ખનીજો,ધાતુઓ, સંરક્ષણ સામગ્રી, રસાયણો, યંત્ર સામગ્રી, મૂડીમાલના ઉદ્યોગો વગેરે જાહેર ક્ષેત્ર પાસે રાખવામાં આવે છે અર્થાત તેમની માલિકી અને સંચાલન રાજ્ય હસ્તક હોય છે. આમ મિશ્ર અર્થતંત્રમાં ઉત્પાદનના સાધનોની માલિકી રાજ્ય અને ખાનગી બંનેની હોય છે અને ખાનગી અને જાહેર ક્ષેત્ર એકબીજાના હરીફ નહી પરંતુ પૂરક તરીકે હોય છે.

(2) આર્થિક આયોજન :

મિશ્ર અર્થતંત્રમાં જાહેર માલિકી કે ખાનગી માલિકીના તમામ ઉદ્યોગોનું એક સુસંકલિત યોજનામાં નિશ્ચિત સ્થાન હોય છે.જાહેર ક્ષેત્રને પણ અમુક નક્કી કરેલા સામાજિક અને આર્થિક હેતુઓ સિદ્ધ કરવાના હોય છે અને તે ક્ષેત્રના વિકાસ પર દેશના અન્ય ક્ષેત્રોનો એક અથવા બીજી રીતે આધાર હોય છે એટલે આયોજન અને અંકુશો જરૂરી હોય છે.તેવી જ રીતે સરકાર ખાનગી ક્ષેત્રને પણ અવ્યવસ્થિત સ્વરૂપમાં વિકાસ કરવાની મંજૂરી આપી શકતી નથી. તેના લીધે એવી સંકલિત યોજના તૈયાર કરવી પડે છે કે જેમાં ખાનગી ક્ષેત્રનું પણ નિર્ધારિત સ્થાન હોય.આમ અર્થતંત્રના બંને ક્ષેત્રો -જાહેર અને ખાનગી ઉપર યોજના પ્રમાણે અંકુશો મૂકવામાં આવે છે.

(3) આર્થિક સ્વાતંત્ર્યઃ

મિશ્ર અર્થતંત્રમાં વ્યક્તિને આર્થિક સ્વાતંત્ર્ય આપવામાં આવેલું હોય છે. તેમાં વ્યક્તિ નાણાંકીય આવકનો ઉપયોગ તેમની પસંદગી અનુસાર વપરાશ માટે કરે છે.આવી જ રીતે દરેક વ્યક્તિને વ્યવસાય પસંદ કરવાની સ્વતંત્રતા હોય છે. લોકોની દરેક બાબતમાં રાજ્ય દખલગીરી કરતું નથી, પરંતુ આવક કે મિલકત ઉપર સરકારની કેટલીક મર્યાદા હોય છે. કરવેરા અને બીજા નિયંત્રણ મૂકીને રાજ્ય અસમાનતા દૂર કરવાના પ્રયાસો કરે છે એટલે રાજ્યનો હસ્તક્ષેપ સ્વીકારવામાં આવે છે. મૂડીવાદમાં ફક્ત સ્વતંત્રતા જોવા મળે છે,સમાજવાદમાં માત્ર અંકુશ જોવા મળે છે જ્યારે મિશ્ર અર્થતંત્રમાં બંનેનો સમન્વય જોવા મળે છે. સરકાર ઉત્પાદનના પ્રમાણ, સંગ્રહ, વેચાણ, મૂડી રોકાણ, આયાત-નિકાસ વગેરે પર નિયંત્રણ મૂકે છે. સ્વતંત્રતાને સમગ્ર સમાજના હિત સાથે જોડવામાં આવે છે.

(4) બજારતંત્ર અને ભાવ પદ્ધતિઃ

મિશ્ર અર્થતંત્રમાં બજારતંત્ર અને ભાવ પદ્ધતિનું અસ્તિત્વ હોય છે. ખાનગી ક્ષેત્રમાં લેવાતા આર્થિક નિર્ણયો માંગ અને પુરવઠાના પરિબળોને ધ્યાનમાં રાખીને નફાના હેતુથી લેવાય છે. જ્યારે જાહેરક્ષેત્રના નિર્ણયો જાહેર ઉપયોગિતા અને મહત્તમ સામાજિક સુખાકારીને ધ્યાનમાં રાખીને લેવાય છે. આયોજિત વિકાસને ધ્યાનમાં રાખીને કેટલાક અંશે ભાવ ઉપર અંકુશ અને નિયમનો મૂકવામાં આવે છે,પરંતુ આવા પ્રકારના અંકુશો સમગ્ર સમાજના હિતને વધુ મહત્વ આપે છે.

(5) નિયંત્રિત બજારતંત્રઃ

મિશ્ર અર્થતંત્રમાં બજારતંત્ર મુક્ત રીતે કાર્ય કરતું નથી.કારણકે રાષ્ટ્રની જરૂરિયાત અનુસાર બજારતંત્ર પર નિયંત્રણો મૂકવામાં આવે છે. આ નિયંત્રણો મુખ્ય રીતે આયાત, ભાવ સપાટી, મૂડીરોકાણ અને ઉત્પાદન પર મૂકવામાં આવે છે. પ્રો. એ. પી. લર્નર મિશ્ર અર્થતંત્રને ‘નિયંત્રિત અર્થવ્યવસ્થા’તરીકે ઓળખાવે છે.કારણ કે આ પદ્ધતિમાં સંપૂર્ણ નિયંત્રણ કે સંપૂર્ણ સ્વતંત્રતા હોતી નથી.

(6) જાહેર સુખાકારીઃ

મિશ્ર અર્થતંત્રમાં જાહેર સુખાકારીને પણ મહત્વ આપવામાં આવ્યું છે. વેતનની સમસ્યાઓના પ્રશ્નો ઉકેલવા , કામના કલાકો નક્કી કરવા, સલામત તથા કાયમી નોકરી માટે સરકાર કેટલાક પ્રયત્નો કરે છે. તેની પાછળ આવકની અસમાનતામાં ઘટાડો લાવવાનું હેતુ પણ હોય છે. આ ઉપરાંત શાંતિ, શિક્ષણ, તાલીમ, સંશોધન, ન્યાય, પછાત વર્ગના લોગો પ્રત્યે સહાનુભૂતિ,આપત્તિના સમય રાહત આપવી વગેરે કાર્યનો સમાવેશ પણ જાહેર સુખાકારીમાં કરવામાં આવે છે.

(7) સંયુક્ત ક્ષેત્રઃ

વિકસતા રાષ્ટ્રોમાં સંયુક્ત ક્ષેત્રનો ખ્યાલ પ્રચલિત બન્યો છે. જેમાં ખાનગી ક્ષેત્ર અને સરકાર સાથે ઉદ્યોગો ચલાવે છે. એટલે કે સરકારી મૂડી અને ખાનગી સાહસની સંચાલન શક્તિનો યોગ્ય સમન્વય કરવામાં આવે છે. બંને વિભાગ સંયુક્ત રીતે કામગીરી કરે છે. આવા સંયુક્ત સાહસોમાં સરકારની મૂડી વધુ પ્રમાણમાં હોવાથી સરકારનો અંકુશ વધુ રહે છે અને સમાજના હિતને ધ્યાનમાં રાખીને વસ્તુનું ઉત્પાદન કરવામાં આવે છે.

(8) સહકારી ક્ષેત્ર :

મિશ્ર અર્થતંત્રમાં આ સહકારી ક્ષેત્ર વિકસતું ક્ષેત્ર છે. આજે સહકારના સિદ્ધાંત પર અનેક ક્ષેત્રોમાં સહકારી મંડળીઓ જેવા કે ખેતી, ડેરી,મત્સ્ય, ઉત્પાદન, ખરીદ-વેચાણ,ધિરાણ વગેરે ક્ષેત્રે કામગીરી કરે છે.પરિણામે લોકોને વ્યાજબી ભાવે ચીજ વસ્તુઓ,ધિરાણ, ખેતપેદાશનું ખરીદ-વેચાણ,વધુ ઉત્પાદકતા ,રોજગારી વગેરેના લાભ પ્રાપ્ત થયા છે .આમ મિશ્ર અર્થતંત્રમાં સહકારી મંડળીઓના કારણે ગ્રાહકોને સારી ગુણવત્તાવાળી વસ્તુઓ મળે છે.

## 8.4 મિશ્ર અર્થતંત્રનું મહત્વ :

મૂડીવાદ તથા સમાજવાદના લાભ પ્રાપ્ત થાય એવા હેતુથી મિશ્ર અર્થતંત્રની સ્થાપના કરવામાં આવી છે.તેનું મહત્વ નીચે પ્રમાણે છેઃ

(1) વ્યક્તિ સ્વાતંત્ર્ય :

મૂડીવાદમાં અમર્યાદિત સ્વાતંત્ર્યને પરિણામે વ્યક્તિઓ અને સમાજને નુકસાન થાય તેવી પ્રવૃત્તિઓ કરીને સમાજને નુકસાન પહોંચાડે છે. જ્યારે સમાજવાદમાં વ્યક્તિના સ્વાતંત્રને અવકાશ જ નથી હોતો. જ્યારે મિશ્ર અર્થતંત્રમાં મર્યાદિત સ્વાતંત્ર્યને પરિણામે વ્યક્તિને પહેલ વૃત્તિની સ્વતંત્રતા આપવામાં આવે છે. તેથી ઉત્પાદનના સાધનોનો યોગ્ય ઉપયોગ કરી શકાય છે.

(2) મહત્તમ સામાજિક કલ્યાણ :

મૂડીવાદમાં બધા જ આર્થિક નિર્ણયો બજારતંત્ર દ્વારા લેવાતા નથી. પરંતુ બજારતંત્રના

સાધનોનો ઉપયોગ ધનિકોની માંગ સંતોષવા માટે થાય છે. જ્યારે મિશ્ર અર્થતંત્રમાં સામાજિક હિતને ધ્યાનમાં રાખીને ઉત્પાદનના સાધનોની ફાળવણી કરવામાં આવે છે. કેટલીક વાર તો ગરીબોની જરૂરિયાત સંતોષવા માટે રાજ્ય દ્વારા  ખોટ ખાઈ ને પણ અમુક વસ્તુઓનું ઉત્પાદન કરવામાં આવે છે. તેવી જ રીતે ખાનગી ક્ષેત્ર જે કાર્ય ન કરી શકે. તેવા કાર્યો કે વસ્તુઓનું ઉત્પાદન જાહેર ક્ષેત્ર કરે છે. જેના લીધે સમાજને મહત્તમ સામાજિક કલ્યાણ પ્રાપ્ત થાય છે.

(3) ખાનગી અને જાહેર ક્ષેત્રનો સમન્વય :

મિશ્ર અર્થતંત્રમાં ખાનગી અને જાહેર ક્ષેત્રનો સમન્વય કરીને સમાજ ઉપયોગી કામગીરી પૂરી પાડવામાં આવે છે. આ બંને ક્ષેત્રો એકબીજાને પૂરક બનીને કામગીરી કરે છે. જેને પરિણામે મહત્તમ સામાજિક કલ્યાણના લક્ષ્યાંકો સિદ્ધ થઈ શકે છે .મિશ્ર અર્થતંત્રમાં બંને ક્ષેત્રોનું દેશના તથા સમયના સંદર્ભમાં યોગ્ય રીતે મિશ્રણ કરવામાં આવે તો દેશ ખૂબ જ વિકાસ કરી શકે છે.

(4) સમતોલ વિકાસનો લાભ :

મૂડીવાદમાં આર્થિક પ્રગતિ ખાનગી સાહસના મહત્વને કારણે વિશેષ થાય છે.પરંતુ સમાજની જરૂરિયાતોને ધ્યાનમાં  રાખીને ઉત્પાદન થતું નથી. જેના કારણે અર્થતંત્રના કેટલાક વિસ્તારો પછાત રહે છે. પરિણામે દેશનો સમતોલ વિકાસ થતો નથી. જ્યારે મિશ્ર અર્થતંત્રમાં વ્યાજબી સ્વાતંત્ર્ય ,ખાનગી જાહેર સાહસોનો સમન્વય અને આયોજનના પરિણામે સમતોલ વિકાસ કરી શકાય છે.

(5) આર્થિક સ્થિરતા અને પરિવર્તનશીલતા :

મૂડીવાદી આર્થિક પદ્ધતિમાં ખાનગી સાહસને સંપૂર્ણ સ્વતંત્રતા મળતા અસ્થિરતા અને વેપાર ચક્રીય પરિવર્તનો જોવા મળે છે. જ્યારે સમાજવાદમાં સરમુખત્યારશાહીવાળું આયોજન હોવાથી જડતા આવે છે. જેના કારણે સાધનોનો બગાડ થાય છે. મિશ્ર અર્થતંત્રમાં વ્યક્તિ સ્વાતંત્ર વ્યાજબી  હોવાથી ઉત્પાદનના સંજોગો બદલાતા ઉત્પાદન પદ્ધતિમાં પણ પરિવર્તનશીલતા આવે છે. આ સાથે જાહેર સાહસો, અંકુશો ,નિયમનો કે રાષ્ટ્રીયકરણનો લાભ વગેરેને કારણે સ્થિરતા મેળવી શકાય છે.

(6) આવકની અસમાનતામાં ઘટાડો :

મિશ્ર અર્થતંત્રમાં મહત્વના ચાવીરૂપ ઉદ્યોગો રાજ્ય હસ્તક હોવાથી ખાનગી ક્ષેત્ર  ઈજારો સ્થાપિત કરી શકતો નથી. ખાનગી ક્ષેત્રને તો જ્યાં હરીફાઈ હોય ત્યાં કામ કરવા દેવામાં આવે છે. આ સાથે નફાકારક, ઈજારા સાહસો સરકાર હસ્તક રાખવામાં આવે છે. તદુપરાંત ખાનગી સાહસને પૂર્ણ સ્વતંત્રતા હોતી નથી કે પૂર્ણ નિયંત્રણ હોતું નથી. આ માટે સરકાર ખાનગી સાહસોના સ્વાતંત્ર્ય પર સમાજ હિતમાં આવક અને મિલકત ઉપર નિયંત્રણોપર લગાવે છે.

(7) લોકશાહીની જાળવણી :

મિશ્ર અર્થતંત્રના લીધે રાજકીય અને આર્થિક લોકશાહીનો વિકાસ થાય છે, જેના પરિણામે બિન કાર્યદક્ષ શાસન કરનારાઓને લોકશાહી પ્રક્રિયા દ્વારા દૂર કરી કાર્યક્ષમ વ્યક્તિઓને શાસન સોંપી શકાય છે. જેના પરિણામે દેશ સર્વાંગીણ વિકાસ સાધી શકે છે.

(8) ઉત્પાદનના સાધનોની ઈષ્ટ જાળવણી :

મિશ્ર અર્થતંત્રમાં બજારતંત્ર અને ભાવ પ્રક્રિયાના કારણે સાધનોની ઈષ્ટ ફાળવણી શક્ય બને છે. મિશ્ર અર્થતંત્રમાં મહત્તમ ઉત્પાદન અને સામાજિક સુખાકારીના હેતુઓને સિદ્ધ કરવા માટે જુદા- જુદા ક્ષેત્રો વચ્ચે સાધનોની ફાળવણી ઈષ્ટતમ રીતે કરવામાં આવે છે. જેના પરિણામે ઝડપી આર્થિક વિકાસ અને આર્થિક વિકાસના ફળોની સમાજના જુદા જુદા વર્ગો વચ્ચે સમાન વહેંચણી શક્ય બને છે.

## 8.5 મિશ્ર અર્થતંત્રની મર્યાદાઓ :

મિશ્ર અર્થતંત્રના લાભો હોવા છતાં તેની કેટલીક મર્યાદાઓ કે ગેરલાભ પણ જોવા મળે છે.આ મર્યાદાઓ જેટલા પ્રમાણમાં ઓછી કરી શકાય તેટલા પ્રમાણમાં મિશ્ર અર્થતંત્ર વધારે કાર્યક્ષમ બની શકે છે. મિશ્ર અર્થતંત્રની મર્યાદાઓ (સમસ્યાઓ) નીચે પ્રમાણે છે :

(1) જાહેર અને ખાનગી ક્ષેત્ર વચ્ચે વિસંવાદિતા :

મિશ્ર અર્થતંત્રમાં જાહેર અને ખાનગી ક્ષેત્રના સહઅસ્તિત્વને કારણે બંને વચ્ચે વિસંવાદિતા ઊભી થાય છે. એકબીજાને પૂરક રહેવાને બદલે આ બંને ક્ષેત્રો એક બીજાની હરીફાઈ અથવા વિરોધ કરે છે. જાહેર ક્ષેત્ર સત્તાના બળે પોતાનો વિકાસ સાધવા માટે ખાનગી ક્ષેત્રનો વિકાસ અવરોધે છે. આ સાથે સરકારી નિયંત્રણોથી ખાનગી ક્ષેત્રના કાર્યમાં દખલગીરી ઉત્પન્ન થાય છે. બંને ક્ષેત્રો એકબીજાને શંકાથી જુએ છે.રાષ્ટ્રીયકરણની નીતિને લીધે પણ ખાનગી ક્ષેત્રમાં અવિશ્વાસ ઉત્પન્ન થાય છે. તેના બંનેના કાર્યક્ષેત્ર અંગે અચોક્કસતા ઉદ્ભવે છે. કોઈ એક ક્ષેત્ર કે વ્યવસાયની નિષ્ફળતા માટે પરસ્પર દોષારોપણ તથા આક્ષેપો - પ્રતિઆક્ષેપો થાય છે. ખાનગી ક્ષેત્ર માટે આયોજનના લક્ષ્યાંકોની સિદ્ધિ સ્વૈચ્છિક હોય છે. તેથી ખાનગી ક્ષેત્ર બેજવાબદાર રીતે વર્તે છે. નાણાંકીય સાધનોની ફાળવણીમાં ખાનગી ક્ષેત્રને અન્યાય થાય છે.ખાનગી ક્ષેત્ર ઉત્સાહપૂર્વક નિશ્ચિતતાથી વિકાસ કાર્યક્રમો અમલમાં મૂકી શકતું નથી.આમ બંને ક્ષેત્ર વચ્ચે વિસંવાદ સર્જાતા દેશનો આર્થિક વિકાસ ધીમો થાય છે.

(2) બિનકાર્યક્ષમ જાહેર ક્ષેત્ર :

મિશ્ર અર્થતંત્રમાં ખાનગી ક્ષેત્રની સાથે જાહેર ક્ષેત્રને વિશેષ મહત્વ અપાય છે.જાહેર ક્ષેત્રને તેની શક્તિ કરતા વધારે જવાબદારી સોંપવામાં આવે છે. જાહેર ક્ષેત્રના વ્યવસ્થાપકો પૂરતા પ્રમાણમાં કાર્યક્ષમ હોતા નથી. ઉપરાંત જાહેર ક્ષેત્રના વ્યવસ્થાપકો

પગારદાર સરકારી નોકરો હોવાથી તેઓ ઉદ્યોગના વિકાસ માટે વ્યક્તિગત ઉત્સાહ કે પ્રોત્સાહન ધરાવતા હોતા નથી. જોખમો ઉપાડવા માટે તેમજ નવા સાહસો કરવા માટે તેઓ તત્પર હોતા નથી. જાહેર ક્ષેત્રમાં નિર્ણયો લેવાની જવાબદારી સરકારી વ્યવસ્થાપકો, સંબંધિત ખાતાના પ્રધાનની હોવાથી નિર્ણય સ્વતંત્ર રીતે ઝડપથી લઈ શકાતા નથી. આ કારણોથી જાહેર ક્ષેત્રમાં ઉત્પાદન ખર્ચ વધારે આવે છે. ઉત્પાદકતા વધારવા માટે ઝડપથી પ્રયાસો થઈ શકતા નથી.તેના કારણે ધાર્યા લક્ષ્ય પ્રમાણે ઉત્પાદન પણ થતું નથી. આમ દેશનો વિકાસ રૂંધાય છે.

(3) રાજ્યવાદ :

મિશ્ર અર્થતંત્રમાં જાહેર ક્ષેત્રના નામે રાજ્યવાદનો ઉદય થાય છે. આર્થિક નિયંત્રણો આર્થિક સત્તાનું જાહેર ક્ષેત્રમાં કેન્દ્રીકરણ, ભ્રષ્ટાચાર, વિલંબિત અને અયોગ્ય નિર્ણયોમાંથી આવક અને સંપત્તિની અસમાન વહેંચણી, બેરોજગારી, મંદ આર્થિક વિકાસ વગેરે માઠાં પરિણામો આવે છે. આર્થિક સ્વાતંત્ર પણ જળવાતું નથી.

(4) લક્ષ્યાંકોની અપ્રાપ્તિ :

મિશ્ર અર્થતંત્રમાં યોજના પ્રમાણે ઉત્પાદન થાય છે.પણ ખાનગી ક્ષેત્રના ઉત્પાદન કાર્યક્રમોનું નિયમન ન થઇ શકતું હોવાથી નિશ્ચિત સ્થિર રીતે આયોજન કરવું મુશ્કેલ થાય છે. સરકાર પણ ભૂલો અને પ્રયોગોની નીતિ અપનાવે છે. ઉપરાંત ખાનગી અને જાહેર ક્ષેત્ર વચ્ચે સંકલનનો અભાવ હોય છે. આથી આર્થિક વિકાસના લક્ષ્યાંકો સિદ્ધ થઈ શકતા નથી અને બંને ક્ષેત્રો નિષ્ફળતાની જવાબદારી એકબીજા ઉપર નાખવાનો પ્રયત્ન કરે છે.

(5) ફુગાવાનો ભય :

મિશ્ર અર્થતંત્ર આયોજિત અર્થતંત્ર હોવાથી મોટા પાયા પર વિકાસ કાર્યક્રમ હાથ ધરવામાં આવે છે. ત્યારે પૂરતા સાધનોને અભાવે ખાધપુરવણી જેવા માર્ગોનો આશરો લેવામાં આવે છે. જે સરવાળે ફુગાવાનું સર્જન કરે છે. ફુગાવામાં ગરીબ અને મધ્યમ વર્ગને વધુ સહન કરવું પડે છે. આમ ફુગાવો અનેક સમસ્યાઓનું સર્જન કરે છે.

(6) રાજ્ય હસ્તક વધુ પડતી સત્તા :

મિશ્ર અર્થતંત્રમાં રાજય ખાનગી ક્ષેત્રો પર નિયંત્રણો મૂકે છે, તેમજ તેને પ્રોત્સાહનો પણ આપે છે. જ્યારે બીજી કેટલીક પ્રવૃત્તિઓ જાહેર ક્ષેત્રમાં રાખવામાં આવે છે .જેના કારણે ખાનગી ક્ષેત્રને પૂરતી સ્વતંત્રતા મળતી નથી અને તેનો વિકાસ રૂંધાય છે. જ્યારે રાજ્ય પાસે જાહેર સાહસોની માલિકી હોવાથી આર્થિક સત્તા પોતાની પાસે મેળવે છે.

(7) ભાવ સ્થિરતા અને આર્થિક સ્થિરતાની નિષ્ફળતા :

મિશ્ર અર્થતંત્રના માળખામાં કેટલીક વિસંગતતાઓ અને વિરોધાભાસી તત્વો જોવા મળે છે. તેના પરિણામે કેટલીક અસમતુલા સર્જાય છે. જેમ કે સાધનોની ફાળવણીના તથા આવકની વહેંચણીના નિર્ણયમાં કેન્દ્રીકરણ થયેલું હોય છે, પણ બજાર પરિબળોનું

વિકેન્દ્રીકરણ થયેલું હોય છે. તેથી પરસ્પર લેવાયેલા નિર્ણયો બંધબેસતા હોતા નથી. રાજકીય સંસ્થાઓ ખર્ચ અને કરવેરા અંગે નિર્ણયો લે છે, જે આવક પ્રાપ્ત કરનાર વર્ગને માન્ય હોતા નથી. મજૂર મંડળો પણ તેમનું વર્ચસ્વ હોતું નથી. તેથી આવકવૃદ્ધિ મંજૂર કરે છે. ભાવસ્થિરતા અને આવક સ્થિરતાના બધાંજ પગલાં મિશ્ર અર્થતંત્રમાં બિલકુલ નિષ્ફળ જાય છે.

મિશ્ર અર્થતંત્રની ઉપરોક્ત અનેક મર્યાદાઓ, સમસ્યાઓ હોવાના કારણે નિશ્ચિત અને સ્થિર આયોજન કરવું મુશ્કેલ હોય છે. જેને પરિણામે યોજનાના લક્ષ્યાંકો પૂર્ણ થતા નથી. લોકોને આયોજનમાં કે યોજનામાં વિશ્વાસ ઊઠી જાય છે. આ સાથે ફુગાવો,અસ્થિરતા અનિશ્ચિત ઉત્પાદન, કાર્યક્ષમતા ના અભાવને કારણે વારંવાર યોજના ના લક્ષ્યાંકોમાં ફેરફારો કરવાની જરૂર પડે છે. મૂડીવાદ અને સમાજવાદનો સમન્વય કરીને બંને પદ્ધતિના અનિષ્ટો નિવારીને તેમના લાભો મેળવવાનું મિશ્ર અર્થતંત્રમાં પરિવર્તનશીલતાનું તત્વ પણ પૂરતા પ્રમાણમાં છે. જેટલે અંશે સરકાર કે રાજ્ય ઉપરોક્ત સમસ્યાઓ દૂર કરી શકે તેટલે અંશે મૂડીવાદ અને સમાજવાદના લાભોનો સમન્વય કરી શકાય છે.

## 8.6 સારાંશ :

સમગ્ર એકમમાં આપણે મિશ્ર અર્થતંત્રનો અભ્યાસ કરેલો છે.તેના લક્ષણો,મહત્વ અને મર્યાદાઓ વિશેની ચર્ચા કરેલી છે.એકમના અભ્યાસથી જાણવા મળ્યું કે મિશ્ર અર્થતંત્રમાં ઉત્પાદનના સાધનોની માલિકી ખાનગી અને જાહેર ક્ષેત્ર વચ્ચે વહેંચાયેલી હોય છે.અર્થતંત્રના ચાવીરૂપ ક્ષેત્રો જાહેર માલિકીના હોય છે.જયારે ઓછા મહત્વના ક્ષેત્રોની માલિકી ખાનગી વિભાગને સાંપવામાં આવે છે. મિશ્ર અર્થવ્યવસ્થામાં ઉત્પાદનના સાધનોની જાહેર અને ખાનગી ક્ષેત્રોના અસંખ્ય જુદા આર્થિક એકમોમાં વહેંચાયેલી હોય છે.ઉપરાંત કાયદા દ્વારા ખાનગી ક્ષેત્રની માલિકી પર અમુક અંકુશો પણ મૂકવામાં આવે છે. ઈંગ્લેન્ડ, ભારત અને ફ્રાંસ જેવા દેશોમાં મિશ્ર અર્થતંત્ર અમલમાં છે.

## 8.7 ચાવીરૂપ શબ્દો :

**આર્થિક અસમાનતા :** 'દેશ કે પ્રદેશના સૌથી ધનિક વર્ગના લોકો અને સૌથી ગરીબ વર્ગના લોકો વચ્ચે આવક અને સંપત્તિની વહેંચણીમાં રહેલા તફાવતને આર્થિક અસમાનતા કહે છે.'

**આર્થિક અસ્થિરતા :** 'દેશના અર્થતંત્રમાં વારંવાર બનતી તેજી અને મંદીની ઘટના એટલે આર્થિક અસ્થિરતા'

**જાહેર ક્ષેત્ર :** 'ચીજવસ્તુઓ અને સેવાઓના ઉત્પાદનના એવા એકમોનો સમૂહ કે જેની માલિકી સમગ્ર સમાજની હોય અને સંચાલન જાહેરસત્તા(સરકાર)નું હોય.'

જેમ કે રેલ્વે,બેંક,પોસ્ટ.

**અંકુશિત (નિયંત્રિત) બજાર :** 'કાયદા દ્વારા કિંમત નિયત કરવામાં આવતી હોય તથા ક્વોટા પધ્ધતિ દ્વારા પુરવઠો નિયંત્રિત કરવામાં આવતો હોય, તેવા બજારને અંકુશિત બજાર કહેવાય'

## 8.8 તમારી પ્રગતિ ચકાસો :

### (ક) વિસ્તૃત સવાલો :

1. મિશ્ર અર્થતંત્રના લક્ષણો સમજાવો.
2. મિશ્ર અર્થતંત્રનું મહત્વ સમજાવો.
3. મિશ્ર અર્થતંત્રની સમસ્યાઓ વર્ણવો.

### (ખ) ટૂંકનોધ સ્વરૂપના સવાલો :

(1) સંયુક્ત અને સહકારી ક્ષેત્ર

(2) મહત્તમ સામાજિક કલ્યાણ

### (ગ) હેતુલક્ષી પ્રશ્નો :

1. ભારતમાં કયા પ્રકારની અર્થવ્યવસ્થા અમલમાં છે?

   (A) મૂડીવાદ (B) સમાજવાદ

   (C) મિશ્ર (D) નિયંત્રિત મૂડીવાદ

2. મિશ્ર અર્થતંત્રના લક્ષણો ક્યા છે ?

   (A) આર્થિક આયોજન (B) આર્થિક સ્વાતંત્ર્ય

   (C) જાહેર સુખાકારી (D) A, B અને C ત્રણેય

3. કઈ આર્થિક પદ્ધતિમાં જાહેર અને ખાનગી ક્ષેત્ર પૂરક તરીકેની કામગીરી કરે છે ?

   (A) લોકશાહી (B) મિશ્ર (C) સામ્યવાદ (D) મૂડીવાદ

4. સંયુક્ત ક્ષેત્રમાં ઉદ્યોગોની માલિકી કોણ ધરાવે છે ?

   (A) ખાનગી ક્ષેત્ર (B) જાહેર ક્ષેત્ર

   (C) A અને B બંને (D) એક પણ નહિ

5. મિશ્ર અર્થતંત્રમાં વિકસતું ક્ષેત્ર કયું છે ?

   (A) સહકારી (B) જાહેર ક્ષેત્ર (C) ખાનગી ક્ષેત્ર (D) સમાજવાદી

6. મિશ્ર અર્થતંત્રમાં મહત્વના ઉદ્યોગોની માલિકી ક્યા ક્ષેત્ર પાસે હોય છે ?

   (A) ખાનગી (B) જાહેર

   (C) ખાનગી અને જાહેર બંને (D) સહકારી

7. મિશ્ર અર્થતંત્રને 'અંકુશિત અર્થતંત્ર' તરીકે કયા અર્થશાસ્ત્રી ઓળખાવે છે ?

   (A) પ્રો. કેઈન્સ (B) પ્રો. લર્નર (C) પ્રો.રોબિન્સ (D) પ્રો.હેન્સન

8. પ્રો. હેન્સન મિશ્ર અર્થતંત્રને કયા અર્થતંત્ર તરીકે ઓળખાવે છે ?

   (A) દ્વિલક્ષી (B) એકલક્ષી

   (C) એકલક્ષી અને દ્વિલક્ષી (D) એક પણ નહી

9. કયા પ્રકારના અર્થતંત્રમાં મહત્તમ સામાજિક કલ્યાણનો હેતુ સિદ્ધ થાય છે ?
   (A) મૂડીવાદ (B) મિશ્ર
   (C) મૂડીવાદ અને સમાજવાદ (D) બજાર સમાજવાદ
10. મિશ્ર અર્થતંત્રમાં કઈ બાબત જોવા મળે છે ?
   (A) વ્યક્તિ સ્વાતંત્ર્ય (B) અંકુશો
   (C) A અને B બંને (D) એક પણ નહિ

## ❖ સંદર્ભ સ્રોત


ગાંધી, આર.કે.(1989).તુલનાત્મક આર્થિક પદ્ધતિઓ (બીજી આવૃત્તિ) અમદાવાદ, યુનિવર્સીટી ગ્રન્થ નિર્માણ બોર્ડ.

પરીખ, ટી.આર., પરીખ આઈ.આર.(2004-2005). આર્થિક પદ્ધતિઓ અને વિકાસ (પ્રથમ આવૃત્તિ) અમદાવાદ, પરીખ -ઝાલા પ્રકાશન.

વારોતરિયા આર., અર્થશાસ્ત્રની એબીસીડી. સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટ.

Singh, R. (2023). Indian economy (15th ed.). McGraw Hill Education.

Datt, G., & Mahajan, A. (2020). Datt & Sundharam's Indian economy (72nd ed.). S. Chand Publishing.


## ❖ તમારી પ્રગતિ ચકાસો ના જવાબો :

1. (C) મિશ્ર
2. (D) A, B અને C ત્રણેય
3. (B) મિશ્ર
4. (C) A અને B બંને
5. (A) સહકારી
6. (B) જાહેર
7. (B) પ્રો. લર્નર
8. (A) દ્વિલક્ષી
9. (B) મિશ્ર
10. (C) A અને B બંને

**************

# એકમ-9
# મિશ્ર અર્થતંત્રના પ્રણેતા વિચારકો અને તેમના વિચારો


**9.0** ઉદ્દેશ્યો

**9.1** પ્રસ્તાવના

**9.2** મિશ્ર અર્થતંત્રના વિચારકો

**9.3** જે. એમ. કેઈન્સ

**9.4** પોલ સેમ્યુલ્સન

**9.5** જવાહરલાલ નેહરુ

**9.6** સારાંશ

**9.7** ચાવીરૂપ શબ્દો

**9.8** તમારી પ્રગતિ ચકાસો

❖ સંદર્ભ સ્ત્રોત

❖ તમારી પ્રગતિ ચકાસોના જવાબ


## 9.0 ઉદ્દેશ્યો :

મિત્રો, આ એકમના અભ્યાસ કર્યા પછી તમે,

➢ પ્રો. જે. એમ. કેઈન્સના મિશ્ર અર્થતંત્રના વિચારો વિશે ચર્ચા કરી શકશો.

➢ પ્રો. પોલ સેમ્યુલ્સનના મિશ્ર અર્થતંત્રના વિચારો વિશે ચર્ચા કરી શકશો.

➢ જવાહરલાલ નેહરુના મિશ્ર અર્થતંત્રના વિચારો વિશે ચર્ચા કરી શકશો.

## 9.1 પ્રસ્તાવના :

આધુનિક વિશ્વમાં અર્થતંત્રની રચના માત્ર સંપૂર્ણ મૂડીવાદ અથવા સંપૂર્ણ સમાજવાદ સુધી સીમિત રહી શકતી નથી. ઉદ્યોગીકરણ, બેરોજગારી, ગરીબી, આવકની અસમાનતા તથા આર્થિક અસ્થિરતા જેવી સમસ્યાઓએ એવી અર્થવ્યવસ્થાની માંગ ઊભી કરી છે જેમાં રાજ્ય અને ખાનગી ક્ષેત્ર બંનેની સક્રિય ભૂમિકા રહે. આ પરિસ્થિતિમાં મિશ્ર અર્થતંત્રનો વિચાર ઉદભવ્યો, જેને વૈચારિક આધાર અને વ્યવહારિક દિશા આપનારા મહત્વપૂર્ણ વિચારકોમાં જે. એમ. કેઈન્સ, પોલ સેમ્યુલ્સન અને જવાહરલાલ નેહરુનો સમાવેશ થાય છે. આ ત્રણેય વિચારકોના અભિગમો અલગ-અલગ હોવા છતાં તેમનો અંતિમ ઉદ્દેશ માનવ કલ્યાણ, આર્થિક સ્થિરતા અને સામાજિક ન્યાય સ્થાપવાનો રહ્યો છે.

પ્રો. કેઈન્સે સિદ્ધાંતાત્મક આધાર આપ્યો, સેમ્યુલ્સનને તેને વૈજ્ઞાનિક સ્વરૂપ આપ્યું અને નેહરુએ તેને ભારતીય સંદર્ભમાં અમલમાં મૂક્યો. આ ત્રણેય અર્થશાસ્ત્રીઓના વિચારો મળીને આધુનિક મિશ્ર અર્થતંત્રની મજબૂત વિચારધારાત્મક પાયાની રચના કરે છે, જે આજના વૈશ્વિક તથા ભારતીય આર્થિક પડકારોને સમજવા અને ઉકેલવા માટે અત્યંત મહત્વપૂર્ણ છે.

## 9.2 મિશ્ર અર્થતંત્રના વિચારકો :

મિશ્ર અર્થતંત્ર એ એવી આર્થિક વ્યવસ્થા છે જેમાં ખાનગી ક્ષેત્ર અને જાહેર ક્ષેત્ર બંનેનું સહઅસ્તિત્વ અને સમન્વય હોય છે. આ વિચાર કોઈ એક વ્યક્તિની શોધ નથી, પરંતુ વિવિધ અર્થશાસ્ત્રીઓ અને રાજકીય વિચારકોના વિચારોના સંકલનથી વિકસેલો છે. 20મી સદીમાં ઉદ્યોગીકરણ, મહામંદી અને સામાજિક અસમાનતાની સમસ્યાઓને કારણે વિશ્વને સમજયું કે માત્ર મુક્ત બજાર પદ્ધતિ (Capitalism) અથવા સંપૂર્ણ સામ્યવાદ (Socialism) પૂરતા નથી. આ પરિસ્થિતિમાં મિશ્ર અર્થતંત્ર એક મધ્યમ માર્ગ તરીકે ઉભર્યું.

મિશ્ર અર્થતંત્રના સિદ્ધાંતાત્મક આધાર માટે ‘‘જે. એમ. કેઈન્સ’’નું યોગદાન અત્યંત મહત્વપૂર્ણ છે. 1930ની મહામંદી પછી કેઇન્સે દર્શાવ્યું કે બજારવ્યવસ્થા સ્વયંસંચાલિત રીતે હંમેશા સંતુલનમાં નથી આવતી. બેરોજગારી અને મંદી દૂર કરવા માટે સરકારને નાણાકીય અને રાજકોષીય નીતિઓ દ્વારા સક્રિય હસ્તક્ષેપ કરવો જોઈએ. તેમના વિચારોને કારણે ઘણા દેશોએ સરકારની ભૂમિકા સ્વીકારી અને મિશ્ર પદ્ધતિ તરફ આગળ વધ્યા. ત્યારબાદ ‘‘પોલ સેમ્યુલ્સન’’ એ પોતાના ગ્રંથોમાં મિશ્ર અર્થતંત્રને વૈજ્ઞાનિક આધાર આપ્યો અને જણાવ્યું કે ખાનગી ક્ષેત્ર ઉત્પાદન ક્ષમતા અને નવીનતા માટે જરૂરી છે, જ્યારે જાહેર ક્ષેત્ર સામાજિક ન્યાય, આવકનું સમાન વિતરણ અને જાહેર સેવાઓ માટે અગત્યનું છે.

‘‘જે.એસ.મિલ’’એ વ્યક્તિગત સ્વતંત્રતા અને સામાજિક જવાબદારી વચ્ચે સંતુલનનું મહત્વ સમજાવ્યું, જે મિશ્ર અર્થતંત્ર માટે આધારરૂપ બન્યું. વિકાસશીલ દેશોના સંદર્ભમાં ‘‘રેગ્નાર’’ અને ‘‘ગુન્નર’’ એ રાજયના આયોજન, નિયંત્રણ અને કલ્યાણકારી નીતિઓને સમર્થન આપ્યું. ખાસ કરીને ‘‘માયરડલે’’ વિકાસશીલ દેશોમાં ગરીબી અને અસમાનતા ઘટાડવા માટે સરકારની સક્રિય ભૂમિકાને જરૂરી ગણાવી.

ભારતમાં મિશ્ર અર્થતંત્રને વ્યવહારિક સ્વરૂપ આપનાર મુખ્ય નેતા ‘‘જવાહલાલ નેહરુ’’ હતા. સ્વતંત્રતા પછી ભારતે આયોજનબદ્ધ વિકાસનો માર્ગ અપનાવ્યો, જેમાં જાહેર ક્ષેત્રને ભારે ઉદ્યોગો, વીજ ઉત્પાદન, લોખંડ-સ્ટીલ અને આંતરમાળખું જેવા ક્ષેત્રોમાં આગેવાની આપવામાં આવી, જ્યારે ખાનગી ક્ષેત્રને વપરાશી વસ્તુઓ અને અન્ય ઉદ્યોગોમાં કાર્ય કરવાની તક આપવામાં આવી. સમકાલીન સમયમાં ‘‘આમર્ત્ય સેન’’ એ માનવ વિકાસ, શિક્ષણ, આરોગ્ય અને સમાનતા પર ભાર મૂકીને મિશ્ર અર્થતંત્રને વધુ માનવકેન્દ્રિત દિશા આપી.

આ એકમમાં આપણે ‘‘જે.એમ.કેઈન્સ’’, ‘‘પોલ સેમ્યુલ્સન’’ અને ‘‘જવાહલાલ નેહરુ’’ના મિશ્ર અર્થતંત્રના વિચારો વિશે વિગતવાર માહિતી મેળવીએ.

## 9.3 જે. એમ. કેઈન્સ :

9.3.1 પરિચયઃ

જે. એમ. કેઈન્સ આધુનિક અર્થશાસ્ત્રના સૌથી મહાન અને પ્રભાવશાળી વિચારકોમાંના એક ગણાય છે. તેમનો જન્મ 5 જૂન, 1883ના રોજ ઇંગ્લેન્ડના કેમ્બ્રિજ શહેરમાં થયો હતો અને તેમનું અવસાન 21 એપ્રિલ, 1946ના રોજ થયું. તેમણે ઈટન કોલેજ અને કેમ્બ્રિજ યુનિવર્સિટીની કિંગ્સ કોલેજમાંથી ઉચ્ચ શિક્ષણ પ્રાપ્ત કર્યું. કેઈન્સ માત્ર એક અર્થશાસ્ત્રી જ નહીં, પરંતુ દાર્શનિક, લેખક, નીતિ-નિર્માતા અને સરકારી સલાહકાર પણ હતા, જેના કારણે તેમની વિચારધારા વ્યાવહારિક અને વાસ્તવિક સમસ્યાઓ સાથે જોડાયેલી હતી.

જે. એમ. કેઈન્સને "આધુનિક સમગ્રલક્ષી અર્થશાસ્ત્રના પિતા" તરીકે ઓળખવામાં આવે છે. તેમણે 1936માં પ્રકાશિત થયેલી પોતાની પ્રસિદ્ધ કૃતિ The General Theory of Employment, Interest and Money દ્વારા પ્રસિષ્ઠ અર્થશાસ્ત્રમાં ક્રાંતિ સર્જી. આ ગ્રંથમાં તેમણે બેરોજગારી, મંદી અને આર્થિક અસ્થિરતાના પ્રશ્નોનું વિશ્લેષણ કર્યું અને રાજયની સક્રિય ભૂમિકાનો વિચાર રજૂ કર્યો. કેઈન્સના મત મુજબ બજાર વ્યવસ્થા પોતાની જાતે હંમેશા સંપૂર્ણ સંતુલન સ્થાપિત કરી શકતી નથી, તેથી સરકારએ રાજકોષીય નીતિ દ્વારા અર્થતંત્રમાં હસ્તક્ષેપ કરવો જરૂરી બને છે.

કેઈન્સના વિચારો પરથી "કેઈન્સીય વિચારધારા" વિકસિત થઈ, જે મિશ્ર અર્થતંત્ર અને કલ્યાણકારી રાજયના પાયાની રચના કરે છે. તેમના સિદ્ધાંતોના આધારે અનેક દેશોએ મંદી દૂર કરવા, બેરોજગારી ઘટાડવા અને આર્થિક સ્થિરતા પ્રાપ્ત કરવા માટે જાહેર ખર્ચ અને આયોજનને અપનાવ્યા. આજના સમયમાં પણ કેઈન્સના વિચારો અર્થશાસ્ત્રમાં અત્યંત પ્રાસંગિક માનવામાં આવે છે, જેના કારણે તેમને આર્થિક વિચારધારાના ઇતિહાસમાં અવિસ્મરણીય સ્થાન પ્રાપ્ત થયું છે.

9.3.2 પુસ્તકોઃ

1. The General Theory of Employment, Interest and Money (1936)

   આ કેઈન્સનું સૌથી પ્રસિદ્ધ અને મહત્વપૂર્ણ પુસ્તક છે. આ ગ્રંથ દ્વારા તેમણે પરંપરાગત અર્થશાસ્ત્રને પડકાર આપ્યો અને બેરોજગારી તથા મંદીનું વિશ્લેષણ કર્યું. પુસ્તકમાં અસરકારક માંગ, અલ્પરોજગાર સંતુલન અને રાજયની સક્રિય ભૂમિકાનો વિચાર રજૂ થયો. આ ગ્રંથ આધુનિક સમગ્રલક્ષી અર્થશાસ્ત્રના પાયાની રચના કરે છે.

2. The End of Laissez-Faire (1926)

   આ પુસ્તકમાં કેઈન્સે મુક્ત બજારની વિચારધારાની ટીકા કરી છે. તેમણે જણાવ્યું

કે બજાર વ્યવસ્થા પોતાની જાતે હંમેશા સંતુલન સ્થાપિત કરી શકતી નથી. આ પુસ્તકમાં મિશ્ર અર્થતંત્ર અને રાજયના હસ્તક્ષેપની જરૂરિયાતનો પ્રારંભિક વિચાર મળે છે.

3. A Treatise on Money (1930)

આ બે ભાગમાં પ્રકાશિત થયેલું પુસ્તક નાણાં, વ્યાજદર અને મૂડી બજારના વિષય પર આધારિત છે. કેઈન્સે નાણાં પુરવઠો અને કિંમતો વચ્ચેના સંબંધનું વિશ્લેષણ કર્યું છે. આ પુસ્તક તેમના "જનરલ થિયરી" તરફ જવાનું મહત્વપૂર્ણ પગથિયું ગણાય છે.

4. Indian Currency and Finance (1913)

આ પુસ્તકમાં કેઈન્સે ભારતીય ચલણ વ્યવસ્થા અને નાણાકીય પ્રશ્નોનું વિશ્લેષણ કર્યું છે. બ્રિટિશ શાસન દરમિયાન ભારતની નાણાંકીય વ્યવસ્થા વિશે આ એક મહત્વપૂર્ણ અભ્યાસ ગણાય છે. ભારતના આર્થિક ઇતિહાસ માટે આ પુસ્તક ખૂબ ઉપયોગી છે.

5. How to Pay for he War (1940)

આ પુસ્તક દ્વિતીય વિશ્વયુદ્ધ દરમિયાન લખાયું હતું. તેમાં કેઈન્સે યુદ્ધ ખર્ચ માટે નાણાં વ્યવસ્થાપન કેવી રીતે કરવું તે સમજાવ્યું છે. મોંઘવારી વગર જાહેર ખર્ચ કેવી રીતે પૂરા કરવો આ પુસ્તકનો મુખ્ય વિષય છે.

9.3.3 જે. એમ. કેઈન્સના વિચારોઃ

જે. એમ. કેઈન્સ અનુસાર મિશ્ર અર્થતંત્ર એ એવી આર્થિક વ્યવસ્થા છે જેમાં ખાનગી ક્ષેત્રની કાર્યક્ષમતા અને રાજયનું નિયંત્રક તથા કલ્યાણકારી ભૂમિકા બંનેનું સંતુલિત સંયોજન હોય છે. કેઈન્સ ન તો સંપૂર્ણ મૂડીવાદના સમર્થક હતા, ન તો સંપૂર્ણ સમાજવાદના. તેમના મતે શુદ્ધ મૂડીવાદમાં બેરોજગારી, આવકની અસમાનતા અને આર્થિક અસ્થિરતા જોવા મળે છે, જયારે સંપૂર્ણ સમાજવાદ વ્યક્તિગત સ્વતંત્રતા અને કાર્યક્ષમતાને નુકસાન પહોંચાડે છે. આ બંનેની ખામીઓને દૂર કરવા માટે મિશ્ર અર્થતંત્ર શ્રેષ્ઠ વિકલ્પ છે.

મિશ્ર અર્થતંત્રમાં ઉત્પાદનના સાધનોનો એક ભાગ ખાનગી માલિકીમાં અને એક ભાગ રાજયના નિયંત્રણ હેઠળ રહે છે. કેઈન્સ મુજબ ઉદ્યોગ, વેપાર અને સેવાઓ જેવા ક્ષેત્રોમાં ખાનગી ક્ષેત્ર મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે, કારણ કે તેમાં નવીનતા, સ્પર્ધા અને કાર્યક્ષમતા વધુ હોય છે. તેમ છતાં, બજાર વ્યવસ્થા સંપૂર્ણ મુક્ત નથી, તેથી રાજય દ્વારા યોગ્ય નિયંત્રણ અને માર્ગદર્શન જરૂરી બને છે.

➢ અલ્પરોજગાર સંતુલનઃ

જે. એમ. કેઈન્સે "અલ્પરોજગાર સંતુલન"ની કલ્પના રજૂ કરીને પ્રશિષ્ઠ અર્થશાસ્ત્રને મોટો પડકાર આપ્યો. પ્રશિષ્ટ વિચારધારા મુજબ અર્થતંત્રમાં હંમેશાં

સંપૂર્ણ રોજગાર જોવા મળે છે, પરંતુ કેઈન્સે જણાવ્યું કે અર્થતંત્ર એવી સ્થિતિમાં પણ સંતુલિત રહી શકે છે જ્યાં ઉપલબ્ધ શ્રમશક્તિનો સંપૂર્ણ ઉપયોગ થતો નથી. એટલે કે, બેરોજગારી હોવા છતાં પણ ઉત્પાદન, આવક અને રોજગારનું સ્તર સ્થિર રહી શકે છે, આ સ્થિતિને અલ્પરોજગાર સંતુલન કહેવામાં આવે છે.

કેઈન્સ મુજબ અલ્પરોજગાર સંતુલનનું મુખ્ય કારણ અસરકારક માંગની અછત છે. જયારે વ્યક્તિગત વપરાશ અને રોકાણ પૂરતું ન હોય, ત્યારે કુલ માંગ ઓછી રહે છે. પરિણામે ઉત્પાદકો ઉત્પાદન ઘટાડે છે અને ઓછા કામદારોને રોજગાર આપે છે. આ સ્થિતિમાં બજાર વ્યવસ્થા પોતાની જાતે સંપૂર્ણ રોજગાર સુધી પહોંચી શકતી નથી અને લાંબા સમય સુધી બેરોજગારી ચાલુ રહે છે. અલ્પરોજગાર સંતુલન માટે રાજયનો સક્રિય હસ્તક્ષેપ જરૂરી છે.

➢ રાજયની સક્રિય ભૂમિકાઃ

જે. એમ. કેઈન્સ મુજબ રાજયની ભૂમિકા માત્ર કાયદો અને વ્યવસ્થા જાળવવાની નથી, પરંતુ આર્થિક વ્યવસ્થાને દિશા આપવાની પણ છે. કેઈન્સેના મતે બજાર વ્યવસ્થા ઘણી વખત બેરોજગારી, આવકની અસમાનતા અને આર્થિક અસ્થિરતા પેદા કરે છે, જેને દૂર કરવા માટે રાજયનું સક્રિય હસ્તક્ષેપ અનિવાર્ય છે.

કેઈન્સે ખાસ કરીને નાણાકીય નીતિ દ્વારા રાજયની સક્રિય ભૂમિકા ઉપર ભાર મૂક્યો. મંદી વખતે ખાનગી રોકાણ ઘટી જાય છે અને અસરકારક માંગમાં ઘટાડો થાય છે. આવી સ્થિતિમાં સરકારએ જાહેર ખર્ચ વધારવો, જાહેર કામોના કાર્યક્રમો અમલમાં મૂકવા અને કરમાં રાહત આપવી જોઈએ. આ પગલાંઓ દ્વારા માંગમાં વધારો થાય છે, ઉત્પાદન વધે છે અને રોજગાર સર્જાય છે, જેના કારણે અર્થતંત્ર પુનઃજીવિત થાય છે.

આ ઉપરાંત, મિશ્ર અર્થતંત્રમાં રાજય સામાજિક કલ્યાણ માટે પણ જવાબદાર બને છે. શિક્ષણ, આરોગ્ય, સામાજિક સુરક્ષા અને મૂળભૂત સુવિધા જેવા ક્ષેત્રોમાં રાજયનો સીધો હસ્તક્ષેપ સમાજના નબળા વર્ગોને સુરક્ષા આપે છે. આ રીતે કેઈન્સની ''રાજયની સક્રિય ભૂમિકા''ની કલ્પના આર્થિક કાર્યક્ષમતા અને સામાજિક ન્યાય વચ્ચે સંતુલન સ્થાપિત કરે છે અને કલ્યાણકારી રાજયની રચના કરે છે.

➢ રાજકોષીય નીતિનું મહત્વ

મિશ્ર અર્થતંત્રમાં રાજકોષીય નીતિ રાજયનું સૌથી મહત્વપૂર્ણ સાધન ગણાય છે. રાજકોષીય નીતિનો અર્થ જાહેર ખર્ચ, કર વસૂલાત અને જાહેર ઋણ સંબંધિત નીતિઓથી થાય છે. જે. એમ. કેઈન્સ અનુસાર બજાર વ્યવસ્થા પોતાની જાતે હંમેશા સંપૂર્ણ સંતુલન સ્થાપિત કરી શકતી નથી, તેથી સરકારે રાજકોષીય નીતિ

દ્વારા આર્થિક પ્રવૃત્તિઓમાં સક્રિય હસ્તક્ષેપ કરવો જરૂરી બને છે. મિશ્ર અર્થતંત્રમાં ખાનગી ક્ષેત્ર મુખ્ય ભૂમિકા ભજવે છે, પરંતુ તેની ખામીઓને સુધારવા માટે રાજકોષીય નીતિ અનિવાર્ય બને છે.

કેઈન્સીય વિચારધારા મુજબ મંદી દરમિયાન ખાનગી રોકાણ અને ઉપભોગમાં ઘટાડો થાય છે, જેના કારણે અસરકારક માંગ ઘટે છે અને બેરોજગારી વધે છે. આવી સ્થિતિમાં સરકાર જાહેર ખર્ચ વધારીને, કરમાં રાહત આપીને અને જાહેર કામોના કાર્યક્રમો અમલમાં મૂકી અસરકારક માંગ ઊભી કરે છે. પરિણામે ઉત્પાદન વધે છે, રોજગાર સર્જાય છે અને અર્થતંત્ર મંદીમાંથી બહાર આવે છે. આ રીતે રાજકોષીય નીતિ મિશ્ર અર્થતંત્રમાં આર્થિક સ્થિરતા લાવવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે.

કેઈન્સીય વિચારધારા મુજબ જાહેર ખર્ચમાં વધારો રસ્તા, પુલ, ડેમ, શાળાઓ, હોસ્પિટલો અને અન્ય જાહેર કામોના માધ્યમથી કરવામાં આવે છે. આ પ્રકારના ખર્ચથી સરકાર સીધા રોજગાર સર્જે છે અને લોકોની આવકમાં વધારો થાય છે. આવક વધતા ઉપભોગમાં વધારો થાય છે, જેના કારણે અસરકારક માંગ વધે છે અને ઉત્પાદન ક્ષેત્ર સક્રિય બને છે. આ પ્રક્રિયાને ''ગુણક અસર'' કહેવામાં આવે છે, જે મિશ્ર અર્થતંત્રમાં આર્થિક પુનરુત્થાન માટે મહત્વપૂર્ણ છે.

➢ સામાજિક કલ્યાણનો હેતુ

જે. એમ. કેઈન્સ અનુસાર અર્થતંત્રનો મુખ્ય હેતુ માત્ર ઉત્પાદન, નફો કે આર્થિક વૃદ્ધિ નથી, પરંતુ સમાજના દરેક વર્ગનું સર્વાંગી કલ્યાણ છે. પ્રશિષ્ટ મૂડીવાદી વ્યવસ્થામાં ઉત્પાદન અને નફાને કેન્દ્રસ્થાને રાખવામાં આવે છે, જેના પરિણામે આવક અને સંપત્તિની અસમાનતા, ગરીબી અને બેરોજગારી જેવી ગંભીર સામાજિક સમસ્યાઓ ઊભી થાય છે. કેઈન્સે સ્પષ્ટ રીતે જણાવ્યું કે જો આર્થિક વિકાસનો લાભ સમાજના મર્યાદિત વર્ગ સુધી જ સીમિત રહે, તો એવો વિકાસ ટકાઉ અને ન્યાયસંગત બની શકતો નથી. આથી તેમણે મિશ્ર અર્થતંત્રમાં સામાજિક કલ્યાણને રાજયનું મુખ્ય લક્ષ્ય ગણાવ્યું.

મિશ્ર અર્થતંત્રમાં સામાજિક કલ્યાણનો હેતુ સિદ્ધ કરવા માટે રાજયની સક્રિય ભૂમિકા અનિવાર્ય બને છે. કેઈન્સ મુજબ શિક્ષણ, આરોગ્ય, સામાજિક સુરક્ષા, પેન્શન, બેરોજગારી ભથ્થાં અને ગરીબ કલ્યાણ યોજનાઓ જેવી પ્રવૃત્તિઓ ખાનગી ક્ષેત્ર પર છોડી શકાય નહીં. રાજય દ્વારા આવા ક્ષેત્રોમાં જાહેર ખર્ચ કરવામાં આવે ત્યારે માનવ મૂડીનો વિકાસ થાય છે અને સમાજના નબળા તથા વંચિત વર્ગોને આર્થિક સુરક્ષા મળે છે. આ પ્રક્રિયા માત્ર સામાજિક ન્યાય સ્થાપિત કરતી નથી, પરંતુ લાંબા ગાળે અર્થતંત્રની ઉત્પાદક ક્ષમતા પણ વધારતી છે.

9.3.4 પ્રો. કેઈન્સના મિશ્ર અર્થતંત્રના વિચારોની ટીકાઓ

- સરકારી હસ્તક્ષેપ :

  કેઈન્સના મિશ્ર અર્થતંત્રમાં રાજયની સક્રિય ભૂમિકા ઉપર ભાર મૂકવામાં આવ્યો છે. પરંતુ વિવેચકોના મતે વધુ સરકારી હસ્તક્ષેપ બજારની કાર્યક્ષમતાને નુકસાન પહોંચાડે છે. જયારે સરકાર વારંવાર જાહેર ખર્ચ અને નીતિઓ દ્વારા બજારમાં પ્રવેશ કરે છે, ત્યારે ખાનગી ઉદ્યોગોની સ્વતંત્રતા ઘટે છે અને રોકાણ માટેનું પ્રોત્સાહન ઓછું થાય છે. આથી લાંબા ગાળે ઉત્પાદન ક્ષમતા પર નકારાત્મક અસર પડી શકે છે.

- સરકારી ખર્ચથી મોંઘવારીની શક્યતા:

  કેઈન્સીય નીતિ અનુસાર મંદી દરમિયાન જાહેર ખર્ચ વધારવો જોઈએ. જોકે વિવેચકો કહે છે કે આ નીતિથી નાણાં પુરવઠામાં વધારો થાય છે, જે મોંઘવારીને જન્મ આપે છે. ખાસ કરીને વિકાસશીલ દેશોમાં, જયાં ઉત્પાદન ક્ષમતા મર્યાદિત હોય છે, ત્યાં વધેલો ખર્ચ માત્ર કિંમતો વધારવાનું કારણ બને છે અને સામાન્ય જનતા પર ભાર વધે છે.

- બજેટ ખાધ અને જાહેર દેવાની સમસ્યા

  મિશ્ર અર્થતંત્રમાં જાહેર ખર્ચ વધારવા માટે સરકારને બજેટ ખાધ સ્વીકારવી પડે છે. વિવેચકોના મતે સતત બજેટ ખાધ અને જાહેર દેવું ભવિષ્યની પેઢી માટે ભારરૂપ બને છે. વધારે દેવું ચૂકવવા માટે સરકારને કર વધારવા પડે છે, જેનાથી ખાનગી ઉપભોગ અને બચત પર નકારાત્મક અસર પડે છે.

- અમલમાં વ્યવહારુ મુશ્કેલીઓ

  વિવેચકો માને છે કે કેઈન્સના વિચારો સિદ્ધાંતરૂપે આકર્ષક છે, પરંતુ વાસ્તવિક અમલમાં ઘણી મુશ્કેલીઓ ઊભી થાય છે. યોગ્ય સમયે ખર્ચ વધારવો કે ઘટાડવો રાજકીય દબાણ અને પ્રશાસનિક વિલંબને કારણે શક્ય નથી. પરિણામે નીતિના અમલમાં સમય લાગે છે અને અપેક્ષિત પરિણામ મળતું નથી.

- રાજયની અકાર્યક્ષમતા અને ભ્રષ્ટાચાર

  મિશ્ર અર્થતંત્રમાં જાહેર ક્ષેત્રનું વિસ્તરણ થાય છે. વિવેચકો મુજબ સરકારી ઉદ્યોગોમાં અકાર્યક્ષમતા, નુકસાન અને ભ્રષ્ટાચાર જોવા મળે છે. રાજકીય હસ્તક્ષેપ અને વ્યાવસાયિક કુશળતાના અભાવે જાહેર ક્ષેત્ર ઘણી વખત ખાનગી ક્ષેત્ર કરતાં ઓછું અસરકારક સાબિત થાય છે.

- વ્યક્તિગત સ્વતંત્રતા પર અસર

  કેટલાક વિવેચકો માને છે કે વધતો સરકારી હસ્તક્ષેપ વ્યક્તિગત આર્થિક સ્વતંત્રતાને ઘટાડે છે. કરનો ભાર, નિયમો અને નિયંત્રણો ઉદ્યોગકારોની પહેલ અને નવીનતાને અવરોધે છે, જે લાંબા ગાળે વિકાસને ધીમો કરે છે.

## 9.4 પોલ સેમ્યુલ્સન (1915–2009) :

9.4.1 પરિચય :

પોલ એ. સેમ્યુલ્સન આધુનિક અર્થશાસ્ત્રના અગ્રણી અને પ્રભાવશાળી અર્થશાસ્ત્રી હતા. તેમનો જન્મ 15 મે, 1915ના રોજ અમેરિકાના ઈન્ડિયાના રાજયના ગેરી શહેરમાં થયો હતો. તેમનું અવસાન 13 ડિસેમ્બર, 2009 ના રોજ થયું. તેઓ લાંબા સમય સુધી મેસાચ્યુસેટ્સ ઇન્સ્ટિટ્યૂટ ઑફ ટેકનોલોજી (MIT)માં પ્રોફેસર તરીકે કાર્યરત રહ્યા. સેમ્યુલ્સનને અર્થશાસ્ત્રને વૈજ્ઞાનિક અને ગણિતીય આધાર આપીને તેને વધુ સુવ્યવસ્થિત અને આધુનિક બનાવવામાં મહત્વપૂર્ણ યોગદાન આપ્યું. તેઓ કેઈન્સીયન અને નવ પ્રશિષ્ટ વિચારોના સંયોજન માટે જાણીતા છે અને મિશ્ર અર્થતંત્રના સમર્થક ગણાય છે. એકમલક્ષી અને સમગ્રલક્ષી અર્થશાસ્ત્ર, કલ્યાણ અર્થશાસ્ત્ર, આંતરરાષ્ટ્રીય વેપાર અને જાહેર નીતિ અંગે તેમના વિચારો અત્યંત પ્રભાવશાળી રહ્યા. તેમના મહત્વપૂર્ણ યોગદાન બદલ તેમને 1970માં અર્થશાસ્ત્ર માટેનો નોબેલ પુરસ્કાર એનાયત થયો હતો. આ પુરસ્કાર મેળવનાર પ્રથમ અમેરિકન અર્થશાસ્ત્રી હતા.

9.4.2 પુસ્તકોઃ

1. Foundations of Economic Analysis – 1947

આ પુસ્તક આધુનિક અર્થશાસ્ત્રનો આધારભૂત અને પ્રભાવશાળી ગ્રંથ છે. આ પુસ્તકમાં સેમ્યુલ્સનને ગણિતીય પદ્ધતિઓ અને તર્કસંગત વિશ્લેષણ દ્વારા ગ્રાહક વર્તન, ઉત્પાદન સિદ્ધાંત, બજાર સમતુલાના સિદ્ધાંતને વૈજ્ઞાનિક રીતે સમજાવ્યા છે. તેમણે દર્શાવ્યું છે કે, આર્થિક નિર્ણયો મુખ્યત્વે ઉપયોગિતા અને નફાના મહત્તમીકરણ પર આધારિત હોય છે અને વિવિધ પરિસ્થિતિઓમાં પરિવર્તન થવાથી સમતુલામાં કેવી અસર પડે છે તે તુલનાત્મક રીતે સમજાવવામાં આવ્યું છે. આ ગ્રંથે અર્થશાસ્ત્રને વધુ ગણિત આધારિત અને વૈજ્ઞાનિક શાખા તરીકે સ્થાપિત કરવામાં મહત્વપૂર્ણ યોગદાન આપ્યું છે.

2. Economics: An Introductory Analysis – 1948

આ પુસ્તકમાં એકમલક્ષી અને સમગ્રલક્ષી અર્થશાસ્ત્રના મૂળભૂત સિદ્ધાંતોને સરળ, સ્પષ્ટ અને વૈજ્ઞાનિક રીતે સમજાવવામાં આવ્યા છે. સેમ્યુલ્સનને માંગ-પુરવઠો, રાષ્ટ્રીય આવક, રોજગાર, મૂલ્યસ્તર, નાણાંકીય અને રાજકોષીય નીતિ જેવા વિષયોનું સુવ્યવસ્થિત વિશ્લેષણ કરીને અર્થશાસ્ત્રને સામાન્ય વાચકો અને વિદ્યાર્થીઓ માટે સરળ બનાવ્યું. આ ગ્રંથે વિશ્વભરના અર્થશાસ્ત્રના અભ્યાસમાં નવી દિશા આપી અને ઘણા દાયકાઓ સુધી પ્રામાણિક પાઠ્યપુસ્તક તરીકે સ્થાન મેળવ્યું.

3. Linear Programming and Economic Analysis - 1958 (with Robert Dorfman & Robert Solow)

આ પુસ્તક અર્થશાસ્ત્રમાં ગણિતીય અને પરિમાણાત્મક પદ્ધતિઓનો ઉપયોગ સમજાવતું મહત્વપૂર્ણ ગ્રંથ છે. આ પુસ્તકમાં રેખીય પદ્ધતિઓ દ્વારા સંસાધનોનું શ્રેષ્ઠ વિતરણ, ખર્ચ ઘટાડો અને ઉત્પાદનનું મહત્તમીકરણ કેવી રીતે શક્ય બને છે તે વૈજ્ઞાનિક રીતે સમજાવમાં આવ્યું છે. લેખકોએ ઉદ્યોગ, આયોજન અને આર્થિક નીતિનિર્માણમાં ગણિતીય મોડેલો કેવી રીતે ઉપયોગી બને છે તે ઉદાહરણો સાથે રજૂ કર્યું છે. આ પુસ્તકમાં અર્થશાસ્ત્રને વધુ પ્રયોગાત્મક અને વિશ્લેષણાત્મક બનાવવામાં મહત્વપૂર્ણ યોગદાન આપ્યું છે.

4. International Economics – 1948

આંતરરાષ્ટ્રીય વેપાર અને આંતરરાષ્ટ્રીય નાણાકીય સંબંધોના મૂળભૂત સિદ્ધાંતોને સમજાવતું મહત્વપૂર્ણ ગ્રંથ છે. આ પુસ્તકમાં દેશો વચ્ચેના વેપારના કારણો, તુલનાત્મક લાભનો સિદ્ધાંત, વિનિમય દર, લેણદેણની તુલના અને આંતરરાષ્ટ્રીય નીતિઓનો આર્થિક વિકાસ પર પડતો પ્રભાવ વિગતવાર સમજાવવામાં આવ્યો છે. સેમ્યુલ્સનને ગણિતીય અને વિશ્લેષણાત્મક પદ્ધતિઓ દ્વારા વૈશ્વિક વેપારના માળખાને સ્પષ્ટ કર્યું છે, જેના કારણે આ પુસ્તક આંતરરાષ્ટ્રીય અર્થશાસ્ત્રના અભ્યાસ માટે આધારભૂત અને પ્રેરણાદાયી માનવામાં આવે છે.

### 9.4.3 સેમ્યુલ્સનના વિચારોઃ

સેમ્યુલ્સનના મત મુજબ માત્ર મૂડીવાદી અર્થતંત્ર કે માત્ર સમાજવાદી અર્થતંત્ર કોઈપણ દેશમાં સંપૂર્ણ રીતે સફળ થઈ શકતું નથી, કારણ કે બંને પદ્ધતિઓમાં પોતાની-પોતાની મર્યાદાઓ છે. તેથી તેમણે મિશ્ર અર્થતંત્રને શ્રેષ્ઠ વિકલ્પ તરીકે સમર્થન આપ્યું, જેમાં બજાર શક્તિઓ અને રાજયની ભૂમિકા બંનેનું સંતુલિત સંયોજન કરવામાં આવે છે. તેમના વિચારો મુજબ મિશ્ર અર્થતંત્ર એ એવી આર્થિક વ્યવસ્થા છે જેમાં ખાનગી ક્ષેત્ર અને જાહેર ક્ષેત્ર બંને સાથે મળીને ઉત્પાદન, વિતરણ અને સંસાધનોના ઉપયોગમાં ભાગ ભજવે છે.

➢ બજાર વ્યવસ્થાઃ

સેમ્યુલ્સનના મિશ્ર અર્થતંત્રના વિચારમાં બજાર વ્યવસ્થાને મહત્વપૂર્ણ સ્થાન આપવામાં આવ્યું છે. તેઓ માનતા હતા કે ભાવ નિયમન દ્વારા સંસાધનોનું કાર્યક્ષમ વિતરણ શક્ય બને છે અને ઉત્પાદનક્ષમતામાં વધારો થાય છે. ખાનગી ક્ષેત્ર નવીનતા, સ્પર્ધા અને કાર્યક્ષમતાનું મુખ્ય સાધન છે, જે આર્થિક વૃદ્ધિને ગતિ આપે છે. તેમ છતાં, સેમ્યુલ્સન આ વાતને પણ સ્પષ્ટ રીતે સ્વીકારતા હતા કે બજાર વ્યવસ્થામાં કેટલીક ગંભીર ખામીઓ હોય છે, જેમ કે આવક અને સંપત્તિની અસમાનતા, એકાધિકાર, બેરોજગારી અને આર્થિક મંદી.

➢ રાજયની ભૂમિકા:

આ બજારની નિષ્ફળતાઓને દૂર કરવા માટે સેમ્યુલ્સન રાજયની સક્રિય ભૂમિકા પર ભાર મૂકે છે. તેમના મત મુજબ સરકારને નીતિગત હસ્તક્ષેપ દ્વારા આર્થિક સ્થિરતા જાળવવી જોઈએ. સરકાર જાહેર ખર્ચ, કરવ્યવસ્થા અને નાણાંકીય નીતિઓ દ્વારા બેરોજગારી અને મંદીને નિયંત્રિત કરી શકે છે. ખાસ કરીને કેઈન્સીયન વિચારધારાથી પ્રેરિત થઈને સેમ્યુલ્સનને માંગ વ્યવસ્થાપનને મિશ્ર અર્થતંત્રનો મહત્વપૂર્ણ આધાર માન્યો હતો. તેમણે આર્થિક સ્થિરતા માટે સરકારની ભૂમિકાને વિશેષ મહત્વ આપ્યું. મંદી અને મોંઘવારી જેવી સમસ્યાઓને નિયંત્રિત કરવા માટે નાણાંકીય અને રાજકોષીય નીતિઓનો યોગ્ય ઉપયોગ મિશ્ર અર્થતંત્રનો અનિવાર્ય ભાગ છે. સેમ્યુલ્સન માનતા હતા કે સરકારનો સક્રિય હસ્તક્ષેપ અર્થતંત્રને સંતુલન અને સ્થિરતા તરફ દોરી જાય છે.

➢ જાહેર ક્ષેત્ર:

મિશ્ર અર્થતંત્રના વિચારમાં જાહેર ક્ષેત્રનું મહત્વપૂર્ણ સ્થાન છે. તેઓ માનતા હતા કે કેટલાક ક્ષેત્રો એવા હોય છે જ્યાં ખાનગી ક્ષેત્ર પૂરતું અથવા યોગ્ય રોકાણ કરતું નથી, જેમ કે સંરક્ષણ, જાહેર આરોગ્ય, શિક્ષણ, રસ્તાઓ, સિંચાઈ અને અન્ય મૂળભૂત આંતરમાળખું. આવા ક્ષેત્રોમાં સરકારનું સીધું હસ્તક્ષેપ જરૂરી છે, કારણ કે આ સેવાઓ સામાજિક કલ્યાણ સાથે સંકળાયેલી હોય છે. તેમણે જાહેર વસ્તુઓની સંકલ્પનાને મિશ્ર અર્થતંત્રના કેન્દ્રમાં રાખી. સેમ્યુલ્સન મુજબ જાહેર વસ્તુઓ અવિભાજ્યતા અને અપ્રતિસ્પર્ધાત્મકતાની લાક્ષણિકતા ધરાવતી હોય છે, એટલે કે એક વ્યક્તિ તેનો ઉપયોગ કરે ત્યારે બીજી વ્યક્તિ માટે તેનો ઉપયોગ ઘટતો નથી. આવી વસ્તુઓનું ઉત્પાદન બજાર દ્વારા અસરકારક રીતે શક્ય નથી, તેથી સરકાર દ્વારા તેનો પુરવઠો કરવો જરૂરી બને છે. આ વિચાર મિશ્ર અર્થતંત્રના વૈચારિક આધારને વધુ મજબૂત બનાવે છે.

➢ આવક અને સંપત્તિના અસમાન વિતરણ:

આવક અને સંપત્તિના અસમાન વિતરણ અંગે સેમ્યુલ્સન ખૂબ જ સંવેદનશીલ હતા. તેઓ માનતા હતા કે સંપૂર્ણ મુક્ત બજાર વ્યવસ્થા સમાજમાં ગંભીર અસમાનતાઓ ઊભી કરે છે, જે સામાજિક અસંતોષ અને આર્થિક અસ્થિરતાનું કારણ બની શકે છે. તેથી તેમણે પ્રગતિશીલ કર વ્યવસ્થા, સામાજિક સુરક્ષા યોજનાઓ અને કલ્યાણકારી કાર્યક્રમો દ્વારા આવકનું પુનર્વિતરણ કરવાની ભલામણ કરી હતી.

➢ આયોજન:

સેમ્યુલ્સનના વિચારો મુજબ મિશ્ર અર્થતંત્રમાં આયોજન અને બજાર બંનેનું

સહઅસ્તિત્વ જરૂરી છે. તેઓ સંપૂર્ણ કેન્દ્રીય આયોજનના વિરોધી હતા, પરંતુ સૂચક આયોજનના સમર્થક હતા, જેમાં સરકાર દિશા નિર્દેશક તરીકે કાર્ય કરે છે અને ખાનગી ક્ષેત્રને માર્ગદર્શન આપે છે. આ રીતે અર્થતંત્રમાં સ્વતંત્રતા અને નિયંત્રણ વચ્ચે સંતુલન સાધી શકાય છે.

9.4.4 ટીકાઓઃ

પોલ સેમ્યુલ્સનના મિશ્ર અર્થતંત્રના વિચારની એક મહત્વપૂર્ણ ટીકા એ છે કે તેમાં રાજયની ભૂમિકા અતિશય વિસ્તૃત બની જાય છે. ટીકાકારો માને છે કે જયારે સરકાર વધુ હસ્તક્ષેપ કરે છે ત્યારે વહીવટી અકાર્યક્ષમતા, લાલફિતાશાહી અને ભ્રષ્ટાચાર જેવી સમસ્યાઓ ઊભી થાય છે, જેના પરિણામે ઉત્પાદન ખર્ચ વધે છે અને આર્થિક કાર્યક્ષમતામાં ઘટાડો થાય છે. તેમજ વધુ નિયમન ખાનગી ઉદ્યોગોની નવીનતા, જોખમ લેવાની ક્ષમતા અને સ્પર્ધાત્મકતા ઘટાડે છે, જે અંતે આર્થિક વૃદ્ધિને અવરોધે છે.

મિશ્ર અર્થતંત્રમાં જાહેર ક્ષેત્ર ઘણી વખત નુકસાનમાં ચાલે છે. સેમ્યુલ્સન જાહેર ક્ષેત્રને આવશ્યક માને છે, પરંતુ વાસ્તવિકતા એ છે કે ઘણી જાહેર સંસ્થાઓ અકાર્યક્ષમ રીતે કાર્ય કરે છે, રાજકીય દબાણ હેઠળ નિર્ણયો લે છે અને નફાકારકતા બદલે સામાજિક અથવા રાજકીય હેતુઓને પ્રાધાન્ય આપે છે, જેના કારણે રાષ્ટ્રીય સંસાધનોનો વ્યર્થ વપરાશ થાય છે.

મિશ્ર અર્થતંત્રમાં સ્પષ્ટ સીમારેખાનો અભાવ હોય છે. ખાનગી અને જાહેર ક્ષેત્ર વચ્ચેની ભૂમિકાઓ સ્પષ્ટ ન હોવાના કારણે નીતિગત સમસ્યા સર્જાય છે. કયા ક્ષેત્રમાં સરકારને હસ્તક્ષેપ કરવો અને કયા ક્ષેત્રમાં નહીં, આ નિર્ણય ઘણીવાર રાજકીય સ્વાર્થ પર આધારિત બની જાય છે.

સેમ્યુલ્સનનું મોડલ વિકસિત દેશોની પરિસ્થિતિ પર વધુ આધારિત છે. વિકસતા દેશોમાં સંસ્થાગત નબળાઈ, મૂડીની અછત અને પ્રશાસનિક અયોગ્યતા હોવાના કારણે મિશ્ર અર્થતંત્ર યોગ્ય રીતે અમલમાં મૂકવું મુશ્કેલ બની જાય છે, જેના કારણે અપેક્ષિત પરિણામો પ્રાપ્ત થતા નથી.

## 9.5 જવાહરલાલ નેહરુ (1889–1964) :

9.5.1 પરિચયઃ

જવાહરલાલ નેહરુ આધુનિક ભારતના મુખ્ય નિર્માતાઓમાંના એક હતા. તેઓ સ્વતંત્ર ભારતના પ્રથમ વડાપ્રધાન હતા અને 1964 સુધી આ પદ પર રહ્યા. તેમને વિજ્ઞાન અને આધુનિકતામાં ખૂબ રસ હતો. ભારતમાં લોકશાહી, ધર્મનિરપેક્ષતા, આયોજન અને મિશ્ર અર્થતંત્રના વિચારોને પ્રોત્સાહિત કરવાનો

શ્રેય નેહરુને જાય છે. ભારતની આર્થિક અને સામાજિક સમસ્યાઓ વિશે તેમણે અનેક ભાષણો અને પુસ્તકોમાં વિચાર વ્યક્ત કર્યો. નેહરુ ઉત્કૃષ્ટ લેખક પણ હતા. રાજકારણમાં તેમનો પ્રવેશ સાહિત્ય માટેની એક મોટી ખોટ ગણાય છે.

9.5.2 જવાહરલાલ નેહરુના પુસ્તકોઃ

1. An Autobiography (1936)

આ પુસ્તકમાં જેમાં તેમણે પોતાના બાળપણ, શિક્ષણ, રાજકીય જાગૃતિ અને ભારતના સ્વતંત્રતા આંદોલનમાં તેમના અનુભવોનું વિગતવાર વર્ણન કર્યું છે. આ પુસ્તક મુખ્યત્વે જેલવાસ દરમિયાન લખાયું હતું, તેથી તેમાં તેમની આંતરિક મનોદશા, વિચારસરણી અને રાષ્ટ્રીય ચેતનાનું પ્રતિબિંબ જોવા મળે છે. આ પુસ્તકમાં નેહરુએ બ્રિટિશ શાસન પ્રત્યેનો વિરોધ, મહાત્મા ગાંધીજી સાથેનો સંપર્ક અને સ્વરાજ માટેના સંઘર્ષની વાતોને તથ્યપૂર્ણ અને આત્મમંથનાત્મક રીતે રજૂ કરી છે. આ આત્મકથા માત્ર વ્યક્તિગત જીવનકથા નહીં પરંતુ ભારતીય રાષ્ટ્રીય ચળવળનો જીવંત ઇતિહાસ પણ છે, જે વાચકોને દેશભક્તિ, આદર્શવાદ અને લોકશાહી મૂલ્યો વિશે પ્રેરણા આપે છે.

2. Glimpses of World History (1934)

આ પુસ્તક જેલના સમયમાં પોતાની પુત્રી ઇન્દિરા ગાંધીને લખેલા પત્રોના સ્વરૂપમાં પ્રકાશિત થયું હતું. આ પુસ્તકમાં પ્રાચીન સંસ્કૃતિઓથી લઈને આધુનિક યુગ સુધીના વિશ્વ ઇતિહાસનું સરળ, રસપ્રદ અને વૈજ્ઞાનિક દ્રષ્ટિકોણથી વિશ્લેષણ કરવામાં આવ્યું છે. નેહરુએ વિવિધ દેશો, સંસ્કૃતિઓ, ક્રાંતિઓ અને મહાન વ્યક્તિત્વોના ઉલ્લેખ સાથે માનવ સંસ્કૃતિના વિકાસને વૈશ્વિક પરિપ્રેક્ષ્યમાં સમજાવવાનો પ્રયત્ન કર્યો છે. આ પુસ્તક માત્ર ઇતિહાસનું વર્ણન નથી, પરંતુ માનવતાવાદ, વૈશ્વિક ભાઈચારો અને વૈજ્ઞાનિક વિચારસરણીનો સંદેશ આપતું પ્રેરણાદાયક સાહિત્ય પણ છે.

3. The Discovery of India (1946)

આ પુસ્તક 1942–46 દરમિયાન જેલવાસમાં લખવામાં આવ્યું હતું. આ પુસ્તકમાં ભારતના પ્રાચીન ઇતિહાસ, સંસ્કૃતિ, ધર્મ, તત્ત્વજ્ઞાન, કલા અને રાષ્ટ્રીય ચેતનાનો વ્યાપક અભ્યાસ રજૂ થયો છે. નેહરુએ ભારતીય સંસ્કૃતિની વૈવિધ્યતા વચ્ચેની એકતા, સહિષ્ણુતા અને આધ્યાત્મિક પરંપરાનું સુંદર વિશ્લેષણ કરવામાં આવ્યું છે. આ પુસ્તકમાં સ્વતંત્રતા આંદોલનનો ઉલ્લેખ સાથે ભારતના ભવિષ્ય માટે આધુનિક, વૈજ્ઞાનિક અને લોકશાહી દ્રષ્ટિકોણ રજૂ કરવામાં આવ્યો છે. આ પુસ્તક ભારતીય ઇતિહાસ અને રાષ્ટ્રીય ઓળખને સમજવા માટે અત્યંત મહત્વપૂર્ણ સાહિત્ય માનવામાં આવે છે.

9.5.3 નેહરુના વિચારોઃ

સ્વતંત્રતા પછી ભારત સામે ગરીબી, બેરોજગારી, ઔદ્યોગિક પછાતપણું અને સામાજિક અસમાનતા જેવી ગંભીર સમસ્યાઓ હતી. આવા સંજોગોમાં જવાહરલાલ નેહરુ માનતા હતા કે ન તો સંપૂર્ણ મૂડીવાદ ભારત માટે યોગ્ય હતો અને ન તો સંપૂર્ણ સમાજવાદ. આથી તેમણે બંને વચ્ચેનો સંતુલિત માર્ગ તરીકે મિશ્ર અર્થતંત્ર અપનાવવાનું સમર્થન કર્યું. મિશ્ર અર્થતંત્ર એ એવી વ્યવસ્થા છે જેમાં જાહેર ક્ષેત્ર અને ખાનગી ક્ષેત્ર બંને સાથે મળીને અર્થતંત્રનું સંચાલન કરે છે.

નેહરુના વિચારોનો આધાર તેમના લોકશાહી સામાજવાદી દ્રષ્ટિકોણ પર હતો. તેઓ સામાજિક ન્યાય, સમાનતા અને કલ્યાણને અત્યંત મહત્વ આપતા હતા, પરંતુ સાથે સાથે વ્યક્તિગત સ્વતંત્રતા અને લોકશાહી મૂલ્યો જાળવવા માગતા હતા. નેહરુ માનતા હતા કે કટ્ટર સમાજવાદ વ્યક્તિગત સ્વતંત્રતાને નુકસાન પહોંચાડે છે, જ્યારે અનિયંત્રિત મૂડીવાદ આર્થિક અસમાનતા વધારતો જાય છે. તેથી મિશ્ર અર્થતંત્ર તેમને વ્યવહારુ અને માનવતાવાદી માર્ગ લાગ્યો. નેહરુની વિચારધારા માત્ર આર્થિક વ્યવસ્થા સુધી સીમિત નહોતી, પરંતુ તે એક સર્વાંગી રાષ્ટ્રનિર્માણની દૃષ્ટિ હતી. તેઓ માનતા હતા કે આર્થિક વિકાસનો અંતિમ હેતુ માનવીના જીવનસ્તરમાં સુધારો લાવવાનો છે. આથી ઉત્પાદન વધારવા સાથે-સાથે શિક્ષણ, આરોગ્ય, રોજગાર અને સામાજિક સુરક્ષા જેવા ક્ષેત્રોમાં રાજયની સક્રિય ભૂમિકા જરૂરી છે. મિશ્ર અર્થતંત્ર દ્વારા રાજય આ જવાબદારી નિભાવતું રહે, એવો તેમનો અભિગમ હતો.

➢ જાહેર ક્ષેત્ર

નેહરુના મિશ્ર અર્થતંત્રના વિચારોમાં જાહેર ક્ષેત્રને 'આર્થિક વ્યવસ્થાના નિયંત્રક શિખરો' પર બેસાડવામાં આવ્યું. સ્ટીલ, ખનિજ, ઊર્જા, પરિવહન, ભારે ઉદ્યોગો અને આધારભૂત માળખાં જેવા ક્ષેત્રોમાં રાજયની મુખ્ય ભૂમિકા હોવી જોઈએ, એવું નેહરુ માનતા હતા. કારણ કે આવા ક્ષેત્રોમાં ભારે મૂડી, લાંબા ગાળાનો દ્રષ્ટિકોણ અને રાષ્ટ્રીય હિત સામેલ હોય છે, જેને ખાનગી ક્ષેત્ર એકલું પૂરી પાડી શકે તેમ નહોતું.

➢ ખાનગી ક્ષેત્રઃ

નેહરુના વિરોધી ન હતા. મિશ્ર અર્થતંત્રમાં ખાનગી ક્ષેત્રને પણ મહત્વપૂર્ણ સ્થાન આપવામાં આવ્યું હતું. ગ્રાહક વસ્તુઓ, નાના અને મધ્યમ ઉદ્યોગો, વેપાર અને સેવાઓ જેવા ક્ષેત્રોમાં ખાનગી ઉદ્યોગોને પ્રોત્સાહન આપવામાં આવ્યું, પરંતુ નેહરુ સ્પષ્ટ હતા કે ખાનગી ક્ષેત્રે રાષ્ટ્રીય આયોજન અને રાજયના નિયમન હેઠળ કાર્ય કરવું જોઈએ, જેથી શોષણ, એકાધિકાર અને અસમાનતા અટકાવી શકાય. નેહરુના વિચારો મુજબ મિશ્ર અર્થતંત્રમાં રાજય નિયંત્રણનો હેતુ શોષણ અટકાવવાનો છે, ન કે ઉદ્યોગસાહસિકતા નાશ કરવાનો. તેઓ માનતા હતા કે ખાનગી ઉદ્યોગો નફા માટે કાર્ય કરે છે, પરંતુ જો તેમને સંપૂર્ણ સ્વતંત્રતા આપી દેવામાં આવે તો સામાજિક અસમાનતા વધી શકે. આથી રાજયનું નિયમન જરૂરી

છે. લાયસન્સ પદ્ધતિ, કર નીતિ અને નિયંત્રણો દ્વારા ખાનગી ક્ષેત્રને સામાજિક જવાબદારી સાથે જોડવાનો પ્રયાસ કરવામાં આવ્યો.

➢ સહકારી ક્ષેત્રઃ

નેહરુના મિશ્ર અર્થતંત્રનો ત્રીજો મહત્વનો સ્તંભ સહકારી ક્ષેત્ર હતો. તેઓ માનતા હતા કે સહકારી સંસ્થાઓ ગ્રામ્ય વિકાસ, કૃષિ, દૂધ ઉત્પાદન, લઘુ ઉદ્યોગો અને ગરીબોના આર્થિક સશક્તિકરણમાં મહત્વની ભૂમિકા ભજવી શકે છે. સહકારી વ્યવસ્થામાં સામૂહિક હિત, સમાનતા અને લોકશાહી વ્યવહારનો સંયોજન જોવા મળે છે, જે નેહરુના સામાજિક વિચારોને અનુરૂપ હતું.

➢ આયોજનઃ

મિશ્ર અર્થતંત્રને અસરકારક બનાવવા માટે નેહરુએ આયોજનને કેન્દ્રસ્થાને રાખ્યું. પંચવર્ષીય યોજનાઓ દ્વારા જાહેર અને ખાનગી બંને ક્ષેત્રોની પ્રવૃત્તિઓને સંકલિત કરી રાષ્ટ્રીય વિકાસ માટે દિશા આપવામાં આવી. આયોજનનો મુખ્ય હેતુ ઔદ્યોગિકીકરણ, કૃષિ વિકાસ, રોજગાર સર્જન, ગરીબી ઘટાડવી અને રાષ્ટ્રીય આવકમાં વધારો કરવાનો હતો. નેહરુ માનતા હતા કે લોકશાહી વ્યવસ્થામાં આયોજન અનિવાર્ય છે. આર્થિક આયોજન અને લોકશાહી વચ્ચેનું સંતુલન જરૂરી છે. તેઓ ક્યારેય સોવિયેત પ્રકારની કેન્દ્રિય યોજનાના કટ્ટર સમર્થક ન હોતા. તેઓ માનતા હતા કે ભારતમાં વિવિધ ભાષા, જાતિ, ધર્મ અને પ્રદેશો છે, તેથી બળજબરીથી પરિવર્તન લાવવું યોગ્ય નથી. મિશ્ર અર્થતંત્રમાં આયોજન લોકશાહી પ્રક્રિયા દ્વારા અમલમાં આવે આ જ નેહરુની ખાસ વિશેષતા હતી.

➢ રાષ્ટ્રીય સ્વાવલંબનઃ

નેહરુએ મિશ્ર અર્થતંત્રને રાષ્ટ્રીય સ્વાવલંબનનું સાધન પણ માન્યું. સ્વતંત્રતા પછી ભારત વિદેશી આયાત પર વધારે આધારિત હતું. નેહરુ માનતા હતા કે જો દેશને સાચી સ્વતંત્રતા મેળવવી હોય, તો પોતાની ઔદ્યોગિક ક્ષમતા વિકસાવવી અનિવાર્ય છે. જાહેર ક્ષેત્ર દ્વારા ભારે ઉદ્યોગો અને મશીન નિર્માણ ઉદ્યોગો સ્થાપવાની નીતિ સ્વાવલંબનની દિશામાં મહત્વપૂર્ણ પગલું હતું.

➢ સામાજિક કલ્યાણઃ

નેહરુના મિશ્ર અર્થતંત્રમાં આર્થિક વૃદ્ધિ સાથે સામાજિક કલ્યાણને સમાન મહત્વ આપવામાં આવ્યું. તેઓ માનતા હતા કે માત્ર GDP વધારવાથી વિકાસ થતો નથી. વિકાસનો સાચો માપદંડ એ છે કે ગરીબ, શ્રમિક, ખેડૂત અને નબળા વર્ગના લોકોના જીવનમાં કેટલો સુધારો થવો જોઈએ. આ વિચારધારા ભારતને કલ્યાણ રાજ્યો તરફ દોરી જાય છે.

9.5.4 ટીકાઓઃ

નેહરુના મિશ્ર અર્થતંત્રની કેટલીક ટીકા પણ થઈ. કેટલાક વિવેચકોનું માનવું હતું કે જાહેર ક્ષેત્રનો અતિશય વિસ્તાર થયો, લાયસન્સ-પરમિટ રાજ ઊભું થયું અને ખાનગી ક્ષેત્રની સ્વતંત્રતા ઘટી. કેટલાકે કહ્યું કે કૃષિ ક્ષેત્રને પૂરતું મહત્વ

આપવામાં આવ્યું નહોતું. છતાં પણ એ સ્વીકારવું પડે કે સ્વતંત્રતાના પ્રારંભિક દાયકાઓમાં ભારત માટે મિશ્ર અર્થતંત્ર એક જરૂરી અને વ્યવહારુ મોડેલ હતું.

## 9.6 સારાંશ :

મિશ્ર અર્થતંત્ર એવી આર્થિક પ્રણાલી છે જેમાં બજાર યાંત્રિકતા અને સરકારની હસ્તક્ષેપ ભૂમિકા બંનેનું સંતુલિત સંયોજન છે. આ વિચારને સિદ્ધાંતાત્મક આધાર આપનાર જે. એમ. કેઈન્સએ જણાવ્યું છે કે બજાર આપમેળે સંપૂર્ણ રોજગાર અને સ્થિરતા થાય શકતી નથી, તેથી મંદી, બેરોજગારી અને માંગની અછત જેવી સમસ્યાઓમાં સરકારની સક્રિય ભૂમિકા અનિવાર્ય બને છે. કેઈન્સના વિચારો મૂડીવાદને નકારી નાંખતા નથી, પરંતુ તેને કલ્યાણલક્ષી રાજય સાથે સુધારેલા સ્વરૂપમાં સ્વીકારે છે.

પોલ એ. સેમ્યુલ્સનએ મિશ્ર અર્થતંત્રને વૈજ્ઞાનિક અને વ્યવહારુ માળખું આપીને બજાર અને રાજયના સહઅસ્તિત્વને આધુનિક અર્થતંત્ર માટે સૌથી યોગ્ય ગણાવ્યું. આ વિચારને જવાહરલાલ નેહરુએ ભારતીય સંદર્ભમાં અમલમાં મૂક્યો, જયાં જાહેર ક્ષેત્રને આધારભૂત ઉદ્યોગો અને સામાજિક કલ્યાણની જવાબદારી સોંપી અને ખાનગી ક્ષેત્રને વિકાસમાં સહયોગી બનાવ્યું. આ રીતે, કેઈન્સ, સેમ્યુલ્સન અને નેહરુના વિચારો મળીને મિશ્ર અર્થતંત્રને આર્થિક વિકાસ સાથે સામાજિક ન્યાય સાધતું અસરકારક મોડલ બનાવે છે.

## 9.7 ચાવીરૂપ શબ્દો :

**ગુણક અસર:** ગુણક અસર એ અર્થશાસ્ત્રનો મહત્વપૂર્ણ સિદ્ધાંત છે, જેમાં સરકાર અથવા ખાનગી ક્ષેત્ર દ્વારા કરાયેલ પ્રારંભિક રોકાણથી રાષ્ટ્રીય આવકમાં તેના કરતાં અનેક ગણો વધારો થાય છે. આ અસરનું કારણ એ છે કે વધેલી આવકનો એક ભાગ ઉપભોગમાં વપરાય છે, જેના કારણે ઉત્પાદન, રોજગાર અને આવકમાં ક્રમશઃ વધુ વધારો થાય છે.

**પ્રગતિશીલ કર:** પ્રગતિશીલ કર એવો કર છે જેમાં કરદાતાની આવક વધે તેમ કરનો દર પણ વધતો જાય છે. આ પ્રકારનો કર આવકની અસમાનતા ઘટાડવામાં મદદ કરે છે અને સામાજિક ન્યાય તથા આર્થિક સમતાને પ્રોત્સાહન આપે છે.

## 9.8 તમારી પ્રગતિ ચકાસો :

**(ક) સવિસ્તાર જવાબ આપો.**

1. પ્રો. જે. એમ. કેઈન્સના મિશ્ર અર્થતંત્રના વિચારો વિશે વિગતવાર સમજાવો.
2. પ્રો. પોલ સેમ્યુઅલસના મિશ્ર અર્થતંત્રના વિચારો વિશે વિગતવાર સમજાવો.
3. જવાહરલાલ નેહરુના મિશ્ર અર્થતંત્રના વિચારો વિશે ચર્ચા સમજાવો.

**(ખ) ટૂંકનોંધ લખો.**

1. પ્રો. જે. એમ. કેઈન્સના મિશ્ર અર્થતંત્રના વિચારોની ટીકાઓ
2. પ્રો. પોલ સેમ્યુલ્સન અને જવાહરલાલ નેહરુના મિશ્ર અર્થતંત્રના વિચારોની ટીકાઓ

(ગ) **હેતુલક્ષી પ્રશ્નો.**

1. પ્રો. જે. એમ. કેઈન્સના મિશ્ર અર્થતંત્રનો મુખ્ય હેતુ કયો છે?

   (A) ખાનગી કાર્યક્ષમતા અને રાજય કલ્યાણ વચ્ચે સંતુલન

   (B) સંપૂર્ણ રાજય નિયંત્રણ સ્થાપિત કરવું

   (C) માત્ર નફો વધારવો

   (D) બજારની સંપૂર્ણ સ્વતંત્રતા

2. મિશ્ર અર્થતંત્રમાં રાજયની ભૂમિકા કઈ માનવામાં આવે છે?

   (A) નિષ્ક્રિય (B) માત્ર કર વસૂલનાર

   (C) સક્રિય નિયંત્રક અને કલ્યાણકારી (D) સંપૂર્ણ ઉદ્યોગપતિ

3. કેઈન્સ અનુસાર બેરોજગારીનું મુખ્ય કારણ શું છે?

   (A) વસ્તી વૃદ્ધિ (B) અસરકારક માંગની અછત

   (C) શ્રમ પુરવઠો વધારે હોવો (D) તકનીકી પ્રગતિ

4. જાહેર વસ્તુઓ અંગે સેમ્યુલ્સનનો અભિગમ શું છે?

   (A) બજાર દ્વારા પૂરતું ઉત્પાદન શક્ય છે

   (B) ખાનગી ક્ષેત્રે વધુ અસરકારક ઉત્પાદન થાય છે

   (C) સરકાર દ્વારા પુરવઠો આવશ્યક છે

   (D) વિદેશી મૂડીથી પૂરતું થાય છે

5. આવકના અસમાન વિતરણ અંગે સેમ્યુલ્સન શું સૂચવે છે?

   (A) બજાર પર સંપૂર્ણ નિર્ભરતા

   (B) પ્રગતિશીલ કર અને કલ્યાણ યોજનાઓ

   (C) ખાનગી દાન

   (D) વિદેશી સહાય

6. ભારતના મિશ્ર અર્થતંત્રના મુખ્ય શિલ્પી તરીકે કોને ઓળખવામાં આવે છે?

   (A) મહાત્મા ગાંધી (B) ડો. બી. આર. આંબેડકર

   (C) જવાહરલાલ નેહરુ (D) સુભાષચંદ્ર બોઝ

7. નેહરુના મિશ્ર અર્થતંત્રમાં ખાનગી ક્ષેત્રની ભૂમિકા શું હતી?

   (A) સંપૂર્ણ પ્રતિબંધ (B) સંપૂર્ણ સ્વતંત્રતા

   (C) ફક્ત કૃષિ પૂરતી (D) નિયંત્રિત સ્વતંત્રતા

## ❖ સંદર્ભ ગ્રંથો :


Nehru, J. (1958). *Jawaharlal Nehru's speeches (1957–1958)*. Publications Division, Government of India.

Dillard, D. (1957). *The economics of John Maynard Keynes: The theory of a monetary economy.* Englewood Cliffs, NJ: Prentice-Hall.

Dutt, R., & Sundaram, K. P. M. (2016). *Indian economy*. S. Chand Publishing.

Misra, S. K., & Puri, V. K. (2020). *Indian economy*. Himalaya Publishing House.

Panagariya, A. (2008). *India: The emerging giant*. Oxford University Press.

Chakravarty, S. (1987). *Development planning*: The Indian experience. Oxford University Press.

Frankel, F. R. (2005). *India's political economy*, 1947–2004: The gradual revolution. Oxford University Press.


## ❖ તમારી પ્રગતિ ચકાસો ના જવાબો :

1. (A) ખાનગી કાર્યક્ષમતા અને રાજ્ય કલ્યાણ વચ્ચે સંતુલન
2. (C) સક્રિય નિયંત્રક અને કલ્યાણકારી
3. (B) અસરકારક માંગની અછત
4. (C) સરકાર દ્વારા પુરવઠો આવશ્યક છે
5. (B) પ્રગતિશીલ કર અને કલ્યાણ યોજનાઓ
6. (D) નિયંત્રિત સ્વતંત્રતા
7. (B) પ્રો. લર્નર

****************

# એકમ-10
# સહકાર


**10.0 ઉદ્દેશ્યો**

**10.1 પ્રસ્તાવના**

**10.2 સહકારનો અર્થ અને વ્યાખ્યા**

**10.3 સહકારના લક્ષણો**

**10.4 સહકારનુ મહત્ત્વ**

**10.5 સહકારની મર્યાદા**

**10.6 સારાંશ**

**10.7 ચાવીરૂપ શબ્દો**

**10.8 તમારી પ્રગતિ ચકાસો**

- ❖ સંદર્ભ પુસ્તકો
- ❖ તમારી પ્રગતિ ચકાસોના જવાબ


## 10.0 ઉદ્દેશ્યો :

વિદ્યાર્થી મિત્રો આ એકમમાં સહકારનો ખ્યાલ તેની ઉત્ક્રાંતિ અને વિકાસ સાથે સહકારને આર્થિક, સામાજિક અને નૈતિક પરિપેક્ષ્યને વિગતે સમજાવવામાં આવેલ છે. તેમજ વિશ્વમાં સહકારી પ્રવૃત્તિઓનો ઉદ્દભવ અને વિકાસ અંગે વિગતે ચર્ચા કરવામાં આવેલ છે. જેથી તમે આ એકમના અભ્યાસથી

- ➢ સહકારના ખ્યાલ અંગે ચર્ચા કરી શકશો.
- ➢ સહકારી પ્રવૃત્તિઓની આર્થિક, સામાજિક અને નૈતિક પરિપેક્ષ્યની નોંધ તૈયાર કરી શકશો.
- ➢ સહકારના લક્ષણો અંગે સમજાવી શકશો.
- ➢ સહકારના મહત્વ અને મર્યાદાઓ અંગે ચર્ચા કરી શકશો.

## 10.1 પ્રસ્તાવના :

આપણા ભારતીય સમાજમાં સહકારી વિચારધારા પ્રાચીન સમયથી જોવા મળે છે, સહકારી પ્રવૃત્તિઓનો ઉદ્દભવ અને વિકાસ એ એક ઐતિહાસિક અને સામાજિક પ્રક્રિયા છે, જે મુખ્યત્વે આર્થિક અને સામાજિક સમસ્યાઓના ઉકેલ માટે સ્વૈચ્છિક સહયોગ પર આધારિત હોય છે. પહેલાના સમયમાં લોકો સમુદાયોમાં સાથે મળીને ખેતી, શિકાર અને સંસાધનોની

વહેંચણી કરતા હતા. આ તમામ પ્રવૃત્તિ સહકારનો ભાગ હતી. ભારતમાં, પ્રાચીન સમયમાં ગ્રામ પંચાયતો અને સંયુક્ત કૃષિ પ્રણાલીઓ જોવા મળતી હતી. ઔદ્યોગિક ક્રાંતિ અને આધુનિક સહકાર શરુઆત 19મી સદીમાં યુરોપમાં ઔદ્યોગિક ક્રાંતિ દરમિયાન શ્રમિકો અને ખેડૂતો પર આર્થિક શોષણ વધ્યું, જેના પરિણામે સહકારી ચળવળનો ઉદય થયો.

## 10.2 સહકારનો અર્થ અને વ્યાખ્યા :

વિદ્યાર્થી મિત્રો, સહકારનો ખ્યાલ એ એવી વિચારધારા છે, જે જણાવે છે કે, આપણે એકબીજાને મદદરૂપ બનીને, વિશ્વાસ અને એકતાથી સાથે મળીને કામ કરીએ તો સામૂહિક સુખાકારી હાંસલ કરી શકાય છે. આ ખ્યાલમાં વ્યક્તિગત હિત કરતાં સામૂહિક હિતને વધુ મહત્વ આપવામાં આવે છે. આ એક એવી પદ્ધતિ છે જેમાં લોકો મળીને કે સહભાગી બનીને, સહમતીથી કોઈ ઉદ્દેશ હાંસલ કરવા પ્રયત્ન કરે છે. તેનો ઉદ્દેશ ફક્ત નફો નહિ પણ સામૂહિક વિકાસ છે. વૈદિક યુગમાં ''एकत्र गच्छामः, मिलित्वा चिन्तयामः।'' જેવી ઋગ્વેદિક રૂચિઓ સહકારની ભાવનાને દર્શાવે છે. જેનો અર્થ થાય છે, ''ચાલો એકસાથે ચાલીએ, એકસાથે વિચાર કરીએ.''

સહકાર એટલે ''લોકોનું એકબીજા સાથે મળીને, પોતાની સામાન્ય આર્થિક, સામાજિક અને સાંસ્કૃતિક જરૂરિયાતો પૂરી કરવા માટે સ્વૈચ્છિક રીતે બનાવેલું, સંયુક્ત માલિકીવાળું અને લોકશાહી રીતે નિયંત્રિત સંગઠન.'' એક વાક્યમાં કહીએ તો ''સહકાર એ લોકોનો સ્વૈચ્છિક સંગઠિત પ્રયાસ છે જેમાં તેઓ પોતાના ફાયદા માટે નહીં, પરંતુ એકબીજાના ફાયદા માટે એકસાથે કામ કરે છે''

### 10.2.1 સહકારની વ્યાખ્યાઓ :-

હવે આપણે જુદા- જુદા વિચારકો દ્વારા સહકાર અંગે પોતાના વિચારો રજુ કરેલ છે તે જોઇએ. આ સહકારની વ્યાખ્યાના આધારે આપણે સહકારની સમજ વધુ સારી રીતે સમજાવી શકીએ.

1. સર હોટેલ પ્લકેટના મતે ''સહકાર એટલે સંગઠન દ્વારા અસરકારક બનાવવામાં આવેલો સ્વાશ્રય''
2. એચ.કેલવેર્ટના મતે ×સહકાર એ એવા પ્રકારનું સંગઠન છે જેમાં વ્યકિતઓ સ્વેચ્છાએ સમાનતાના ધોરણે સંઘ રચે છે તેનો ઉદેશ્ય તેમના આર્થિક હિતોની જાળવણી કરવાનો હોય છે.''
3. ગાંધીજીએ સહકારની વ્યાખ્યા આપતાં કહ્યું હતું કે, ''સહકાર એટલે લોકોનું એકબીજાના કલ્યાણ માટે સ્વૈચ્છિક રીતે સાથે મળીને કામ કરવું, જેમાં પરસ્પર વિશ્વાસ, સમાનતા અને સમૂહની ઉન્નતિનો હેતુ રહેલો હોય. તેમના મતે, સહકાર એ એક એવી વ્યવસ્થા છે જે વ્યક્તિગત સ્વાર્થને બદલે સમાજના સામૂહિક હિતને પ્રોત્સાહન આપે છે અને આર્થિક, સામાજિક તેમજ નૈતિક રીતે સમૃદ્ધિ લાવે છે.''

4. ડૉ.બાબા સહેબ આંબેડકરના મતે "સહકાર એટલે સમાજના તમામ વર્ગો, ખાસ કરીને હાંસિયામાં ધકેલાયેલા લોકો, એકબીજાના સહયોગથી આર્થિક અને સામાજિક રીતે સશક્ત બને, જેથી સમતાયુક્ત અને ન્યાયી સમાજનું નિર્માણ થાય."

5. જે.પી. વાર્બસ (J. P. Warbasse) પોતાના પુસ્તક 'What is Co-opera-tion?'માં સહકારની વ્યાખ્યા આપ્રમાણે આપે છે.''સહકાર એ સમાજમાં આવેલું ગ્રાહકોનું, શક્ય તેટલું લોકશાહી ઢબે નિયંત્રિત થતું, એક સ્વૈચ્છિક સંગઠન છે, જે અમુક નિશ્ચિત અને સામાન્યતઃ સ્વીકૃત એવા નિયમોના પાલન દ્વારા તેમની તાકીદની જરૂરિયાતોની સીધી રીતે પૂર્તિ કરવાનો હેતુ ધરાવે છે." પ્રસ્તુત વ્યાખ્યામાં સહકારને એક સ્વૈચ્છિક સંગઠન કહેવામાં આવેલ છે. તેનો લોકશાહી ઢબે વહીવટ થાય છે અને તે અમુક નિયમોને લક્ષમાં રાખીને ગ્રાહકની તાકીદની જરૂરિયાતો સંતોષવા માટે પ્રયત્નશીલ રહે છે તેવું જણાવવામાં આવેલ છે.

6. એમ. ટી. હેરિક (M. T. Herrick) સહકારનું અર્થઘટન કરતાં નોંધે છે કે, ''સહકાર એટલે સ્વૈચ્છિક રીતે જોડાયેલ વ્યક્તિઓનો પોતાની શક્તિ અને સાધનો કે બંનેનો તેમનાં સંયુક્ત વ્યવસ્થાતંત્ર હેઠળ સામાન્ય નફા કે નુકસાન માટેનો પુરુષાર્થ." આ વ્યાખ્યામાં સહકારના આર્થિક હેતુ પર ભાર મૂકવામાં આવ્યો છે. તેમાં પણ સહકાર એ સ્વૈચ્છિક રીતે જોડાયેલ વ્યક્તિઓનું સંગઠન છે એ હકીકતનો સ્વીકાર કરવામાં આવેલ છે.

7. હોલીઓક (Holykoe) દ્વારા સહકારની વ્યાખ્યા આ પ્રમાણે આપવામાં આવેલ છે : "સહકાર એ એક સ્વૈચ્છિક સંગઠન છે, જેના દ્વારા કોઈ પણ ધંધામાં જોડાયેલ વ્યક્તિઓ સમાનતાને ધોરણે તેના વહીવટમાં ભાગ લઈ શકે છે અને નિયંત્રણ રાખી શકે છે." આ વ્યાખ્યામાં ઔદ્યોગિક ક્રાંતિ પછીના મૂડીવાદી સ્વરૂપને લીધે જે યાતનાઓ ઊભી થઈ તેનો પડઘો પડે છે. મૂડીવાદી પદ્ધતિમાં સંયુક્ત મૂડી કંપનીઓ અસ્તિત્વમાં આવી. આ કંપનીઓના નફાની વહેંચણીમાં મૂડીપતિઓનું વર્ચસ્વ રહેતું હતું. ગ્રાહકો અને મજૂરોનું શોષણ થતું. આ શોષણમાંથી બચવા માટે સહકારી પ્રવૃત્તિનો આશ્રય લેવામાં આવ્યો. આ વ્યાખ્યા સહકારી સંગઠનમાં મૂડી પર માનવીનો કાબૂ છે તે બાબતનો નિર્દેશ કરી સંચાલનમાં સમાનતાના ધોરણે ભાગીદારી અને ન્યાયી વહેંચણીની બાબત પર વિશેષ ભાર મૂકે છે.

8. હેવર્ટ કાલ્વર્ટ (Havert Calvert) સહકારની વ્યાખ્યા આપતાં નોંધે છે કે, સહકાર એ એક સંગઠન છે કે જેમાં વ્યક્તિઓ સમાનતાના પાયા પર તેમનાં આર્થિક હિતોના ઉત્કર્ષ માટે સ્વૈચ્છિક રીતે જોડાય છે (Co-operation is a form of organisation wherein persons voluntarily associate together as human beings; on a basis of equality, for he promOion of the economic interests of themselves.)

આ વ્યાખ્યા સહકારની સર્વસ્વીકૃત વ્યાખ્યા છે, કારણ કે તે સહકારનાં આવશ્યક એવાં તત્ત્વોને આવરી લઈને સહકારનો અર્થ સ્પષ્ટ કરે છે. આ વ્યાખ્યા મુજબ સહકાર એ સંગઠન છે. તેમાં લોકો સમાનતાના પાયા પર સ્વૈચ્છિક રીતે જોડાય છે. સહકારી પ્રવૃત્તિ તેમાં જોડાયેલા લોકોના આર્થિક ઉત્કર્ષના હેતુથી કરવામાં આવતી હોય છે. આ વ્યાખ્યા સહકારનો સંબંધ આર્થિક પ્રવૃત્તિ સાથે જોડે છે, કારણ કે તેમાં સભ્યોના આર્થિક ઉત્કર્ષ પર વિશેષ લક્ષ આપવામાં આવેલ છે.

9. સર એમ. એલ. ડાર્લિંગ (Sir M. L. Darling) સહકારની વ્યાખ્યા આપતાં જણાવે છે કે, " સહકાર એ એક સંગઠન કરતાં કંઈક અધિક છે. તે એક ભાવના છે, જેની અસર હૃદય અને મન બંને પર થાય છે. તે વ્યાપક-ધંધાને સ્પર્શતો ધર્મ છે. તે આત્મનિર્ભરતા અને સેવાનો સંદેશ છે." સહકારની આ વ્યાખ્યા સહકારી પ્રવૃત્તિને માત્ર હેતુઓ પૂરતી મર્યાદિત ન રાખતાં જીવનના દરેક ક્ષેત્ર સાથે સાંકળે છે. સહકારી પ્રવૃત્તિ સર્વવ્યાપી, સર્વદેશીય અને સર્વકાલીન છે. તેમાં સહકારી પ્રવૃત્તિને સમાન ગણવામાં આવેલ છે. તે માનવીને આત્મનિર્ભર થવાનો અને સેવાવૃત્તિ કેળવવાનો પાયાનો સંદેશ આપે છે.

10. આંતરરાષ્ટ્રીય મજૂર સંગઠન (I.L.O.) તરફથી પ્રકાશિત થયેલ Co-operative Management and Administration નામના પુસ્તકમાં સહકારની વ્યાખ્યા આ પ્રમાણે આપેલી છે : "સહકાર એ સામાન્યતઃ મર્યાદિત સાધનોવાળા લોકોનું સંગઠન છે કે જેમાં સમાન આર્થિક હેતુઓની સિદ્ધિ માટે તેઓ સ્વેચ્છાએ જોડાય છે અને લોકશાહી રીતે ધંધાનું નિયંત્રણ કરી જરૂરી મૂડી રોકી તેના પ્રમાણમાં ધંધાકીય સાહસમાંથી નફા નુકસાનમાં ફાળો મેળવે છે." આ વ્યાખ્યા એવું દર્શાવે છે કે આર્થિક રીતે નબળા લોકો આર્થિક રીતે સદ્ધર થવા માટે સહકારી પ્રવૃત્તિનો આશ્રય લે છે. સહકાર એ સ્વૈચ્છિક સંગઠન છે તેવું જણાવીને સહકારી પાયા પર ચાલતા ધંધાનું સંચાલન લોકશાની ઢબે થાય છે તે હકીકત સ્પષ્ટ કરે છે. વળી, સહકારી પ્રવૃત્તિ આર્થિક હેતુઓની સિદ્ધિ માટે ચાલતી હોવાથી જે કાંઈ નફો-નુકસાન થાય તેમાં સભ્યો હિસ્સો મેળવે છે તે બાબત પ્રત્યે અહીં લક્ષ દોરવામાં આવેલ છે.

11. સહકારી આયોજન સમિતિ -1946 દ્વારા સહકારની વ્યાખ્યા આ રીતે રજૂ કરવામાં આવેલી છે : "સહકાર એ એક એવું સંગઠન છે, કે જેમાં લોકો પોતાના આર્થિક હિતોના ઉત્કર્ષ માટે સમાનતાના ધોરણે સ્વૈચ્છિક રીતે જોડાય છે." આ વ્યાખ્યા પણ સહકારનાં મહત્ત્વનાં તત્ત્વો આવરી લેતી હોવાથી સર્વસ્વીકૃત બની છે.

ઉપરોક્ત તમામ વ્યાખ્યાઓને આધારે સહકારનો અર્થ આપણે આ રીતે આપી શકિએ : સહકાર એ એક સર્વવ્યાપી ઘટના છે. સહકાર એક સ્વૈચ્છિક સંગઠન છે. સહકારી સંગઠનમાં લોકો સમાનતાના ધોરણે જોડાય છે. સહકારનો મુખ્ય

હેતુ સભ્યોનો આર્થિક ઉત્કર્ષ સાધવાનો છે. સહકારી સંગઠનનું સંચાલન લોકશાહી ઢબે થાય છે. સહકારી સંગઠનમાં જોડાયેલા લોકો પોતાની મૂડીના પ્રમાણમાં નફા નુકસાનમાં હિસ્સો મેળવે છે.આ વ્યાખ્યાઓના આધારે એ જાણી શક્યા છે કે, સહકાર એ એવો સિદ્ધાંત છે જેમાં લોકો એકબીજાને મદદ કરે છે, પોતાની જરૂરિયાતો અને હિત માટે સંયુક્ત રીતે કાર્ય કરે છે. તેમાં વ્યકિતગત લાભ કરતાં સામૂહિક કલ્યાણ વધુ મહત્વ ધરાવે છે.સહકારની વ્યાખ્યાને મુખ્ય 4 તત્વોના આધરે સમજી શકાય (1) સહાય અને સમજણ (2) સામૂહિકતા (Collective effort) (3) પોતાનો લાભ નહીં, પણ સૌનો લાભ (4) એકતા અને વિશ્વાસ

1. **સહાય અને સમજણ એટલે સાથે મળીને કાર્ય કરવાની ભાવનાઃ** સહકાર એ સૂચવે છે કે વ્યક્તિઓ પોતપોતાની જરૂરિયાતો માટે નહિ, પણ સૌના હિત માટે કાર્ય કરે.

2. **સામૂહિકતા એટલે સમાન હિતવાળા લોકોનું સંગઠનઃ** જે લોકોની જરૂરિયાતો અથવા હિત સામાન્ય હોય, તે લોકો મળીને સહકારી સંસ્થા સ્થાપે છે.

3. **પોતાનો લાભ નહીં, પણ સૌનો લાભ અર્થાત લાભના વહેંચાણમાં સમાનતાઃ** સહકારી પ્રવૃત્તિઓમાં મળેલા લાભ બધામાં ન્યાયસંગત રીતે વહેંચાય છે.

4. **એકતા અને વિશ્વાસ અર્થાત "એક માટે બધા અને બધાના માટે એક" નો સિદ્ધાંતઃ** આ ખ્યાલ એ પણ બતાવે છે કે સહકાર એટલે સહજીવન – જ્યાં દરેક સભ્ય બીજાની જવાબદારી પણ ભાગે લે છે.

વિદ્યાર્થી મિત્રો, સહકારનો ખ્યાલ સરળ શબ્દોમાં સમજાવીએ તો સહકાર એ એવી પદ્ધતિ છે જેમાં લોકો મળીને કે સહભાગી બનીને, સહમતીથી કોઈ ઉદ્દેશ હાંસલ કરવા પ્રયત્ન કરે છે. તેનો ઉદ્દેશ ફક્ત નફો નહિ પણ સામૂહિક વિકાસ છે.ઉદાહરણ જોઈએ તો ખેડૂત સહકારી મંડળી, દૂધ ઉત્પાદકોની સહકારી સંસ્થા (જેમ કે અમૂલ), સહકારી બેંક્રો – આ બધું સહકારના ખ્યાલ પર આધારિત છે.

## 10.3 સહકારના લક્ષણો :

સહકાર (Co-operation)નાં મુખ્ય લક્ષણો સહકારી સંસ્થાઓ અને સહકારી ચળવળના મુદ્દા, સિદ્ધાંતો પર આધારિત છે. ખાસ કરીને ICA – International Co-operative Alliance દ્વારા નક્કી કરાયેલા 7 સહકારી સિદ્ધાંતો પર આધારિત છે. સહકાર એ એવી સંસ્થા છે જે વ્યક્તિગત હિત કરતાં સામૂહિક હિતને વધુ પ્રાધાન્ય આપે છે. તેની સફળતા તેના મૂળભૂત લક્ષણો પર આધારિત છે. નીચે દરેક લક્ષણનું સવિસ્તાર વર્ણન છેઃ

1. સ્વૈચ્છિક અને મુક્ત સભ્યપદ

   સહકારી સંસ્થામાં કોઈપણ વ્યક્તિ જાતિ, ધર્મ, લિંગ, રાજકીય મત કે આર્થિક સ્થિતિના ભેદભાવ વિના સ્વૈચ્છિક રીતે જોડાઈ શકે છે અને જ્યારે ઈચ્છે ત્યારે બહાર નીકળી શકે છે. સહકારી સંસ્થામાં જોડાવું કે ન જોડાવું એ દરેક વ્યક્તિનો વ્યક્તિગત નિર્ણય હોય છે. તેમાં કોઈ પ્રકારની બળજબરી કે દબાણ નથી. કોઈપણ વ્યક્તિ જે સંસ્થાના હેતુઓ અને નિયમોને સ્વીકારે તે સભ્ય બની શકે છે. સભ્યત્વ મેળવવા માટે ધન, સમાજમાં સ્થાન કે જાતિ જેવા માપદંડોનો ભેદભાવ લાગુ પડતો નથી.

   આથી સહકારમાં સમાનતા અને સ્વતંત્રતા બંને જળવાય છે.

2. લોકશાહી સંચાલન

   સહકારનો સંચાલનનો મૂળભૂત સિદ્ધાંત છે "એક વ્યક્તિ, એક મત." "એક સભ્ય, એક મત"નો સિદ્ધાંત. ધનિક કે ગરીબ હોય, દરેક સભ્યને સરખો મતાધિકાર હોય છે. નિર્ણયો સામાન્ય સભામાં લેવામાં આવે છે. સભ્ય પાસે મૂડી કેટલી છે તે મહત્વનું નથી. મતાધિકાર દરેકને સમાન. નિર્ણયો સભ્યોની સામાન્ય સભામાં લેવાય છે.મેનેજમેન્ટ કમિટી સભ્યો દ્વારા લોકશાહી રીતે ચૂંટાય છે. આથી સંસ્થા ન્યાયપૂર્ણ, પારદર્શક અને સભ્યોની ભાગીદારીથી ચાલે છે.

3. સભ્યોની આર્થિક ભાગીદારી

   સભ્યો જ પૂંજી નાખે છે અને તેના પર મર્યાદિત વ્યાજ મળે છે. બચતનો મોટો ભાગ સભ્યોમાં જ રોકાય છે અથવા સભ્યોમાં વહેંચાય છે સહકાર "સેવા"ને મુખ્ય સ્થાન આપે છે. જેનો હેતુ છે સભ્યોના આર્થિક અને સામાજિક કલ્યાણમાં વૃદ્ધિ કરવી. નફો થાય તો તે પણ સભ્યોની કલ્યાણાત્મક પ્રવૃત્તિઓમાં પાછો વપરાય છે. આ સંસ્થાઓ વ્યાપારી નહીં કલ્યાણમૂખી સ્વરૂપ ધરાવે છે. સહકારમાં મૂડી પર મળતાં વ્યાજ અથવા ડિવિડન્ડ પર મર્યાદા હોય છે. તેનો અર્થ કે સહકારને નફાખોરીનું સાધન બનાવવાનું નથી. બાકીનો નફો સંસ્થાના વિકાસ માટે અથવા સભ્યોના લાભ માટે વપરાય છે.

   આ નાણાકીય પારદર્શિતાને મજબૂત બનાવે છે.

4. સ્વાયત્તતા અને સ્વતંત્રતા

   સહકારી સંસ્થાઓ સ્વૈચ્છિક સભ્યો દ્વારા ચલાવવામાં આવે છે. સરકાર કે બહારની સંસ્થા સાથે કરાર કરે તોપણ લોકશાહી નિયંત્રણ જળવાઈ રહે છે.સંસ્થાની માલિકી સાંઢી (Joint) હોય છે. દરેક સભ્ય સમાન રીતે સહમાલિક છે. નફો, નુકસાન અને જવાબદારી સૌની છે. આથી સંસ્થામાં એકતા, વિશ્વાસ અને સહકારની ભાવના મજબૂત થાય છે.

5. શિક્ષણ, તાલીમ અને માહિતી

સભ્યો, ચૂંટાયેલા પ્રતિનિધિઓ, વ્યવસ્થાપકો અને કર્મચારીઓને સતત શિક્ષણ-તાલીમ આપવામાં આવે છે જેથી સહકાર વધુ સારી રીતે ચાલે અને જનતામાં પણ સહકાર વિશે જાગૃતિ ફેલાય. સહકાર ICAના સિદ્ધાંતો અનુસાર સભ્યોને સતત શિક્ષણ, તાલીમ અને માહિતી પૂરી પાડે છે. તેમાં મેનેજમેન્ટ, માર્કેટિંગ, એકાઉન્ટિંગ, લોકશાહી મૂલ્યો વગેરેનો સમાવેશ થાય છે. તાલીમવાન સભ્ય સંસ્થાને વધુ કાર્યક્ષમ બનાવે છે.

6. સમુદાય પ્રત્યે જવાબદારી

સહકાર માત્ર સભ્યોનાં હિત માટે જ નહીં પરંતુ સમાજની કુલ પ્રગતિ માટે કાર્ય કરે છે. સહકારી સંસ્થાઓ પોતાના સભ્યોની સાથે-સાથે આસપાસના સમાજના ટકાઉ વિકાસ માટે પણ કામ કરે છે આરોગ્ય, શિક્ષણ, રોજગાર, ગ્રામ વિકાસ, પર્યાવરણ સંરક્ષણ, સામૂહિક પડતર સુવિધાઓ વગેરે આપે છે, આથી સહકારનો આધાર ''એક માટે બધા અને બધા માટે એક'' પર રહે છે.

7. પારદર્શિતા

સહકારી સંસ્થાઓમાં એકાઉન્ટ, નિર્ણય, નીતિઓ અને મેનેજમેન્ટમાં પારદર્શિતા જાળવાય છે. સભ્યોને સંપૂર્ણ માહિતી ઉપલબ્ધ થાય છે. પારદર્શિતા વિશ્વાસ વધારતી અને ભ્રષ્ટાચાર ઘટાડતી વ્યવસ્થા છે, જે સહકારનું અદ્‌ભૂત લક્ષણ છે.

8. સ્વ-મદદ અને સ્વ-જવાબદારી

સહકાર સભ્યોને શીખવે છે, ''અમે પોતે મળીને અમારી સમસ્યાઓ ઉકેલી શકીએ.'' ''બધા એક માટે, એક બધા માટે'' દરેક સભ્ય બીજાની મદદ કરે અને પોતાની પણ મદદ કરે. આથી સભ્યોમાં આત્મનિર્ભરતા વધે છે.

9. કાયદેસર નોંધણી :

સહકારી સંસ્થા સહકાર અધિનિયમ હેઠળ નોંધાયેલી હોવી જરૂરી છે, જેથી તેને કાનૂની માન્યતા મળે.

સહકારના લક્ષણો તેને અન્ય વ્યાપારી સંસ્થાઓથી અલગ બનાવે છે. તેની મૂળભૂત આત્મા છે સેવા, સમાનતા, સહકાર, લોકશાહી અને સામૂહિક પ્રગતિ. આ સિદ્ધાંતોને કારણે સહકારી ચળવળ ગ્રામ વિકાસ, ખેતી, દુગ્ધઉદ્યોગ, હાઉસિંગ વગેરે ક્ષેત્રોમાં ખૂબ સફળતા મેળવી છે.

## 10.4 સહકારનું મહત્વ :

સહકારએ સામૂહિક હિત, લોકશાહી અને પરસ્પર સહાયના સિદ્ધાંતો પર આધારિત એક કલ્યાણમૂખી પ્રણાલી છે. તે માત્ર આર્થિક પ્રવૃત્તિઓ માટે જ નહીં, પરંતુ સામાજિક સમૃદ્ધિ

માટે પણ અત્યંત ઉપયોગી છે. તેની નીચે જણાવેલ બાબતોને કારણે સહકારને વિશેષ મહત્વ પ્રાપ્ત થયું છે. સહકાર આજના સમયમાં માત્ર એક વ્યવસ્થા નથી, પરંતુ નાના અને મધ્યમ વર્ગના લોકોનું સૌથી મોટું આર્થિક-સામાજિક હથિયાર છે. તેનું મહત્વ નીચેના મુદ્દાઓથી સમજી શકાય.

1. નાના લોકોને આર્થિક શક્તિ આપે છેઃ એકલા વ્યક્તિ પાસે ઓછી પૂંજી, ઓછી તાકાત હોય છે, સહકારથી હજારો નાના લોકો એકઠા થઈને મોટા ઉદ્યોગપતિઓ સામે ટકી શકે છે. જેમ કે.. અમૂલ, ઈફકો, કૃષક બજારો ખેડૂતોની સહકારીઓએ મોટી કંપનીઓને ટક્કર આપી છે.

2. શોષણ અને મધ્યસ્થી દૂર કરે છેઃ વેપારી, સાહુકાર, બજારના દલાલો નાના ઉત્પાદકોનું શોષણ કરે છે. સહકાર આ મધ્યસ્થીઓ દૂર કરીને ખેડૂત/ઉત્પાદકને સીધો નફો અપાવે છે. ખાસ કરીને કૃષિ અને વેપારમાં સહકારનું ખૂબ મહત્વ છે. ખેડૂતોને દલાલોનો શોષણ સહન કરવું પડતું નથી. સીધી ખરીદી-વેચાણ પ્રક્રિયા થાય છે. આથી ઉત્પાદકને વધુ ભાવ અને ગ્રાહકને વાજબી ભાવ મળે છે. જેમ કે, દૂધની સહકારીઓથી ખેડૂતને દૂધની સંપૂર્ણ કિંમત મળે છે, વેપારીઓ નહીં તે જ રીતે દૂધ ખરીદનારાને પણ લાભ મળે છે.

3. ગરીબી દૂર કરવામાં મદદ કરે છેઃ સસ્તા ધિરાણ, બચતની આદત, રોજગારીની તકો, વીમો, આવાસ – આ બધું સહકારી બેંકો, ક્રેડિટ સોસાયટીઓ, હાઉસિંગ સોસાયટીઓ આપે છે. ભારતમાં 8 લાખથી વધુ સહકારી સંસ્થાઓ 30 કરોડથી વધુ લોકોને સીધી અસર કરે છે.

4. રોજગારીનું સર્જન કરે છેઃ ભારતમાં સહકારી ક્ષેત્ર લગભગ 2 કરોડ લોકોને સીધો-પરોક્ષ રોજગાર આપે છે (સરકારી નોકરીઓ કરતાં વધુ).ખાસ કરીને ગ્રામીણ વિસ્તારોમાં મહિલાઓને પણ રોજગાર મળે છે (જેમ કે લીજ્જત પાપડ, SEWA).

5. ગ્રામીણ અને પછાત વિસ્તારોનો વિકાસઃ PACS (Primary Agricultural Credit Societies), દૂધ મંડળીઓ, હેન્ડલૂમ-હેન્ડીક્રાફ્ટ સહકારીઓએ ગામડાંઓમાં બેંકિંગ, બજાર, શિક્ષણ, આરોગ્યની સુવિધા પહોંચાડી છે.

6. સ્ત્રી સશક્તિકરણમાં મોટું યોગદાનઃ ભારતમાં 30% થી વધુ સહકારી સભ્યો મહિલાઓ છે. SEWA (Self Employed Women Association) (અમદાવાદ), લિજ્જત, મન્ન દેશી જેવી સંસ્થાઓએ લાખો મહિલાઓને આર્થિક રીતે સ્વતંત્ર બનાવી છે.

7. આત્મનિર્ભર ભારતમાં મહત્વની ભૂમિકાઃ "વોકલ ફોર લોકલ" અને "આત્મનિર્ભર ભારત"માં સહકારીઓ સ્થાનિક ઉત્પાદન, વેચાણ અને નિકાસમાં મોટું કામ કરી રહી છે. 2023માં સહકાર મંત્રાલયની રચના થઈ – આ સહકારના મહત્વનો સૌથી મોટો પુરાવો છે.

8. લોકશાહીના મૂલ્યોનું જતન કરે છેઃ એક સભ્ય-એક મતના સિદ્ધાંતથી ગરીબ-ધનિક વચ્ચે સમાનતા આવે છે. લોકોમાં નેતૃત્વ, જવાબદારી, સહનશીલતા અને ટીમવર્કનું શિક્ષણ થાય છે.

9. ખાદ્ય સુરક્ષા અને કૃષિ વિકાસઃ ભારતના 94% ખેડૂતો સહકારીઓ સાથે જોડાયેલા છે. ઈફકો-ક્રાંતિ જેવી સંસ્થાઓએ ખાતરની અછત દૂર કરી અને લીલી ક્રાંતિમાં મદદ કરી.

10. આપત્કાળમાં મદદરૂપઃ કોરોના જેવી મહામારીમાં સહકારી બેંકોએ સૌથી વધુ સસ્તી લોન આપીયું, દવાઓ-ઓક્સિજન પહોંચાડ્યા. કુદરતી આફતોમાં પણ સહકારીઓ ઝડપથી મદદ કરે છે.

"સહકાર એ ગરીબોની પૂંજીવાદ સામેની લોકશાહીવાળી લડત છે, જે શોષણ રોકે છે, સમાનતા લાવે છે અને દેશના સર્વાંગી વિકાસમાં સૌથી મોટો ફાળો આપે છે." સહકાર માત્ર આર્થિક વિકાસનું સાધન નથી, પરંતુ સામાજિક ન્યાય, કલ્યાણ, સમાનતા અને લોકશાહીનો આધારસ્તંભ છે. તેના માધ્યમથી સમાજના નબળા વર્ગો સશક્ત બને છે અને રાષ્ટ્રીય વિકાસને મજબૂતી મળે છે.

## 10.5 સહકારની મર્યાદાઓ :

ભારતમાં સહકારી ચળવળ ખૂબ જ સફળ રહી છે, પરંતુ તેની પોતાની કેટલીક મર્યાદાઓ અને માળખાકીય ખામીઓ પણ છે. સહકાર ખૂબ લાભકારી પ્રણાલી છે, પરંતુ તેના અમલીકરણ દરમિયાન કેટલીક મજબૂત મર્યાદાઓ અને પડકારો પણ જોવા મળે છે. આ મર્યાદાઓ સહકારી સંસ્થાઓની વૃદ્ધિ અને કાર્યક્ષમતાને અસર કરે છે. નીચે દરેક મર્યાદાની વિગતવાર સમજૂતી આપવામાં આવી છે.

1. રાજકીય હસ્તક્ષેપ અને ભ્રષ્ટાચારઃ સહકારી સંસ્થાઓના બોર્ડ ઓફ ડિરેક્ટર્સની ચૂંટણીમાં રાજકીય પક્ષોનો દખલ વધુ રહે છે. ઘણી મોટી સહકારી બેંકો અને યુનિયનો (જેમ કે મધુસૂદન ડેરી, PMC Bank, Sugar Co-ops in Maharashtra) રાજકીય નેતાઓના નિયંત્રણ હેઠળ હોવાથી નાણાકીય અનિયમિતતા અને લોન આપવામાં ભાઈભત્રીજમ થાય છે. પરિણામઃ મોટા પાયે NPA (Non-Performing Assets) અને અનેક સહકારી બેંકોનું ધોવાણ થાય છે.

2. વ્યાવસાયિક વ્યવસ્થાપનનો અભાવઃ મોટા ભાગની સહકારી સંસ્થાઓમાં વ્યાવસાયિક CEO અને ટેકનિકલ નિષ્ણાતોની નિમણૂક થતી નથી; ચૂંટાયેલા ડિરેક્ટરો જ નીતિ નક્કી કરે છે. આ કારણે આધુનિક ટેકનોલોજી, માર્કેટિંગ, રિસ્ક મેનેજમેન્ટમાં પાછળ રહે છે (ઉદા. ઘણી દૂધ મંડળીઓ હજુ પણ જૂની પધ્ધતિથી કામ કરે છે).

3. મર્યાદિત મૂડી એકત્રીકરણની ક્ષમતાઃ સભ્યો પાસેથી શેર મની ઓછી આવે, સરકારી અનુદાન પર નિર્ભરતા વધે. ખાનગી/વિદેશી રોકાણકારોને શેર ન આપી શકાય (97મા

બંધારણીય સુધારા પછી પણ મર્યાદિત). પરિણામે મોટા પ્રોજેક્ટ્સ (જેમ કે આંતરરાષ્ટ્રીય બ્રાન્ડિંગ, કોલ્ડ ચેઇન) માટે પૂરતી મૂડી નથી મળતી.

4. સભ્યોની નિષ્ક્રિય ભાગીદારીઃ મોટા ભાગના સભ્યો ફક્ત લાભ (બોનસ, વધુ ભાવ) માટે જોડાયેલા હોય છે, નીતિ-નિર્ણયમાં રસ નથી લેતા. ચૂંટણીમાં મતદાનનું પ્રમાણ અત્યન્ત ઓછું (ક્યારેક 10-15% જ). આનાથી "એક વ્યક્તિ – એક મત"નો સિદ્ધાંત નબળો પડે છે અને થોડાક લોકોનું વર્ચસ્વ ચાલે છે.

5. સ્પર્ધાત્મક બજારમાં ટકી ન શકવુંઃ ખાનગી કંપનીઓ (જેમ કે Nestle, MOher Dairy, Reliance Retail) આધુનિક ટેકનોલોજી, માર્કેટિંગ અને ઝડપી નિર્ણય લેવાની ક્ષમતા ધરાવે છે. સહકારી સંસ્થાઓમાં નિર્ણય પ્રક્રિયા ધીમી અને બ્યુરોક્રેટિક હોય છે. ઉદાહરણઃ મહારાષ્ટ્રની ઘણી સુગર મિલો બંધ થઈ ગઈ કારણ કે ખાનગી મિલો સાથે સ્પર્ધા ન કરી શકી.

6. કાયદાકીય અને નિયમનકારી જટિલતાઓઃ ગુજરાતમાં હજુ પણ જૂનો સહકાર કાયદો (1961) અને 97મું સુધારો પૂરેપૂરું અમલમાં નથી. રિઝર્વ બેંકની દ્વિ-નિયમન (RBI + Registrar of Co-op Societies) સહકારી બેંકોને મુંઝવે છે. મલ્ટી-સ્ટેટ સહકારી સંસ્થાઓ માટે હવે કેન્દ્રનો કાયદો (2002 ₹ 2020 સુધારો) લાગુ થયો છે, જેનાથી રાજ્ય સરકારોનું નિયંત્રણ ઘટ્યું છે – આનો ઘણી રાજકીય સહકારીઓ વિરોધ કરે છે.

7. પેઢીઓના અંતર અને નવી પેઢીનો રસ ન હોવોઃ યુવાનો સહકારી ચળવળમાં રસ નથી લેતા; તેઓ સ્ટાર્ટઅપ અથવા ખાનગી નોકરી તરફ વળે છે. પરિણામે નેતૃત્વ વૃદ્ધ અને પરંપરાગત રહે છે.

ગુજરાતમાં અમૂલ, ગુજરાત કો-ઓપ મિલ્ક માર્કેટિંગ ફેડરેશન, IFFCO, KRIBHCO જેવી સંસ્થાઓ વિશ્વકક્ષાની છે, કારણ કે ત્યાં વ્યાવસાયિક વ્યવસ્થાપન, સ્વાયત્તતા અને ઓછો રાજકીય દખલ છે. સહકારનું મોડેલ ગ્રામીણ અર્થતંત્ર અને નાના ખેડૂતો-ઉત્પાદકો માટે હજુ પણ અત્યન્ત અસરકારક છે, પરંતુ તેને ટકાવી રાખવા માટે જરૂરી છે.

➢ રાજકીય હસ્તક્ષેપ બંધ કરવો

➢ વ્યાવસાયિક વ્યવસ્થાપન લાવવું

➢ સભ્યોની સક્રિય ભાગીદારી વધારવી

➢ આધુનિક ટેકનોલોજી અને માર્કેટિંગ અપનાવવું

➢ કાયદાકીય સુધારા (97મું ₹ મલ્ટી-સ્ટેટ સુધારો) સંપૂર્ણ અમલ કરવો

જો આ બધું નહીં કરવામાં આવે તો ઘણી સહકારી સંસ્થાઓ ધીમે ધીમે ખાનગી કંપનીઓની સ્પર્ધામાં પછડાશે અને નિષ્ફળ જશે, જેવું મહારાષ્ટ્ર અને ઉત્તર પ્રદેશમાં ઘણી સુગર મિલો સાથે થયું છે.

## 10.6 સારાંશ :

સહકાર એ એવી પદ્ધતિ છે જેમાં લોકો સ્વૈચ્છિક રીતે સાથે મળીને સામૂહિક હિત માટે કામ કરે છે. તેમાં વ્યક્તિગત નફા કરતા સમૂહ હિતને વધુ મહત્વ આપવામાં આવે છે. સહકારનું મૂળ તત્વ છે—એકતા, વિશ્વાસ, સમાનતા, પરસ્પર સહાય અને લોકશાહી સંચાલન. સહકારની શરૂઆત માનવ સમાજના પ્રાચીન સમયથી જોવા મળે છે. આધુનિક સહકારી ચળવળ 19મી સદીમાં યુરોપમાં ઔદ્યોગિક શોષણના પ્રતિસાદ રૂપે વિકસી. ભારતમાં અમૂલ, ઈફકો, PACS જેવી ઘણી સહકારી સંસ્થાઓ સફળ મોડેલ છે. સહકારના લક્ષણોમાં સ્વૈચ્છિક સભ્યપદ, "એક વ્યક્તિ–એક મત", લોકશાહી સંચાલન, સભ્યોની આર્થિક ભાગીદારી, શિક્ષણ-તાલીમ, પારદર્શિતા અને સમાજ પ્રત્યેની જવાબદારીનો સમાવેશ થાય છે. આર્થિક દ્રષ્ટિએ સહકાર નાના લોકોની શક્તિ વધારતો, શોષણ દૂર કરતો અને રોજગારી સર્જતો સાધન છે. સામાજિક રીતે તે સમાનતા, આત્મનિર્ભરતા અને સમાજ વિકાસને પ્રોત્સાહિત કરે છે. નૈતિક રીતે તે સેવા, વિશ્વાસ અને ન્યાયના મૂલ્યોને મજબૂત કરે છે. તેમ છતાં સહકારમાં કેટલીક મર્યાદાઓ પણ છે. રાજકીય દખલ, ભ્રષ્ટાચાર, મૂડીની અછત, સભ્યોની નિષ્ક્રિયતા અને વ્યાવસાયિક સંચાલનન બદીઓ. આ રીતે સહકાર એક શક્તિશાળી સામાજિક-આર્થિક પ્રણાલી છે જે વ્યક્તિ નહીં પરંતુ સમગ્ર સમાજના વિકાસને લક્ષ્ય બનાવે છે.

## 10.7 ચાવીરૂપ શબ્દો :

સ્વૈચ્છિક સભ્યપદઃ સહકારી સંસ્થામાં જોડાવું વ્યક્તિની ઈચ્છા પર આધારિત. કોઈ ભેદભાવ કે બળજબરી નથી.

એક સભ્ય – એક મતઃ દરેક સભ્યને સમાન મતાધિકાર. નિર્ણય પ્રક્રિયા લોકશાહી અને ન્યાયપ્રધાન.

આર્થિક ભાગીદારીઃ સભ્યો સંસ્થામાં મૂડી રોકે છે અને નફો-નુકસાનમાં ભાગ લે છે. નફો સેવામૂલક કામગીરીમાં વપરાય છે.

સામૂહિક પ્રગતિઃ વ્યક્તિગત લાભ કરતાં સમૂહનું કલ્યાણ વધુ મહત્વપૂર્ણ. સહકારનો અંતિમ હેતુ સામૂહિક વિકાસ છે.

સામૂહિકતાઃ એકલા નહીં, પરંતુ સમૂહ તરીકે કામ કરવાથી મોટા હેતુઓ પ્રાપ્ત થાય છે. "એક માટે બધા અને બધા માટે એક" એ તેનો આધાર વિચાર છે.

પારદર્શિતાઃ સહકારી સંસ્થાઓમાં વહીવટ, હિસાબ અને નિર્ણય પ્રક્રિયા ખુલ્લી અને સ્પષ્ટ હોય છે, જેથી વિશ્વાસ અને જવાબદારી જળવાય.

## 10.8 તમારી પ્રગતિ ચકાસો :

### (ક) નિબંધ પ્રકારાના પ્રશ્નો

1. સહકારનો અર્થ, વ્યાખ્યાઓ સમજાવીને સહકારનું મહત્વ ચર્ચા.

2. સહકારના મુખ્ય લક્ષણો (ICA સિદ્ધાંતો આધારિત) સવિસ્તાર સમજાવો.

3. સહકારનું આર્થિક, સામાજિક અને નૈતિક પરિપેક્ષ્યમાં મૂલ્યાંકન કરો.

4. ભારતમાં સહકારી ચળવળના મુખ્ય મર્યાદાઓનો વિશ્લેષણાત્મક અભ્યાસ કરો અને સુધારાત્મક પગલાં સૂચવો.

**(ખ) ટૂંકનોંધ**

1 સહકારની મૂળભૂત વ્યાખ્યા

2 'એક વ્યક્તિ – એક મત' સિદ્ધાંત

3 સહકારી સંસ્થાઓનું લોકશાહી સંચાલન

4 સહકાર અને આત્મનિર્ભરતા

5 સહકારમાં રાજકીય હસ્તક્ષેપની સમસ્યા

6 સભ્યોની આર્થિક ભાગીદારીનું મહત્વ

7 સહકારનો સમાજ વિકાસમાં ફાળો

**(ગ) હેતુલક્ષી પ્રશ્નો**

1. સહકારનો મુખ્ય હેતુ કયો છે?

(A) નફો વધારવો (B) સામૂહિક હિત સાધવું

(C) સ્પર્ધા વધારવી (D) ખાનગી મૂડી એકત્ર કરવી

2. સહકારી સંસ્થાનું સંચાલન કયા સિદ્ધાંત પર આધારિત છે?

(A) એક સભ્ય – એક મત (B) વધુ મૂડી – વધુ મત

(C) ઓછો મત – વધુ નફો (D) મતોની ખરીદી

3. ICA મુજબ સહકારનું મૂળ સિદ્ધાંત કયું છે?

(A) ખાનગી માલિકી (B) મુક્ત અને સ્વૈચ્છિક સભ્યપદ

(C) નફાખોરી (D) સ્પર્ધા

4. ભારતમાં સૌથી સફળ સહકારી મોડેલ કયું માનવામાં આવે છે?

(A) સુગર મિલ મોડેલ (B) ઔદ્યોગિક કોર્પોરેશન

(C) ખાનગી બેંગિંગ મોડેલ (D) અમૂલ (દૂધ સહકારી)

5. સહકારી સંસ્થાઓમાં વ્યાજ ક્યાં પર મર્યાદિત હોય છે?

(A) વહીવટ ખર્ચ (B) મૂડી પર (C) નફા પર (D) કાચામાલ પર

6. નીચેના પૈકી કયું સહકારનું મર્યાદા નથી?

(A) રાજકીય દખલ (B) વ્યાવસાયિક અધૂરું સંચાલન

(C) પારદર્શિતા (D) મૂડીની અછત

7. સહકારી ચળવળ સૌથી વધુ કયા વર્ગ માટે લાભકારી છે?

(A) મોટા ઉદ્યોગપતિ

(B) સામાન્ય લોકો અને નાના ઉત્પાદકો

(C) ખાનગી બેંકો

(D) વિદેશી કંપનીઓ

8. સહકારી બેંકો કઈ સમસ્યાને વધુ ઝીલતી હોય છે?

(A) મૂડીની વધારાની ઉપલબ્ધિ (B) ખાનગીકરણ

(C) NPA અને ભ્રષ્ટાચાર (D) વિદેશી સ્પર્ધા

9. સહકારી સંસ્થાઓ કયા ક્ષેત્રમાં રોજગાર સર્જન કરે છે?

(A) માત્ર શહેરોમાં (B) માત્ર સરકારી ક્ષેત્રમાં

(C) ફક્ત IT ક્ષેત્રમાં (D) મુખ્યત્વે ગ્રામીણ વિસ્તારોમાં

10. સહકારનું મુખ્ય લક્ષણ કયું છે?

(A) કેન્દ્રિત માલિકી (B) સામૂહિક જવાબદારી

(C) એકપક્ષીય નિયંત્રણ (D) વ્યક્તિગત નફો

## ❖ સંદર્ભ પુસ્તકો

Bedi, R. D.( 1969) 'Theory, History and Practice of Co-operation' Loyal Boko De-pO, The University of California

Kulkarni, K. R. (1955) 'Theory and Practice of Co-operation in India and Abroad', Narosa Publishing House Private Limited, New Delhi - 110 002, INDIA

મુલાણી જગદીશ (1992)સહકાર દર્શન, પ્રમુખ પ્રકાશન, અમદાવાદ.

મુલાણી જગદીશ (2009) સહકાર-પર્વ, ગૂર્જર પ્રકાશન, અમદાવાદ.

સહકાર-વિશેષાંક-ગુજરાત રાજ્ય સહકારી સંઘ, અમદાવાદ.

પ્રો.બાવરવા ડી એમ. (2004) સહકાર પથદર્શન NICM ગાંધીનગર.

મહેતા એચ.બી (1972) ''ભારતની સહકારી પ્રવૃત્તિ'' ગુજરાત યુનિવર્સીટી અમદાવાદ.

રાઠોડ સી.એચ.(1973) ''સહકાર ભાગ-2'' યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ, અમદાવાદ.

## ❖ તમારી પ્રગતિ ચકાસો ના જવાબો :

1. (B) સામૂહિક હિત સાધવું
2. (A) એક સભ્ય – એક મત
3. (B) મુક્ત અને સ્વૈચ્છિક સભ્યપદ
4. (D) અમૂલ (દૂધ સહકારી)
5. (B) મૂડી પર
6. (C) પારદર્શિતા
7. (B) સામાન્ય લોકો અને નાના ઉત્પાદકો
8. (C) NPA અને ભ્રષ્ટાચાર
9. (D) મુખ્યત્વે ગ્રામીણ વિસ્તારોમાં
10. (B) સામૂહિક જવાબદારી

*****************

# એકમ-11
# સહકારના સિદ્ધાંતો


**11.0 ઉદ્દેશ્યો**

**11.1 પ્રસ્તાવના**

**10.2 સહકારના સિદ્ધાંતો અને મૂલ્યો**

**11.3 ભારતમાં સહકારી પ્રવૃત્તિનો ઉદ્દભવ**

**11.4 સારાંશ**

**11.5 ચાવીરૂપ શબ્દો**

**11.6 તમારી પ્રગતિ ચકાસો**

- ❖ સંદર્ભ સ્રોત
- ❖ તમારી પ્રગતિ ચકાસોના જવાબ


## 11.0 ઉદ્દેશ્યો :

આ એકમમાં સહકારના સિદ્ધાંતો અને મૂલ્યોની વિગતવાર સમજૂતી આપવામાં આવી છે, તેમજ ભારતમાં સહકારી પ્રવૃત્તિનો ઉદ્દભવ અંગેનો પરિચય આપે છે. આ એકમના અભ્યાસ કર્યા પછી તમે,

- ➢ સહકારના સિદ્ધાંતો અને મૂલ્યો વિશે ચર્ચા કરી શકશો.
- ➢ ભારતમાં આઝાદી પહેલાં અને પછી સહકારી પ્રવૃત્તિનો ઉદ્દભવનું અવલોકન કરી શકશો.

## 11.1 પ્રસ્તાવના :

ભારતમાં સહકારી પ્રવૃત્તિઓનો ઉદ્દભવ અને વિકાસ સદીઓ કરતાં પણ વધુ જૂનો છે. ભારતીય સંસ્કૃતિમાં 'વસુધૈવ કુટુંબકમ્' અને 'એકતામાં બળ' જેવા સિદ્ધાંતો સહકારની ભાવના સાથે જોડાયેલા છે, જેણે આધુનિક સહકારી ચળવળનો પાયો નાખ્યો. આ પ્રવૃત્તિનો ઉદ્દેશ મુખ્યત્વે ગ્રામીણ ગરીબી અને ખેડૂતોના શોષણ સામેના સંરક્ષણ માટે થયો હતો અને સમય જતાં તે દેશના આર્થિક અને સામાજિક વિકાસનું એક મહત્ત્વપૂર્ણ અંગ બની ગયું. સહકારી મંડળી એ એવી સંસ્થા છે, જે સભ્યોની સ્વૈચ્છિક ભાગીદારીથી બને છે. તેનો મુખ્ય ઉદ્દેશ સભ્યોને મદદ કરવાનો અને તેમના આર્થિક હિતોનું રક્ષણ કરવાનો છે. સહકારી પ્રવૃત્તિ ચોક્કસ મૂલ્યો અને સિદ્ધાંતો પર આધારિત છે, જે તેને અન્ય વ્યવસાયિક સંસ્થાઓથી અલગ પાડે છે. સહકારી પ્રવૃત્તિના સિદ્ધાંતો અને મૂલ્યો આ પ્રમાણે છે.

## 11.2 સહકારના સિદ્ધાંતો અને મૂલ્યો :

સહકારી પ્રવૃત્તિનો મુખ્ય હેતુ લોકોનું આર્થિક અને સામાજિક કલ્યાણ સાધવાનો છે. આ હેતુની સિદ્ધિ માટે જે નિયમો અને વ્યાવહારિક પદ્ધતિઓ અમલમાં મૂકવામાં આવે છે તેમને સહકારના સિદ્ધાંતો કહી શકાય. આંતરરાષ્ટ્રીય સહકારી સંઘ અને કર્વ પંચ દ્વારા સ્વીકારવામાં આવેલા મુખ્ય સિદ્ધાંતો નીચે મુજબ છે, જે સિદ્ધાંતો સહકારી મંડળીઓને વાસ્તવિકતામાં લાવવામાં મદદ કરે છે.

1. સ્વૈચ્છિક અને ખુલ્લું સભ્યપદઃ

   સહકારી મંડળીઓ એ દરેક વ્યક્તિ માટે ખુલ્લી હોય છે, જેઓ તેના સિદ્ધાંતો સ્વીકારે અને સભ્યપદની જવાબદારીઓ ઉપાડવા માટે તૈયાર હોય તેવા દરેક વ્યક્તિ આ સંસ્થામાં સભ્ય બની શકે છે. આ સિદ્ધાંતો અનુસાર કોઈ પણ લાયક વ્યક્તિ સંગઠનમાં કોઈ પણ પ્રકારના ભેદભાવ વિના જોડાઈ શકે છે. સહકારી પ્રવૃત્તિમાં વ્યક્તિ સમજણથી અને સ્વેચ્છાથી જોડાય તો જ તેનામાં 'દરેક વ્યક્તિ બધાં માટે છે અને બધી વ્યક્તિ દરેક માટે છે' એ ભાવના જાગૃત થાય છે.

2. લોકશાહી ઢબે નિયંત્રણઃ

   સહકારની પ્રવૃત્તિમાં જોડાતી દરેક વ્યક્તિ પ્રવૃત્તિના સંચાલનમાં અસરકારક અવાજ રજૂ કરવાની સમાન તક મળે છે. સહકારની પ્રવૃત્તિમાં વ્યક્તિગત દેખરેખ અને વ્યક્તિગત જવાબદારી સ્વીકારાય એ પણ એટલું જ જરૂરી છે. સહકારી મંડળીમાં દરેક સભ્યો મંડળીની મૂડીમાં સમાન અને ન્યાયી રીતે ફાળો આપે છે અને તેનું લોકશાહી રીતે સંચાલન કરે છે. સહકારી પ્રવૃત્તિમાં દરેક સભ્યને 'એક સભ્ય, એક મત'ના સિદ્ધાંત મુજબ મત આપવાનો અધિકાર હોય છે.

3. સ્વાયત્તતા અને સ્વતંત્રતાઃ

   સહકારી મંડળીઓ સ્વાયત્ત અને સ્વતંત્ર સંસ્થાઓ છે. જો તેઓ અન્ય સંસ્થાઓ સાથે કરાર કરે અથવા બાહ્ય મૂડી મેળવે તો પણ તેનું દરેક સભ્યો દ્વારા નિયમન કરવામાં આવે છે. સહકારી મંડળીઓ સ્થાનિક, રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય માળખાઓ દ્વારા એકબીજા સાથે કરાર કરે છે, જેથી સભ્યોને વધુ સારી રીતે સેવાઓ આપી શકાય.

4. બંધુત્વઃ

   સહકાર બંધુત્વમાં માને છે. સહકારી મંડળીઓ તેમના સભ્યોની જરૂરિયાતો પર ધ્યાન આપવાની સાથે સાથે, પોતાના સમુદાયના દરેક સભ્યના વિકાસ માટે ભાઈચારાની ભાવનાથી કામ કરે છે.

5. માત્ર નફાનું જ ધ્યેય નથીઃ

   અન્ય આર્થિક સંસ્થાઓ જેવી કે મૂડીવાદ, જોઇન્ટ સ્ટોક કંપની વગેરે મુખ્યત્વે નફાના

ઉદ્દેશથી કામ કરે છે. પરંતુ સહકારી સંસ્થાઓનું ધ્યેય નફો પ્રાપ્ત કરવાનું નથી. સહકારી સંસ્થા પોતાના દરેક સભ્યોની આર્થિક સ્થિતિમાં સુધારો કરવાના ઉદ્દેશો સાથે કામ કરે છે.

6. તટસ્થ વલણઃ

સહકારનો મુખ્ય ઉદ્દેશ સામાજિક અને આર્થિક ક્ષેત્રે વ્યક્તિને મદદ કરવાનો હોય છે. ધર્મ તથા રાજકીય બાબતો પ્રત્યે તટસ્થતાનો વલણ હોય તો જ સહકારી સંસ્થામાં બધીજ વિચારસરણીવાળા લોકો જોડાય શકે અને તે સંસ્થાના ધ્યેયો પાર પાડવા સક્રિય બની કાર્ય કરી શકે. આ દિશામાં સહકારી મંડળીના દરેક સભ્યોએ તટસ્થ વલણ અપનાવવું જોઈએ.

7. નૈતિક ધોરણ અને પ્રમાણિકતાઃ

સહકારની સાચી સફળતા માટે લોકોનું નૈતિક ધોરણ સારું હોય અને લોકો પ્રમાણિક હોય એ જરૂરી છે. વિશ્વના વિવિધ દેશોમાં સહકારની જે પ્રગતિ થઈ છે, તેમાં નૈતિક ધોરણ અને પ્રમાણિકતાએ નોંધપાત્ર ફાળો આપ્યો છે.

8. પ્રચારઃ

સહકાર એ સ્વેચ્છાએ રચાતું સંગઠન છે અને સ્વેચ્છાએ સંગઠન રચવું હોય તો તે માટે પ્રચારને અત્યંત આવશ્યક માનવામાં આવે છે. ગરીબ, અજ્ઞાત અને અભણ પ્રજાને સહકારની વિવિધ પ્રકારની પ્રવૃત્તિની વ્યવહારૂ કામગીરી વિશે માહિતી પહોંચાડવા માટે પ્રચાર એ એક અગત્યનું માધ્યમ છે. અમુક સમયે સહકારી પ્રવૃત્તિની શરૂઆત કરવા માટે જાહેરાત એ ખૂબજ અગત્યની કામગીરી બજાવે છે.

9. સર્વવ્યાપકતાઃ

સહકારનો ખ્યાલ સર્વવ્યાપક છે. સહકાર પર આધારિત કોઈપણ પ્રવૃત્તિ એટલે કે સહકારી પ્રવૃત્તિને સ્થળ અને કાળનું કોઈ બંધન નથી. ગમે તે દેશમાં ગમે તે લોકો સહકારી પ્રવૃત્તિ શરૂ કરી શકે. સ્થાનિક સંજોગો અનુસાર જરૂરી ફેરફારો સાથે સહકારી પ્રવૃત્તિ દુનિયાના કોઈ પણ ભાગમાં શરૂ કરી શકાય.

10. કરકસરઃ

સહકારમાં અનિવાર્યપણે કરકસરનું તત્ત્વ રહેલું છે. સહકારને પરિણામે કેટલાક બિનજરૂરી ખર્ચા કરવા પડતા નથી. સહકારએ સભ્યોમાં કરકસરનો ગુણ કેળવી તેમના ચરિત્ર્યનું ઘડતર કરે છે અને તેમને ઉચ્ચ જીવનધોરણની પ્રાપ્તિમાં મદદરૂપ બને છે.

11. સહકારી શિક્ષણઃ

જો સહકારી પ્રવૃત્તિ સાથે સંકળાયેલા લોકો અને આમજનતા સહકારની ફિલસૂફી ન સમજતા હોય તેમજ સહકારી મંડળીની કાર્યપદ્ધતીથી અજ્ઞાત હોય તો સહકારી પ્રવૃત્તિ વિષે લોકોમાં ગેરસમજ ઊભી થવાનો સંભવ છે. આથી સહકારી શિક્ષણ એ સહકારનો

એક અગત્યનો સિદ્ધાંતો ગણાય છે. સહકારી શિક્ષણમાં સહકારની ફિલસૂફી, સહકારી મંડળીની કાર્યપદ્ધતી, સહકારી કાયદા, સહકારી મંડળીના હિસાબો વગેરેને લગતી બાબતોનો સમાવેશ કરવો જોઈએ. ભારતમાં 'સહકારી તાલીમ માટેની રાષ્ટ્રીય સમિતિ' એ ઉચ્ચ અને મધ્યમ કક્ષાના સહકારી કર્મચારીઓ માટે તાલીમ આપે છે. સહકારી ક્ષેત્રે તાલીમ અને સંશોધન કાર્યક્રમ હાથ ધરવા માટે 'વી.એલ.મહેતા નેશનલ ઈન્સ્ટિટ્યૂટ ફોર કો-ઓપરેટિવ મેનેજમેન્ટ' નામની સંસ્થા પૂના મુકામે કાર્ય કરે છે.

12. સહકારી સંસ્થાઓ વચ્ચે સહકારઃ

એક નૂતન સહકારી સમાજની સ્થાપનાનું ધ્યેય સિદ્ધ કરવા માટે સહકારી સંસ્થાઓ એકબીજા સાથે સહકારથી કાર્ય કરે એ ખૂબજ જરૂરી છે. આથી સહકારી સંસ્થાઓ વચ્ચે સહકારનો સિદ્ધાંત છેલ્લાં કેટલાંક વર્ષોથી ખૂબજ મહત્વનો બન્યો છે. પ્રાથમિક, જિલ્લા કક્ષાની, રાજય કક્ષાની, રાષ્ટ્રીય કક્ષાની અને આંતરરાષ્ટ્રીય કક્ષાની સહકારી મંડળીઓ વચ્ચે ધંધાની રીતે સહકાર સધાય તેવા પગલાં લેવા જોઈએ. આમ, તમામ કક્ષાની સહકારી મંડળીઓ વચ્ચે પરસ્પર ધંધાકીય સહકાર અને સંકલન હોય તો જ સહકારી પ્રવૃત્તિ ઝડપથી વિકસે છે.

## 11.3 ભારતમાં સહકારી પ્રવૃત્તિનો ઉદ્દભવ :

ભારતમાં સહકારી પ્રવૃત્તિઓ એ ગામડાંના અર્થતંત્રના મજબૂત સ્તંભરૂપે વિકસિત થઈ છે. ભારતમાં સહકારી પ્રવૃત્તિનો ઉદ્દભવ મુખ્યત્વે ગ્રામીણ ગરીબી અને ખેડૂતોના શોષણ સામેના સંરક્ષણ માટે થયો હતો અને સમય જતાં તે દેશના આર્થિક અને સામાજિક વિકાસનું એક મહત્ત્વપૂર્ણ અંગ બની ગયું. 19મી સદીના અંતમાં, ભારતીય ખેડૂતો ભારે દેવા અને શાહુકારોના શોષણથી પીડાઈ રહ્યા હતા. દુષ્કાળ અને ગરીબીએ આ પરિસ્થિતિને વધુ ગંભીર બનાવી હતી. આ સમસ્યાના સમાધાન માટે બ્રિટિશ સરકારે સહકારી પ્રવૃત્તિનો વિચાર કર્યો. આધુનિક કાયદાકીય માળખા પહેલાં પણ, ભારતમાં 'નિધિ' (ઉત્તર ભારતમાં), અને 'ચિટ ફંડ' (કેરળમાં) જેવા અનેક આપસી સહાય જૂથો અસ્તિત્વમાં હતા, જે સભ્યોની નાણાકીય જરૂરિયાતો પૂરી કરતા હતા. આમ, ભારતમાં સહકારી પ્રવૃત્તિનો ઉદ્દભવ થયો.

### 11.3.1 આઝાદી પહેલા ભારતમાં સહકારી પ્રવૃત્તિનો ઉદ્દભવઃ

વિદ્યાર્થી મિત્રો, ભારતમાં આઝાદી પહેલાં સહકારી પ્રવૃત્તિનો ઉદ્દભવ એક મહત્વનો ઐતિહાસિક તબક્કો છે. ભારત એ કૃષિપ્રધાન દેશ છે અને ભારતમાં કુલ વસ્તીના 69 % વસ્તી ગ્રામ્ય વિસ્તારોમાં વસે છે. આઝાદી પહેલાંના સમયમાં, ભારતના ખેડૂતો અત્યંત પીડાદાયક સ્થિતિમાં જીવતા હતા. તેઓ ઉંચા વ્યાજે પૈસા ઉધાર લેતા, મહાજનોના ઋણમાં ફસાતા, ખેતીનું ઉત્પાદન બજારમાં યોગ્ય કિંમતથી વેચી શકતા નહીં અને પોતાના ઉદ્યોગ-ધંધા માટે પણ નાણાંની અછત અનુભવતા હતા. આવા સમયમાં સામૂહિક સહયોગ અને સહકારનો વિચાર

ભારત માટે આશાનું કિરણ બનીને આવ્યો. સહકારી ચળવળે ખેડૂતોને, શ્રમજીવીઓને અને નાના વ્યવસાયિકોને અર્થતંત્રમાં સ્થિરતા, આત્મનિર્ભરતા અને સ્વાભિમાન તરફ એક નવી દિશા આપી.

11.3.1.1 ઉદ્દભવ અને પ્રારંભિક પ્રયાસોઃ

સહકારી પ્રવૃત્તિનો પ્રારંભ 19મી સદીના અંતમાં થયો. આ સમયગાળામાં ભારતમાં ખેડૂતો દેવાના બોજ હેઠળ દબાયેલા હતા, કારણ કે અંગ્રેજોની જમીન મહેસૂલ નીતિઓ અને વ્યાજખોરોનું શોષણ વ્યાપક હતું. આ સમસ્યાના નિવારણ માટે બ્રિટિશ સરકારે કેટલાક પગલાં લીધા, જે સહકારી ચળવળનો પાયો બન્યાઃ

➢ ડેક્કન એગ્રીકલ્ચરલ રિલીફ એક્ટ - 1879 :

આ કાયદો મુખ્યત્વે દક્ષિણ ભારતના ખેડૂતોને વ્યાજખોરોથી રાહત આપવા માટે બનાવવામાં આવ્યો હતો.

➢ કૃષિ બેંક- 1882

મુંબઈ પ્રાંતમાં ખેડૂતો માટે ધિરાણની વ્યવસ્થા કરવા માટે પૂનાના મેજિસ્ટ્રેટ વિલિયમ વેડરબર્નએ પ્રયાસો કર્યા હતાં. તેઓએ 1882માં કૃષિ બેંકની સ્થાપના કરી. આ બેંકનો ઉદેશ્ય બેંક માટે જરૂરી નાણાંભંડોળ પૈસાદાર લોકો પાસેથી એકઠું કરી અને તેમાંથી ગરીબ અને જરૂરિયાતવાળા ખેડૂતોને ખેતીના વિકાસ માટે ધિરાણ આપી શકાય એવો હતો.

➢ લેન્ડ ઈમ્પ્રૂવમેન્ટ લોન એક્ટ - 1883 અને એગ્રીકલ્ચરિસ્ટ્સ લોન એક્ટ - 1884ઃ

આ કાયદાઓ હેઠળ ખેડૂતોને કૃષિ સુધારણા માટે સરકારી લોન આપવાની જોગવાઈ કરવામાં આવી.

➢ સર ફ્રેડરિક નિકોલસનનો અહેવાલ - 1892ઃ

મદ્રાસ પ્રેસિડેન્સીના એક સનદી અધિકારી, સર ફ્રેડરિક નિકોલસનને જર્મનીના સહકારી મૉડલનો અભ્યાસ કરવા માટે મોકલવામાં આવ્યા હતા. તેમણે 1892માં 'રાઈફાઈસેન ફાઇંડ' (Find Raiffeisen) શીર્ષક હેઠળ એક વિસ્તૃત અહેવાલ રજૂ કર્યો, જેમાં ભારતમાં ગ્રામીણ ધિરાણ માટે જર્મનીના સહકારી મોડેલનો અભ્યાસ કરીને ભારતમાં પણ સહકારી ધિરાણ મંડળીઓ સ્થાપવાની ભલામણ કરવામાં આવી.

➢ દુષ્કાળ આયોગ (1897)ઃ

દુષ્કાળ આયોગે પણ ગ્રામીણ વિસ્તારોમાં ખેડૂતોને ધિરાણ પૂરું પાડવા માટે સહકારી બેંકોની રચના કરવાની ભલામણ કરી કરવામાં આવી.

11.3.1.2 કાયદાકીય માળખું અને વિકાસના મુખ્ય તબક્કા:

સહકારી ચળવળને યોગ્ય સ્વરૂપ આપવા માટે બ્રિટિશ સરકારે કેટલાક મહત્ત્વના કાયદાઓ પસાર કર્યા.

➢ સહકારી ધિરાણ મંડળીઓનો કાયદો - 1904

આ કાયદાને ભારતીય સહકારી ચળવળનો પાયો માનવામાં આવે છે. તેના મુખ્ય લક્ષણો નીચે મુજબ હતા.

- આ કાયદા હેઠળ માત્ર ધિરાણ આપતી સહકારી મંડળીઓની સ્થાપના થઈ શકતી હતી.
- ગ્રામીણ મંડળીઓ માટે અમર્યાદિત જવાબદારી અને શહેરી મંડળીઓ માટે મર્યાદિત જવાબદારીનો સિદ્ધાંત અપનાવવામાં આવ્યો.
- મંડળીઓના રજીસ્ટ્રેશન અને દેખરેખ માટે રજીસ્ટ્રારની નિમણૂક કરવામાં આવી.

➢ સહકારી ધિરાણ મંડળીઓનો કાયદો - 1912

1904ના કાયદાની મર્યાદાઓને દૂર કરવા માટે આ કાયદો લાવવામાં આવ્યો. તેના મુખ્ય લક્ષણો નીચે મુજબ હતા.

- આ કાયદાથી સહકારી ચળવળનો વ્યાપક વિકાસ થયો.
- આ કાયદાએ માત્ર ધિરાણ જ નહીં, પરંતુ વેચાણ, ખરીદ, વીમા અને અન્ય હેતુઓ માટે પણ મંડળીઓ સ્થાપવાની છૂટ આપી.
- આ કાયદાથી સહકારી દૂધ ઉત્પાદક સંઘો, સહકારી માર્કેટિંગ સોસાયટીઓ, સહકારી ભંડારગૃહો વગેરેની સ્થાપના થઈ.
- કેન્દ્રીય સહકારી બેંકો અને રાજય સહકારી સંઘો જેવી સંસ્થાઓનો વિકાસ થયો.

➢ મેક્લેગન સમિતિ - 1915

આ સમિતિએ સહકારી ચળવળની સમીક્ષા કરી અને સહકારી મંડળીઓના સફળ સંચાલન માટે નાના કાર્યક્ષેત્ર, સભ્યો વચ્ચે પારસ્પરિક પરિચય અને સામાજિક એકતાની ભલામણ કરી.

➢ મોન્ટેગ્યુ-ચેમ્સફોર્ડ સુધારા - 1919

આ સુધારા અંતર્ગત 'સહકાર' વિષય રાજય સરકારોને સોંપવામાં આવ્યો. આના પરિણામે રાજય સરકારે પોતાની જરૂરિયાત મુજબ સહકારી કાયદાઓ બનાવી શકતા હતા.

➢ બોમ્બે કો-ઓપરેટિવ સોસાયટીઝ એક્ટ - 1925

બોમ્બે પ્રાંત દ્વારા સૌપ્રથમ સ્વતંત્ર સહકારી કાયદો પસાર કરવામાં આવ્યો. આ કાયદામાં 'એક સભ્ય, એક મત' જેવા લોકશાહી સિદ્ધાંતોનો સમાવેશ કરવામાં આવ્યો, જે સહકારી સિદ્ધાંતોને વધુ મજબૂત બનાવ્યો.

➢ મલ્ટી-યુનિટ કો-ઓપરેટિવ સોસાયટીઝ એક્ટ - 1942

જે મંડળીઓ એકથી વધુ રાજયમાં કાર્ય કરતી હતી, તેના નિયમન માટે આ કાયદો બનાવવામાં આવ્યો.

➢ ગાડગીલ સમિતિ-1944

સહકારી પ્રવૃત્તિના વિકાસને વધુ વ્યવસ્થિત બનાવવા માટે સરકારે 1944માં ગાડગીલ સમિતિ નીમી. આ સમિતિએ એવી અગત્યની ભલામણ કરી કે સરકારે સહકારી પ્રવૃત્તિને મોટા પ્રમાણમાં નાણાકીય સહાય આપવી જોઈએ.

➢ સહકારી આયોજન સમિતિ-1945

1945માં શ્રી સરૈયાના અધ્યક્ષપદ હેઠળ સહકારી આયોજન સમિતિ નિયુક્ત કરવામાં આવી. આ સમિતિએ સહકારી પ્રવૃત્તિને વધુ મજબૂત બનાવવા માટે કેટલાંક પગલાં સૂચવ્યા. જેમ કે, ગ્રામ મંડળીઓ માટે ન્યૂનતમ સભ્યસંખ્યા 50ની રાખવી. ખેડૂતોના શોષણને અટકાવવા સહકારી ખરીદી-વેચાણ મંડળીઓ રચવી.

11.3.1.3 આઝાદી પહેલાંની સહકારી પ્રવૃત્તિની વિશેષતાઓ

- ધિરાણ પર ભારઃ પ્રારંભિક તબક્કામાં સહકારી પ્રવૃત્તિનું મુખ્ય ધ્યેય ખેડૂતોને ધિરાણ આપવા પર કેન્દ્રિત હતું.
- અંગ્રેજ સરકારનું નિયંત્રણઃ કાયદાઓ અને રજિસ્ટ્રાર દ્વારા સહકારી પ્રવૃત્તિઓમાં સરકારનો પ્રભાવ વધુ હતો.
- કૃષિ ક્ષેત્રમાં મર્યાદિત પ્રગતિઃ ઘણી મંડળીઓ માત્ર કાગળ પર હતી અને તેનો વાસ્તવિક વિકાસ ઓછો હતો.
- અમૂલ મોડેલનો પાયોઃ આઝાદીના થોડા સમય પહેલાં, સરદાર વલ્લભભાઈ પટેલે ખેડા જિલ્લાના દૂધ ઉત્પાદકોને એક સહકારી મંડળી બનાવવાની પ્રેરણા આપી, જે પાછળથી અમૂલ તરીકે ઓળખાઈ. આ ઘટના ભારતમાં સહકારી ડેરી ક્ષેત્રનો પાયો બની.

11.3.1.4 આઝાદી પહેલાંના મહત્વપૂર્ણ સહકારી ઉદાહરણોઃ

- ગોધરા કોઓપરેટિવ સોસાયટી (1905) – ગુજરાતની પ્રથમ સહકારી સંસ્થા.
- આણાદ ડેરી યુનિયન (પૂર્વ-અમૂલ મોડલ) – દુધ ઉત્પાદકો માટે આધારરૂપ ઉદાહરણ.

- બારોડા રાજ્યમાં સહકારી વિકાસ – સાયાજીરાવ ગાયકવાડની આગેવાની હેઠળ સહકારી અભિયાનનું પ્રારંભિક મોડલ.

11.3.2 આઝાદી પછી ભારતમાં સહકારી પ્રવૃત્તિનો ઉદ્દભવઃ

આઝાદી પહેલાં સહકારી ચળવળ મુખ્યત્વે અંગ્રેજો દ્વારા ખેડૂતોને શાહુકારોના શોષણથી બચાવવાના હેતુથી શરૂ કરવામાં આવી હતી. પરંતુ આઝાદી પછી, આ ચળવળને દેશના આર્થિક અને સામાજિક વિકાસ માટે એક શક્તિશાળી સાધન તરીકે જોવામાં આવી.

11.3.2.1 આઝાદી પછીના પ્રારંભિક તબક્કાઃ

આઝાદી પછીના પ્રારંભિક દાયકાઓમાં, ભારતીય નેતાઓએ સહકારી ક્ષેત્રને ગ્રામીણ પુનર્નિર્માણ અને સર્વસમાવેશક વિકાસ માટે એક મુખ્ય આધારસ્તંભ તરીકે જોયું. આ સમયગાળામાં સહકારી પ્રવૃત્તિએ નીચે મુજબના ક્ષેત્રોમાં નોંધપાત્ર પ્રગતિ કરી.

- પંડિત જવાહરલાલ નહેરુ અને સહકારઃ

  ભારતના પ્રથમ વડાપ્રધાન જવાહરલાલ નહેરુ સહકારના પ્રખર સમર્થક હતા. તેમણે સહકારને ગ્રામીણ સમાજના આર્થિક અને રાજકીય વિકાસ માટે એક શક્તિશાળી માધ્યમ ગણાવ્યું હતું.

- કૃષિ અને ધિરાણઃ

  ખેડૂતોને સહેલાઈથી ધિરાણ મળી રહે તે માટે પ્રાથમિક કૃષિ ધિરાણ મંડળીઓ (PACS)ની સ્થાપના કરવામાં આવી. આ મંડળીઓ ખેડૂતોને બિયારણ, ખાતર અને અન્ય કૃષિ સાધનો ખરીદવા માટે લોન આપતી હતી. આનાથી ખેડૂતો શાહુકારોના દેવામાંથી મુક્ત થઈ શક્યા.

- આયોજનકાળ દરમિયાન સહકારી પ્રવૃત્તિઃ

  1951થી દેશોનો આર્થિક વિકાસ આયોજિત રીતે થાય તે હેતુથી પંચવર્ષીય યોજનાઓ અમલમાં મૂકવામાં આવી. આ પંચવર્ષીય યોજનાઓ દરમિયાન સહકારી પ્રવૃત્તિનો અનેકવિધ વિકાસ થયો. પ્રથમ પંચવર્ષીય યોજના સાથે જ અલ્પવિકસિત સહકારી પ્રવૃત્તિને વિકસાવવા માટેના પ્રયત્નો હાથ ધરવામાં આવ્યા અને ત્યારબાદ દરેક યોજનામાં સહકારી પ્રવૃત્તિના વિકાસ પર સારો એવો ભાર મૂકવામાં આવ્યો. તેના પરિણામ સ્વરૂપ 1950-51માં 1.8 લાખ સહકારી મંડળીઓ હતી અને તેની સભ્ય સંખ્યા 173 લાખ હતી તથા તેની કાર્યશીલ મૂડી 276 કરોડ હતી. તેમ ક્રમશઃ સતત વધારો થવાથી 60 વર્ષને અંતે 2010-11માં સહકારી મંડળીઓની સંખ્યા વધીને 5.49 લાખ થઈ. તેની સભ્યસંખ્યા 20.95 કરોડની થઈ અને કાર્યશીલ મૂડી 38,27,49,600 હજાર રૂપિયાની થઈ છે.

- અખિલ ભારતીય ગ્રામીણ ધિરાણ સર્વેક્ષણ સમિતિ (AIRCSC)-1954:

  આ સમિતિએ ભારતમાં ગ્રામીણ ધિરાણની પરિસ્થિતિનો અભ્યાસ કર્યો અને ભલામણ કરી કે સરકાર સહકારી માળખાને મજબૂત કરવા માટે સક્રિય ભૂમિકા ભજવે. જેના પરિણામે સહકારી બેંકો અને માર્કેટિંગ ફેડરેશનોની સ્થાપનાને વેગ મળ્યો.

- શ્વેતક્રાંતિ (ઓપરેશન ફ્લડ):

  ડૉ. વર્ગીસ કુરિયનના નેતૃત્વ હેઠળ, ગુજરાતમાં 'અમૂલ' (Anand Milk Union Limited) મૉડલની સફળતાએ ભારતમાં સહકારી ડેરી મંડળીઓનો યુગ શરૂ કર્યો. ઓપરેશન ફ્લડ દ્વારા ભારતમાં ડેરી ક્ષેત્રમાં ક્રાંતિ આવી અને ભારત વિશ્વનો સૌથી મોટો દૂધ ઉત્પાદક દેશ બન્યો. આ મોડેલ દ્વારા દૂધ ઉત્પાદક ખેડૂતોને તેમના દૂધનો વાજબી ભાવ મળવા લાગ્યો અને તેમની આર્થિક સ્થિતિમાં સુધારો થયો. આ મોડેલને દેશભરમાં અપનાવવામાં આવ્યું.

11.3.2.2 વિકાસ અને વૈવિધ્યકરણ:

આ સમયગાળામાં સહકારી પ્રવૃત્તિ માત્ર કૃષિ પૂરતી સીમિત ન રહેતા અન્ય ક્ષેત્રોમાં પણ વિસ્તરી અને વિકાસ થયો.

- ઉદ્યોગ અને માર્કેટિંગ:

  ખેડૂતોના ઉત્પાદનોનું યોગ્ય મૂલ્ય મળી રહે તે માટે માર્કેટિંગ સહકારી મંડળીઓની સ્થાપના થઈ. IFFCO (Indian Farmers Fertilizer Co-operative Limited) અને KRIBHCO (Krishak Bharati Cooperative Limited) જેવી સહકારી સંસ્થાઓએ રાસાયણિક ખાતર ઉત્પાદનના ક્ષેત્રમાં મોટી ભૂમિકા ભજવી. તેમના કારણે ખેડૂતોને પૂરતા પ્રમાણમાં અને વ્યાજબી ભાવે રાસાયણિક ખાતર ઉપલબ્ધ થાય.

- ગ્રાહક સહકારી મંડળીઓ:

  શહેરી અને ગ્રામીણ વિસ્તારોમાં ગ્રાહકોને વાજબી ભાવે ચીજવસ્તુઓ પૂરી પાડવા માટે ગ્રાહક સહકારી ભંડારો શરૂ કરવામાં આવ્યા. તેમના કારણે ગ્રાહકોને મોંઘવારી સામે રક્ષણ મળ્યું અને ગ્રાહકોના હિતોનું રક્ષણ થયું.

- શહેરી સહકારી બેંકો:

  ગ્રામીણ વિસ્તારોની જેમ શહેરી વિસ્તારોમાં પણ નાના વેપારીઓ અને સામાન્ય નાગરિકોને ધિરાણ મળી રહે તે માટે શહેરી સહકારી બેંકોનો વિકાસ થયો.

11.3.2.3 વર્તમાન પરિસ્થિતિ:

21મી સદીમાં, સહકારી ક્ષેત્રોએ નવા પડકારો અને તકોનો સામનો કર્યો. સરકારે આ ક્ષેત્રને વધુ મજબૂત અને પારદર્શક બનાવવા માટે અનેક પગલાં ભર્યા છે.

- બહુ-રાજ્ય સહકારી મંડળી અધિનિયમ - 2002:

  આ અધિનિયમ દ્વારા એકથી વધુ રાજ્યમાં કાર્ય કરતી સહકારી મંડળીઓના સંચાલન માટે કાનૂની માળખું પૂરું પાડવામાં આવ્યું.

- સહકાર મંત્રાલય:

  2021માં કેન્દ્ર સરકારે સહકાર ક્ષેત્રને વધુ મજબૂત અને પ્રગતિશીલ બનાવવા માટે એક અલગ 'સહકાર મંત્રાલય'ની રચના કરી. આ મંત્રાલય 'સહકાર સે સમૃદ્ધિ' (સહકાર દ્વારા સમૃદ્ધિ) ના વિઝન સાથે કામ કરી રહ્યું છે. આ પગલાં થી સહકારી ક્ષેત્રને રાષ્ટ્રીય સ્તરે એક નવો વેગ મળ્યો છે. આ મંત્રાલય દ્વારા નવી સહકારી નીતિઓ ઘડવામાં આવી રહી છે, જેનો ઉદ્દેશ સહકારી સંસ્થાઓને આધુનિક ટેકનોલોજી, પારદર્શકતા અને સુશાસન સાથે જોડવાનો છે.

- ડિજિટલ ટ્રાન્સફોર્મેશન:

  આજે સહકારી મંડળીઓ ડિજિટલ ટેકનોલોજી અપનાવી રહી છે. આનાથી તેમની કાર્યક્ષમતામાં વધારો થયો છે અને સભ્યોને વધુ સારી સેવાઓ મળી રહી છે.

## 11.4 સારાંશ :

આ એકમમાં આપણે સહકારી પ્રવૃત્તિના સિદ્ધાંતો અને મૂલ્યો વિષે જાણવાનો પ્રયાસ કર્યો. સહકારના જે સિદ્ધાંતોની આપણે અહીં ચર્ચા કરી તેનું યોગ્ય રીતે પાલન થાય તે માટે સહકારી સંગઠનોના સંચાલકોએ હંમેશાં પ્રયત્નો કરવા જોઈએ. સહકારી પ્રવૃત્તિમાં જોડાયેલા સભ્યોએ પણ આ સિદ્ધાંતોના અમલમાં સાથ અને સહકાર આપવો જોઈએ. ભારતમાં આઝાદી પહેલાંની સહકારી ચળવળએ ભલે મર્યાદિત સફળતા મેળવી હોય, પરંતુ તેણે ભારતને સહકારી સિદ્ધાંતો અને મંડળીઓના માળખાથી પરિચિત કરાવ્યું. આ પાયા પર જ સ્વતંત્ર ભારતમાં સહકારી ચળવળને વધુ મજબૂત અને વ્યાપક બનાવવામાં આવી. આઝાદી પછી ભારતમાં સહકારી પ્રવૃત્તિ એક લાંબી મંજીલ કાપી છે, જેમાં તેણે અનેક સિદ્ધિઓ હાંસલ કરી છે. તે આજે પણ દેશના ગ્રામીણ અર્થતંત્રનો એક મજબૂત ભાગ છે અને 'સહકારથી સમૃદ્ધિ'ના મંત્ર સાથે આગળ વધી રહી છે. સહકારી ચળવળનો ઇતિહાસ દર્શાવે છે કે તે માત્ર એક આર્થિક મોડલ નથી, પરંતુ સામાજિક સશક્તિકરણ, લોકશાહી મૂલ્યો અને સમુદાય આધારિત વિકાસનું એક શક્તિશાળી માધ્યમ છે.

## 11.5 ચાવીરૂપ શબ્દો :

1. નિધિઃ સહકારી ક્ષેત્રમાં નિધિનો અર્થ એ થયા કે સભ્યો પાસેથી એકત્ર કરેલી મૂડી કે નાણાકીય સ્રોત.
2. મૂડીવાદઃ મૂડીવાદ એ આર્થિક પદ્ધતિ છે જેમાં ઉત્પાદનના સાધનો ખાનગી માલિકીના હોય છે અને બજારએ માંગ અને પુરવઠાના સિદ્ધાંત મુજબ નફા માટે ચલાવવામાં આવે છે.

## 11.6 તમારી પ્રગતિ ચકાસો :

**(ક) સવિસ્તાર જવાબ આપો.**

1. સહકારના સિદ્ધાંતો અને મૂલ્યો વિષે વિગતવાર ચર્ચા કરો.
2. ભારતમાં સહકારી પ્રવૃત્તિનો ઉદ્દભવ જણાવો.

**(ખ) ટૂંકનોંધ લખો.**

1. ભારતમાં આઝાદી પહેલાંની સહકારી પ્રવૃત્તિના ઉદ્દભવની ચર્ચા કરો.
2. ભારતમાં આઝાદી પછી સહકારી પ્રવૃત્તિનો ઉદ્દભવની ચર્ચા કરો.

**(ગ) હેતુલક્ષી પ્રશ્નો.**

1. ગુજરાતની પ્રથમ સહકારી સંસ્થા કઈ હતી ?
   (A) વડોદરા કો-ઑપરેટિવ સોસાયટી
   (B) ગોધરા કો-ઑપરેટિવ સોસાયટી
   (C) રાજકોટ કો-ઑપરેટિવ સોસાયટી
   (D) અમદાવાદ કો-ઑપરેટિવ સોસાયટી
2. ભારતમાં સહકારી પ્રવૃત્તિનો પ્રારંભ કઈ સદીમાં થયો?
   (A) 18 મી સદીના અંતમાં (B) 19 મી સદીના અંતમાં
   (C) 20 મી સદીના અંતમાં (D) 21 મી સદીના અંતમાં
3. સહકારી ધિરાણ મંડળીઓના કાયદાની સ્થાપના ક્યાં વર્ષમાં થાઈ?
   (A) 1901 (B) 1902 (C) 1904 (D) 1910
4. ભારત સરકાર દ્વારા સહકાર મંત્રાલયની સ્થાપના ક્યા વર્ષમાં કરવામાં આવી?
   (A) 2017 (B) 2018 (C) 2020 (D) 2021
5. ક્યા કાયદામાં ‘એક સભ્ય, એક મત’ જેવા લોકશાહી સિદ્ધાંતોનો સમાવેશ કરવામાં આવ્યો હતો.

(A) બોમ્બે કો-ઑપરેટિવ સોસાયટીઝ એક્ટ

(B) મલ્ટી-યુનિટ કો-ઑપરેટિવ સોસાયટીઝ એક્ટ

(C) ગાડગીલ સમિતિ

(D) સહકારી આયોજન સમિતિ

6. સહકારી આયોજન સમિતિ કોની અધ્યક્ષપદ હેઠળ નિયુક્ત કરવામાં આવી હતી?

(A) શ્રી સરૈયા (B) સર ફ્રેડરિક નિકોલસ

(C) ડૉ. વર્ગીસ (D) વિલિયમ વેડરબર્ન

7. ક્યા કાયદો મુખ્યત્વે દક્ષિણ ભારતના ખેડૂતોને વ્યાજખોરોથી રાહત આપવા માટે બનાવવામાં આવ્યો હતો?

(A) ડેક્કન એગ્રીકલ્ચરલ રિલીફ એક્ટ (B) લેન્ડ ઈમ્પ્રૂવમેન્ટ લોન એક્ટ

(C) એગ્રીકલ્ચરિસ્ટ્સ લોન એક્ટ (D) સહકારી ધિરાણ મંડળીઓનો કાયદો

8. કેવા પ્રકારના સિદ્ધાંતો સહકારની ભાવના સાથે જોડાયેલા છે?

(A) વસુધૈવ કુટુંબકમ્ (B) એકતામાં બળ

(C) સહકારથી સમૃદ્ધિ (D) આપેલ તમામ

9. સહકારી આયોજન સમિતિની સ્થાપન કઈ સાલમાં કરવામાં આવી હતી?

(A) 1944 (B) 1945 (C) 1947 (D) 1948

10. ભારતમાં કુલ વસ્તીના કેટલા ટકા વસ્તી ગ્રામ્ય વિસ્તારોમાં વસે છે. ?

(A) 69 ટકા (B) 70 ટકા (C) 75 ટકા (D) 80 ટકા

## ❖ સંદર્ભ ગ્રંથો :

Calvert, H. (1917). The law and principles of co operation in India: Being the Co operative Societies Act No. II of 1912, with Introduction, NOes and an Appendix. Calcutta: Thacker, Spink & Company.

Government of India. (1912). The Co-operative Societies Act, 1912. New Delhi: Government Printing Press.

Government of Gujarat. (1961). The Gujarat Co-operative Societies Act, 1961. Gandhinagar: Government of Gujarat.

Shastri, L. S. (1951). Law & practice of co operative societies in India (Act II of 1912). Allahabad: Law Boko Company.

Sinha, B. K. (1968). Co operatives in India. New Delhi: Committee for Co operative Training, National Co operative Union of India.

મહેતા, એચ. બી. (1972). ભારતની સહકારી પ્રવૃત્તિ. અમદાવાદઃ ગુજરાત યુનિવર્સિટી.

ઈલાવિયા,બી.એચ.(1973). સહકારઃ ભાગ 1. અમદાવાદઃ યુનિવર્સિટી ગ્રંથનિર્માણ બોર્ડ.

## ❖ તમારી પ્રગતિ ચકાસો ના જવાબો :

1. (B) ગોધરા કો-ઑપરેટિવ સોસાયટી
2. (B) 19 મી સદીના અંતમાં
3. (C) 1904
4. (D) 2021
5. (A) બોમ્બે કો-ઓપરેટિવ સોસાયટીઝ એક્ટ
6. (A) શ્રી સરૈયા
7. (A) ડેક્કન એગ્રીકલ્ચરલ રિલીફ એક્ટ
8. (D) આપેલ તમામ
9. (B) 1945
10. (A) 69 ટકા

****************

# એકમ-12
# ગાંધીજીના આર્થિક વિચારો

**12.0** ઉદ્દેશ્યો

**12.1** પ્રસ્તાવના

**12.2** ગાંધીજીના આર્થિક વિચારો

**12.3** વિકેન્દ્રીકરણ

**12.4** સ્વાવલંબન

**12.5** ઓદ્યોગીકરણ

**12.6** જરૂરિયાતો પર અંકુશ

**12.7** સ્વદેશી

**12.8** શ્રમ

**12.9** આર્થિક સમાનતા

**12.10** ગ્રામઉદ્યાગ અને સહકાર

**12.11** સારાંશ

**12.12** ચાવીરૂપ શબ્દો

**12.13** તમારી પ્રગતિ ચકાસો

- ❖ સંદર્ભ પુસ્તકો
- ❖ તમારી પ્રગતિ ચકાસોના જવાબ

## 12.0 ઉદ્દેશ્યો :

વિદ્યાર્થી મિત્રો, આ એકમમાં આપણે મહાત્મા ગાંધીએ આપેલ આર્થિક વિચારોનો અભ્યાસ કરવાના છીએ. આ એકમના અભ્યાસ બાદ તમે.....

- ➢ ગાંધીજી દ્વારા કરવામાં આવે આર્થિક પ્રવૃત્તિઓના માળખાની સમજ આપી શકશો.
- ➢ ગાંધીજીના વિવિધ આર્થિક વિચારો અંગે ચર્ચા કરી શકશો.
- ➢ ગાંધીજીની ગ્રામ વિકાસની વિભાવના સમજાવી શકશો.

## 12.1 પ્રસ્તાવના :

સ્વતંત્રતાના સામાજિક મૂલ્યને કેન્દ્રમાં રાખીને જહોન રસ્કિન (John Ruskin)એ સમયે અર્થશાસ્ત્રના શાસ્ત્રીય સિધ્ધાંતોની રચના કરી હતી. જેમાં મુક્ત અર્થતંત્રને અનુસરીને સંપત્તિ એકઠી કરવાની દોડમાં ઉતરેલા ઉદ્યોગપતિઓ અને વેપારી વર્ગોનો ઉદય થયો હતો. વ્યક્તિગત લાભ વધારવાની તેમની આર્થિક પ્રવૃતિને પરિણામે સામાજિક ગેરલાભનું પ્રમાણ વધી ગયું હતું, તેથી આ પરિસ્થિતિ બદલાય તે માટે અર્થશાસ્ત્રની સૈધ્ધાંતિક વિચારણાનો અભિગમ બદલાય તે જરૂરી છે. અને Unto This Last માં રસ્કિને સર્વ પ્રથમ આ અંગે પોતાના વિચારો રજૂ કર્યા, અને સામાજિક ન્યાયી સમતુલા (આર્થિંક સમાનતા ભંગનો) પ્રશ્ન ઉપસ્થિત કર્યો. અર્થશાસ્ત્રના પાયાનો સંપત્તિ અંગેનો ખ્યાલ ભૂલ ભરેલો છે. તેમ તેઓ (રસ્કિન) માનતા હતા. ન્યાયનો ખ્યાલ દાખલ કરીને શ્રમિકોને નીચા વેતનના બદલે વાજબી વેતનના કાયદા માટે અસરકારક તાર્કિક પ્રહારો કર્યા આ વિચારના પ્રભાવ નીચે ઇંગ્લેન્ડમાં કલ્યાણકારી રાજ્યોનો આરંભ થયો.

રસ્કિને ‘અનટુ ધીસ લાસ્ટ’ પુસ્તક લખ્યું ત્યારના ઇંગ્લેન્ડની જેમ જ ભારત આજે ઓદ્યોગિકીકરણની વિપરીત અસરોમાંથી પસાર થઇ રહ્યો છે. અહીં કૃષિ અને પશુપાલનના વ્યવસાયો ભાંગી રહ્યા છે. સદીઓ જૂના ગ્રામીણ વ્યવસાયોની પરંપરાઓ તૂટી રહી છે. શ્રમિકોનો પ્રવાહ શહેરો તરફ જઈ રહ્યો છે. એકંદરે અર્થતંત્ર અસમાનતા, બેરોજગારી અને ગરીબીની સમસ્યાથી ઘેરાયેલું છે કુલ સામાજિક વપરાશનું સ્તર વિશ્વના વિકસિત દેશોની તુલનામાં નીચું છે. આ પ્રકારની સમસ્યાઓને લીધે અર્થતંત્ર દેશના આર્થિક વિકાસ માટે અપનાવેલાં અભિગમમાં સંશોધન અથવા વિકલ્પ માગી રહેલો છે. અહી પ્રશ્ન ગરીબી અને કંગાલિયતામાં રહેલો વિશાળ માનવ સમુદાય પોતાની આવડત શક્તિ સાધન સંયોજન ક્ષમતાની મર્યાદામાં રહીને પણ કુલ સામાજિક વપરાશ અને યોગ્ય ઉત્પાદિત માલ સામાનમાં વધારો કેમ કરી શકે, તે છે. સહકારી વ્યવસ્થાના પ્રયોગોના આજના અનુભવે આપણે સમજીએ છીએ કે મૂડીની માલિકીને સામુદાયિક સ્વૈચ્છિક સહકારીતાના ધોરણે કરીને સરળ માળખું ધરાવતી વૈકલ્પિક વ્યવસ્થા વિકસાવી શકાય તેમ છે. જે નફાની પ્રેરણા વડે નહીં, પણ જીવન ધોરણો અને વપરાશ માટે તેમજ ન્યાય વેતનની પ્રરણા વડે સામુદાયિક જીવનની પ્રતિષ્ઠા માટે કામકરી શકે તેમ છે. આ છે નવીન અર્થવિચારની ભૂમિકા જેના વિચારનું સ્ત્રોત બિંદુ ગાંધી વિચારમાં રહેલું જણાય છે. અર્થશાસ્ત્ર વિશે ગાંધીજીએ કહ્યું છે ‘‘જે અર્થશાસ્ત્ર કોઈ પણ વ્યક્તિ કે રાષ્ટ્રના વિકાસ અથવા કલ્યાણની આડે આવે....તથા જે એક દેશને બીજા દેશની લૂંટ ચલાવાની છૂટ આપે તે અર્થશાસ્ત્ર અનર્થશાસ્ત્ર છે. પાપરૂપ છે. ગાંધીજીએ પોતાના આર્થિક વિચારો આપેલ છે, જે આજે ગાંધીના આર્થિક વિચારોથી પ્રચલિત છે. તેઓએ દરેક આર્થિક બાબતો અંગે પોતાના વિચારો આપેલા છે. જેના થકી તેઓ ભારતને વિકાસાના પંથે આગળ વધારીને એક આત્મનિર્ભય ભારતનું નિર્માણ કરવા માગતા હતા જે વર્તમાન સમયની જરુરિયાત બની ચૂકી છે.

## 12.2 ગાંધીજીના આર્થિક વિચારો :

ગાંધીજી માત્ર દાર્શનિક નહીં પણ તે એક કર્મનિષ્ઠ અને વ્યવહારુ વ્યક્તિ હતા. તેમના સત્ય અને અહિંસાના સિધ્ધાંતો માટે સમગ્ર વિશ્વ તેમનું ઋણી છે. ગાંધીજી કોઈ અર્થશાસ્ત્રી ન હતા તેથી તેમની પાસે આર્થિક વિચારોની આશા રાખવી એ વધુ પડતી કહેવાય આમ છતાં, તેમણે ભારતના અનેક સામાજિક રાજકીય અને આર્થિક સમસ્યાઓને ઉકેલવાની ચાવીઓ આપી છે. જેનું સંકલન કરતા એક વ્યવસ્થિત વિચાર માળા ઉભી થઇ છે. જેને આપણે એક આર્થિક મોડેલ પણ કહી શકીએ આ વિચારમાળા ભારતીય સંજોગોના સંદર્ભમાં વધુ વાસ્તવદર્શી જણાય છે. વિચારો અર્થશાસ્ત્રના સિધ્ધાંતોના વિકાસમાં વધુ ઉપયોગી ના બને છતાં તેમાં ભારત જેવા વિકસતા દેશોની જટિલ સમસ્યાઓ અને અત્યારના કહેવાતા વિકસિત દેશોની અનેક સમસ્યાઓનો ઉકેલ તેમાં સમાયો છે, તેમ કહેવું અયોગ્ય નથી.

ગાંધીજી માનતા હતા કે માત્ર સ્વતંત્રતાની પ્રાપ્તિથી આપણા બધા પ્રશ્નો ઉકલી જવાના નથી, સાચી સ્વતંત્રતા તો ત્યારે મળી કહેવાય કે જયારે આપણે આપણી કોઇપણ પ્રકારની જરૂરિયાતો માટે બીજા પર આધાર રાખતા બંધ થઈએ અને સ્વાવલંબી બનીએ. આમાં આર્થિક અને સામાજિક કલ્યાણ વધે એ વધુ મહત્વનું છે. ગાંધીજીને પશ્ચિમમાં વિકસી રહેલી ભૌતિકવાદી વિચારસરણી જરાય પસંદ નહોતી. આર્થિક પ્રવૃતિઓ અગત્યની ખરી પણ જે પ્રવૃતિમાં માનવ કલ્યાણ ના થાય માનવજીવન શાંત અને સમૃધ્ય ન બને તેવી પ્રવુતિઓનો આપણા દેશમાં શો અર્થ? તેઓ સાદા જીવનમાં માનતા અને જે આર્થિક પ્રવૃતિ માનવજીવનમાં સંસ્કારિક અને નૈતિકતા લાવે તેનેજ તેઓ પ્રથમ પસંદગી આપતા હતા.

ગાંધીજીના આર્થિક વિચારના પાયામાં ગામડું છે, ગાંધીજીએ કહ્યું છે ‘‘જો ગામડાં એકંદરે નાશ પામશે તો હિન્દુસ્તાન પણ નાશ પામશે. અપણે બે હિન્દુસ્તાનમાંથી એક હિન્દુસ્તાનની પસંદગી કરવાની છે. એક છે ગ્રામ ભારત જે આપણા રાષ્ટ્ર જેટલોજ પુરાણો છે અને બીજું શહેરી ભારત જે વિદેશી શાસકોએ પેદા કરેલ છે. ગાંધીજીના ગ્રામ સ્વરાજનો ખ્યાલ પૂર્વ બ્રિટીશ સમયના સ્વાવલંબી ગામડાંઓ પર આધારિત છે. આ ગામડાંઓમાં બહારના આક્રમણોની ખાસ અસર થતી નહોતી આધુનિક આર્થિક અને વાહન વ્યવહારની પધ્ધતિ ગામડાંની આત્મનિર્ભરતા પર ઘા કર્યા છે. ગાંધીજીએ જે કઈ કહ્યું તે સમસ્યાઓનો નિરાકરણના સંદર્ભમાં જ કહ્યું છે. તેઓ કહેતા મેં કોઈ નવા સિધ્ધાંતો ની શોધ નથી કરી પણ જૂના સિધ્ધાંતોને જ નવી રીતે રજૂ કર્યા છે. ખરેખર તેમના વિચારો નવા હતા જ નહીં માત્ર રજૂઆત જ નવી હતી જે ‘ગાંધીવિચાર’ થી ઓળખાઈ. ગાંધીજીએ ઘણા ક્ષેત્રોમાં ચિંતન કર્યું હતું તેમાં અહીં તેમના આર્થિક ચિંતનને સમજીએ

## 12.3 વિકેન્દ્રીકરણ :

રાજકીય વ્યવસ્થાની માફક આર્થિક વ્યવસ્થામાં પણ ગાંધીજી કેન્દ્રીકરણના વિરોધી હતા. કેન્દ્રીકરણ આર્થિક સત્તાનીની ઈજારાશાહી પેદા કરે છે અને તેમાંથી જાણે અજાણે શોષણ, ગુલામી અને એવી અન્ય સમસ્યાઓ (પ્રશ્નો) પેદા થાય છે.

ગાંધીજીએ લખ્યું હતું કે જો હિંદે અહિંસક ધોરણે પોતાનો વિકાસ સાધવો હોય તો હું કહું છું કે, એણે ઘણી બાબતોમાં કેન્દ્રીકરણ નહીં પણ વિસ્તૃતિકરણ કરવું પડશે. કેન્દ્રીકરણને પૂરતા પ્રમાણમાં બળનો ઉપયોગ કર્યા વગર નિભાવી કે બચાવી શકાય નહીં. સાદા ઘર અને કુટુંબો જેમની પાસેથી લૂંટી લઈ જવા જેવું કશું જ ખાસ ન હોય તેની રક્ષા ને સારું પોલીસની જરૂર ન પડે.

આર્થિક અસમાનતા અને શોષણને દૂર કરવા માટે તેઓ વિકેન્દ્રીત અર્થવ્યવસ્થાની હિમાયત કરતા હતા. મોટા કારખાનામાં મજૂર વર્ગોનું શોષણ થાય છે અને ઉત્પાદન સમાજને જરૂરી વસ્તુઓ પૂરી પાડવાના ઉદ્દેશથી નહીં પણ નફાના ઉદ્દેશ્યથી થાય છે. તેથી ઘણી જરૂરી વસ્તુઓ લોકોને મળતી નથી જયારે અમુક વસ્તુઓનું વધારે પડતું ઉત્પાદન થાય છે. આના ઉપાય તરીકે કાર્લમાર્ક્સ ઉત્પાદનના તમામ સાધનો ઉપર સમાજની અથવા રાજ્યની માલકી કરી નાખી ઉત્પાદનને નિયત્રિત કરવાનું કહે છે, પરંતુ સમાજવાદનો પ્રશ્ન એ છે, કે ઉત્પાદનના સાધનો ઉપર રાજ્યની માલિકી થાય પણ રાજ્ય ઉપર લોકોની માલિકી ક્યાં થઇ શકે? કોઇપણ રાજ્ય ખરું પ્રજાસત્તાક તો ત્યારે કહેવાય જયારે આમ વર્ગ રાજ્યના વહીવટ ઉપર ખરો કાબુ ધરાવી શકતો હોય ગાંધીજીના મતે આર્થિક અસમાનતા અને શોષણ ને દૂર કરવા વિકેન્દ્રીત અર્થવ્યવસ્થા વધુ સારી છે. પ્રજાની ખરીદશક્તિ વધારવાનો સાચો માર્ગ તેમને કામ આપવાનો છે. તેમના મતે વિકેન્દ્રીત અર્થવ્યવસ્થાની પાછળનો હેતું એ છે, કે ગામડું એક સ્વતંત્ર એકમ રહે અને તે રીતે તેનું શોષણ થતું અટકે, વળી તેના દ્વારા વહીવટી અવ્યવસ્થા, બિનજરૂરી ખર્ચ અને વહીવટી ખર્ચ થી સમાજને બચાવી શકાય છે.

ગાંધીજીએ પોતાની કલ્પનાની આર્થિક વ્યવસ્થામાં રેંટિયાને કેન્દ્રસ્થાન આપ્યું અને ભારતની તત્કાલીન પરિસ્થિતિમાં તેને વિકેન્દ્રીત સમાજ અને અર્થવ્યવસ્થાનું પ્રતીક બનાવ્યું સ્થાનિક ઉદ્યોગોની પેદાશ દ્વારા જેની પ્રાથમિક જરૂરિયાતો મોટે ભાગે સંતોષાય છે એવા સ્વાવલંબી, સુખીને સંતોષી ગામડાંને એમણે પોતાની આદર્શ સમાજવ્યવસ્થાનો એકમ ગણાવ્યું છે.

વીજળી કે એવી કોઈ માનવસર્જિત શકિતનો જો મનુષ્યને ઘરે બેઠા એના કામમાં મદદ પહોંચાડી શકે તો તેનો તેમને વાંધો નહોતો, પરંતુ જો આવી શક્તિનો ઉપયોગ ઓછા લોકો જ કરી શકે અને ઘાણા લોકો તેનો ઉપયોગ ન કરી શકે તેમણે અસમાન પરિસ્થિતિ અને કંગાલિયતમાં ધકેલાઈ જવું પડતું હોય તો ગાંધીજી એને માન્ય કરવા તૈયાર નહોતા, એક જ સ્થળે યંત્રોના કાન ફાડી નાખે એવા ઘોંઘાટ અને આરોગ્યને હાનિકારક વાતાવરણ વચ્ચે ચાલતા કારખાનાની ઢબથી ઉદ્યોગ વ્યવસ્થા તો હરગીજ પસંદ કરતા નહોતા, પ્રત્યેક વ્યક્તિને પોતાની આજીવિકા પ્રાપ્ત કરવાનો સાધનો પર પૂરેપુરો અંકુશ હોવો જોઈએ, અને પોતે પેદા કરેલી વસ્તુઓનો ઉપભોગ કરવાની કે તેનો વિનિમય કરીને ઉપભોગ ની વસ્તુઓ પ્રાપ્ત કરવાની સહજ સગવડ હોવી જોઈએ એવું એમનું દઢ મંતવ્ય હતું.

આમ છતાં આખા સમાજનો અનિવાર્ય હોય એવા થોડાક કેન્દ્રિત ઉદ્યોગોના એ વિરોધી નહોતા, પરંતુ એની ઉપર સમાજનો અથવા સમાજના ટ્રસ્ટીઓ બનીને વર્તે એવી વ્યક્તિઓનો અંકુશ હોવો જોઈએ એવું એમનું માનવું હતું.

## 12.4 સ્વાવલંબન :

વિકેન્દ્રીત અર્થતંત્ર માટે ગામ ક્ક્ષાએ સ્વાવલંબન હાંસલ કરવું પડે, દરેક ગામ ખોરાક કપડાં જેવી પાયાની જરૂરીયાતોમાં સ્વાવલંબી હોવું જોઈએ, દરેક ગામ સંપૂર્ણપણે સ્વાવલંબી બની શકે, પરંતુ એણે એ દિશામાં પ્રયત્ન કરવો જોઈએ. વર્તમાન સમયમાં સ્વદેશી વસ્તુઓ પર ભાર મૂકવમાં આવે છે, પરંતુ જયાં સુધી ગામડાંઓ અને શહેરોને સ્વાવલંબી બનાવીશું નહીં ત્યાં સુધી સ્વદેશી અપનાવી શકીશું નહીં.

ખેડૂત પોતાનાજ ખેતરમાં કપાસમાંથી જાતે લોઢી, પીંજી, કાંતિ લે અને માત્ર વણવાનો ખર્ચ કરે તો એ ખાદી મિલ કરતાં સસ્તી પડે છે. આને વસ્ત્ર સ્વાવલંબન કહેવાય છે. જે ખેડૂત એ સાથે વણાટ ક્રિયા શીખી લઈ વણે તો તો તે પૂરો સ્વાવલંબન થઇ જાય અને ઘણું સસ્તું કાપડ મળે.

જો કે માનવી સામાજિક પ્રાણી હોઈ પરસ્પરાવલંબી પણ છે. સમાજ વ્યવસ્થાના એકમ તરીકે ગામ પરસ્પરાવલંબન કરી સ્વાવલંબી કે આત્મનિર્ભર થઇ શકે છે. સ્વાવલંબન એટલે જીવનની પાયાની અથવા આવશ્યક જરૂરિયાતની બાબતમાં સ્વાવલંબન સમજવું. જેમાં ખાનપાન વસવાટો, કપડાં, પાણી અને દીવાબત્તી જેવી આવશ્યક જરૂરિયાતો પોતે પેદા કરી શકે એવી વ્યવસ્થા કરવી. તે પછી બાકીની જરૂરિયાતો માટે પડોશીનો સહકાર લેવો જોઈએ.

ગાંધીજીની કલ્પનાના સમાજમાં સત્ય અને અહિંસા દરેક પ્રવૃતિના પાયામાં રહે છે. સમાજ ને સારી સ્થિતિમાં રાખવા માટે પરસ્પરાવલંબન સહકારમાં પરિણમે છે. સહકાર કરવામાં કોઈ નબળો કે સબળો ગણાતો નથી પણ બધા સરખા છે, કુટુંબના બધા સભ્યો સહકાર કરે છે. તેમ સમાજ રાષ્ટ્ર કે માનવ જાતને એક કુટુંબ ગણીએ તો બધા સહકાર્યકર ગણાય જો સહકારનું આ ચિત્ર માન્ય કરીએ તો સમાજને નિર્જીવ યંત્રને આધારે જીવવાની જરૂર રહેશે નહી. યંત્રનો ઓછામાં ઓછો ઉપયોગ કરવામાં સમાજની સલામતી અને આત્મરક્ષા રહેલા છે.

ગામડાંને સ્વાવલંબી બનવા માટે સામુદાયિક સંગઠન કરવું, આ સંગઠન ગામડાંના માણસો દ્વારા અંદરો-અંદરના ઝગડાનો નિકાલ કરશે, સફાઈ તથા સામુદાયિક રોગો તરફ ધ્યાન આપશે અને ચોર-ડાકુથી રક્ષણ કરશે.

સ્વાવલંબનમાં શ્રમવિભાજનનો વિરોધ નથી, તેમ બીજા જોડે ઔદ્યોગિક સંબંધનો અભાવ પણ નથી. સમાજમાં રહેનારા મણસો સંપૂર્ણ પણે સ્વાવલંબી થઇ શકે એટલે કે પોતાના એક એક જરૂરિયાત પોતાની જ મહેનતથી પૂરી પાડી લે એ શક્ય નથી એવો પ્રયત્ન ખોટો અહંકારનું સ્વરૂપ લે એમ બને. આખા વિશ્વ સાથે જે પ્રેમ અને અહિંસા વડે એકરૂપ થવાનો આદર્શ રાખે છે તે સ્વયંપર્યાય (Sele – Sufficient) થવાનો ખોટો મોહ રાખે નહી, છતાં માણસ પોતાની જેટલી જરૂરતો અને જેટલા કામો પોતાની મેળે સહજ પણે પૂરા કરી શકે એમ હોય, અને તેને માટે કુદરતી અનુકુળતાઓ પણ હોય તેમાં એ સ્વાવલંબી રહે એ યોગ્ય છે. એણે એ માટે બીજાની મદદ લેવીજ જોઈએ અને તે માટે આર્થિક લેવડ દેવડના સબંધો બાંધવા જ જોઈએ એવું

નથી. દાખલા તરીકે સફાઈ વાલમિકી સમાજ પાસેજ કરાવવી જ જોઈએ, હજામત વાળંદની પાસેજ કરાવવી એ જરૂરી નથી. જાતે પણ કરી શકાય.

આ જ નિયમ દેશ કે પ્રજાના વ્યવહારોમાં લાગુ પડે છે, ભારત જેવા દેશ, જેમાં પૂરતા અનાજ અને રૂ પેદા થાય છે તે અન્ન અને વસ્ત્રની બાબતમાં સ્વાવલંબી બને તેથી તે બીજાદેશ ઔદ્યોગિક સબંધ રાખવા ઈચ્છતો નથી એમ ન કહી શકાય. એજ પ્રમાણે જે જે ઉદ્યોગો ખીલવવા માટે ભારતમાં કુદરતી અનુકુળતાઓ છે, તે ઉદ્યોગો ખીલવવા એ ઉપાયો કરે એમાં દોષ નથી એવી આર્થિક નીતિને સ્વીકાર્યા વિના પ્રજાને સુખી બનાવવાની આશા રાખી શકાય નહી.

આમ ભારતનું અનાજ વિદેશ મોકલી ત્યાંથી રોટી મંગાવીને ખાવી, તલ કે મગફળી મોકલી ત્યાંથી તેલ પીલાવીને મંગાવવું, રૂ મોકલી ત્યાંથી કાપડ મંગાવવા અને એ પદ્ધતિને શ્રમવિભાજન કે સહકારનું નામ આપવું અથવા લેંકેશાયર જેવા પરગણામાં (ઈંગ્લેન્ડનું) લોઢાની અને કોલસાની ખાણો છે તથા ત્યાં ભેજ વાળી હવા છે. એટલા જ માટે કાપડ ઉત્પન કરવાની તેની જ નૈસર્ગિક અનુકુળતા છે એમ કહેવું એ શ્રમવિભાજન અને સહકારના નામનો દુરપયોગ છે.

## 12.5 ઔદ્યોગિકરણ :

એક તરફ શોષણનો સામનો કરવા અને બીજી તરફ પૂર્ણ રોજગારી વિકસાવવા ઓદ્યોગીકરણ જેમ બને તેમ ઓછું રાખવું, ઓદ્યોગીકરણમાં હરીફાઈને પ્રોત્સાહન મળતું હોવાને કારણે સીધું ઉત્પાદન થાય એટલે બજાર શોધવું પડે. બજારની વાત એટલે નફો આવે નફાખોરી આપે, વધારામાં યંત્રોથી માનવશ્રમનું પ્રમાણ ઘટે અને પરિણામે બેકારી વધે. જે દેશમાં આખા વર્ષમાં માત્ર છ કે ચાર માસ કામ મળતું હોય ત્યાં ઔદ્યોગીકરણ થવાથી ગ્રામ મજૂરોને શહેરી વિસ્તારોમાં સ્થળાંતર કરવાની ફરજ પડે અને ગામડાં ભાંગી પડે.

ગાંધીજી કહેતા હતા કે " મારો વાંધો યંત્ર સામે નહીં, પણ યંત્રોની ઘેલછા સામે છે જેને શ્રમનો બચાવ કરનાર યંત્રો કહેવામાં આવે છે. તેની આજે ઘેલછા લાગી છે. એક તરફ શ્રમ નો બચાવ થયે જ જાય છે. અને બીજી તરફથી લાખો માણસો યંત્રોને લીધે બેકાર બને છે. સમય અને શ્રમનો બચાવ હું જરૂર ઈચ્છું પણ તે અમુક વર્ગ ને માટે નહીં આખી માનવજાતિને માટે થવો જોઈએ. સંપત્તિ નો સંચય થોડે ગણ્યા ગાંઠયાના હાથમાં થાય એમ નહીં પણ સહુની પાસે થાય એ હું ઈચ્છું. આજે થોડા માણસોને કરોડોની કાંધ ઉપર ચડી બેસાડવામાં યંત્રો મદદગાર છે. અત્યારની આ વ્યવસ્થા સામે મારી તમામ શક્તિ ખર્ચી ને હું યુધ્ધ ચલાવી રહ્યો છું."

યંત્રોને તેમનું આવશ્યક સ્થાન છે, પરંતુ તેમને માનવીના આવશ્યક શ્રમનું સ્થાન લેવા દેવાય નહીં, પણ વ્યક્તિની મહેનત બચાવે અને કરોડો ઝૂંપડાવાસી ગ્રામજનોનો બોજો હલકો કરે એવા સાદા હથિયાર અને સાધનોને વધાવી લઈ શકાય, શ્રમ એટલી હદે બચાવ્યો જાય છે કે જેથી લાખો કરોડો ને ભૂખે ટળવળવું પડે છે. અને અંગ ઢાકવાનું પણ મળતું નથી. આપણે પરિશ્રમનો બચાવ ગણ્યાં-ગાઠયા માણસો માટે નહીં પણ સમસ્ત માનવજાત માટે કરવો છે. આજે તો યંત્રો ચલાવવા પાછળ લોભ અને તૃષ્ણા રહેલા છે. તેમ એવું યંત્ર બનાવો કે જે દરેકની ઉત્પાદન શક્તિ વધારવા સાથે તેને ગુલામ ન બનાવે.

વિજ્ઞાનની શોધો જયારે ધન પ્રાપ્તિના સાધન મટી જનસેવાના કર્યોમાં જોતરાશે ત્યારે જ યંત્રોનો સદ્ઉપયોગ થશે ત્યારે કામદારોને કામનો અસહય બોજો નહી રહે યંત્રો કલ્યાણ સાધક હોયતો ભલે રહે આપણે યંત્રોનો નાશ નહીં, પણ તેની મર્યાદા ઈચ્છીએ છીએ. સીવવાનું મશીન અને સાયકલ યંત્ર જ છે ને, ગાંધીજી સીધા સાદા યંત્રોના વિરોધી ન હતા.

મોટા પાયા પર ઉત્પાદન તો જરૂર જોઈએ પણ તે હિંસાના પાયા પર નહી, રેંટીયાનો સંદેશો પણ એ જ છે. એમાં મોટા પાયા પર ઉત્પાદન થાય છે પણ તે લોકોના ઘરમાં થાય છે. અહિંસાના પાયા  પર રચાયેલું યંત્ર સાદામાં સાદું અને કરોડો ઘરોમાં રાખી શકાય એવું હોવું જોઈએ.

એક સામાન્ય બુદ્ધિનો માણસ પણ સમજી શકે છે કે, માણસ ઉદ્યોગો વિના જીવી શકે નહીં અસંખ્ય લોકોને કામ મળતું નથી અને તેઓ બેકાર છે આપણે બધા ઉદ્યમી અને સ્વાવલંબી બની એ પછી યંત્રો કેવી રીતે નિયમનમાં રાખવા તેની માણસને ખબર પડશે.

અર્થશાસ્ત્રમાં પણ આપણું કેન્દ્રબિંદુ મનુષ્ય છે. મનુષ્ય જ સૌથી કિમતી છે''  મહાન વૈજ્ઞાનિક આઈનસ્ટાઈન  પણ માનતા હતા કે મનુષ્ય માટે મનુષ્ય કરતા વધુ મહત્વની કોઈ ચીજ નથી. મશીન વિના ઉત્પાદન વધતું નથી અમેરિકન અર્થશાસ્ત્રી લેવિસ મમફોર્ડ ''મશીનની કલ્પિત કથા'' ''ધિ મીથ ઓફ ધી મિશન'' માં લખી છે તેમાં પ્રતિપાદન કહ્યું છે કે શ્રમશક્તિને યોગ્ય રીતે એકઠી કરવામાં આવે તો તે મશીનથી પણ વધુ કામ આપે છે તેઓ સવાલ કરે છે કે ઈજિપ્તના પિરામિડો, આગ્રાનો તાજમહલ, બીજાપુરનો ગોળ ઘુમ્મટ કોણે બાંધ્યા હતા ? એનો અર્થ એ કે જો જનતાની શ્રમશક્તિને વૈજ્ઞાનિક રીતે સંગઠિત કરી શકાય તો જે ચીજ મશીન નથી કરી શકતું તે મનુષ્યશક્તિ કરી શકે છે.

ખાદી ગ્રામોદ્યોગનું અર્થશાસ્ત્ર આજે પણ જરૂરી છે. સ્વીડનના જાણીતા અર્થશાસ્ત્રી ગુન્હાર મિર્ડાલ 'પોવર્ટી ઓફ નેશન્સ' નામના પુસ્તકમાં લખ્યું છે કે, તેમણે ભારતના પ્લાનિંગ કમિશનના કામનું તલસ્પર્શી અધ્યાયન કર્યું છે, વળી એશિયાના બધા દેશોના અભ્યાસ માટે તેમણે જહેમત ઉઠાવી છે. તેમણે ઉતારા ટાંકી તેમના પુસ્તકમાં પ્રતિપાદિત કર્યું છે કે ''આજે પણ ખાદી ગ્રામોદ્યોગનું અર્થશાસ્ત્ર પહેલાં જેટલું જ સાચું અને જરૂરી છે અને જેં કઈ ઉદ્યોગીકરણ થશે તેથી બેકારીની સમસ્યા ઉકેલાશે નહીં. મોટા ઉદ્યોગીકરણથી કામ ધંધો વધે છે, પરંતુ નવા ધંધ ને કારણે ચાલુ કે જૂના ઉદ્યોગો તૂટે છે અને તેમાં રોકાયેલા લોકો બેકાર બનતા જાય છે. ''કાપડ ઉદ્યોગનો દાખલો આપી તેમણે પોતાની વાતને સમર્થન આપ્યું છે. ઓછી વસ્તીવાળા દેશની વાત જુદી છે, પરંતુ ભારત જેવા વધુ વસ્તી વાળા દેશમાં જ્યાં મૂડી પણ ઓછી છે ત્યાં ગાંધીજી અને એવા માનવતા વાદી અર્થશાસ્ત્રીઓ સાચા છે.

## 12.6 જરૂરિયાતોની વૃદ્ધિ ઉપર અંકુશ :

અર્થશાસ્ત્રમાં ત્રણ પ્રકારની જરૂરિયાત હોય છે (1) પાયાની અથવા આવશ્યક જરૂરિયાતો (2) આરામદાયક જરૂરિયાતો અને (3) મોજશોખની જરૂરિયાતો ગાંધીજી કહેતા હતા કે પાયાની જરૂરિયાતોના ભોગે મારે આરામદાયક અને મોજશોખની જરૂરિયાતો જોઈતી નથી કેટલાકને પાયાની જરૂરિયાતો પણ ન મળે એવું ન બનવું જોઈએ, જરૂરિયાતો વિશે ગાંધીજીનું એક વાક્ય ખૂબજ પ્રચલિત છે ''સૃષ્ટિ આપણી જરૂરિયાતો પૂરી પાડવા જેટલું દરરોજ ઉત્પન્ન કરે છે, એ દરેક જણ પોતાને જરૂરિયાત પૂરતું લે અને વધારે ન લે તો આ દુનિયામાં ગરીબાઈ ન રહે અને આ દુનિયામાં કોઈ માણસ ભૂખથી ન મરે ''આ વાક્યમાં ગાંધીજી આપણે જરૂર પૂરતુજ વાપરવું જોઈએ તેવું જણાવે છે. વર્તમાન સમયમાં આ વાક્ય ઉપર ઘણી ચર્ચાઓ થઇ રહી છે.

આજે દુનિયા ઔદ્યોગીકરણ તરફ વળેલી છે કારણ કે માણસ માને છે. કે પોતાની જરૂરિયાતો વધારવા જવું એ સુધારાની અને પ્રગતિની નિશાની મનાય છે. અને ટેકનોલોજી દ્વારા માલનો પુરવઠો તેમજ વિવિધતા બંને વધારી શકાય છે. અને માણસની જરૂરિયાતો પણ વધે છે. આ વિશે ગાંધીજી કહે છે કે આ દુનિયામાં કોઇપણ દેશમાં કે સમાજમાં દરેક માણસને અથવા આર્થિક અને સામાજિક ઘટક કુટુંબને ગણીએ તો કુટુંબને પોતાના શરીર નિર્વાહ માટે આવશ્યક એટલોજ પોષ્ટિક અને સ્વચ્છ ખોરાક મળે સ્વચ્છ, અને સાદા કપડાં મળે અને હવા ઉજાસવાળું સારું ઘર મળે એ તેનો અધિકાર છે, પરંતુ માણસ પોતાની જરૂરિયાત કરતાં વધારે વાપરે છે. તેથીજ આ જગતમાં ઘણી સમસ્યાઓ પેદા થઈ છે. વળી ઘણા માણસો પોતે વાપરી શકે તે કરતાં વધારે વસ્તુઓનો સંગ્રહ કરીને બેસે છે. તે બાબતમાં ગાંધીજી કહે છે ''સૌ પોતાને જોઈતોજ સંગ્રહ કરે તો કોઈને તંગી ન આવે અને સૌને સંતોષ રહે. સાચા સુધારાનું અને સાચી સભ્યતાનું લક્ષણ જરૂરિયાતો વધારવાનું નહીં પણ તેને ઘટાડવાનું અને અંકુશમાં રાખવાનું છે. જેમ જેમ જરૂરિયાતો ઓછી કરીએ તેમ તેમ સાચું સુખ અને સંતોષ વધે છે.

## 12.7 સ્વદેશી :

ગાંધીજી માટે સ્વદેશી કોઈ સામાન્ય આર્થિક નીતિ કે બહિષ્કાર માત્ર નહોતું, એ તો એક પૂર્ણ જીવનદર્શન હતું, તેમના મતે ''સ્વદેશી એટલે આત્માનો નિયમ – પોતાના દેશની વસ્તુઓને, પોતાના દેશના માણસોને અને પોતાના દેશની સેવાને સર્વોચ્ચ સ્થાન આપવું.'' ''સ્વદેશી એટલે પોતાના દેશની વસ્તુઓને વાપરવી એ જ નહીં, પણ વિદેશી વસ્તુઓની જરૂરિયાત જ ન રહે એવું જીવન જીવવું.'' ગાંધીજી માટે સ્વદેશી એ ચરખાનો મામલો નહોતો, એ તો ચરિત્રનો મામલો હતો. એ ભારતના લાખો ગરીબોના હાથને કામ આપવાનો અને આત્માને સ્વતંત્ર કરવાનો માર્ગ હતો. જાત મહેનતના સિધ્ધાંતમાંથી જ સ્વદેશી વિચારનો ઉદ્દભવ થયો છે, સ્વદેશી વિચાર સ્વદેશભિમાનના વિચારો માંથી નહીં પરંતુ સમાજ પ્રત્યેના આપણા ધર્મમાંથી ઉપજ્યું છે. સમગ્ર વિશ્વ સાથે બંધુત્વની લાગણી માટે આપણો પ્રયત્ન હોય છતાં જે પડોશીઓ વચ્ચે આપણું જીવન રાતદિવસ જાય છે અને તેમની અને આપણી વચ્ચે અનેક બાબતોમાં સંબંધો બંધાયેલા છે અને બંધાતા રહે છે. તેમની સાથે જ આપણો પહેલો વહેવાર ઘટે છે એવા ધર્મયુક્ત વ્યવહારની અવગણના કરી વિશ્વબંધુત્વ સિધ્ધ થઇ શકે નહીં.

સ્વદેશી એટલે આપણી પાસેની અથવા નજીકની પરિસ્થિતિનો ઉપયોગ કરવો અને દૂરથી પરિસ્થિતિનો ત્યાગ કરવો તે છે. સ્વદેશી એ પ્રેમ અને અહિંસામાંથી ઉત્પન્ન થયેલો નિસ્વાર્થ સેવા ધર્મ છે.

મારામાં સ્વદેશી ભાવના હોય તો હું મારી નજીકની પરિસ્થિતિનો ઉપયોગ કરું, જો મને તેમાં ખામી દેખાય તો તે દૂર કરીને તેનું સેવન કરવું જોઈએ. આર્થિક બાબતમાં મારી પાસે વસનારાઓએ પેદા કરેલી વસ્તુઓનોજ ઉપયોગ કરવો જોઈએ, જે વસ્તુમાં ખામી દેખાય તે દૂર કરી મારે તેનું સેવન કરવું જોઈએ તેવીજ રીતે રાજકીય વિષયમાં મારે દેશની સંસ્થાઓનોજ ઉપયોગ કરવો જોઈએ. તેની ખામીઓ કાઢી નાખીને મારે સેવા કરવી જોઈએ.

આજે વેપાર ઉદ્યોગોમાં આગળ વધેલા દેશો અને એક દેશમાં પણ વેપાર ઉદ્યોગોમાં આગળ વધેલા વર્ગો બીજા પાછળ પડેલા દેશો તથા વર્ગોનું શોષણ કરી રહ્યા છે. આ શોષણ કરનારા દેશો તથા વર્ગોમાં અંદર અંદર પણ જીવલેણ હરીફાઈ ચાલે છે આનાથી દુનિયામાં આજે સર્વત્ર જોવામાં આવતી યુદ્ધની દશાનું રૂપ લીધું છે. તેમાંથી દલિત શોષિત વર્ગોને તથા દેશોને બચવાનો એક માત્ર માર્ગ સ્વદેશીજ છે.

## 12.8 શ્રમ :

ગાંધીજી કહેતા કે તંદુરસ્ત રહેવા માટે શરીરશ્રમ અનિવાર્ય છે તો પછી જીવનની પાયાની જરૂરિયાતો માટે તેવો શ્રમ શા માટે ન કરીએ ? ગાંધીજીના મતે દરેક વ્યક્તિએ પોતાની આજીવિકા માટે કંઈક શારીરિક શ્રમ અવશ્ય કરવો જોઈએ. ગાંધીજી બૌદ્ધિક પરિશ્રમને પરિશ્રમ નથી માનતા એટલા માટે કે બૌદ્ધિક પરિશ્રમ આપણને આખો અધિકાર આપતો નથી. બૌદ્ધિક શ્રમ બુદ્ધિના સંતોષનું સાધન છે, શારીરિક શ્રમ એટલે સંપૂર્ણ પોતાનો સંતોષ છે. શારીરિક શ્રમનું આટલું મહત્વ હોવાથી મોટા ભાગનું ઉત્પાદન તેના દ્વારા હોવું જોઈએ. શ્રમની બચત કરવા વાળા સાધનો મશીન વગેરેનો ઉપયોગ સીમિત માત્રામાં થવો જોઈએ, તેમના કહેવા પ્રમાણે ઉત્પાદન ખાસ કરીને જરૂરીયાતોની પૂર્તિ માટે થાય વેપાર અને લાભ માટે નહીં, આનો અર્થ એવો પણ નથી કે ગાંધીજી મોટા ઉદ્યોગોના વિરોધી હતા, મશીનના ઉપયોગની જરૂરિયાતો છે પણ મશીન મશીનમાં પણ ફેર હોય છે. આપણે તેને ત્રણ વિભાગમાં વહેંચી શકીએ. મારક, પોષક અને શોષક (ગાંધી,1963)

તોપ, બંદુક, મશીનગન અને બોમ્બ વગેરે મારક છે. મોટા-મોટા કારખાનાઓ શોષક છે જેનો ત્યાગ યોગ્ય છે, સિલાઈ મશીન, હળ, વાહણ વગેરે બધા પોષકો મશીનો છે. એટલા માટે તેનો ઉપયોગ કરવો જોઈએ આથી ગાંધીજી ગ્રામ ઉદ્યોગ અને ખાદી પર ભાર દેતા હતા, જે મુખ્યત્વે શ્રમપ્રધાન છે. જો દરેક માણસ પરસેવો પાડીને જીવે તો દુનિયા સ્વર્ગ બને 24 કલાકમાંથી માણસ આઠ કલાક કામ કરે તો તેનું શરીર, મન અને મગજ સારા રહે. આઠ કલાક તેના આરામ માટે ગણીએ અને બાકીના આઠ કલાક તેના ખાન પાન અને તેના શોખના વિષય રમતગમત કે અંગત કામમાં ખર્ચી શકે. આવું વિભાજન સર્વોદય અથવા વિશ્વશાંતિ માટે જરૂરી છે, ઓછામાં ઓછી વસ્તુ વાપરી સાદું સ્વચ્છ અને પ્રસન્ન જીવન જીવવું એ સર્વોદય વિચારની ચાવી છે.

## 12.9 આર્થિક સમાનતા :

સૌને સ્વદેશીના અમલથી કામ મળે અને ગામડાનું ધન ગામડામાં રહે. ગામડું સમૃદ્ધ બને અને આર્થિક સમાનતાનું ધ્યેય સિદ્ધ થાય આપણો દેશ ગામડાંનો બનેલો છે. એટલે ગામડાં સમૃદ્ધ થતાં દેશ આપો આપ સમૃદ્ધ થાય આમ, ગાંધીજીની આર્થિક યોજનાનો પાયો સ્વદેશી છે, એમ કહી શકાય  હિન્દુસ્તાનમાં વસતા કરોડો માણસોની શક્તિને એકત્રિત કરી તેનો સારામાં સારો ઉપયોગ કરવા માટે હિંદમાં પેદા થતા બધા કાચા માલને તેના અસંખ્ય ગામડાંમાં પધ્ધતિસર વહેંચી તેમાંથી વપરાશી માલ બનાવવામાં સાચું આર્થિક આયોજન સમાયેલું છે.

અમેરિકા અને એવા બીજા દેશોમાં સૌથી વધારે ઓદ્યોગીકરણ થયું છે છતાં ત્યાં માણસને ભ્રષ્ટ કરનારી બદીઓ નાબુદ થઇ નથી, એનું કારણ એટલુજ છે કે, અમેરિકાએ ઉદ્યોગો ચલાવવા માટે માણસ માત્રમાં રહેલી શક્તિ એકઠી કરી તે ધનના ઢગલા કમાઈ જનારી બહુ થોડી વ્યક્તિઓના હાથમાં સત્તા એકઠી કરી આપી છે. આ અંગે ગાંધીજી માનતા હતા કે, આ દેશની અને આખા વિશ્વની આર્થિક રચના એવી હોવી જોઈએકે જેથી કોઇપણ વ્યક્તિ અન્ન અને વસ્રની વગર રહી ન જાય જેમ હવા અને પાણી બધાને મળી રહે છે. તેમ વસ્રનું હોવું જોઈએ જોકે અત્યારે પાણી પણ સરળતાથી મળી શકતું નથી આવી વસ્તુનો ઈજારો કોઈ દેશ, પ્રજા કે પેઢી પાસે હોય તો તે અન્યાય છે.

સૌને જીવનનો વિકાસ કરવાની એક સરખી તક મળે તો દરેક પોતપોતાનો વિકાસ સાધવા સમર્થ થાય એવા સમયની કલ્પના શક્ય નથી જેમાં એક વ્યક્તિ બીજી કરતાં ધનવાન ન હોય, પરંતુ એવા સમયની કલ્પના થઇ શકે કે ધનવાન ગરીબના પેટ પર પગ મૂકીને પૈસા કમાવાની ના પડશે અને ગરીબ તવંગરની ઈર્ષ્યા નહીં કરે. ગરીબ અને તવંગર ભાઈ ભાઈ તરીકે રહેતા હોય

આર્થિક સમાનતાના આ મહાન સિધ્ધાંત અમલ અને વિકારનો સ્વીકાર થતો નથી તેથી જ દેશ અને દુનિયામાં ભૂખ નું દુઃખ રહ્યા કરે છે અને ગરીબી જોવા મળે છે.

## 12.10 ગ્રામઉદ્યોગ અને સહકાર :

ભૂખે મરતા લોકોને રોજી દ્વારા કામ આપવું અને ખાવાનું આપી તેમનામાં ઈશ્વરની ભાવના પ્રગટાવી શકાય. ભારત વર્ષોમાં એક કાળે ગ્રામોદ્યોગ જેવા નિર્દોષ અને અહિંસક વ્યવસાયો ઉપર ગામડાંનું અર્થતંત્ર રચાયું હતું માણસના હક્કો પર નહી, પણ પોતે પેદા કરેલી ચીજોની આપ લે કરતા આ પ્રથામાં એકબીજાને અન્યાય થવાની શક્યતા ઓછામાં ઓછી રહેલી છે.

ભારતનો એક પ્રશ્ન બેરોજગારીનો છે, ત્યારે માણસ કરી શકે તેવા કામોમાં મશીન વાપરવાથી માણસોને ભૂખે મરવું પડે છે. ઔદ્યોગીકરણ દ્વારા સેવા વધવા સાથે રોજગારી ઘટે છે. અખિલ ભારત ખાદીગ્રામોદ્યોગ આયોગ અને રાજ્ય ખાદી ગ્રામોદ્યોગ બોર્ડ ગ્રામોદ્યોગના કાર્યક્રમોની સંગીન વ્યવસ્થા કરશે એવી આશા રાખીએ

ગ્રામઉદ્યોગ વિના ગામ અને ખાદીનો વિકાસ શક્ય નથી. ગ્રામોદ્યોગ સજીવન નહી થાય તો ખાદી પણ નહીં ટકી શકે કે ગામપણ ટકવું અશક્ય બની જશે,

ગામડાંને બચાવવા આપણે જો વિચારતા હોય તો પશ્ચિમની કંપનીમાં બનેલી વસ્તુઓ આપણને ખપે નહીં. રેંટીયાની સાધનામાંથી જ ગ્રામોદ્યોગ ની તાલીમ વગેરે રચનાત્મક કાર્યક્રમો પેદા થાય છે.

ગાંધીજી હંમેશા સર્વનું ભલું ઈચ્છતા હતા, વળી તેઓ જાણતા હતા કે કોઈ પણ વ્યક્તિ એકલે હાથે કશું જ પ્રાપ્તિ કરી શકતો નથી અથવા તો કરે છે તો નહીંવત્. આપણે જયારે સ્વદેશીની વાત કરીએ છીએ ત્યારે કોઈ એક વ્યક્તિના સહકારથી કે કામથી સ્વદેશી કે સ્વરાજ આવવાનું નથી પણ સહુના સહિયારા સહકારથી સિદ્ધિ પ્રાપ્તિ કરી શકાય છે. એક કહેવત છે ‘‘એક લાકડી તોડવી સરળ છે લાકડીના ભારાને તોડવો મુશ્કેલ તથા અઘરું કામ છે.’’

પરસ્પરાવલંબન તથા સહકારી પ્રવૃતિ દ્વારા આર્થિક વિકાસ સાધવાની સાથે સાથે સામાજિક, નૈતિક મૂલ્યો કેળવાય છે.

ગાંધીજીએ દક્ષિણ આફ્રિકામાંથી જ પોતાના જીવનને પરસ્પરાવલંબી બનાવી આશ્રમી જીવનની શરૂઆત કરી હતી વળી, સહકારની ભાવના દ્વારા ઘણું પ્રાપ્ત કરી શકાય છે તે પણ સમજાવ્યું હતું

‘‘વિના સહકાર નહિ ઉદ્ધાર’’

સામૂહિક જીવનથી પરસ્પરાવલંબી પણાને કારણે આત્મીયતા વધે છે, કોમી એકતા પ્રગટે છે, કુટુંબ ભાવના વધે છે. પરસ્પર પ્રેમ અને ભાઈચારો અને આદરભાવના વધે છે. પવિત્ર સંબંધો સ્થપાય છે. સુખ, દુઃખ સહિયારા બને છે. આમ, પરસ્પરાવલંબન અને સહકારી પ્રવૃતિઓ દ્વારા ગાંધીજીએ સ્વદેશી બનાવાની વાત કરી છે. તેમણે કેટલીક સહકારી સમિતિઓની પણ રચના કરી હતી. (1) મજૂર મહાજન સંઘ (2) હરીજન સેવક સંઘ (3) ખાદી ગ્રામોદ્યોગ સંઘ વગેરે સહકારી સમિતિઓ છે જે રચનાત્મક કાર્યક્રમો પર આધારિત કામ કરે છે.

## 12.11 સારાંશ :

- મોટા ઉદ્યોગો અને સંપત્તિનું સંકેન્દ્રિત થવું શોષણ વધારવાનું કારણ બને છે.
- તેમના મત મુજબ સાચો વિકાસ ગામડાંઓ અને નાના એકમો દ્વારા જ શક્ય છે.
- દરેક ગામ પોતાની મૂળભૂત જરૂરિયાતો (અન્ન, કપડા, નિવાસ) જાતે પૂરી કરી શકે તેવું બનવું જોઈએ.
- સ્વાવલંબનનો અર્થ સ્વયંપૂરક બનવું—ગામનું ધન ગામડામાં જ રહેવું.
- ગાંધીજી યંત્રવિરોધી નહોતા, પરંતુ માનવશક્તિનું સ્થાન લેતી અને બેરોજગારી વધારતી યંત્રોની કટોકટીનો વિરોધ કરતા હતા.

- ખાદી, હસ્તકલા, નાના ઉદ્યોગો સ્વાભાવિક રીતે માનવ–કલ્યાણકારી માનતા.
- જરૂરિયાત જેટલું જ વાપરવું જોઈએ.
- વધારે વપરાશ અસમાનતા અને ગરીબી સર્જે છે.
- "ધરતી દરેકની જરૂરિયાત પૂરી શકે છે, લાલચ નહીં."
- સ્વદેશી માત્ર ચરખો નહીં, પરંતુ સમગ્ર આર્થિક જીવનનો સિદ્ધાંત છે.
- પોતાની આસપાસની પરિસ્થિતિ,સંસાધનો અને લોકોની સેવાપ્રત્યેની પ્રતિબદ્ધતા સ્વદેશી છે.
- દરેક વ્યક્તિએ કોઈ ન કોઈ શરીરશ્રમ કરવો જ જોઈએ.
- સાચું ઉત્પાદન માનવ–શ્રમ આધારિત હોવું જોઈએ.
- સંપત્તિ થોડા લોકોના હાથમાં કેન્દ્રીત ન થવી જોઈએ.
- સમાન તક અને માનસિક–સામાજિક સમાનતા ઉજાગર કરવી જરૂરી.
- ગ્રામઉદ્યોગો રોજગારી અને સ્વાવલંબન બંને આપે છે.
- સહકાર—એકબીજાને મદદથી સામૂહિક વિકાસ—ગાંધીજીના આર્થિક વિચારનો કેન્દ્ર છે.

આમ,ગાંધીજીનું આર્થિક મોડેલ માનવ–કેન્દ્રિત, અહિંસક, નૈતિક અને કલ્યાણકારક છે. તેઓ માને છે કે સાચી આર્થિક પ્રગતિ માનવને સુખ, શાંતિ, કામ અને આત્મસન્માન આપે ત્યારે જ અર્થપૂર્ણ બને.

## 12.12 ચાવીરૂપ શબ્દો :

**વિકેન્દ્રીકરણ :** મોટા ઉદ્યોગો અને સંપત્તિ થોડાં હાથોમાં ભેગી ન થાય તે માટે ઉત્પાદન અને શક્તિ ગામડાંઓ સુધી વહેંચવાની ભાવના. આ શોષણ અટકાવે છે અને લોકલ રોજગાર વધારાવે છે.

**સ્વાવલંબન :** દરેક ગામ પોતાની મૂળભૂત જરૂરિયાતો (અન્ન, કાપડ, વસવાટ) જાતે પૂરી કરી શકે તેવુ માળખું. ગામનું ધન ગામમાં જ રહે અને બહારની નિર્ભરતા ઘટે તે મુખ્ય આશય.

**સ્વદેશી :** પોતાના દેશમાં બનેલી વસ્તુઓને પ્રાથમિકતા આપવી અને વિદેશી વસ્તુઓની જરૂરિયાત ઓછી કરવી. આ સ્થાનિક રોજગાર, ગામઉદ્યોગ અને નૈતિક ઉપભોગને પ્રોત્સાહિત કરે છે.

**શરીરશ્રમ (Bread Labour) :** દરેક વ્યક્તિએ પોતાની જીવનજરૂરિયાતો પૂરી કરવા માટે શારીરિક મહેનત કરવી જોઈએ. માનવ–શ્રમને મહત્વ આપવાથી માનવગૌરવ, સમાનતા અને ઉત્પાદન બંને વધે છે.

**આર્થિક સમાનતા :** સમાજમાં સંપત્તિ થોડા લોકોમાં ભેગી ન થાય અને સૌને જીવન–વિકાસની સમાન તક મળે તે વિચાર. અન્યાય, ગરીબી અને શોષણ ઘટાડવાનો મુખ્ય માર્ગ.

## 12.13 તમારી પ્રગતિ ચકાસો :

**(ક) નિબંધ પ્રકારાના પ્રશ્નો**

1. ગાંધીજીના આર્થિક વિચારના મુખ્ય સ્તંભો કયા છે? તેમના આર્થિક ચિંતનની વિશેષતાઓ સમજાવો.

2. વિકેન્દ્રીકરણ અંગે ગાંધીજીના વિચારો સમજાવો અને આજના ભારતના વિકાસ મોડલ સાથે તેની સરખામણી કરો.

3. સ્વાવલંબન અને સ્વદેશી સિદ્ધાંતનું ગાંધીજીના આર્થિક મોડલમાં શું મહત્વ છે? ઉદાહરણ સાથે સમજાવો.

4. ઔદ્યોગિકીકરણ અને યંત્રોના ઉપયોગ અંગે ગાંધીજીના મત જણાવો. તેઓ મશીન વિરુદ્ધ કેમ નહોતા?

5. ગાંધીજી અનુસાર આર્થિક અસમાનતા, શોષણ, અને ગરીબી દૂર કરવા માટેના માર્ગો સમજાવો.

**(ખ) ટૂંકનોંધ**

1. સ્વાવલંબન
2. સ્વદેશી
3. શરીરશ્રમ (Bread Labour)
4. વિકેન્દ્રીકરણ
5. ખાદી અને ગ્રામઉદ્યોગ

**(ગ) હેતુલક્ષી પ્રશ્નો**

1. ગાંધીજીના આર્થિક વિચાર પર સૌથી વધારે પ્રભાવ કયા વિચારકનો હતો?

   (A) એડમ સ્મિથ (B) કાર્લ માર્ક્સ (C) જૉન રસ્કિન (D) માર્ક્સ વેબર

2. ગાંધીજીના મત મુજબ સાચી સ્વતંત્રતા ક્યારે પ્રાપ્ત થાય?

   (A) રાજકીય સત્તા મળે ત્યારે

   (B) આર્થિક સ્વાવલંબન પ્રાપ્ત થાય ત્યારે

   (C) વિદેશી વેપાર વધે ત્યારે

   (D) મશીનનો ઉપયોગ વધે ત્યારે

3. ગાંધીજી કયા પ્રકારના આર્થિક માળખાના સમર્થક હતા?

   (A) કેન્દ્રીકરણ (B) વૈશ્વિકીકરણ

   (C) ભારે ઔદ્યોગિકીકરણ (D) વિકેન્દ્રીકરણ

4. સ્વદેશીનો મુખ્ય હેતુ શું છે?

(A) વિદેશી વસ્તુઓનો બહિષ્કાર (B) સ્થાનિક ઉત્પાદનને પ્રાથમિકતા

(C) નફો વધારવો (D) મોટા ઉદ્યોગો સ્થાપવા

5. ગાંધીજીના મત મુજબ મશીનનો ઉપયોગ ક્યારે યોગ્ય?

(A) જ્યારે માનવશક્તિનું શોષણ ન થાય

(B) જ્યારે નફો વધે

(C) જ્યારે બેકારી વધે

(D) જ્યારે આયાત વધી જાય

6. 'Bread Labour' નો અર્થ શું છે?

(A) પૈસા કમાવનાર શ્રમ

(B) માનવ શ્રમનો જથ્થો

(C) જીવનજરૂરિયાત માટેનો શરીરશ્રમ

(D) મશીનથી થતો શ્રમ

7. ગાંધીજીની દૃષ્ટિએ સૌથી મહત્વનું આર્થિક એકમ કયું?

(A) ગામ (B) મથક (C) રાજ્ય (D) શહેર

8. આર્થિક અસમાનતા દૂર કરવા ગાંધીજે કયા માર્ગને મહત્વ આપ્યું?

(A) કરવેરો વધારવો (B) ભારે ઔદ્યોગિકીકરણ

(C) સહકારિતાઓ અને ગામઉદ્યોગ (D) ખાનગીકરણ

9. ખાદી ચળવળનો મુખ્ય હેતુ કયો હતો?

(A) ચરખાનું ઉત્પાદન વધારવું (B) બ્રિટિશ કાપડનો બહિષ્કાર

(C) ઉદ્યોગપતિઓને સહાયતા (D) ગામડાઓમાં રોજગાર સર્જવું

10. "સૌ પોતાની જરૂર જેટલું જ લે તો ગરીબી બાકી ન રહે" આ વિચાર કોનો?

(A) વિવેકાનંદ (B) તિલક (C) ગાંધીજી (D) નેતાજી બોઝ

## ❖ સંદર્ભ પુસ્તકો

ગાંધી, મોહનદાસ.(1963).' મારા સ્વપ્નનું ભારત', નવજીવન પ્રકાશન મંદિર,અમદાવાદ.

ગાંધી, મોહનદાસ.(1922). 'હિન્દ સ્વરાજ', નવજીવન પ્રકાશન, અમદાવાદ- 14.

ગાંધી, મોહનદાસ.(1920). 'હરીજન બંધુ', નવજીવન પ્રકાશન , અમદાવાદ - 14

પરીખ, મોહન.(1985),'ગ્રામ વિકાસની ટેકનોલોજી', બાલગોવિંદ પ્રકાશન, અમદાવાદ – 1

કોઠારી, વિઠ્ઠલદાસ પટેલ, અંબાલાલ. (શ્રી મન્નારયણજી એ વિદ્યાપીઠમાં આપેલા 3 વ્યાખ્યાનોનો ગુજરાતી અનુવાદ.)(1997). 'ગાંધીજીનું અર્થદર્શન' , ગુજરાત વિદ્યાપીઠ, અમદાવાદ.

ગાંધી, મોહનદાસ.(1959) 'પંચાયતરાજ', નવજીવન પ્રકાશન, અમદાવાદ.

પરીખ, નરહરી દ્વારકાદાસ.(2001). 'માનવ અર્થશાસ્ત્ર', નવજીવન પ્રકાશન અમદાવાદ.

શાહ, દશરથલાલ.(2005). 'અર્થકરણમાં સ્વદેશી', સર્વોદય પ્રેસ સર્વિસ બુલેટીન, ગુજરાત વિદ્યાપીઠ, અમદાવાદ.

રાઠોડ, પ્રવીણકુમાર પી.(2013).'NGOની પ્રવૃત્તિઓનો આર્થિક અભ્યાસ' શાર્દુલ પ્રકાશન અમદાવાદ.

રાઠોડ, પ્રવીણકુમાર પી. (2018). 'મોઝદા પરિવાર અને ગ્રામ વિકાસ' લોકામીત્રા પ્રકાશન, સુરત

## ❖ તમારી પ્રગતિ ચકાસો ના જવાબો :

1. (C) જૉન રસ્કિન
2. (B) આર્થિક સ્વાવલંબન પ્રાપ્ત થાય ત્યારે
3. (D) વિકેન્દ્રીકરણ
4. (B) સ્થાનિક ઉત્પાદનને પ્રાથમિકતા
5. (A) જ્યારે માનવશક્તિનો શોષણ ન થાય
6. (C) જીવનજરૂરિયાત માટેનો શરીરશ્રમ
7. (A) ગામ
8. (C) સહકારિતાઓ અને ગામઉદ્યોગ
9. (D) ગામડાઓમાં રોજગાર સર્જવું
10. (C) ગાંધીજી

*****************

# એકમ-13
# ગાંધીજીના આર્થિક વિચારો અને રાજ્યની ભૂમિકા

**13.0 ઉદ્દેશ્યો**

**13.1 પ્રસ્તાવના**

**13.2 રચનાત્મક કાર્યો દ્વારા આર્થિક યોજના**

**13.3 વાલીપણાનો સિદ્ધાંત**

**13.4 માનવ અર્થશાસ્ત્ર**

**13.5 વિશ્વસંગઠનમાં ગાંધીજીની ભૂમિકા**

**13.6 ગાંધીજીનું રામ રાજ્ય અને રાજ્યનું કાર્યક્ષેત્ર**

**13.7 ગાંધીજીના ગામડાં અંગેના વિચારો**

**13.8 ગાંધીવિચારની આર્થિક અસરો**

**13.9 ગાંધીવિચારની આલોચના અને પ્રતિ આલોચના**

**13.10 સારાંશ**

**13.11 ચાવીરૂપ શબ્દો**

**13.12 તમારી પ્રગતિ ચકાસો**

❖ સંદર્ભ પુસ્તકો

❖ તમારી પ્રગતિ ચકાસોના જવાબ

## 13.0 ઉદ્દેશ્યો :

વિદ્યાર્થી મિત્રો, આ એકમમાં આપણે મહાત્મા ગાંધીના આર્થિક વિચારો અને રાજયની ભૂમિકા અંગે અભ્યાસ કરવાના છીએ. આ એકમના અભ્યાસ બાદ તમે.....

➢ ગાંધીજીના આર્થિક વિચારો અને તેમાં રાજયની જવબદારીઓ અંગે સમજ આપી શકશો.

➢ ગાંધીજીના રચનાત્મક કર્યો દ્વારા આર્થિક યોજના અંગે ચર્ચા કરી શકશો.

➢ ગાંધીજીની રામ રાજયની વિભાવના સમજાવી શકશો.

## 13.1 પ્રસ્તાવનાં :

મહાત્મા ગાંધીના આર્થિક વિચારો આધુનિક અર્થશાસ્ત્રના મુખ્ય પ્રવાહથી સંપૂર્ણપણે જુદા પડે છે. તેઓ માર્ક્સવાદી સમાજવાદ, કેપિટાલિઝમ કે કલ્યાણકારી રાજયના મોડેલને

સ્વીકારતા ન હતા. તેમનું અર્થતંત્ર નૈતિકતા, અહીંસા, સ્વાવલંબન અને ગ્રામ્ય કેન્દ્રી વિકાસ પર આધારિત હતું. ગાંધીજી માનતા હતા કે સાચો આર્થિક વિકાસ એટલે માનવીનો સર્વાંગી વિકાસ અને તેની પાછળનું સાધન એટલે સ્વદેશી, ખાદી અને ગ્રામોદ્યોગ.

ગાંધીજી રાજ્યને મર્યાદિત અને ન્યૂનતમ હસ્તક્ષેપવાળું જોતા હતા. તેઓ ''સ્વરાજ''ની વાત કરતા ત્યારે એનો અર્થ માત્ર બ્રિટિશ રાજ્યનો અંત નહીં, પણ કેન્દ્રિત સત્તાનો પણ અંત હતો.

- ગાંધીજી ''ઓશનિક સર્કલ્સ''ની કલ્પના આપીઃ વ્યક્તિ → કુટુંબ → ગામ → તાલુકો → જિલ્લો → પ્રાંત → રાષ્ટ્ર. આમાં સૌથી નીચલા સ્તરે (ગામ પંચાયત) સૌથી વધુ સત્તા હોવી જોઈએ, ઉપરના સ્તરે ઓછી અને સૌથી ઉપર (કેન્દ્રીય રાજ્ય) સૌથી ઓછી સત્તા.
- રાજ્યનું કામ ફક્ત બાહ્ય સુરક્ષા, ન્યાય વ્યવસ્થા અને એવા કામો કરવાનું જે ગામ પોતે ન કરી શકે.
- પોલીસ અને સૈન્ય પર પણ તેઓ શક્ય તેટલું ઘટાડવાની વાત કરતા હતા; તેમને લાગતું હતું કે અહિંસક સમાજમાં આવી સંસ્થાઓની જરૂર ઓછી થઈ જશે.
- મોટા જાહેર ઉપક્રમો, રાષ્ટ્રીયકરણ કે આયોજનના મોડેલને તેઓ નકારતા હતા; તેને તેઓ કેન્દ્રીકૃત સત્તાનું સ્વરૂપ માનતા.

આજના સંદર્ભમાં મહત્વ

ગાંધીના વિચારોને આજે ''ઉત્તર-ઔદ્યોગિક'' કે ''પર્યાવરણીય અર્થશાસ્ત્ર''ના સિદ્ધાંતો સાથે સરખાવવામાં આવે છે. સ્થાનિક ઉત્પાદન, નાના ઉદ્યોગો, ટકાઉ વિકાસ, ડી-ગ્લોબલાઈઝેશન જેવા વિચારો આજે પણ પ્રસ્તુત થાય છે ત્યારે ગાંધીના વિચારોની યાદ આવે છે.

સારાંશમાં, ગાંધીજીનું અર્થતંત્ર નફા કે GDP પર નહીં, પણ માનવીના નૈતિક અને આધ્યાત્મિક વિકાસ પર આધારિત હતું અને રાજ્યને તેઓ વ્યક્તિ અને ગ્રામની સ્વતંત્રતાનું રક્ષક નહીં પણ સેવક ગણતા હતા. આ વિચારો આજે પણ વૈકલ્પિક આર્થિક મોડેલની શોધમાં પ્રેરણારૂપ છે.

## 13.2 રચનાત્મક કાર્યો દ્વારા આર્થિક યોજના :

ભારતમાં માનવ શક્તિ બેકાર હોય ત્યારે માણસ કરી શકે તેવા કામોમાં મશીન વાપરવાથી માણસોને ભૂખે મરવું પડે છે. રચનાત્મક કાર્યોનો મુદ્દો આર્થિક સમાનતા દ્વારા અહિંસક પૂર્ણ સ્વરાજની મુખ્ય ચાવી છે. આર્થિક સમાનતાને માટે કામ કરવું એટલે મૂડી અને મજૂરી વચ્ચેના કાયમના ઝગડાને મિટાવવો અહિંસાથી સમાજમાં ફેરફાર કરવાના પ્રયાસો હજી ચાલુ છે. તેની ગતિ ગમે તેટલી ધીમી કેમ ન હોય પણ તે પદ્ધતિનું કાર્ય સમાનતાની દિશામાં શરુ થઇ ચૂક્યું છે. અહિંસાનો રસ્તો હદય પરિવર્તનનો છે.

ગાંધીજીએ કહેલું કે, મેં ઉપદેશ કરતા સારો રસ્તો બનાવ્યો છે. રચનાત્મક કાર્યક્રમ દેશને એ દિશામાં બહુ આગળ લઈ જાય છે. રેંટીયો અને તેના મળતા ઈતર ઉદ્યોગો જો પૂરેપુરા સફળ થાય તો સામાજિક તેમજ આર્થિક સમાનતાની સ્થાપના થાય. આર્થિક સમાનતાનો સાચો અર્થ એ છે કે દરેક ને પોતાની જરૂર પ્રમાણે રહેવાનું ઘર, પોતાના બાળકોની કેળવણી માટે સગવડ અને માંદગી વખતે પૂરતી દવા મળે આર્થિક સમાનતાના ખ્યાલમાં આ સમાય છે.

## 13.3 વાલીપણાનો સિધ્ધાંત :

આર્થિક સમાનતાના મૂળમાં ધનિકનું ટ્રસ્ટીપણું રહ્યું છે. જેમની પાસે અત્યારે ધન છે તેમને તે ધન ગરીબો વતી રાખવાનું છે અને તેના ટ્રસ્ટી તરીકે વર્તવાનું કહેવામાં આવે છે. તેમ કહી શકો કે ટ્રસ્ટીશીપ કાયદા શાસ્ત્રની એક કલ્પના માત્ર છે પણ જો લોકો એને વિશે સતત વિચાર કરે અને તેનો અમલ કરવાનો પ્રયત્ન કરે તો જીવનમાં પ્રેમ વધશે. આપણે કોશિશ કરીએ તો દુનિયામાં સમાનતા લાવવા માટે બીજી કોઈ પણ પધ્ધતિ કરવા આ રીત આગળ જઈ શકીશું.

જમીનદારો અને ધનિકોનો દિલ અહિંસાથી પલટાવી શકાય છે. તે માટે વર્ગો વિગ્રહ અનિવાર્ય નથી. ટ્રસ્ટી શબ્દનો અર્થ ગાંધીજીનો ગીતાના અભ્યાસમાંથી સ્પષ્ટ થયો છે. ટ્રસ્ટીની પાસે કરોડો રૂપિયા હોય તો પણ તેમાંની એક પાઈ તેની નથી એમ, માની મુમુક્ષુની જેમ વર્તવું હયું જે કંઈ છે તે બધું ઈશ્વરનુંજ છે. વ્યક્તિ પાસે ખપ કરતાં જે કઈ વધારે હોય તે વધારાની સંપત્તિનો તે ઈશ્વરી પ્રજાને અર્થે ટ્રસ્ટી બને છે.

ધનિક વર્ગો ખરેખરી જરૂરિયાત પૂરતું રાખી શ્રમજીવી વર્ગોની હરોળમાં આવીને બેસે તેવા અહિંસક સમાજની રચના ઈચ્છવા યોગ્ય છે. જો રાજ્ય પોતે મૂડીવાદને હિંસાથી દાબી દેશે તો રાજ્ય પોતે હિંસાના વમળમાં ફસાઈ જશે ટ્રસ્ટીશીપ પાછળ તત્વજ્ઞાન અને ધર્મની પ્રતિષ્ઠા રહેલા છે. આ સિવાય બીજા એકય સિદ્ધાંતનો અહિંસા સાથે મેળ બેસે તેમ નથી. હિંદ સ્વતંત્ર થયા પછી મૂડી પતિઓને ટ્રસ્ટી થવાની તક મળી છે. પંચાયતી રાજનું માળખું સુધાર્યા પછી તેવી શક્યતાઓ વધી છે.

ટ્રસ્ટી યોજનામાં જે ઉત્પાદન થશે તે સમાજની જરૂરીયાતને ધ્યાનમાં રાખીને થશે. પેઢીઓથી ઉતરી આવેલા અનુભવી તથા વિશિષ્ટ કૌશલ્યને કારણે મિલકતવાળા વર્ગના લોકોએ પ્રાપ્ત કરેલા જ્ઞાન તથા વેપારની કુનેહનું મુલ્ય ઓછું આંકવું જોઈએ નહીં, લોકમત દ્વારા અહિંસક રીતે તે થવું જોઈએ ખરો ભરોસો અહિંસાની તાકાત પર રહેવો જોઈએ.

## 13.4 માનવ અર્થશાસ્ત્ર :

કોઈપણ આર્થિક વ્યવસ્થાના મૂળમાં માનવી રહેવો જોઈએ પશ્ચિમી ભૌતિકવાદી મૂડીવાદ સમસ્યામાં નફાને મહત્વનો ગણવાયો છે તેને કારણે ઊભા થયેલા બજારું પરિબળો એ છેતરપીંડી અને અસત્યનું સામ્રાજ્ય ફેલાયું છે. માણસ માણસ વચ્ચેનો વિશ્વાસ ખોવાવા લાગ્યો. આવું લાંબો સમય ચાલે તો સમાજજીવન માનવતા વિહોણું બની જાય, આર્થશાસ્ત્ર ને હરીફાઈ અને નફાની નહીં, પરંતુ સહકાર અને માનવ મૂલ્યોની દોરવણી માનવીં જોઈએ, આપણું લક્ષ કેવળ વધારેમાં વધારે ઉત્પાદન નહી, પરંતુ એક એક મનુષ્યને પૂરતું કામ અને પૂરતી તકો મેળવી આપવાનું હોવું

જોઈએ શ્રી બબલભાઈ મહેતાના મતે જ્યાં સુધી દરેક પ્રવૃત્તિ નાણાંના ગજથી માપવાની ચાલુ રહેશે ત્યાં સુધી ગાંધીજી ની કોઈ ચીજ (વિચારો) પોષવાની નથી. મહત્વનો પ્રશ્ન એ છે કે આપણે નાણાંને અગ્રસ્થાન આપવું કે માણસને તે નક્કી કરવાનો સમય પાકી ગયો છે.

ગાંધીજીનો વિશ્વાસ હતો કે મનુષ્ય સ્વભાવથી હિંસક અને બીજાઓ પર ઉપકાર કરવા વાળો નથી તેની પ્રકૃતિને એવી રીતે બનાવી શકાયકે તે માત્ર પોતાના હિત અને પ્રગતિથી સંતુષ્ટ ના રહે પણ બધાની પ્રગતિને પોતાની પ્રગતિ સમજે મનુષ્યમાં દયા સહાનુભૂતિ, પ્રેમ કરુણા વધે છે. ગુણો છે કે જેનો યોગ્ય વિકાસ કરવાથી તે બધાની ઉન્નતિ અને બધાના સર્વોદયમાં પ્રવૃત થઇ શકે જ્યાં સુધી મનુષ્યની પ્રકૃતિના આ પાસાઓનો વિકાસ ન કરવામાં આવે તો માત્ર કાયદા દ્વારા સુધારો કરી શકાય નહી.

## 13.5 વિશ્વ સંગઠનમાં ગાંધીજીની ભૂમિકા :

ગાંધીજીએ રાજનીતિમાં પ્રવેશ કરતાં સત્ય અને અહિંસાના સિધ્ધાંતોને જનતાની સામે રાખ્યા અને અસહયોગ આંદોલન દ્વારા ભારતની જનતામાં એક નવી ચેતના જગાવવાનો પ્રયત્ન કર્યો. ભારતીય સ્વતંત્રતા ના આંદોલન એકમાત્ર ધ્યેય ફક્ત ભારત ને અંગ્રેજોની ગુલામીમાંથી મુક્ત કરવાનો ન હતો પણ સત્ય અને અહિંસાના સિદ્ધાંતો દ્વારા વિશ્વના આ સ્થાનને જાગૃત કરવા નવા વિશ્વ સંગઠન અને વિશ્વશાંતિના પક્ષને પણ પ્રબળ બનાવવાનો હતો. વાસ્તવમાં વિશ્વસંગઠન માટે બધા રાષ્ટ્રોનું સ્વતંત્ર હોવું જેટલું આવશ્યક છે તેટલું જ સામ્રાજ્યવાદી દેશોની મનોવૃત્તિમાં પરિવર્તન કરવું જોઈએ. ત્યારે જ આપણો વિશ્વશાંતિનો પક્ષ પ્રબળ કરી શકીએ ભારતનું સ્વતંત્રતા આંદોલન આ વાતનું સચોટ ઉદાહરણ છે હકીકતમાં રાજકારણના ઈતિહાસમાં આ એક નવું અને પ્રશંસનીય કામ છે, અને તે વાત પણ ચોક્કસ છે કે, અહિંસા વિશ્વને સંગઠિત કરવા માટેનું એક સબળ સાધન છે. આજના યુગની સૌથી મોટી સમસ્યા વિશ્વ શાંતિની છે. વિશ્વ રાજ્ય માત્ર એ રાજનૈતિક ઢાંચો છે, જેના દ્વારા વિશ્વ સંગઠન તથા વિશ્વશાંતિને વધુ ટકાવી શકાય છે. યુરોપમાં સંત ઓગસ્ટીને અનેક સદીઓ પહેલાં ઈશારો કરેલ હતો. વર્તમાન પરિસ્થિતિમાં કોઇપણ રાષ્ટ્ર પૂરી રીતે સ્વતંત્ર રહીને જીવંત રહી શકે નહીં, તથા બધા જ રાષ્ટ્રો એક બીજા પર કોઈને કોઈ રીતે આધાર રાખે છે. એટલેજ સૌ દેશોએ પોતાના મતભેદો શાંતિપૂર્વક ઉકેલવા જોઈએ. ગાંધીજીના મત અનુસાર જે દેશ અહિંસાને અનુસરે તેજ સાચા અર્થમાં પોતાની સ્વતંત્રતાની રક્ષા કરતાં કરતાં વિશ્વ સંગઠનના માર્ગને અનુસરશે. ગાંધીજીએ પોતાના આધ્યાત્મિક જ્ઞાનનાં કાર્યો કે જીવનના મૂળ ઉદ્દેશ્યોને બદલ્યા વિના વિકૃત મસ્તકના ઉપચાર વગર વિશ્વ સંગઠનની કલ્પનાને સાકાર કરી શકાય નહીં. તેઓએ ગીતા, કુરાન, બાઈબલ તથા ભારતીય ઉપનિષદોનો સમન્વય કરીને એક અત્યંત શ્રેષ્ઠ માનવ દર્શનને વિશ્વ ની સામે રાખ્યું છે. કારણ એ હતું કે, ગાંધીજી પોતાના વિરોધીઓને પણ ખૂબજ પ્રેમ કરતા હતા, તેને પેમ અને સૌહાર્દથી પણ જીતવા માંગતા હતા. આફ્રિકાના બોઅર યુધ્ધમાં તેઓ એ અંગ્રેજોની સહાયતા કરીને પોતાની માનવીય દર્શનને પૂરું વ્યવહારિક રૂપ આપ્યું હતું.

## 13.6 ગાંધીજીનું રામ રાજ્ય અને રાજ્યનું કાર્યક્ષેત્ર :

મહાત્મા ગાંધીજી આદર્શ રાજકતાવાદી રાજ્યના સમર્થક હતા. રાજકતાવાદ નો અર્થ એ છે કે વ્યક્તિ સ્વાતંત્રયનું સમર્થન કરવા વાળા તથા શાસનની જરૂરિયાત ન માનવા વાળો સિદ્ધાંત. ગાંધીજીનો વિશ્વાસ સાચા સ્વરાજની સ્થાપનામાં હતો. સ્વરાજનો આર્થ ગાંધીજીના મતાનુસાર એ છે કે, જનતા સરકારના નિયંત્રણથી સરકાર વિદેશી હોય કે સ્વદેશી મુક્ત થવા માટે સતત પ્રયત્ન કરતા રહે છે. તેઓએ યંગ ઇન્ડિયામાં લખ્યું છે કે, જે સ્વરાજમાં લોકો પોતાના જીવનના નાના નાના કાર્યો માટે સરકારી યોજનાપર કે સરકાર પર આધાર રાખે નહીં, આ રીતે ગાંધીજી જાગૃત લોકશાહીના હિમાયત હતા. જેમાં સર્વને તેની પૂરી પ્રતિષ્ઠા પ્રાપ્ત થશે ગાંધીજી રાજ્ય શક્તિથી અલગ તે રાજ્ય અથવા સમાજની કલ્પના કરતા હતા જેનો આધાર સત્ય અને અહિંસા હતો.

ગાંધીજીના મતે રાજ્ય સ્વાવલંબી ગામડાંઓનો સમુદાય હશે આ ગામડાંઓની પંચાયતો પોતાની સત્તા અને શક્તિ કોઈ કેન્દ્રિત સરકાર પાસેથી મેળવશે નહી, પરંતુ તે ગામડાંની આવશ્યકતાનું સ્વૈચ્છિક રીતે જ જે સંગઠન બનાવે તેનાથી રાજ્યસત્તા નો ઉદ્દભવ થશે. આ પ્રકારે દેશના શાસનની વાસ્તવિકતા શક્તિ ગામડાઓમાં સમાયેલી રહેશે. જિલ્લા, રાજ્ય અને દેશની સરકારો પાસે જે શક્તિ હશે તે તેઓ નીચેથી જ પ્રાપ્ત કરશે. ગાંધીજી શાસન કાર્યમાં વિકેન્દ્રીતકરણના સમર્થક અને કેન્દ્રીકરણના વિરોધી હતા.

ગાંધીજી પોતાની રીતની સામાજિક અને રાજનીતિની વ્યવસ્થા દ્વારા રામ રાજ્યની સ્થાપના કરવા ઇચ્છતા હતા, જેમાં કોઇપણ પ્રકારની હિંસાને કોઈ સ્થાન નહોય ગાંધીજી રામ રાજ્યના સંબંધોમાં કહેતા કે, આ પૃથ્વીપર ઈશ્વરનું રાજ્ય કરી શકાય રાજકારણની દૃષ્ટિએ આ એક એવું લોકશાહી શાસન હશે કે જેમાં સંપત્તિ હોય કે ના હોય, રંગ, નીતિ, ધર્મ તથા લિંગના ભેદ પર આધારિત બધી જ અસમાનતાનો અંત આવી જશે, ન્યાય ઝડપી, પૂરો અને સસ્તો હશે, ધર્મની બાબતમાં બધાજ લોકોને પૂરી સ્વતંત્રતા હશે.

ગાંધીજી રાજ્યના કાર્યક્ષેત્ર અંગે માનતા હતા કે આજકાલ ના રાજ્યો ખૂબ કામ કરે છે તે મનુષ્યોના એવા સમુદાયોએ કરવા જોઈએ કે, જેનું નિર્માણ તેઓ એ સ્વેચ્છા પૂર્વક કરેલ છે ગાંધીજીએ યંગ ઇન્ડીયામાં લખેલું કે, હું સ્વીકાર કરું છું કે કેટલીક વાતો એવી છે જેને રાજનીતિક શક્તિ વગર કરી શકવી સંભવ નથી પણ કેટલીક એવી બાબતો છે જેના માટે રાજ્ય શક્તિ પર આશ્રિત રહેવાની આવશ્યકતા નથી. આજ સાચા અર્થમાં લોકશાહી છે જ્યાં આ વાત ન હોય તે રાજ્યમાં માત્ર નામનું જ લોકતંત્ર હોય છે. તેઓની નજરમાં રાજ્યનું કર્તવ્ય અહીત કરવાવાળા લોકોને રોકવા અને તેઓ બીજાને નુકસાન ન પહોચાડેલ તે પણ જોવું એટલે ન્યાયની સ્થાપના માટે રાજ્યની જરૂરિયાત બની રહે છે. પરંતુ લોકશાહીની સાચા અર્થમાં સ્થાપના કરવા આ પણ જરૂરી નથી અને તેનું કામ અત્યંત સીમિત રહે અને વ્યક્તિગત સ્વતંત્રતામાં અવરોધ પણ ન બને.

## 13.7 ગાંધીજીના ગામડાં અંગેના વિચારો :

ભારત ગામડાંઓનો દેશ છે. ભારતે વિકાસ સાધવો હોય, તો ગ્રામવિકાસ જરૂરી છે. સાચા ભારતનું દર્શન ભવ્ય શહેરોમાં નહીં. પણ ગરીબીમાં ખદબદતા ગામડાંઓમાં જે થશે. આજે આઝાદીના 75 વર્ષ પછી પણ આપણે ગાંધીજીના આદર્શનું ગ્રામસ્વરાજ ઉભું કરી શક્યા નથી ગાંધીજી દેશના

લાખ્ખો ગામડાંની સૂચિ બદલવા માગતા હતા તેઓ માનતા કે ગામજનોને પૂરતો પોષક ખોરાક, પૂરતા કપડાં અને ઘર આટલી પ્રાથમિક જરૂરિયાત તો અવશ્ય મળવી જ જોઈએ.

ગાંધીજી માનતાકે ગામડાં નાં રોજ બરોજના સવાલો હલ કરવા માટે દૂર પાટનગરમાં બેઠેલી સરકારો કશું કરી ન શકે તેથી તે ગામડાંઓમાં પંચાયત રાજ સ્થાપવા માંગતા હતા.

ગાંધીજી આ દેશના એક એક ગામજનને દેશના વહીવટમાં સ્થાન આપવા માંગતા હતા આમ જનતા પોતાના ગામનો વહીવટ પોતેજ કરી લે એનાથી રૂડું શુંએનાથી એ પ્રજાનો આત્મવિશ્વાસ વધશે.

પંચાયતની ફરજ શું હોઈ શકે, તે પણ ગાંધીજીએ વિચાર્યું હતું ગાંધીજીની સામે વહીવટનો પ્રાચીન આદર્શ હતો. પ્રાચીન સમયમાં દેશે દેશના મુશાફરો આપણા દેશમાં આવતા હતા તેઓ લખી ગયા છે કે, ભારતમાં કોઈ ચોરી કરતું નથી બધા પ્રમાણિક છે. પંચાયતમાં ચૂંટાઈ ને જનારા અંદર અંદર તકરાર ન કરે, ઝગડા થાય તો પંચ એનો ફેસલો કરે ગાંધીજીએ આવા ગામનો વિચાર કર્યો હતો.

ગામમાં જાનવરોને પુરતું ખાવાનું મળી રહે એ વાત પંચાયતે જોવાની છે. ગામના પશુધનનું જતન પણ પંચાયતે કરવું, ગામની ખેતીમાં પણ સુધારો થાય ઉત્પાદન વધે ગામમાંથીજ ખાતર મળી રહે એ બધી વ્યવસ્થા પંચાયતે જ કરવાની હોય લોકોની તંદુરસ્તીનો ખ્યાલ પણ પંચાયતે જ રાખવાનો હોય છે. ગામની વસ્તુ ગામમાંજ રહે અને ગામની બધીજ અથવા મોટાભાગની જરૂરિયાતો ગામમાંથી જ સંતોષાય અને ગામ સ્વાવલંબી બને.

આ ઉપરાંત ગાંધીજીને સિનેમા માં શ્રધ્ધા નથી. સિનેમા સામે ગાંધીજીને વાંધો છે. પરંતુ દરેક ગામમાં હળવું મનોરંજન મળવું જોઈએ ગામ દારૂ તથા ગાંજાના વ્યસનમાંથી મુક્ત હોવું જોઈએ.

આમ ગાંધીજી એક આદર્શ ગામની કલ્પના કરતા હતા જ્યાં ગ્રામોદ્યોગનો પણ વિકાસ થયો હોય અને ગામ સ્વાવલંબી પણ હોય.

## 13.8 ગાંધીવિચારની આર્થિક અસરો :

ગાંધીજી બાદ ભારતના આર્થિક સામાજિક સવાલો હલ કરવાની દિશામાં અહિંસાનો સૌથી મોટો પ્રયોગ થયો હોયતો તે ભૂદાન, ગ્રામદાનનો પ્રયોગ છે.

જમીન વહેંચણીનો પ્રશ્ન ભારતના નવનિર્માણ નો પ્રાણ પ્રશ્ન હતો. ભારતના ઘણા ખરા રાજ્યોમાં એ અંગે આઝાદી આવ્યા બાદ એક યા બીજા પ્રકારના કાયદાઓ થયા હતા છતાં કાયદાઓ તથા સમાજવાદીઓ ને સામ્યવાદીઓના આંદોલનોથી દેશમાં વીસ વર્ષમાં ભૂમિહીનો માટે જેટલી જમીન પ્રાપ્ત થઇ અને વહેંચાઇ તે કરતા કેટલીય વધારે જમીન ભૂદાન આંદોલન મારફતે પ્રાપ્ત થઈ અને વહેંચાઇ હતી. આ સિદ્ધિ ભારતના સમગ્ર પ્રશ્નની દ્રષ્ટીએ ભલે અલ્પ ગણાય પણ અહિંસક હૃદય પલટાની દ્રષ્ટિએ તે અતિ સૂચક છે, આચાર્ય કુપાલાણીજીના શબ્દોમાં કહીએ તો "તેને (ભૂદાન આંદોલને) બતાવી આપ્યું છે કે, ગાંધીજીના વિચારોનું અસ્તિત્વ

ખતમ નથી થયું પ્રજાના હિતમાં સામાજિક ક્ષેત્રે નવા પ્રયોગો થઈ શકે એમ છે'' કૃપાલાણીજી લખે છે'' ભૂદાન ભારતના ગામડાંની ભૂમિની ભૂખનો જનતાની કંગાલિયતનો ઉકેલ કરે કે ન કરે પરંતુ એ ભૂમિના સમતાલક્ષી પુનઃવિતરણનો ઉકેલ નજીકના ભવિષ્યમાં શક્ય બનાવ્યો છે. વળી રશિયામાં માર્કસવાદીઓએ કરોડો નાનાખેડૂતો ઉપરની બળજબરી અને હિંસક દમનથી જે વિચારોનો અમલ કર્યો હતો એ ભૂમિની સામૂહિક માલિકીનો વિચાર ભૂદાને સર્વ સંમતિથી શક્ય બનવાની ભૂમિકા તૈયાર કરી દીધી. એમાં આપણને વર્ગભેદોનો નિકાલ કરવાની, માનસિક તંગ સ્થિતિ હળવી પાડવાની અને વધુ ઉચિત અને ન્યાય મુક્ત આર્થિક વ્યવસ્થા માટેની એક નવી પધ્ધતિ પ્રાપ્ત થઈ છે.

વિનોબા સરળ ગ્રામદાનના વિચાર તો ભૂદાન કરતાંયે આગળ જાય છે એ જો સફળ નીવડે તો ગાંધીજીની કલ્પનાનું ગ્રામસ્વરાજ કદાચ અસ્તીત્વમાં આવે એવી આશા રાખી શકાય 31મી માર્ચ, 1969 સુધીમાં દેશભરમાંથી 1,00,023 ગ્રામદાન, 683 પ્રખંડદાન અને 16 જિલ્લાદાન થયા હતા. કાયદા દ્વારા કામ કરવાની સત્તા હોવા છતાં તે દ્વારા કામ કરવાને બદલે પ્રેમ અને સમજાવટ દ્વારા કામ કરવાની રીત કેવા પરિણામ લાવી શકે છે એનું સૂચન આમાંથી સહેજ ફલિત થાય છે. આ ઉપરાંત તેની વિશેષતા એ છે કે, જમીન આપનારા અને લેનારા વચ્ચે કડવાશ કે વેર ઝેર નથી થતા, તેમની વચ્ચે પ્રેમ વધે છે બંને ખુશ થાય છે આવું કાયદાથી થતાં ફેરફારોથી કદી થતું નથી કાયદાના પરિણામે સુખશાંતિ થવાને બદલે ઝઘડા જ વધે છે. અને સમાજમાં સરવાળે અશાંતિ જ વધે છે.

ગાંધીજીના ખાદી ગ્રામોદ્યોગના કાર્યક્રમને કેટલાક લોકો જૂનવાણી કહે છે. અલબત ગાંધીજીએ જે જાતના ઉદ્યોગોને પુનર્જીવિત કરવાની વાત કરેલી તે જૂનવાણી છે, પરંતુ ભારતની આળસુને બેકાર માનવશક્તિને રોજગારી આપવા માટે ગાંધીજીએ જે કાર્યકર્મો આપ્યા છે એથી સારો કાર્યક્રમ હજી સુધી કોઈ આપી શક્યું નથી. 2000 માં 875 કાપડની મિલો 8 લાખ લોકોને રોજગારી પૂરી પાડે છે. અને 336 કરોડ મીટર કાપડ ઉત્પન્ન કરે છે. કે જે કુલ કાપડના ઉત્પાદનના 27.13 ટકા છે. 8 લાખ પાવરલુમ 576 કરોડ મીટર કાપડ એટલે કે 46.6 ટકા કાપડ ઉત્પન્ન કરે છે અને હાથસાળ 324 કરોડ એટલેકે 26.24 ટકા કાપડ ઉત્પન્ન કરે છે. આ બધાની તુલનામાં 15 કરોડ મીટર ખાદી કે જે કુલ ભારતના 1236 કરોડ મીટર કાપડ ઉત્પાદનનો સવાટકો જ છે એ 13 લાખ લોકોને રોજી પૂરી પાડે છે. ગ્રામોદ્યોગ પણ 23 લાખ લોકોને રોજી પૂરી પાડે છે. વ્યક્તિ દીઠ સૌથી ઓછી મૂડીરોકાણ લગભગ અઢી હજાર રૂપિયા ખાદીઉદ્યોગક્ષેત્રે છે, જેમાં રોજગારી આપવાની ક્ષમતા ઘણી મોટી છે. ખાદી કામમાં રોજગારી મેળવનારાઓમાં 27 ટકા હરિજન તથા આદિવાસી અને 21 ટકા મુસ્લિમ હોવાનો અંદાજ છે. આ કામમાં 45 ટકા બહેનો રોકાયેલી છે. છત્રાકના અંબર ચરખા ઉપર કાંતનાર સાવરકુંડલાના પરિશ્રમાલયની 94 બહેનોની સરેરાસ દૈનિક રોજી 12 રૂપિયા હતી ત્યીજ આઠ ત્રાકના ચરખા પર એક બહેન સરેરાસ 24 રૂપિયા મેળવતી હતી.

આ રીતે ગાંધીજીના ખાદી ગ્રામોદ્યોગના કાર્યક્રમે દેશના લાખો દરિદ્ર કુટુંબોને ઓછામાં ઓછા મૂડીરોકાણથી ઘર અંગણે ચાલી શકે એવા ધંધા અને તે મારફતે આર્થિક સહારો આપ્યો

છે. એનાથી થતી આવક ભલે જૂજ હોય પણ જ્યાં પૈસાનીય આવકની આશા નથી ત્યાં આ જૂજ આવક લાખો દરિદ્રને ઘણી રાહતકારી નીવડે છે.

ગાંધીજી ઈચ્છતા હતા કે, વ્યક્તિને રોજના 20 થી 25 રૂપિયા મળે એવું સાધન રેંટીયામાં શોધવું જોઈએ એમના અવસાન બાદ શોધાયેલા અંબર ચરખાએ એમની એ ઈચ્છા પૂરી કરી છે.

ઔદ્યોગિક ક્ષેત્રે મજૂર-માલિકના પ્રશ્નો ઉકેલવામાં સામ્યવાદીઓ હિંસા તથા વર્ગ વિગ્રહ ને ઉતેજન આપતા હતા. ત્યાં ગાંધીજીએ અહિંસાને પ્રયોગ કર્યો અમદાવાદમાં કરેલો એ સફળ પ્રયોગ આજે ભારત ભરમાં વ્યાપક બન્યો છે. અને એના કાર્યની દુનિયાભરમાં પ્રશંસા થઈ છે સમજાવટ, વાટા ઘાટોને શાંતિમય હડતાળનો માર્ગ રાષ્ટ્રીય જ નહી, આંતરરાષ્ટ્રીયક્ષેત્ર એ દિશામાં છે. આમાં ગાંધીજીની કાર્યપધ્ધતિની સીધી કે આડકતરી અસરો જોઈ શકાય છે.

## 13.9 ગાંધી વિચારની આલોચના અને પ્રતિ આલોચના :

ગાંધીજીને જો ઉંડાણથી સમજવાનો પ્રયાસ કરવામાં આવે તો સમાજની વર્તમાન પેઢીમાં આર્થિક, સમાજિક તેમજ રાજનીતિક દ્રષ્ટિથી રચનાત્મક અને આમૂલ પરિવર્તન લાવવા માટે પ્રચલિત વિચાર પધ્ધતિઓમાં સવર્શ્રેષ્ઠ વિચાર છે. ખાસ કરીને ભારતના સંદર્ભમાં તો ખરાજ આમ છતાં વ્યવહારિક રીતે અને વૈચારિક રીતે બંને રીતે તેની ટીકા કરવામાં આવે છે. તો હવે તેને સમજવાનો પ્રયાસ કરીએ ગાંધી વિચાર માટે કેટલાક ટીકાકારો કહે છે, કે ગાંધી વિચારમાં કોઈ મૌલિકતા નથી પણ તેનો સમાજવાદ, સામાન્યવાદ, વ્યક્તિવાદ, ઉદારવાદ, આદર્શવાદ વગેરે અનેક રાજનીતિક વિચાર ધારાઓનો સમન્વય છે. ગાંધીજીએ નવી કોઈ વાત કરી નથી આ ટીકામાં ખાસ કોઈ વજન નથી. વાસ્તવમાં માર્કસે પણ કોઈ ખાસ નવી વાત કરેલ નથી પણ તેમના પૂર્વ સમાજવાદી વિચારક મોટા ભાગનું લખી ચૂક્યા હતા. તેમ છતાં જે રીતે માર્કસે, મૂડીવાદનું વિશ્લેષણ કયું છે. અથવા ઈતિહાસમાં ભૌતિકવાદની વ્યાખ્યા આપી છે, તેથી તેમની મૌલિકતા શ્રેષ્ઠ માનવામાં આવી છે. આ વાત ગાંધીજી સાથે પણ લાગુ કરી શકાય છે.

ગાંધી વિચારની ટીકા કરનારા તેને એક કાલ્પનિક, ભાવનાત્મક અને અવ્યવહારિક દર્શન માને છે. ગાંધીજી જે આદર્શ અથવા રામરાજ્યની કલ્પના કરે છે તે શક્ય છે કે પ્લૂટોના આદર્શ રાજ્યની જેમ ફક્ત સ્વર્ગમાંજ સ્થાપિત કરી શકાય. ગાંધીજીની સામે સત્ય અને અહિંસાના સિદ્ધાંતોને આ દેશના લોકો પૂરી રીતે સ્વીકારી શકતા નથી. આના પછી તો માનવીય મૂલ્યોમાં જે રીતે આપણી આસ્થા હતી તે પણ તૂટતી ગઈ છે. આ જોઇને ગાંધીવાદી વિચાર દ્યારા આપેલા નૈતિક અને માનવીય મૂલ્યોને વ્યવહારિક સ્વરૂપ આપવાનું લગભગ અશક્ય બન્યું છે.

ગાંધીજીની પધ્ધતિઓ જેવી કે અસહયોગ, સવિનયભંગ, સત્યાગ્રહ વગેરે ઉપયોગી નથી. આના દ્વારા મૂડીવાદીઓના હૃદય પરિવર્તન નહીં થઈ શકે, આપણે શાંતિપૂર્વક કોઈ પણ પ્રકારના પૂર્વગ્રહ વિના વિચાર કરીએ તો પ્રાપ્તિ થશે કે સત્યનો માર્ગ અને તેના આધારિત પધ્ધતિઓ વધારે પ્રભાવકારી હોય છે. પણ આનો રસ્તો લાંબો છે. અહિંસાના માધ્યમ દ્વારા સમસ્યાઓ હલ કરેલ છે તે ગાંધી વિચાર છે. જેનું ઉદાઃ શ્રી જયપ્રકાશ નારાયણ દ્વારા મધ્યપ્રદેશમાં જે ડાકુઓની સમસ્યા હલ કરી તે કહેવાય.

સામ્યવાદી વિચારકો ગાંધી વિચારને મૂડીવાદીઓના સહયોગી માને છે પણ સામ્યવાદીઓ એ દ્વારા ગાંધીજીની નૈતિક ઈમાનદારી પર શંકા કરવી તે કોઈ પણ રીતે ઉચિત નથી. આ પ્રકારના સામ્યવાદીઓના આક્ષેપો જરા પણ યોગ્ય નથી.

ટીકાકારો ગાંધી વિચાર દર્શન ને અસંગત પૂર્ણ માને છે. દા.ત ગાંધી વિચાર સમાજવાદની જેમ માણસે ઓછામાં ઓછી જરૂરિયાત દ્વારા જીવતા શીખવું જોઈએ પણ આ વાત લક્ષ પ્રાપ્તિ માટે વ્યાવહારિક રીતે અને રાષ્ટ્રીયકરણના પક્ષમાં નથી.

ગાંધી વિચારની આધારશીલા નૈતિકતા અને આધ્યાત્મકવાદ છે. ગાંધીજીએ રાજનીતિ ને નૈતિકતા અને ધર્મ સાથે મિલાવવાનો પ્રયાસ કર્યો છે. આથી રાજનીતિને તેની પ્રચલિત બુરાઈઓથી દૂર રાખી શકાય પણ આ બાબતની પણ ટીકા કરવામાં આવી છે. ટીકાકારોનો મત છે કે ધર્મ રાજનીતિને શુદ્ધ કરવાના બદલે તેને જ ભ્રષ્ટ કરે છે. અને સમાજની પ્રગતિને રોકે છે. ધર્મ નસીબનો પાઠ શીખવે છે. અને ગરીબોને ગરીબીમાં રહીને સંતોષ માનવાની વાત કરે છે. આથી માર્ક્સ ધર્મને અફીણની સંજ્ઞા આપી છે.

## 13.10 સારંશ :

ગાંધી વિચારોનું તાત્પર્ય એ છે કે આપણી આર્થિક અને સામાજિક ફિલસુફી તથા માનવીય અને સાર્વજનિક વર્તનનું ઘડતર વંચિતો પ્રત્યે સમભાવના આધારે થવું જોઈએ.

મૂડીવાદી અને એની આર્થિક નીતિની મોટી ખામી એ છે કે એમાં કોઈ પણ પ્રકારના મૂલ્યોનું સ્થાન નથી. આ વ્યવસ્થામાં દરેક વ્યક્તિના આર્થિક અને સામાજિક જીવન ધોરણ અંગેનો નિર્ણય બજાર તંત્રના નિયમને આધારે થાય છે. એ નિયમ મુજબ થતા ઉત્પાદન અને એના વિતરણ વડે થાય છે. આ નિર્ણયમાં કોઈ ન્યાય કે નીતિની ગણતરી થતી નથી બજાર કરે તે ન્યાય આ એનો સિદ્ધાંત છે.

વિકસતા દેશો કે અગાઉના સામ્યવાદ નીચેના આર્થતંત્રો કરતા મૂડીવાદીની અર્થતંત્રોમાં ગરીબીને પછાતપણું ઓછું પ્રમાણમાં જોવા મળી જાય તો તેની કંઈ તેમના મૂલ્યમાં કોઈ અમૂલ પરિવર્તન થયું નથી. (Davil take the hindmost) નબળા વંચિતો શયતા ને પનારે (અનટુ ધિસલાસ્ટ) એજ હજુપણ તેમના મૂલ્યનું સ્વરૂપ દર્શાવે છે.

ગાંધી વિચારધારામાં છેલ્લા તરછોડાયેલા વર્ગપ્રત્યે ગરીબો તરફ કર્તવ્યની સભાનતા છે, એજ તેને વિશ્વભરની પ્રજાઓના કલ્યાણ અને સંસ્કૃતિ માટે શાશ્વત પ્રસ્તુત બનાવે છે.

અહિંસા, જરૂરિયાતપર અંકુશ અને વિકાસથી થતા લાભમાં સામાજિક સહભાગિતા જેવા મૂલ્યો એ ગાંધી વિચારનો પાયો છે. આ વિચાર વડે વહેલા કે મોડા માનવ જાતિ અવશ્ય સમજશે કે ટેકનોલોજીમાં ગમે તેટલી પ્રગતિ થાય તેમ છતાં ગાંધીવિચાર (મોડેલ) નો વિકલ્પ નથી.

ઉચ્ચ કક્ષાની ટેક્નોલોજી અને પારંપરિક ગ્રામીણ ઉદ્યોગ અને કલા એક બીજા સાથે સુસંગત હોય અને બંનેને સંરક્ષણ અને પ્રોત્સાહન મળી રહે એવી એક પરિવર્તન પ્રક્રિયાની આપણે કલ્પના કરી શકીએ

ભાર દઈને કહી શકાય કે, માનવ જાતનું અસ્તિત્વ આ બંને પ્રકારની બજાર પેરિત એક માનવલક્ષી આર્થિક પ્રવૃતિના જોડાણ પર નિર્ભર છે. ટોફલર પોતાના એક પ્રકરણને "ગાંધી વીથ સેટેલાઈટ" એવું નામ આપે છે. કેમ હજુ આ દિશાની વિચારણા કોઈ ભારતીય અભ્યાસુ કે નીતિધાયક રાજપુરુષ દ્વારા હાથ ધરાઈ નહીં તે જ શું આશ્ચર્યજનક નથી ?

ટેકનોલોજીમાં સતત ચાલી રહેલા ક્રાંતિકારી પરિવર્તનોની પ્રક્રિયાના સંદર્ભમાં ગાંધીનું પુનઃમૂલ્યાંકન કરેલી વિચારસરણી મહત્વનો ભાગ ભજવશે આ જ વિચાર ધારા પર કેટલાક સમાજસેવકો ગામડાંમાં જઇને ગ્રામવિકાસના કર્યો કરે છે. આવા કામો કે જ્યાં છેવાડાના માનવીનો વિચાર કરવામાં આવ્યો હોય, તેવા સમાજસેવકો આ વિચાર ધારાને વળગીને કેવી રીતે ગ્રામવિકાસ કરી રહ્યા છે.

## 13.11 ચાવીરૂપ શબ્દો :

**રચનાત્મક કાર્યક્રમઃ** ગાંધીજી દ્વારા સૂચિત ગ્રામોદ્યોગ, ખાદી, સ્વચ્છતા, શિક્ષણ જેવા કાર્યો, જે લોકોની સ્વાવલંબન ક્ષમતા વધારવા અને અહિંસક આર્થિક સમાનતા સ્થાપવા માટે બનાવાયા.

**ટ્રસ્ટીશીપ (વાલીપણાનો સિદ્ધાંત):** ધનિક વ્યક્તિઓ પોતાની વધારાની સંપત્તિ સમાજના હિત માટે વિશ્વાસપાત્ર રીતે વાપરે — તેઓ 'માલિક' નહીં પરંતુ 'ટ્રસ્ટી' તરીકે વર્તે.

**માનવ અર્થશાસ્ત્રઃ** અર્થતંત્રનું કેન્દ્ર "માણસ" હોવો જોઈએ, નફો નહીં. સહકાર, નૈતિકતા, રોજગાર, સમાનતા અને માનવ મૂલ્યોને આધારિત અર્થતંત્ર.

**ગ્રામસ્વરાજઃ** ગામને સ્વતંત્ર અને સ્વાવલંબી એકમ તરીકે માનવાની કલ્પના— જ્યાં ગ્રામપંચાયત પાસે જ મુખ્ય સત્તા હોય અને ગામ પોતાની જ જરૂરિયાતો પોતે પૂર્ણ કરે.

**અહિંસક વિકાસ મોડલઃ** રાજકારણ, આર્થિક જીવન અને સમાજવ્યવસ્થાને હિંસા વિના, પરસ્પર સહકાર અને હૃદય પરિવર્તનના માર્ગે આગળ વધારવાનો વિચાર.

## 13.12 તમારી પ્રગતિ ચકાસો :

**(ક) નિબંધ પ્રકારના પ્રશ્નો**

1. ગાંધીજીના આર્થિક વિચારો આધુનિક અર્થશાસ્ત્રથી કેવી રીતે જુદા પડે છે? તેમના માનવ કેન્દ્રિત અર્થશાસ્ત્રની વિશેષતાઓ સમજાવો.
2. ટ્રસ્ટીશીપ (વાલીપણાનો સિદ્ધાંત) અંગે ગાંધીજીના વિચારો સમજાવો અને આ સિદ્ધાંત આજના સમયમાં કેટલું પ્રસ્તુત છે તેનું મૂલ્યાંકન કરો.
3. ગાંધીજીના દ્રષ્ટિકોણથી રામ રાજ્ય અને રાજ્યનું કાર્યક્ષેત્ર વિગતે સમજાવો.
4. ગ્રામસ્વરાજ અંગે ગાંધીજીના વિચારો સમજાવો. સાચું ગ્રામસ્વરાજ કઈ રીતે સ્થાપી શકાય તે સમજાવો.
5. ગાંધીવિચારની આર્થિક અસરોનું મૂલ્યાંકન કરો—ખાસ કરીને ભૂદાન, ગ્રામદાન અને ખાદી- ગ્રામોદ્યોગના પ્રયોગો પ્રસંગે.

**(ખ) ટૂંકનોંધ**

1. રચનાત્મક કાર્યક્રમ
2. ટ્રસ્ટીશીપ સિદ્ધાંત
3. માનવ અર્થશાસ્ત્ર
4. ગ્રામસ્વરાજ
5. રચનાત્મક કાર્ય દ્વારા આર્થિક યોજના
6. ગાંધીજીનું રામરાજ્ય
7. ભૂદાન—ગ્રામદાન ચળવળ

**(ગ) વૈકલ્પિક પ્રશ્નો**

1. ગાંધીજીના આર્થિક વિચારોનો મુખ્ય આધાર શું છે?

(A) પૂંજીવાદ (B) નફા કેન્દ્રિતતા

(C) નૈતિકતા અને અહિંસા (D) સમાજવાદ

2. ટ્રસ્ટીશીપ સિદ્ધાંત કોને દ્વારા રજૂ થયો છે?

(A) વિનોબા ભાવે (B) માર્ક્સ (C) ગાંધીજી (D) ટોલસ્ટોય

3. ગ્રામસ્વરાજનું કેન્દ્ર બિંદુ શું છે?

(A) રાજ્યની કેન્દ્રિત સત્તા (B) મોટા ઉદ્યોગો

(C) ગ્રામ પંચાયત (D) વિદેશી વેપાર

4. નીચે પૈકી કયો રચનાત્મક કાર્યક્રમનો ભાગ નથી?

(A) ખાદી (B) સ્વચ્છતા

(C) ગ્રામોદ્યોગ (D) પરમાણુ ઉદ્યોગ

5. 'રામ રાજ્ય'માં કઈ બાબતને મુખ્ય સ્થાન આપવામાં આવ્યું છે?

(A) હિંસા (B) વૈશ્વિક બજાર

(C) ન્યાય અને સમાનતા (D) ભારે ઉદ્યોગો

6. ''માણસ કરતાં નાણાં મહત્ત્વના છે'' — આ કઈ વ્યવસ્થાની ખામી છે?

(A) સમાજવાદ (B) પૂંજીવાદ (C) ગ્રામોદ્યોગ (D) સંઘીય વ્યવસ્થા

7. ભૂદાન ચળવળ કોની પ્રેરણાથી શરૂ થઈ?

    (A) ગાંધીજી (B) આનંદીબાઈ

    (C) જયપ્રકાશ નારાયણ (D) વિનોબા ભાવે

8. ગાંધીજી કઈ પદ્ધતિના સમર્થક હતા?

    (A) વર્ગ સંઘર્ષ (B) અહિંસા (C) હિંસક ક્રાંતિ (D) સૈનિક રાજ

9. ખાદી–ગ્રામોદ્યોગનો મુખ્ય ઉદ્દેશ શું હતો?

    (A) ગ્રામ્ય રોજગારી વધારવી (B) શહેરોમાં ઉદ્યોગ વધારવા

    (C) મોટી નિકાસ વધારવી (D) મશીન ઉત્પાદન વધારવું

10. નીચે પૈકી કયો ગાંધીજીના માનવ અર્થશાસ્ત્રનો ભાગ નથી?

    (A) સહકાર (B) માનવ મૂલ્યો (C) નફો કેન્દ્રિતતા (D) રોજગાર

## ❖ સંદર્ભ પુસ્તકો


ગાંધી, મોહનદાસ.(1963). 'મારા સ્વપ્નનું ભારત', નવજીવન પ્રકાશન મંદિર,અમદાવાદ.

ગાંધી, મોહનદાસ.(1922). 'હિન્દ સ્વરાજ', નવજીવન પ્રકાશન, અમદાવાદ- 14.

ગાંધી, મોહનદાસ.(1920). 'હરીજન બંધુ', નવજીવન પ્રકાશન, અમદાવાદ- 14

પરીખ, મોહન.(1985),'ગ્રામ વિકાસની ટેક્નોલોજી', બાલગોવિંદ પ્રકાશન, અમદાવાદ–1

કોઠારી, વિઠ્ઠલદાસ પટેલ, અંબાલાલ. (શ્રીમન્નારયણજી એ વિદ્યાપીઠમાં આપેલા 3 વ્યાખ્યાનોનો ગુજરાતી અનુવાદ.)(1997). 'ગાંધીજીનું અર્થદર્શન', ગુજરાત વિદ્યાપીઠ, અમદાવાદ.

ગાંધી, મોહનદાસ.(1959) 'પંચાયતરાજ', નવજીવન પ્રકાશન, અમદાવાદ.

પરીખ, નરહરી દ્વારકાદાસ.(2001). 'માનવ અર્થશાસ્ત્ર', નવજીવન પ્રકાશન અમદાવાદ.

શાહ, દશરથલાલ.(2005). 'અર્થકરણમાં સ્વદેશી', સર્વોદય પ્રેસ સર્વિસ બુલેટીન, ગુજરાત વિદ્યાપીઠ, અમદાવાદ.

રાઠોડ, પ્રવીણકુમાર પી.(2013).'NGOની પ્રવૃત્તિઓનો આર્થિક અભ્યાસ' શાર્દુલ પ્રકાશન અમદાવાદ.

રાઠોડ, પ્રવીણકુમાર પી. (2018). 'મોઝદા પરિવાર અને ગ્રામ વિકાસ' લોકામીત્રા પ્રકાશન, સુરત.

## ❖ તમારી પ્રગતિ ચકાસો ના જવાબો :

1. (C) નૈતિકતા અને અહિંસા
2. (C) ગાંધીજી
3. (C) ગ્રામ પંચાયત
4. (D) પરમાણુ ઉદ્યોગ
5. (C) ન્યાય અને સમાનતા
6. (B) પૂંજીવાદ
7. (D) વિનોબા ભાવે
8. (B) અહિંસા
9. (A) ગ્રામ્ય રોજગારી વધારવી
10. (C) નફો કેન્દ્રિતતા

*****************

# એકમ-14
# આર્થિક પદ્ધતિઓઃ એક તુલનાત્મક અભ્યાસ


**14.0** ઉદ્દેશ્યો

**14.1** પ્રસ્તાવના

**14.2** આર્થિક પદ્ધતિઓનો ટૂંકો ઈતિહાસ

**14.3** પ્રવર્તમાન વૈશ્વિક સ્થિતિ

**14.4** આર્થિક પદ્ધતિઓની તુલના

**14.5** સારાંશ

**14.6** ચાવીરૂપ શબ્દો

**14.7** તમારી પ્રગતિ ચકાસો

❖ સંદર્ભ પુસ્તકો

❖ તમારી પ્રગતિ ચકાસોના જવાબ


## 14.0 ઉદ્દેશ્યો :

આ એકમનો અભ્યાસ કર્યા પછી તમે

➢ આર્થિક પદ્ધતિઓનો ઈતિહાસ જણાવી શકશો

➢ વિશ્વમાં પ્રવર્તમાન આર્થિક પદ્ધતિઓની ચર્ચા કરી શકશો

➢ જુદી જુદી આર્થિક પદ્ધતિઓની તુલના કરી શકશો

## 14.1 પ્રસ્તાવના :

માનવ સમાજના વિકાસમાં આર્થિક વ્યવસ્થા અત્યંત મહત્ત્વની ભૂમિકા ભજવે છે. માણસની જરૂરિયાતો, ઉત્પાદન, વિતરણ અને વપરાશની વ્યવસ્થાને સરળ બનાવવા માટે અલગ—અલગ યુગોમાં વિવિધ પ્રકારની આર્થિક પદ્ધતિઓઓ ઉભી થઈ. આર્થિક પદ્ધતિ એ એવું માળખું છે જે ના આધારે દેશ અથવા સમાજ પોતાના મર્યાદિત સ્રોતોનો ઉપયોગ કરે છે, તેના વિષે નિર્ણય કરે  છે. દરેક પદ્ધતિની પોતાની રાજકીય, સામાજિક અને ઐતિહાસિક પૃષ્ઠભૂમિ હોય છે. તેમાં ફેરફાર પણ થતા રહે છે. આ એકમમાં આપણે આપણે ત્રણ મુખ્ય મુદ્દાઓનો અભ્યાસ કરીશુંઃ (1) આર્થિક પદ્ધતિનો ટૂંકો ઈતિહાસ, (2) વિશ્વમાં પ્રવર્તમાન આર્થિક પદ્ધાતિની સ્થિતિ અને (3) જુદીજુદી આર્થિક પદ્ધતિઓની તુલના. આ મુદ્દાઓ હવે વિસ્તારથી સમજીએ.

## 14.2 આર્થિક પદ્ધતિઓનો ઈતિહાસ :

14.2.1 પ્રાચીન યુગ

પ્રાચીન યુગમાં આર્થિક નિર્ણયો લેવાની વિશેષ સંસ્થાકીય વ્યવસ્થા ન હતી. લોકો મુખ્યત્વે અંગત અને પારિવારિક જરૂરિયાતો અને સાધનોને ધ્યાને લઈને નિર્ણયો લેતાં હતા. જ્ઞાતિ અને સમાજ પણ નિર્ણય ઉપર અસર કરતાં હતાં. કૃષિ, માછીમારી, પશુપાલન, કાપડનું ઉત્પાદન વગેરે વ્યક્તિગત રીતે કરતાં અને જળાશયો, જમીન, દરિયાઈ અને જંગલ સંપત્તિ વગેરેનો સહિયારો ઉપયોગ સામૂહિક સમજૂતીથી થતો હતો.

14.2.2 મધ્ય યુગ

મધ્ય યુગમાં જમીનદારી પ્રથા અને સામંતશાહી યુગ પ્રચલિત થયો. આ સમયે ખેતી મુખ્ય વ્યવસાય બનતાં રાજા અને જમીન માલિકો સમાજ પર પ્રભુત્વ ધરાવતા થયા, ખેડૂતો કે જેમની પાસે જમીનની માલિકી ન હતી તેઓ આર્થિક અને સામાજિક રીતે નિમ્ન વર્ગમાં રહ્યા. આર્થિક સત્તા જમીન માલિકોના હાથમાં રહી.

14.2.3 ઔદ્યોગિક ક્રાંતિનો સમયઃ

યંત્રો અને નવા ઉજાર્સ્ત્રોતોને લીધે ફાજલ પડેલા શ્રમથી ઉદ્યોગોને વેગ મળ્યો. તે ઔદ્યોગિક ક્રાંતિનાં સ્તર સુધી ગયો. વૈજ્ઞાનિક ક્ષેત્રે નવી શોધખોળોથી આર્થિક પ્રવૃત્તિમાં માનવ અને પશુશ્રમનું સ્થાન મશીનોએ લીધું. યંત્રો એ મૂડી તરીકે ઓળખાવા લાગ્યા. અર્થશાસ્ત્રમાં પણ ઉત્પાદનનાં અલગ સાધન તરીકે મૂડીને સ્થાન મળ્યું, જે અગાઉ શ્રમ અને જમીન એમ ઉત્પાદનનાં માત્ર બે જ સાધનો ગણતરીમાં લેવાતાં હતાં. આ સાધન ઉત્પાદન પ્રવૃત્તિમાં એટલું મહત્વનું બન્યું કે તે આગળ જઈને મૂડીના માલિકોનું પ્રભુત્વ અર્થતંત્રમાં વધારી શક્યું !

સ્વાભાવિક રીતે જ માનવ શ્રમને બદલે આધુનિક યંત્રો કે મૂડીથી થતું ઉત્પાદન પ્રમાણ અને ગુણવત્તામાં ચઢિયાતું સાબિત થયું ! આમ, મૂડીના માલિકો આર્થિક નિર્ણયો લેવા માટે મહત્વના બન્યા. અહીંથી મૂડીવાદી આર્થિક પદ્ધતિની ઓળખ શરૂ થઇ. ઉત્પાદનના સાધનોની માલિકી જેની હોય તે જ તેના વિષે નિર્ણયો સ્વતંત્રતાથી લઇ શકે તે મૂડીવાદ. જો કે આ તબક્કામાં અગાઉની જેમ માત્ર પારિવારિક સંસાધનો જ પૂરતાં ન બનતાં સાધન માલિકો, શ્રમિકો, બજાર વગેરે અર્થતંત્રના ઘટકો પરસ્પર આધારિત બન્યાં. તેઓ પોતાના નફાને ધ્યાને રાખીને નિર્ણય લેતાં થયાં.

14.2.4 વીસમી સદીમાં આર્થિક પદ્ધતિઃ

વીસમી સદીમાં જુદીજુદી આર્થિક પદ્ધતિઓનો અનુભવ થઇ ચૂક્યો હતો. એટલે આ પદ્ધતિઓના લાભ-હાનિ વગેરે અનુભવોમાંથી મિશ્ર અર્થતંત્ર તરફનું વલણ વધ્યું. મિશ્ર અર્થતંત્રમાં સાધનોના ઉપયોગ અંગેની સ્વતંત્રતા તેમજ સમાજનું

હિત એમ બંનેને મહત્વ અપાયું. ઉપરાંત સરકાર પણ કલ્યાણલક્ષી બની, શિક્ષિત લોકતંત્ર દ્વારા જાગૃત રીતે અર્થતંત્રનું સંચાલન થવા લાગ્યું. જો કે વિશ્વયુદ્ધો, આંતરરાષ્ટ્રીય સંસ્થાઓ, આંતરરાષ્ટ્રીય વેપારમાં સહકારની જરૂરિયાત જેવાં પરિબળોએ આર્થિક પદ્ધતિમાં મોટા ફેરફારો કર્યા.

અવલોકન :

જુદા જુદા સમયે પ્રવર્તમાન આર્થિક નેતૃત્વ કે નિર્ણયોની પદ્ધતિ વિષે આપણે જોયું, તેના ઉપરથી આપણે જાણી શકીએ છીએ કે ઉર્જા સ્રોતોના નવા વિકલ્પો અને સંકુલ ઉત્પાદન પદ્ધતિના પ્રવેશથી આર્થિક સમીકરણો બદલાયાં. જે ઉત્પાદન સાધન ઉત્પાદન પ્રક્રિયામાં પ્રભુત્વ ધરાવતું હોય તે સાધનની માલિકી, સાધન ઉપયોગના નિર્ણયો જેવી સ્થિતિ તત્કાલીન આર્થિક પદ્ધતિની ઓળખ બની. જેમ કે ઔદ્યોગિક ક્રાંતિ પહેલાં ઉત્પાદનનું સાધન જમીન મુખ્ય હતું, તે પછી યંત્રો એટલે કે માનવ નિર્મિત સાધન મૂડી મહત્વની બની.

ઘણા લાંબા આર્થિક ઈતિહાસ સુધી શ્રમિકોમાં શિક્ષણ અને જાગૃતિના અભાવે શ્રમ સાધન મહત્વનું હોવા છતાં તેની અવગણના થતી રહી. આધુનિક સમયમાં સંગઠન અને શિક્ષણના પ્રભાવથી સમાજવાદી સમાજરચના, મિશ્ર અર્થતંત્ર વગેરે પદ્ધતિઓ પ્રચલિત બની અને વ્યવહારમાં ટકી રહી છે. આધુનિક સમયમાં માત્ર ઉત્પાદન સાધનની માલિકી નહિ, પરંતુ તેના ઉપયોગની માહિતી અને કુશળતા, આર્થિક લક્ષ્યાંકોમાં તે સાધનનું સાપેક્ષ મહત્વ, સામૂહિક નિર્ણયપ્રક્રિયા જેવાં પરિબળો પદ્ધતિને સ્વરૂપ આપે છે.

## 14.3 પ્રવર્તમાન વૈશ્વિક સ્થિતિ :

આગળના ભાગમાં આપણે મૂડીવાદ, સમાજવાદ, સામ્યવાદ વગેરે જેવી આર્થિક પદ્ધતિઓ જોઈ. આધુનિક સમયમાં શુદ્ધ મૂડીવાદી દેશ કે શુદ્ધ સમાજવાદી દેશ સંપૂર્ણપણે કોઈ એક પદ્ધતિથી અર્થતંત્રનું સંચાલન નથી કરતો. મોટા ભાગના દેશો ''મિશ્ર આર્થિક પદ્ધતિ'' અપનાવી રહ્યા છે. તેમાં સામૂહિક આયોજન કે સાધન માલિકોની નિર્ણય લેવાની સ્વતંત્રતા અંગે ઓછા-વધતા પ્રમાણમાં તફાવત હોઈ શકે, પરંતુ તેમની નીતિઓ મૂડીવાદી કે સમાજવાદી તત્ત્વ ધરાવતી હોઈ શકે. આપણે વિશ્વના જુદા જુદા ભાગોમાં અપનાવવામાં આવેલી આર્થિક પદ્ધતિઓનો પરિચય મેળવીએ.

### 14.3.1 એશિયાઃ

એશિયામાં ચીન, જાપાન, કોરિયા, ભારત એ નોંધપાત્ર અર્થતંત્રો તરીકે ગણના પામ્યાં છે. ચીન મિશ્ર સમાજવાદી દેશ છે. તેમાં સર્વગ્રાહી આયોજન સાથે મેળવેલી આવકના ઐચ્છિક ઉપયોગની સ્વતંત્રતા રહેલી છે. જાપાન અને દક્ષિણ કોરિયા બજાર આધારિત પદ્ધતિ અપનાવે છે સાથે સામાજિક સુરક્ષાની સુવિધા પણ આપે છે. ભારત મિશ્ર અર્થતંત્રનું શ્રેષ્ઠ ઉદાહરણ પૂરું પાડે છે. ભારતમાં કૃષિ, ઉદ્યોગો,

સેવાક્ષેત્ર વગેરે ખાનગી ક્ષેત્ર અંતર્ગત વિકસિત થયાં છે અને સરકાર આયોજન દ્વારા ખાનગી ક્ષેત્રના વિકાસને સહાયક બને છે.

14.3.2 યુરોપ

યુરોપના દેશો સામાજિક સુરક્ષાની યોજનાઓ સાથે ''કલ્યાણલક્ષી'' મિશ્ર અર્થતંત્ર તરીકે કાર્યરત છે. તેમાં ખાનગી સાહસો અને નિર્ણયો સાથે રાજ્યની પણ નોંધપાત્ર ભૂમિકા રહેલી છે. યુરોપના 27 દેશોનું કમિશન નીતિવિષયક અને આર્થિક નિર્ણયો લે છે.

14.3.3 અમેરિકા

યુનાઈટેડ સ્ટેટ્સ ઓફ અમેરિકા મૂડીવાદી અર્થતંત્રનો ઉદાહરણ રૂપ વિસ્તાર કહી શકાય. અમેરિકા તેના નાગરિકોને શિક્ષણ, સ્વાસ્થ્ય જેવી સામાજિક સુરક્ષા પૂરી પાડે છે અને તે રીતે સામ્યવાદી રીતિ અપનાવે છે એટલે આધુનિક સમયમાં અમેરિકા મિશ્ર-મૂડીવાદી પદ્ધતિ અપનાવતો દેશ છે. રાજ્ય દ્વારા માળખાકીય સુવિધાઓ, તથા સામાજિક સુરક્ષા યોજનાઓ દ્વારા અર્થતંત્રને સમતુલિત રાખે છે.

14.3.4 આફ્રિકા

આફ્રિકાના દેશો અલ્પવિકસિત કે વિકાસશીલ છે. આ દેશોએ મિશ્ર અર્થતંત્ર અપનાવેલું છે. અહી પરંપરાગત અનૌપચારિક ક્ષેત્રની સાથે વિકસી રહેલું સેવા અને નિર્માણ ક્ષેત્ર (Manufacturing Sector) ક્ષેત્ર છે. મુખ્યત્વે કૃષિ ક્ષેત્ર ઉપર આધારિત અર્થતંત્રમાં બજાર આધારિત સ્વતંત્રતા પણ છે. કુદરતી રીતે પ્રાપ્ય સંસાધનોની નિકાસ થાય છે.

## 14.4 આર્થિક પદ્ધતિઓની તુલના :

આ પેપરમાં આગળનાં એકમોમાં દરેક આર્થિક પદ્ધતિઓની સિદ્ધિ અને મર્યાદાઓ વિષે આપણે વિસ્તારથી સમજ મેળવી છે. અહી આપણે આ પદ્ધતિઓની તુલના કરવાનો પ્રયત્ન કરીશું. સામાન્ય રીતે કોઈપણ પદ્ધતિ સંપૂર્ણ સફળ કે સંપૂર્ણ નિષ્ફળ કહી શકાય નહી. કારણકે સાધનોની પ્રાપ્યતા, જરૂરિયાતોનું પ્રમાણ, પ્રજાનું જ્ઞાન વગેરેને આધારે સમાજ કોઈપણ આર્થિક પદ્ધતિ અપનાવતો હોય છે. આપણે ભારતનાં છીએ એટલે ભારતનું જ ઉદાહરણ લઈએ. સાથે સાથે વિશ્વના અન્ય દેશોમાં પણ જુદી જુદી આર્થિક પદ્ધતિના અનુભવો વિષે અભ્યાસ કરીશું.

14.4.1 મિશ્ર અર્થતંત્રના અનુભવોઃ

મિશ્ર અર્થતંત્ર એ મૂડીવાદ અને સમાજવાદી આર્થિક પદ્ધતિનું સંતુલિત સંયોજન છે. વિશ્વમાં ભારત ઉપરાંત સ્વીડન, નોર્વે, ફ્રાન્સ અને જર્મની જેવા દેશોમાં મિશ્ર આર્થિક પદ્ધતિ અપનાવવામાં આવેલી છે. ભારતમાં લોકતંત્ર સાથે સુમેળ ધરાવતી મિશ્ર પ્રકારની આર્થિક પદ્ધતિ શરૂઆતથી જ અપનાવવામાં આવી છે. તેમ છતાં આયોજનકાળની શરૂઆતમાં સમાજવાદ તરફી વલણ રહ્યું તો આધુનિક

સમયમાં રાજ્યનો હસ્તક્ષેપ છે જ, પણ પ્રજાની પરિપકવતાને લીધે અર્થતંત્રના ઘણાં ક્ષેત્રોને બિનજરૂરી નિયંત્રણોથી મુક્ત કરવામાં આવ્યાં છે, એટલું જ નહી, કેટલીક બાબતોમાં સરકાર સ્વયં બજારમાં પ્રત્યક્ષ પ્રવેશ કરે છે અને અન્ય ખાનગી પેઢીઓ સાથે સીધી સ્પર્ધા કરે છે. આ સમયે બજારનાં દૂષણો ઉપર કાબૂ મેળવવાનો હેતુ હોવા ઉપરાંત જાહેર સાહસો સરકાર માટે આવકનું સાધન પણ બને છે અને પુરવઠો નિયમિત જળવાય તે હેતુ પણ હોય છે. આમ, મિશ્ર અર્થતંત્ર હોવા છતાં અને સમાજવાદી સમાજરચનાનું ધ્યેય હોવા છતાં મૂડીવાદી બજાર પદ્ધતિ પણ અસ્તિત્વમાં છે.

યુરોપિયન દેશોમાં કલ્યાણકારી રાજ્યની સંકલ્પનાને કારણે સામાજિક સુરક્ષા, શિક્ષણ અને આરોગ્યમાં નોંધપાત્ર વિકાસ જણાય છે, જો કે મિશ્ર અર્થતંત્રમાં જો જવાબદારી સ્પષ્ટ ન હોય તો કાર્યક્ષમતાના પ્રશ્નો જોવા મળતા હોય છે.

### 14.4.2 સમાજવાદના અનુભવો.

સમાજવાદના મૂળ પ્રાચીન સામ્યવાદી વિચારધારામાં રહેલાં છે. તબક્કાવાર જોઈએ તો પ્લેટો, રોબર્ટ ઓવન, કાર્લ માર્ક્સ વગેરેએ સમયના જુદાજુદા તબક્કે સમાજવાદને સમર્થન આપ્યું. જો કે ઔદ્યોગિક ક્રાંતિથી ઉદભવેલા વર્ગવિગ્રહ અને મૂડીપતિઓની નફાખોરીએ સમાજવાદી વિચારધારાને બળ પૂરું પાડ્યું. 1917ની રશિયન ક્રાંતિએ શ્રમિકો, ખેતમજૂરો અને કામદાર વર્ગનું શાસન સ્થાપિત કર્યું જે સમાજવાદ તરીકે ઓળખાયું. ઉત્પાદન સાધનો પર કામદાર વર્ગનો પણ અધિકાર હોવો તે તેનું મૂળ તત્વ છે. આમ, સમાજવાદમાં સાધનોની માલિકી અને તેના માટે નિર્ણયની સ્વતંત્રતા રાજ્ય અથવા સમુદાયની સામૂહિક હોય છે. 1917માં રશિયામાં સમાજવાદની સ્થાપના થઇ 1991માં સોવિયેત રશિયામાં રાજકીય અને આર્થિક ખૂલાપણું આવવાથી સમાજવાદનો અંત આવ્યો. વધુ પડતાં. રાજકીય અને આર્થિક નિયંત્રણોએ સમાજવાદનું મૂળ તત્વ ન્યાય અને સમાનતાને જ નાબૂદ કર્યા. સ્વતંત્રતાનો અભાવ, નવીનતા અને સ્પર્ધાની ગેરહાજરી ઇત્યાદિ પરિબળોએ સમાજવાદનું આકર્ષણ ઓછું કર્યું અને પતન તરફ પણ લઇ ગયાં. ખાડી યુદ્ધ, વિકસિત રાજ્યો વચ્ચે શીત યુદ્ધમાં મૂડીવાદી વિચારધારાનું ટકાઉપણું વગેરે માત્ર સોવિયેત રશિયા માટે જ નહી પણ વિશ્વના દેશો માટે પણ ચેતવણીરૂપ બન્યાં.

### 14.4.3 મૂડીવાદનું ટકાઉપણું

મૂડીવાદમાં સાધનોની માલિકી, આર્થિક નિર્ણયોની સ્વતંત્રતા, સંશોધનો અને નવીનતા માટેની તક, નફાની સંભાવના સ્પર્ધાને કારણે ગુણવત્તાયુક્ત ઉત્પાદનની ખાતરી વગેરે મૂડીવાદને ટકાઉ આર્થિક પદ્ધતિ બનાવે છે. પશ્ચિમ યુરોપ, કેનેડા, જાપાન, યુંનાઈટેડ સ્ટેટ્સ વગેરે મૂડીવાદી પદ્ધતિના ઉદાહરણ છે. મૂડીવાદ

સ્વતંત્રતા આપે છે પણ તેમાં રાજ્ય સદંતર ગેરહાજર છે એમ ન કહી શકાય, કારણકે મૂડીવાદી સ્વતંત્રતા અરાજકતાવાદ (છહ્વક્રષ્ઠિરૈજદ્બ) થી અલગ છે. મૂડીવાદમાં રાજ્યની ભૂમિકા આર્થિક સ્વતંત્રતાને વધારે સહાયક બનાવે છે, સ્પર્ધાનું વાતાવરણ જાળવે છે અને અરાજકતાવાદને પ્રવેશતાં રોકે છે. આધુનિક મૂડીવાદમાં રાજ્યની અને આયોજનની ગેરહાજરી નથી હોતી, પરંતુ તેની ભૂમિકા બદલાય છે. ઔદ્યોગિક ક્રાંતિ પછી મોટા પાયે ઉત્પાદન, વૈજ્ઞાનિક શોધખોળો વગેરે મૂડીવાદી દેશોમાં થઇ અને આ વિસ્તારોનો ઝડપી વિકાસ થયો. તેમ છતાં નફાને વધુ પડતું મહત્વ, બેરોજગારી, સાધનોની અસમાન ફાળવણી, વેપારચક્રો, ઈજારાના દૂષણો, વગેરે મૂડીવાદના અનિષ્ટ જોવા મળે છે.

મૂડીવાદમાં સ્પર્ધાનું તત્વ હોવાથી સાધનોનો કરકસરપૂર્ણ અને સક્ષમ ઉપયોગ કરવાની પ્રેરણા મળે છે. જાગૃત ઉપભોક્તા રાજ્યને પણ ગુણવત્તાયુક્ત ઉત્પાદન માટે ફરજ પાડે છે. આમ, આધુનિક સમયમાં વિશ્વના દેશો આયોજન, સામાજિક સુરક્ષા અને કલ્યાણ રાજ્યનાં ધ્યેય સાથે બજાર સ્વાતંત્ર્ય અપનાવે છે. આધુનિક સમય આર્થિક પદ્ધતિઓ અને વિચારધારાઓના પણ સહકારનો છે. એટલે કે કોઈ એક જ પ્રકારની શુદ્ધ આર્થિક પદ્ધતિને સફળતા મળવા કરતાં મિશ્ર આર્થિક પદ્ધતિ સફળતાની વધારે નજીક છે. ઉદાહરણ તરીકે મુક્ત બજારતંત્રનું ખાસ ઉદાહરણ બનતો દેશ સ્થાનિક હિતને ધ્યાનમાં રાખીને વિશ્વના બીજા દેશોની આયાત- નિકાસ ઉપર જકાત વસૂલે ત્યારે તે મુક્ત અર્થતંત્રમાં રાજ્યનો હસ્તક્ષેપ સ્પષ્ટ કરે છે.

## 14.5 સારાંશ :

- મૂડીવાદ, સમાજવાદ, અરાજકતાવાદ, મિશ્ર અર્થતંત્ર જેવી આર્થિક પદ્ધતિઓ વિશ્વના ઇતિહાસમાં વિકાસ પામી. જેમાં મુખ્યત્વે સમય પ્રમાણે અર્થતંત્રમાં જે સાધનો મહત્વનાં બને તેની માલિકી અને નિર્ણયોની સ્વતંત્રતાથી આર્થિક પદ્ધતિ નક્કી થઇ. જેમ કે, સામંતશાહી, મૂડીવાદ, સમાજવાદ, મિશ્ર અર્થતંત્ર વગેરે.
- વિશ્વમાં વર્તમાનમાં કોઈ એક જ પ્રકારની શુદ્ધ આર્થિક પદ્ધતિને બદલે જુદીજુદી આર્થિક પદ્ધતિઓનું સંયોજન વિવિધ દેશો દ્વારા અપનાવવામાં આવેલું છે એમ કહી શકાય.
- બધી આર્થિક પદ્ધતિઓની તુલના કરીએ તો જણાય છે કે મૂડીવાદ તેની સ્થિતિસ્થાપક લાક્ષણિકતાને લીધે સૌથી વધુ અપનાવાયેલો છે.

## 14.6 ચાવીરૂપ શબ્દ :

અરાજકતાવાદ : આ એક રાજકીય-આર્થિક વિચારધારા છે. અરાજકતાવાદ એ શબ્દ પ્રમાણે રાજ્યવિહીન સમાજ રચના બતાવે છે. તે વિચારધારા વારસાઈ અધિકારોનો પણ વિરોધ કરે છે. સમાજવાદનાં ઉદાર સ્વરૂપ તરીકે પણ તેને ઓળખવામાં આવે છે.

## 14.7 તમારી પ્રગતિ ચકાસો :

**(ક) નીચેના પ્રશ્નોના જવાબ વિસ્તારથી લખો.**

1. આર્થિક પદ્ધતિ એટલે શું? આર્થિક પદ્ધતિનો ઈતિહાસ વર્ણવો

2. આર્થિક પદ્ધતિના પ્રકારો કયાકયા છે? આર્થિક પદ્ધતિઓની તુલના કરો.

3. વિશ્વમાં વર્તમાનમાં પ્રવર્તમાન આથિક પદ્ધતિઓ વિષે તમારા વિચારો જણાવો.

**(ખ) નીચેના વિષયો ઉપર ટૂંકનોંધ લખો.**

1. આર્થિક પદ્ધતિનો ઈતિહાસ

2. આર્થિક પદ્ધતિના પ્રકારો

3. આર્થિક પદ્ધતિની તુલના

**(ગ) નીચેના પ્રશ્નો માટે સાચા વિકલ્પની પસંદગી કરો.**

1. સામંતશાહી અને જમીનદારી પ્રથાના યુગમાં કયો વ્યવસાય મુખ્ય ગણાતો?

(A) વેપાર (B) ખેતી

(C) નાણા ધીરવાનો (D) આપેલામાંથી એકપણ નહી

2. લોકતંત્ર સાથે કઈ આર્થિક પદ્ધતિ સુસંગત બને છે?

(A) મૂડીવાદી (B) સમાજવાદી

(C) મિશ્ર અર્થતંત્ર (D) સામ્યવાદી

3. નીચેનામાંથી કયું લક્ષણ મૂડીવાદને ટકાઉ બનાવે છે?

(A) આર્થિક નિર્ણયોની સ્વતંત્રતા (B) સ્પર્ધાનો અભાવ

(C) બજારમાં ઉત્પાદકોનું વર્ચસ્વ (D) સરકારનો હસ્તક્ષેપ

4. રશિયામાં સમાજવાદનો અંત ક્યારે આવ્યો?

(A) 1901 (B) 1917 (C) 1951 (D) 1991

5. રશિયામાં ક્રાંતિ ક્યારે થઇ હતી?

(A) 1901 (B) 1917 (C) 1948 (D) 1991

6. નીચેનામાંથી કયો દેશ મૂડીવાદી અર્થતંત્રનું ઉદાહરણ પૂરું પડે છે?

(A) અમેરિકા (B) ભારત

(C) રશિયા (D) ઉપર આપેલા બધા જ

7. ભારત ઉપરાંત વિશ્વમાં કયા દેશોમાં મિશ્ર અર્થતંત્ર અપનાવવામાં આવેલુ છે?

(A) અમેરિકાના દેશો (B) યુરોપ

(C) આફ્રિકાના દેશો (D) સોવિયેત રશિયા

## ❖ સંદર્ભ વાચનઃ

Mankiw, N. G. (2019). *Principles of Economics*. Cengage Learning.

Samuelson, P. A., & Nordhaus, W. D. (2010). *Economics*. McGraw-Hill.

Todaro, M. P., & Smith, S. C. (2015). *Economic Development*. Pearson.

## ❖ તમારી પ્રગતિ ચકાસો ના જવાબો :

1. (B) ખેતી
2. (C) મિશ્ર અર્થતંત્ર
3. (A) આર્થિક નિર્ણયોની સ્વતંત્રતા
4. (D) 1991
5. (B) 1917
6. (A) અમેરિકા
7. (C) આફ્રિકાના દેશો

*****************

## યુનિવર્સિટી ગીત


સ્વાધ્યાયઃ પરમં તપઃ
સ્વાધ્યાયઃ પરમં તપઃ
સ્વાધ્યાયઃ પરમં તપઃ

શિક્ષણ, સંસ્કૃતિ, સદ્‌ભાવ, દિવ્યબોધનું ધામ,
ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી નામ;
સૌને સૌની પાંખ મળે ને સૌને સૌનું આભ,
દશે દિશામાં સ્મિત વહે, હો દશે દિશે શુભ-લાભ. ?

અભણ રહી અજ્ઞાનના શાને, અંધકારને પીવો ?
કહે બુદ્ધ આંબેડકર કહે, તું થા તારો દીવો;
શારદીય અજવાળાં પહોંચ્યાં ગુર્જર ગામે ગામ
ધ્રુવતારકની જેમ ઝળહળે એકલવ્યની શાન.

સરસ્વતીના મયૂર તમારે ફળિયે આવી ગહેકે
અંધકારને હડસેલીને ઉજાસનાં ફૂલ મહેંકે;
બંધન નહીં કો' સ્થાન સમયનાં જવું ન ઘરથી દૂર,
ઘર આવી મા હરે શારદા દૈન્યતિમિરનાં પૂર.

સંસ્કારોની સુગંધ મહેંકે,મન મંદિરને ધામે
સુખની ટપાલ પહોંચે સૌને પોતાને સરનામે;
સમાજ કેરે દરિયે હાંકી શિક્ષણ કેરું વહાણ,
આવો કરીએ આપણ સૌ
ભવ્ય રાષ્ટ્રનિર્માણ...
દિવ્ય રાષ્ટ્રનિર્માણ...
ભવ્ય રાષ્ટ્રનિર્માણ



**DR. BABASAHEB AMBEDKAR OPEN UNIVERSITY**
(Established by Government of Gujarat)
'Jyotirmay' Parisar,
Sarkhej-Gandhinagar Highway, Chharodi, Ahmedabad-382 481
**Website : www.baou.edu.in**

978-93-5598-618-4